# આરાધનાનો માર્ગ

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ

અંજાર (કચ્છ)

# આરાધનાનો માર્ગ

પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

પ્રકાશક :
**શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ**
શ્રી વાસુપૂજ્ય સ્વામી–જિનાલય
**અંજાર** (કચ્છ)

લેખક–પરિચય :
પૂ. પાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન
**પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦
વીર સં. ૨૫૦૫, તા. ૧૪–૧૨–'૭૮
વિ. સં. ૨૦૩૫, માગસર સુદ ૧૫

પ્રિન્ટર્સ :
**અવનિ ટ્રેડર્સ**
બીજે માળે, રતનપોળના નાકે,
ગાંધીરોડ, **અમદાવાદ–૧.**

મૂલ્ય રૂ. ૫–૫૦

---

: પ્રાપ્તિસ્થાનો :

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
ગાંધીરોડ, ફુવારા સામે – **અમદાવાદ–૧.**

**સોમચંદ ડી. શાહ**
સુઘોષા કાર્યાલય, જીવનનિવાસ સામે,
**પાલિતાણા** (સૌરાષ્ટ્ર)

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ૧ લે માળે
ઝવેરી બજાર, **મુંબઈ–૨.**

**સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના
**અમદાવાદ–૧.**

**શ્રી પાનાચંદભાઈ**
C/o ભારત મેડિકલ સ્ટોર્સ
જૂના નાગરદાસ રોડ, કેદારનાથ ભુવન,
અંધેરી (ઇસ્ટ) **મુંબઈ–૬૯.**

# અનુક્રમણિકા

❋


પ્રકરણ ૧ લું
મંગળકારી આરાધના ... ... ... ૧–૧૨

પ્રકરણ ૨ જું
ષડાવશ્યક ... ... ... ... ૧૩–૧૯

પ્રકરણ ૩ જું
આરાધકના ગુણ ... ... ... ... ૨૦–૩૦

પ્રકરણ ૪ થું
મિથ્યાત્વ ... ... ... ... ૩૧–૪૦

પ્રકરણ ૫ મું
ઉપકારક ત્યાગ ... ... ... ... ૪૧–૫૧

પ્રકરણ ૬ ઠું
આરાધનાના માર્ગના બે પ્રકાર ... ... ૫૨–૬૦

પ્રકરણ ૭ મું
અનીતિ અને હિંસા ... ... ... ૬૧–૬૬

પ્રકરણ ૮ મું
સહુનું પરમ કર્તવ્ય ... ... ... ૬૭–૭૨

પ્રકરણ ૯ મું
ઉપકારક કરણી ... ... ... ... ૭૩–૮૩

પ્રકરણ ૧૦ મું
અંતિમ આરાધના ... ... ... ૮૪–૯૩

પ્રકરણ ૧૧ મું
મંત્રાધિરાજ માહાત્મ્ય ... ... ... ૯૪–૧૦૬

પ્રકરણ ૧૨ મું
સામાયિક વ્રત ... ... ... ...૧૦૭–૧૧૩

પ્રકરણ ૧૩ મું
પરમપદ-પ્રદાયક સામાયિક ... ... ...૧૧૪–૧૨૪

પ્રકરણ ૧૪ મું
સામાયિકની ક્રિયા ... ... ...૧૨૫–૧૩૩

પ્રકરણ ૧૫ મું
સામાયિક ... ... ... ...૧૩૪–૧૪૪

પ્રકરણ ૧૬ મું
પ્રતિક્રમણથી પ્રીત ... ... ...૧૪૫–૧૫૧

પ્રકરણ ૧૭ મું
ઇન્દ્રિય-જય ... ... ... ...૧૫૨–૧૬૦

## પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરકૃત

## પ્રાપ્ય-અપ્રાપ્ય પુસ્તકોની નામાવલિ

| | | |
|---|---|---|
| (૧) | જૈનમાર્ગની પિછાન | ૪-૫૦ |
| (૨) | અનુપ્રેક્ષા (કિરણ ૧-૨-૩ સાથે) | ૬-૫૦ |
| (૩) | પ્રતિમા પૂજન | ૮-૦૦ |
| (૪) | પ્રાર્થના | ૧-૫૦ |
| (૫) | જિનભક્તિ | ૩-૦૦ |
| (૬) | ધર્મશ્રદ્ધા | ૬-૦૦ |
| (૭) | નમસ્કાર-મીમાંસા | ૫-૦૦ |
| (૮) | નમસ્કાર-દોહન | ૨-૫૦ |
| (૯) | પ્રતિક્રમણની પવિત્રતા | ૧-૫૦ |
| (૧૦) | આસ્તિકતાનો આદર્શ | ૭-૫૦ |
| (૧૧) | આરાધનાનો માર્ગ (રેકઝીન બાઇન્ડીંગ) | ૫-૫૦ |
| | ,, ,, (ચાલુ બાઇન્ડીંગ) | ૩-૫૦ |
| (૧૨) | પરમેષ્ઠિ નમસ્કાર અને સાધના | (પ્રેસમાં) |
| (૧૩) | દેવદર્શન | ,, |
| (૧૪) | નમસ્કાર મહામંત્ર | ,, |
| (૧૫) | તત્ત્વ-દોહન | ,, |
| (૧૬) | મહાવીરદેવનું જીવન | (અપ્રાપ્ય |

*

મુખ્ય વિક્રેતા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

# હવે તો આરાધના એ જ તરણોપાય

*

એ, જીવત્વ અને શિવત્વથી સર્વ જીવો સાથે સાધર્મ્ય ધરાવતા ધર્મીજનો !

કતલખાનાંઓમાં ચાલતી પશુઓની અઘોર કત્લેઆમ સમયની કારમી ચિચિયારીઓ તમને કાને સંભળાતી નથી ? એમની તીક્ષ્ણ વેદનાઓ તમારી આંખે ચડી નથી ? ઢગલો થઈને ઢળી પડતી એ કાયાઓ તમારા ચિત્તપ્રદેશમાં ક્યારેય ઊપસી નથી ? હાય ? આ બધાને બચાવશે કોણ ? એમનો બેલી બનશે કોણ ?

નિર્દોષ બિચારા અનંત જીવો ! બટાટા, લીલ, ફૂગ વગેરેમાં બેઠા છે ! એમને શેકી, ભૂંજી, સૂકવીને ખાઈ જવામાં આવે છે ! રે ! આ બધાને બચાવશે કોણ ?

ઢોર-ઢાંખરની કેવી લાચાર, પરવશ અને બેચેન દુનિયા ! અનંત-શક્તિના એ સ્વામીઓ ખાવા-પીવાને ય અશક્ત ! પૂર્ણ રીતે સ્વતન્ત્ર ! સંપૂર્ણપણે ગુલામ દશામાં !

નારકની ધરતીના છોરુઓની તો શી કથા કરવી ? અનંત સુખના એ માલિકો ઉપર મહાદુઃખની તરવારો ફરી રહી છે. એમને ભડકે જલતી અગનજ્વાળાઓમાં ફેંકીને-જીવતા સળગાવાઈ રહ્યા છે ! 'નહિ મારવાની' કરુણ કાકલુદીઓ તો અધમ દેવાત્માઓ લાત મારીને ઠુકરાવી રહ્યા છે. અરે ! આમને કોક તો બચાવો ! સાચો રાહ સુઝાડો ! જરૂર કરી નાખ્યાં છે તેમણે પાપ ! પણ કોક તો દયા ગુજારો ! તેમની કેવી કરુણ ચીસો આ ધરતીએ જાણે સંભળાઈ રહી છે !

દેવાત્માઓ તરફ નજર કરો. ઈર્ષ્યા, અતૃપ્તિ અને મિથ્યાત્વના દાવાનળમાં અસંખ્ય દેવાત્માઓ ભડથું થઈ ગયા છે !

દેવ–દેવીના ચ્યવનકાળની વિરહવ્યથા; કરુણસ્વરના વિરહના વિલાપ ! હાય ! સાંભળ્યા સંભળાતા નથી. તૃપ્ત જ રહેવાને સર્જાયેલો આત્મા અતૃપ્તિનાં કલણોમાં ખૂંપી રહ્યો છે ! પર ગુણને જોઈને પ્રમોદ કરવાનો જ સ્વભાવ પામેલો આત્મા ઈર્ષ્યાથી બળી–જળીને ખાખ થઈ રહ્યો છે ! અરે, ઓ ! આ દેવ થયા તો ય માનવ કરતાં ય નીચે ઊતરી ગયા છે ! એમને કોક તો કાન પકડીને સમજાવો. ઉન્માર્ગેથી પાછા વાળો ! હાય જોયું, જાતું નથી તેમનાં પાપી પુણ્યોનું વિકરાળ તાંડવ ! અસંખ્ય આત્માઓને ઝડપીને ભરખી લેતું !

મર્ત્યલોકના માનવોની પણ કેવી દુર્દશા થઈ છે ! જેને પરમાત્માએ 'મહાન' કહ્યો એ માનવ વાસનાનો ભૂખ્યો થઈને કેટલી હદ સુધી અધમ થઈ રહ્યો છે ! ઓલા ધનાઢ્યોની આલમો તરફ નજર તો કરો ! જાણે વાસનાઓનાં સુખ કદી આરોગ્યાં જ ન હોય એ રીતે-છપ્પનીઆના દુકાળીઆની જેમ ત્રાટક્યા છે; વાસનાઓનાં સાધનો ઉપર ! અરે ! અરે ! એમને એટલું તો કહો કે આ બધાં મડદાં છે મડદાં ! એમની ઉપર જ્યાફત ઉડાવે તો તે ગીધડાં કહેવાય છે; ગીધડાં ! આનંદનાં શાશ્વત ઝરણાંના સ્વામીઓ ! તમારું તો આ સ્વપ્નાવસ્થાનું ય જીવન નથી !

આ ધર્માત્માઓ ! તમને તેવી હજારો સ્ત્રીઓ નથી દેખાતી; જે દારૂડીઆ કે ક્રોધી પતિના હાથે મૂઢ માર ખાતી હોય અને 'બચાવો બચાવો'ની ચીસો પાડતી હોય !

તમને એવી હજારો કન્યાઓ નથી દેખાતી ? જેનાં સૌભાગ્ય–કંકણ ટૂંકા જ સમયમાં નંદવાઈ ગયાં હોય !

નબાપા બની જતાં બાળકો; સ્વપ્નમાં 'બાપા !' કહીને બૂમ પાડતાં હોય !

માતાથી વિખૂટાં પડેલાં સંતાનો ! મા....મા....કરતાં જ્યાં ત્યાં દોડતાં હોય !

ગરીબો ! બેકારો ! ત્યક્તાઓ ! વિધવાઓ ! યુદ્ધભૂમિ ઉપર કપાતાં કલેવરો ! ઊડતાં ધડ–માથાંઓ ! વછૂટતી લોહીની પીચકારીઓ ! મડદાં ચૂંથતાં ગીધડાંઓ !

હોસ્પિટલોના રોગીઓ ! મરણપથારીએ પડીને છેલ્લાં ડચકાંઓની તીક્ષ્ણ વેદના ભોગવતા માનવો ! વાસનાની પાછળ પાગલ બનીને જીવન ફેંકી દેતા શ્રીમંતો ! વિકારોના ઉદ્રેકને કારણે આંતર–રૂપ ગુમાવી દઈને કુરૂપ બની જતી રૂપગર્વિતાઓ ! મુનિ–જીવનથી ભ્રષ્ટ થઈને ભોરિંગ કરતાં ય ભૂંડા ભોગના રસાસ્વાદ લેવા માટે સંસાર પ્રતિ ડગ ભરતા આત્માઓ !

હાય ! અનંત ચતુષ્ટયના સ્વામીઓનાં સુખ, શક્તિ, પુણ્ય, બુદ્ધિ અને સમયના કેવા કુરચેકુરચા ઊડી રહ્યા છે ! દુઃખે અને પાપે !

ઓ, ધર્મીજનો ! જીવત્વના નાતે જીવ માત્ર આપણા બંધુઓ છે ! એમના કર્મજનિત ત્રાસ જોઈને શું આપણને કોઈ સંવેદન ન થાય ? લાખો ટન માછલાં; હજારો મણ દેડકાં; લાખો ગાડરો અને બળદો, હજારો વાંદરાં, સસલાં અને કીડાઓ, લાખો ભૂંડો અને ડુક્કરોની કત્લેઆમથી; ધનવાનોની આલમોમાં ઊભરાયેલાં કાતીલ પાપોથી થતી આત્મગુણોની કત્લેઆમથી; ગરીબોના જીવનનાં આર્તધ્યાન અને રૌદ્ર-ધ્યાનની હોળીઓમાં ભડથું થઈ જતી આત્મ–તત્ત્વની સ્વભાવ દશાથી શું આપણે વ્યથિત નથી બની શકતા ?

આખું વાયુમંડળ કત્લેઆમથી ઊભરાયું છે. ચીસો અને ચિચિ-યારીઓથી ગગનમાં અદ્વૈત વ્યાપ્યું છે.

શું આ બધાની વચ્ચે આપણને કોઈ પુણ્યાઈનું સુખ મળી જતું હોય તો તે મનપસંદ પડે તેવું છે ? શું તેવા સુખમાં આપણને આનંદ છે ? અજંપો નથી ? મજા છે ? બેચેની નથી ?

મારું શું ? એ પછી વાત કરશું. આ બધાનું શું ? એ વાત પહેલી કરવી પડશે.

જો આ સંવેદન આપણને હાડોહાડ લાગી જશે તો એ સર્વરક્ષા માટે આપણે એકદમ સજ્જ બની જઈશું. બધી જ શિથિલતાઓને ખંખેરી નાખવા માટે કટિબદ્ધ બની જઈશું.

અને....પછી પરમાત્માએ ફરમાવેલી સર્વવિરતિધર્મની; છેવટે દેશવિરતિધર્મની ઉત્તમોત્તમ સાધનાનાં સોપાનો ઉપર ક્રમશઃ ડગ માંડતા જઈશું.

સોક્રેટીસના તત્ત્વજ્ઞાનથી પ્રભાવિત થઈ જઈને મહાન્ કવિ ગણાતા પ્લેટોએ પોતાનો કાવ્યસંગ્રહ બાળી મૂક્યો અને સોક્રેટીસનો શિષ્ય બનીને મોટો ફિલસૂફ બની ગયો.

પરમકૃપાલુ, પરમપિતા, ત્રિલોકગુરુ, તીર્થંકર પરમાત્માની સર્વ-રક્ષાની પરમ કરુણામાંથી પ્રગટી જતી સ્વરક્ષાની ફિલસૂફીથી આપણે પ્રભાવિત થયા નથી? જો પ્રભાવિત થયા હોઈએ તો એની ખાતર આપણી સઘળી એષણાઓ અને કામનાઓને સળગાવી દેવી જોઈએ.

જો હૈયેએ મહાકરુણાનું ગીત પ્રગટ થઈ જશે તો સર્વરક્ષાર્થ અનિવાર્ય અને આવશ્યક એવી સ્વરક્ષા માટે આપણે એકદમ તૈયાર થઈ શકશું. પછી સ્વરક્ષાનું એ જીવન ભલે તેટલું કઠોર કાં ન હોય?

સ્વરક્ષાનું વિશુદ્ધ જીવન જીવનાર એક પણ આત્મા આ ધરતી ઉપર હશે ત્યાં સુધી સૂર્ય પોતાની આગ ઓકી શકશે નહિ; સમુદ્રો માઝા મૂકી શકશે નહિ, પાપો પ્રજ્વળીને માનવપ્રજાનું આધ્યાત્મિક વ્યક્તિત્વ નષ્ટ કરી શકશે નહિ.

આ બધું ત્યારે જ બનશે; જ્યારે એક પણ આત્મા 'સ્વરક્ષા'ની સાધનાની વેદિકા ઉપર બેઠો નહિ હોય!

અહો! અહો! એક જ આત્માના સ્વરક્ષાજનિત પુણ્યની પણ કેટલી તાકાત!

—કે ધરતીને ય ધીરજ રાખવી પડે!

—કે સૂરજને યં કાબૂમાં રહેવું પડે!

—કે સમંદરોને પણ મરજાદી બનવું પડે!

—કે કાળાં પાપોને પણ ચૂપચાપ બેસી રહેવું પડે!

તો....આત્મવિશ્વાસ પ્રગટાવીએ; સ્વરક્ષાના વિશુદ્ધ પુણ્યમાં અને એની સર્વરક્ષાસાધક શક્તિમાં.

કોઈ નબળા વિચાર કરજો મા. જમાનાવાદનો અંધકાર બેશક વધુ ને વધુ જામ થઈ રહ્યો છે અને જામો પાડી રહ્યો છે.

પણ સબૂર! બીજી બાજુ ધર્મ અને પુણ્યના બળનો પ્રકાશ પણ વધી રહ્યો છે; ઘેરો અને ગાઢ બની જ રહ્યો છે.

અંધકારનું કામ અંધકાર કરે છે.

પ્રકાશે પણ એની કૂચ હવે આરંભી છે. ભસ્મગ્રહ પણ ઊતર્યો છે, હતાશાને હાલ તો અવકાશ છે જ નહિ.

પણ તે ધન્ય વાયુમંડળનું ગગનેથી અવતરણ કરાવવા માટે આપણે નિમિત્તભૂત તો બનવું જ પડશે. કોઈ પણ વસ્તુ એકાએક આપમેળે તો ઊતરી પડતી નથી કે આવી જતી નથી.

એવું તો આપણું પુણ્ય જ ક્યાંથી કે ભસ્મગ્રહના વિદાયની વેળામાં આપણું જીવન હોય! સંક્રાન્તિનાં એ વર્ષોમાં આપણી સાધના હોય! ભાવીના પ્રકાશમય ભવ્ય ગગનમાં આપણો નિમિત્તભાવ હોય!

ચાલો, ચાલો, ત્યારે....ઊઠો....ઊભા થાઓ. ખૂબ પોરસ ચડે તેવી આ વિચારણા છે. હલદીઘાટીના યુદ્ધના વાતાવરણમાં રાણા પ્રતાપના અશ્વ ચેતકને ય પોરસ ચડી ગયું હતું અને પોતાના માલિકની ઇચ્છા મુજબ શત્રુસૈન્યમાં ધસી જઈને શત્રુ–રાજા માનસિંહના હાથીના પેટ ઉપર પોતાના પગ ટેકવી દઈને માલિકને શત્રુની અંબાડી સુધી પહોંચાડી દીધો હતો.

રે! એ હાથીને ય ચેતક ઉપર ખુન્નસ ભરાઈ ગયું હતું, તેથી તેણે કોઈ સૈનિકની તલવાર સૂંઢથી આંચકી લઈને ચેતકના પગ ઉપર ઝીંકી લઈને તેને લંગડાતો કરી દીધો હતો!

ક્ષત્રિયોનાં પશુઓને ય રણમેદાનમાં પોરસ ચડે અને સર્વરક્ષાની

સુંદર પ્રક્રિયા સાંભળ્યા બાદ આપણને સ્વરક્ષા સાધી લેવાનું પોરસ ન ચડે એ કેમ જ બને ?

રે ! ભવાયા પણ ભવાઈમાં નાટકીઓ વેષ પહેરે છે તો ય તેવો જ ભાવ ભજવી જાય છે. સિંહ બનેલા ભવાયા મુખીએ; પોતાની પૂંછડી સાથે રમત કરતા છોકરાને ત્યાં ને ત્યાં જ ખતમ કરી નાંખ્યો હતો અને વળતે જ દી સતીનો પાઠ લઈને ખરેખર ચિતામાં તે જીવતો બળી મૂવો હતો.

ઓહ ! નકલી વેષ પણ અસલીનું કામ કરી જાય તો આપણે અસલી ધર્માત્માઓ સર્વ જીવોની રક્ષા કાજે સ્વરક્ષાનો અસલી ધર્મ નહિ આરાધી શકીએ શું ?

યાદ રાખો કે જિનશાસન સર્વના હિતનું સાધક શાસન છે. એને વરેલા આત્માને કોઈનું પણ અહિત જોયું જાય નહિ. એટલે સર્વના હિતમાં પરિણામનું જે કોઈ પરિબળ હોય તેને પ્રાપ્ત કરી લેવા માટે મથ્યા વિના તે રહી શકે નહિ.

સર્વના હિતમાં; રાષ્ટ્રના હિતમાં; પ્રજા, સંસ્કૃતિ અને ધર્મના હિતમાં; જિનશાસનના હિતમાં જો સ્વરક્ષાની આરાધના પરિણમનારી હોય તો તેને પ્રાપ્ત કરવા દિલ ઊછળે જ.

તે સ્વરક્ષાર્થ સૂક્ષ્મના બળનું સર્જન અને પુણ્યનું ઉત્પાદન જરૂરી હોય તો તેને પણ તે સાધે.

તે માટે પરમેષ્ઠિ–શરણાગતિ આવશ્યક હોય તો તેને અચૂક વરે.

સાધકો ! જુઓ, વિશ્વમાં સર્વત્ર ઘોર સંહારલીલા ચાલી રહી છે. નથી માત્ર; હજી પૂરજોશમાં ભારતમાં.

કારણ કે સ્વરક્ષાના સાધકો અહીં જ છે. તેમના બળે જ સઘળી અંધાધૂંધીઓને 'રૂક–જાઓ'નો આદેશ આપેલો છે. જ્યાં સુધી એ બળ જીવંત અને વર્ધમાન રહેશે ત્યાં સુધી કશી આંચ નહિ આવે. એક મુનિનો કે એક સાધ્વીજીનો દશવિધ યતિધર્મનો સુવિશુદ્ધ આચાર પણ સઘળી આપત્તિઓને સ્થગિત કરી દેવાનું અપ્રતિહત સામર્થ્ય ધરાવે છે.

બસ ત્યારે; હવે તો સર્વરક્ષાની, સંસ્કૃતિરક્ષાની કે શાસનરક્ષાની આપણા હાથમાં નાડ આવી ગઈ કે પરમેષ્ઠિ-શરણાગતિ દ્વારા સૂક્ષ્મનું બળ વધારીને સ્વરક્ષા કરો.

આ શરણાગતિનાં બે સ્વરૂપ છે. એક છે; વર્ણમાતૃકાના ધ્યાનની ભૂમિકા સાથેની જપ, સ્તવ વગેરે વિધિસ્વરૂપ અને બીજી છે; પરમેષ્ઠિની આજ્ઞાઓના યથાશક્ય પાલનસ્વરૂપ આરાધનાઓ-આ આજ્ઞાપાલન એટલે અશક્યનું પાલન; અને અશક્ય કે દુઃશક્યનો જીવંત સાપેક્ષભાવ.

ઓ, સુશ્રાવકો અને સુશ્રાવિકાઓ! સ્વરક્ષાર્થે તમે સહુ સ્વદ્રવ્યથી; ઊછળતા ભાવોલ્લાસવાળી જિનપૂજામાં લાગી પડો.

ઓ; સાધકો! શ્રમણો! શ્રમણીઓ! આપણે સહુ પરમાત્માની આજ્ઞાઓના સુવિશુદ્ધ પાલનમાં લાગી પડીએ.

વિશિષ્ટ કોટિની પરમાત્મા-ભક્તિ ગૃહસ્થોના જીવનમાં બળ ઉત્પન્ન કરશે.

વિશિષ્ટ કોટિનું જિનાજ્ઞા-પાલન અણગારોના જીવનની તાકાત બની જશે.

બે ય ભેગા મળીને શાસનરક્ષાથી માંડીને સર્વરક્ષા સુધીની તમામ રક્ષાઓનો યજ્ઞ માંડશે.

પ્રસ્તુત ગ્રન્થ સ્વરક્ષા દ્વારા સર્વરક્ષાની હાકલ પાડતો ગ્રન્થ છે. સ્વરક્ષા માટેની આરાધનાઓ કયી? એની અવિધિઓ અને આશાતનાઓ કયી? એના વિપાકો કેવા? વગેરે અનેક શાસ્ત્રાધારિત વાતોથી ખીચોખીચ ભરેલું પ્રત્યેક પાનું છે; પ્રત્યેક ફકરો છે.

વાચકો! આ ગ્રન્થના લેખકશ્રી પૂજ્યપાદ વાત્સલ્યમૂર્તિ પં. ભગ. શ્રીમદ્ ભદ્રંકરવિજયજી મહારાજા સાહેબનો તો શું પરિચય આપું? તેઓ જૈનસંઘમાં આબાલગોપાલ પ્રસિદ્ધ છે. યોગ અને અધ્યાત્મની વિશિષ્ટ આરાધનાઓ દ્વારા પ્રાપ્ત કરેલા સૂક્ષ્મ બળના તેઓ સ્વામી છે.

તેમના મૌનમાં વાણી વહે છે; તેમના સ્મિતમાં વાત્સલ્યનો નાયગરાનો ધોધ ઝળકે છે. તેમના સત્સંગમાં પરમાનંદ સ્રવે છે.

આ મહાપુરુષ રાજસ્થાન જેવા પ્રદેશના કોઈ ખૂણે પણ આરાધનાનો યજ્ઞ માંડે છે તો ય સેંકડો આરાધકો ગમે તેવાં કષ્ટ વેઠવાની તૈયારી પૂર્વક ત્યાં પણ દોડી જાય છે. આ એક જ વાત કાનમાં કહી જાય છે કે તે કૃપાળુના સૂક્ષ્મ કોષો એકદમ જીવંત બની ગયા છે.

વિશ્વમે ચલાવેલા ઝંઝાવાતી 'ન્યુ વેવ'ના ભીષણ તાંડવની વચ્ચે આ મહાપુરુષનું – અસ્તિત્વ માત્ર અનેક જીવોને સાચી શાતા અને સાચો આરાધના–માર્ગ બતાડવાની સફળતા હાંસલ કરી ચૂક્યું છે.

અમર તપો ! એ પુણ્યાત્મા....
જુગ જુગ જીવો ! એ યોગીરાજ !

સહુ કોઈ આ ગ્રન્થનું વાંચન–મનન કરીને "આરાધના" પદાર્થને એના મૂળભૂત સાચા સ્વરૂપમાં પ્રીછે, પામે કે જેથી તેના વડે ઉત્પન્ન થએલા સ્વ-પર હિતકર પુણ્ય દ્વારા વિશ્વમાત્રના સર્વ જીવો સાચાં સુખ, સાચી શાન્તિને પામે.

૨૦૩૫, કા. વ. ૧૩ સ
ભાયખલા,
મુંબઈ–૨૭.

લિ.
ગુરુપાદ પદ્મરેણુ
મુનિ ચન્દ્રશેખરવિજય

## પ્રકરણ પહેલું

# મંગળકારી આરાધના

### આરાધના શબ્દનો અર્થ :

આરાધન કરવું એટલે સાધવું, પ્રાપ્ત કરવું અને સંતુષ્ટ કરવું.

આ ત્રણ અર્થોમાં આરાધના શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

કોઈ પણ કાર્ય સિદ્ધ કરવું હોય, કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવી હોય અથવા કોઈ પણ વ્યક્તિને સંતુષ્ટ કરવી હોય, ત્યારે તે કાર્ય, તે વસ્તુ અગર તે વ્યક્તિનું આરાધન કરવામાં આવે છે. તે આરાધનથી તે કાર્ય નિષ્પન્ન થાય છે, તે–તે વસ્તુની પ્રાપ્તિ થાય છે અને તે–તે વ્યક્તિ પ્રસન્ન થાય છે.

આ રીતે ત્રણ અર્થમાં આરાધન શબ્દનો વ્યવહાર થતો જગતમાં જોવામાં આવે છે.

એ જ રીતે સેવા અર્થમાં પણ આરાધન શબ્દનો પ્રયોગ રૂઢ છે. સેવા, ભક્તિ, પરિચર્યા, પ્રસાદના, ઉપાસના, શુશ્રૂષા, વરિવસ્યા, પર્યુપાસના, ઉપચાર વગેરે આરાધનાના જ અર્થને કહેનારા શબ્દો છે.

અહીં પણ આપણે આરાધના શબ્દથી સિદ્ધિ, પ્રાપ્તિ, તુષ્ટિ અને સેવા વગેરે સઘળા અર્થો ગ્રહણ કરવાના છે.

આરાધનાનો માર્ગ એટલે સાધનાનો માર્ગ અથવા સેવા–ઉપાસના વગેરેનો માર્ગ.

## મુક્તિસાધનાનું જ ધ્યેય :

એટલું તો નક્કી છે કે, શ્રી જૈનશાસન જે માર્ગ બતાવે, તે સંસારની સાધનાનો તો હોય જ નહિ. શ્રી જૈનશાસનની દૃષ્ટિએ સંસાર એ ત્યાજ્ય વસ્તુ છે. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં સંસારની હેયતાને એક નહિ પણ અનેકાનેક પ્રમાણોથી સાબિત કરવામાં આવી છે.

**સંસારની હેયતા અંકિત ન થાય, ત્યાં સુધી શ્રી જૈન-શાસન હૃદયમાં પ્રવેશ પામવું જ અશક્ય છે.**

સંસાર ખરેખર છોડવા જેવો છે એ સત્યનું પ્રતિપાદન કરનાર શ્રી જૈનશાસન, જે આરાધના યા સાધનાનો માર્ગ બતાવે, તે સંસાર સિવાય અન્ય કોઈ વસ્તુનો જ હોવો જોઈએ. એ વાતમાં લવલેશ શંકા કરવાનું કોઈ કારણ નથી.

આરાધના કરવા યોગ્ય એ વસ્તુ શું છે, એનું પણ સ્પષ્ટ પ્રતિ-પાદન, શ્રી જૈનશાસન કરે છે. એ બીજી કોઈ નહિ, પણ કેવળ મોક્ષ છે. કારણ કે મોક્ષ અને તેના કારણ સિવાયની કોઈપણ વસ્તુની સાધના યા ઉપાસના તે સંસારની જ ઉપાસના છે.

સંસાર અને મોક્ષ એ બે પ્રતિપક્ષી વસ્તુઓ છે.

સંસાર એ બદ્ધાવસ્થા છે. મોક્ષ એ મુક્તાવસ્થા છે. આત્માની બદ્ધાવસ્થાનું નામ સંસાર છે અને મુક્તાવસ્થાનું નામ મોક્ષ છે.

જે શાસનને સંસારની સાધનાનું પ્રતિપાદન નહિ કરવાની પ્રતિજ્ઞા છે, તે શાસનને મુક્તિ સિવાય બીજી કોઈ વસ્તુની સાધનાનું પ્રતિપાદન કરવું, એ પોતાની પ્રતિજ્ઞાથી વિરુદ્ધ છે.

એટલા જ માટે શ્રી જૈનશાસને દર્શાવેલો આરાધનાનો માર્ગ આપણે જાણવો હોય તો તે મુક્તિનો માર્ગ જ હોઈ શકે, પણ અન્ય કોઈ માર્ગ હોઈ શકે નહિ.

આટલો નિશ્ચય કરી શકનાર આત્મા એ વાત સહેલાઈથી સમજી શકશે કે, **શ્રી જિનમતના અનુયાયી બનવાની ઇચ્છા ધરાવનારે સૌથી પહેલાં સંસારથી વાસિત થએલી પોતાની મતિને મુક્તિથી વાસિત કરવી જોઈએ.**

**મુક્તિથી વાસિત મતિ :**

માર્ગપ્રાપ્તિ માટે સૌથી પહેલી શરત શાસ્ત્રકારોની હોય તો તે એ જ છે કે, **મુક્તિ પ્રત્યે અદ્વેષ** કેળવવો.

એવો એક નિયમ છે કે, પ્રતિપક્ષી વસ્તુ પ્રત્યે દ્વેષ જાગ્યા વિના એની સામેની વસ્તુ ઉપર અદ્વેષ આવતો જ નથી.

આપણે જોઈ ગયા કે મુક્તિની પ્રતિપક્ષી વસ્તુ સંસાર છે. એ સંસાર પ્રત્યે થોડો પણ અણગમો ઉત્પન્ન થયા વિના, મોક્ષ પ્રત્યેનો અણગમો દૂર થવો અશક્ય છે. સંસાર પ્રત્યે જ્યાં સુધી હૃદયમાં બહુમાન બેઠું છે, ત્યાં સુધી મોક્ષ પ્રત્યે બહુમાન જાગે એ કોઈ પણ કાળે શક્ય નથી.

**એટલા જ માટે ભવાભિનંદી (ભવરસિક) આત્માઓને ધર્મની પ્રાપ્તિ માટે અયોગ્ય માન્યા છે.**

ભવ એટલે સંસાર અને તેનું અભિનંદન એટલે પ્રશંસા અથવા બહુમાન. એ જેના હૃદયમાં બેઠું છે, તે આત્માને ધર્મની સન્મુખ કરવો, એ કોટિ ઉપાયે પણ શક્ય નથી. એ કારણે શાસ્ત્રકારોની પહેલી શરત 'મુક્ત્યદ્વેષ' અર્થાત્ મોક્ષ પ્રત્યે અણગમાનો અભાવ છે.

સંસારનો રાગ આત્માને અનાદિ કાળનો છે. એ રાગના કારણે મુક્તિના સ્વરૂપની ઝાંખી કરવા જેટલી તક પણ તે પ્રાપ્ત કરી શક્યો નથી. સંસારના રાગે એને કાયમ માટે મુક્તિનો દ્વેષી બનાવી રાખ્યો છે.

મુક્તિ પ્રત્યેનો તેનો દ્વેષ કાયમ હોવાના કારણે જ. ધર્મની પ્રાપ્તિ વિના તે અનાદિકાળથી સંસારમાં ભટકી રહ્યો છે.

શ્રી જૈનશાસનનું કાર્ય એક જ છે કે મુક્તિ પ્રત્યે વિરાગી બની બેઠેલા આત્માઓને મુક્તિના વિરાગી મટાડી સંસારના વિરાગી બનાવવા. સંસારનો વિરાગ અને મુક્તિનો રાગ આત્મામાં જન્મે, એ માટે જેટલા પ્રયત્નો કરવા યોગ્ય છે, તે સઘળા પ્રયત્નો શ્રી જૈનશાસને માન્ય કરેલા છે.

**સંસારની વિરક્તિ, એ આત્માને સંસારથી તારનારી છે. અને મુક્તિની વિરક્તિ, એ આત્માને સંસારમાં ડુબાડનારી છે.**

### મુક્તિનું સ્વરૂપ :

**મુક્તિ એટલે બંધનનો અભાવ.** એનું સ્વરૂપ સમજવા માટે આત્મા ઉપર કેવા પ્રકારનાં બંધનો લાગેલાં છે અને એ બંધનોથી બંધાએલો આત્મા, વર્તમાનમાં કેવી પરાધીન દશા ભોગવી રહ્યો છે, એનો વિચાર કરવો આવશ્યક છે.

આત્માનું બંધન એ કોઈ દોરડાનું, લોઢાનું કે સોનાનું બંધન નથી. એ બંધનની બરાબરી કરી શકે એવું બંધન આ જગતમાં બીજે ક્યાંય હયાત નથી.

દોરડાનું બંધન કાતર વડે કાપી શકાય છે, લોઢાનું બંધન ઘણના પ્રહારો વડે તોડી શકાય છે અને સોનાનું બંધન, સોનીના ઓજાર વડે છેદી શકાય છે, જ્યારે કર્મના બંધનને કાપવા માટે કોઈ કાતર કામ કરી શકતી નથી યા કોઈ દુન્યવી હથિયાર સમર્થ થઈ શકતું નથી.

એ બંધન એટલું તો સૂક્ષ્મ છે કે દુન્યવી કોઈ હથિયાર તેને અંશતઃ પણ છેદી શકતું નથી. આત્મા પોતે જ્યાં સુધી સાચો પ્રયત્નવાન ન બને, ત્યાં સુધી કોઈ પણ વસ્તુ આત્માને લાગેલા બંધનમાંથી આત્માને મુક્ત કરવા સમર્થ થઈ શકતી નથી.

**શુભ અધ્યવસાયરૂપી ઘણના ઘા પડ્યા વિના, આત્માનાં**

**બંધનોમાંનું એક પણ બંધન જરા પણ ઢીલું પડે, એ વાત સંભવિત નથી.** શુભ અધ્યવસાય સિવાયના પ્રયત્નોથી તૂટેલાં બંધનો અનેકગુણાં નવાં બંધનો આત્મા ઉપર વધારીને, પછી જ પોતે જાય છે.

**સર્વ પ્રકારનાં કર્મબંધનોથી મુક્ત થવું, એ શ્રી જૈનશાસને માનેલી તેમજ સ્વીકારેલી મુક્તિનું સ્વરૂપ છે. કર્મનાં બંધનોથી મુક્ત થતાંની સાથે જ આત્મા પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરે છે. અનંતજ્ઞાનાદિ ચતુષ્ટય** ( કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ ચારિત્ર્ય અને કેવળ વીર્ય ) **એ આત્માનું સ્વરૂપ છે. એ ચતુષ્ટયની સંપૂર્ણ પ્રાપ્તિ, એ શ્રી જૈનશાસને માનેલી મુક્તિ છે.**

આરાધનાનો માર્ગ :

આપણે જોઈ ગયા કે 'જૈનદૃષ્ટિએ આરાધનાનો માર્ગ એટલે મુક્તિની સાધનાનો માર્ગ.'

**જે માર્ગના અનુસરણથી મુક્તિની પ્રાપ્તિ થાય, તે જૈનદૃષ્ટિએ આરાધનાનો માર્ગ છે.** એને બીજા શબ્દોમાં આત્મ-સેવાનો માર્ગ, પરમાત્માની ભક્તિનો માર્ગ, દેવ–ગુરુની ઉપાસનાનો માર્ગ એમ અનેક રીતે સંબોધી શકાય છે. એ સર્વ શબ્દોની પાછળ, 'મુક્તિની સાધના' એ એક જ અર્થ રહેલો છે.

મુક્તિની સાધના ન થાય તેવી આત્મસેવા, પરમાત્માની ભક્તિ કે દેવગુરુની ઉપાસના, એ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આરાધનાના માર્ગ તરીકે ગણાતાં નથી. જે આત્મસેવા, જે ઈશ્વરભક્તિ કે જે દેવ-ગુરુની પર્યુપાસના મુક્તિને સાધી આપનારી થતી નથી, તે આત્મસેવા, તે ભક્તિ કે તે ઉપાસના આરાધનાસ્વરૂપ છે, એમ માનવાની શ્રી જૈનશાસન સાફ ના પાડે છે.

આથી આપણે એ નિશ્ચય કરી શકીએ છીએ કે, મુક્તિની સાધનાનો માર્ગ એ જ સાચો આરાધનાનો માર્ગ છે.

પરંતુ મુક્તિની સાધના એટલે શું? કોઈ પણ એક પ્રકારના દુઃખથી યા બંધનથી છુટકારો મેળવવો, એનું જ નામ મુક્તિ નથી. અહીં જે મુક્તિની સાધનાનું આપણે વર્ણન કરવું છે, તે બીજી કોઈ મુક્તિ નહિ પણ **જન્મ જરા અને મરણના દુઃખથી મુક્તિ** અગર તેના કારણભૂત મોહનીય આદિ કર્મોથી છુટકારો એ જ છે. **જન્મ–મરણના કારણભૂત અનાદિનાં કર્મ–બંધનોથી મુક્તિ એ જ સાચી મુક્તિ છે.**

તે સિવાયની મુક્તિ એ યથાર્થ 'મુક્તિ' નથી. મુક્તિના અર્થમાં તે મુક્તિ 'મુક્તિ' કહેવાય નહિ. દુઃખનું યા કર્મનું એક બંધન તૂટવા છતાં, જ્યાં સુધી દુઃખના યા કર્મનાં અન્ય ગણુણિત બંધનો આત્માને લાગેલાં છે, ત્યાં સુધી પોતાને મુક્તિ પ્રાપ્ત થઈ એમ માની લેવું એ પોતાના આત્માને છેતરવાની વાત છે.

અમુક પ્રકારનાં તુચ્છ અને પૌદ્ગલિક બંધનોમાંથી છુટકારો મેળવવો, એનું જ નામ જો મુક્તિ હોત, તો આજે ક્ષુદ્રમાં ક્ષુદ્ર પણ કોઈ એવો જંતુ નથી, કે જે થોડા કાળ માટે પણ સુખનો અનુભવ ન કરી શકતો હોય.

સુખ–દુઃખ ઉભયનો અનુભવ એક કાળે હોઈ શકતો નથી. જે કાળે આત્મા સુખનો અનુભવ કરે છે, તે કાળે તેટલા વખત માટે તેને દુઃખથી મુક્તિ મળેલી હોય જ છે. એવાં પ્રકારનાં દુઃખોની મુક્તિને પણ જો 'મુક્તિ' તરીકે ઓળખી યા ઓળખાવી શકાતી હોય તો સર્વ આત્માઓ મુક્તિને પામેલા જ છે. પછી મુક્તિ માટે પ્રયત્ન કરવાનો રહે છે જ ક્યાં? પરંતુ તે સાચી મુક્તિ જ નથી, કે જે મુક્તિની પ્રાપ્તિ પછી આત્માનું કોઈ પણ દુઃખ કે બંધન બાકી રહી જતું હોય.

આત્માનાં સઘળાં ય દુઃખો અને સઘળાં ય બંધનો હયાત રહેવા

છતાં એકાદ વસ્તુને ધ્યેય બનાવી, તેના બંધનથી છુટકારો મેળવી આપવાની વાતોને મુક્તિ મેળવી આપવાની વાતો તરીકે ઉચ્ચારવી, એ કાર્ય ઉત્તમ આત્માઓનું નથી, પણ સ્વાર્થસાધુઓનું છે.

નિઃસ્વાર્થી અને પરોપકાર કરવામાં સદા તત્પર જ્ઞાની પુરુષો તો, જેમાં યથાર્થ મુક્તિ નથી તેમાં મુક્તિની વાત કદી કરતા જ નથી.

પૌદ્ગલિક બંધનો ઊભાં થવાં યા તેમાંથી છુટકારો મેળવવો એ કર્મનું ફળ છે. એની પ્રાપ્તિ યા અપ્રાપ્તિ, એ શુભાશુભ કર્મજનિત છે. એ માટે કરેલો પ્રયત્ન પણ તેટલો જ ફળદાયી થાય છે, કે જેટલું પૂર્વકૃત કર્મ એ પ્રયત્નને સહાયક હોય છે. પૌદ્ગલિક બંધન યા તેવી મુક્તિના વિષયમાં, **પૂર્વકૃત કર્મ કરતાં અધિક ફળ આપવાની તાકાત કરોડો પ્રયત્નોમાં પણ નથી.**

આવું જ્ઞાન ધરાવનાર તત્ત્વજ્ઞ મહાપુરુષો દુનિયાદારીની તુચ્છ વસ્તુઓની સાધનાના માર્ગને મુક્તિની સાધનાના માર્ગ તરીકે ઓળખાવવાનું સાહસ કદી પણ ન કરે.

કર્મનાં આંતરિક બંધનો ટાળ્યા સિવાય, બાહ્યનાં પૌદ્ગલિક બંધનો કદી પણ ટળનારાં નથી, કિન્તુ એક યા બીજા રૂપમાં સામે આવીને ઊભાં જ રહેવાનાં છે. આવું શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન ધરાવનાર આત્માઓ અન્ય બંધનોની જેટલી દરકાર કરતા નથી તેટલી દરકાર તેમને કર્મનાં બંધનોની હોય છે.

કર્મનાં આંતરિક બંધનો તૂટ્યા વિના તૂટેલાં બાહ્ય બંધનો એક યા બીજા રૂપમાં આત્મા ઉપર અવશ્ય ચઢી બેસતાં હોય છે. એટલું જ નહિ પણ એ બાહ્ય બંધનોને તોડવા માટે લીધેલા અયોગ્ય ઉપાયો તો અનેકગુણો અધિક બદલો પણ સાથે લેતા આવે છે.

આ પરિસ્થિતિથી માહિતગાર પરોપકારી મહાપુરુષો પોતાને ગમે તેટલી નામના મળી શકતી હોય, તો પણ અજ્ઞાન આત્માઓને મુક્તિના નામે અધિક બંધનના ભરડામાં ભેરવવાનું પાપકાર્ય કદી કરતા નથી.

## યથાર્થ મુક્તિ :

સાંસારિક સ્વાર્થની આડે આવતા અવરોધોને દૂર કરવા તેનું નામ જેમ 'મુક્તિ' નથી, તેમ મુક્તિના નામે પરલોકની કપોલ-કલ્પિત કે અસત્ વસ્તુઓની પ્રાપ્તિ કાજે પ્રાણીઓને પ્રેરવા તેમજ પ્રયત્નશીલ બનાવવા તે પણ યથાર્થ મુક્તિના પ્રતિપાદનનો ઉપકારક માર્ગ નથી જ.

સર્વજ્ઞ શાસનથી અપરિચિત આત્માઓ અનેક રીતે મુક્તિના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. કોઈ કહે છે કે, 'મુક્તિની પ્રાપ્તિ કરવી એટલે શૂન્યાવસ્થાની પ્રાપ્તિ કરવી', કોઈ કહે છે કે 'મુક્તિ મેળવવી એટલે ચૈતન્યવાન મટી જડવત્ બની જવું', કોઈ કહે છે કે 'મુક્તિ મેળવવી એટલે ભાવરૂપ મટી અભાવરૂપ બનવું.'

મોક્ષની આ વ્યાખ્યાઓમાં સર્વજ્ઞના વચનનો આધાર નથી. જેને જેમ મનમાં આવ્યું કે બુદ્ધિમાં બેઠું, તેમ મુક્તિના વિષયમાં કલ્પિત શાસ્ત્રો રચ્યાં છે.

એ સઘળી કલ્પનાઓની સામે શ્રી જૈનશાસનનું કહેવું છે કે, 'જે મુક્તિમાં જ્ઞાની મટી અજ્ઞાની બનવાનું હોય, ભાવરૂપ મટી અભાવરૂપ બનવાનું હોય, થોડીઘણી પણ સ્વાધીનતા છે, તેને ગુમાવી સદાને માટે પરાધીન બનવાનું હોય, એવી મુક્તિ માટે પ્રયત્ન કરવો, એના કરતાં સંસારમાં થોડા પણ જ્ઞાનની, થોડા પણ સુખની અને થોડી પણ સ્વાધીનતાની સદાને માટે હયાતી છે.'

અધિક સુખ મેળવવાને બદલે, થોડા પણ સુખથી રહિત થવું, અધિક જ્ઞાન પ્રાપ્ત કરવાને બદલે થોડા પણ જ્ઞાનથી વંચિત રહેવું તથા અધિક સ્વતન્ત્રતા પ્રાપ્ત કરવાને બદલે સદાને માટે પરતન્ત્રતા સ્વીકારવા તૈયાર થવું, એમાં નથી બુદ્ધિમત્તા કે નથી યુક્તિમત્તા.

જે બુદ્ધિ, જે યુક્તિ કે જે આગમ જ્ઞાનશૂન્ય, સુખશૂન્ય કે

સ્વાધીનતાશૂન્ય મુક્તિનું પ્રતિપાદન કરે, તે બુદ્ધિ, તે યુક્તિ કે તે આગમ કોઈ પણ કાળે શિષ્ટ પુરુષોને ઉપાદેય બની શકે જ નહિ.

શિષ્ટ પુરુષો પોતાની શિષ્ટ મતિથી એ જોઈ શકે છે કે કોઈ પણ આત્માને જ્ઞાન, સુખ કે સ્વાધીનતા એ દુઃખરૂપ નથી પણ સુખરૂપ છે. જો કે અલ્પ જ્ઞાન, સુખ કે અલ્પ સ્વાધીનતા આત્માને જરૂર દુઃખ દે છે, તો પણ સર્વથા જ્ઞાનરહિત, સુખરહિત કે સ્વતન્ત્રતારહિત બનવું. એ તો કોઈ પણ આત્માને કદી પણ સ્વીકાર્ય નથી.

શ્રી જિનેશ્વરદેવનાં આગમો જે મુક્તિનું પ્રતિપાદન કરે છે, **તે મુક્તિ સંપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે, સંપૂર્ણ સુખસ્વરૂપ છે અને સંપૂર્ણ સ્વતન્ત્રતાને પ્રાપ્તિ કરાવી આપનાર છે.** એ જ મુક્તિ બુદ્ધિથી પણ ગ્રાહ્ય છે તથા યુક્તિ અને આગમથી પણ સ્વીકાર્ય છે.

બુદ્ધિ કે યુક્તિનું કોઈ પણ પ્રકારે છળ કરવામાં ન આવે, તો પ્રત્યેક વિચારશીલ માનવી, શ્રી જૈનશાસને પ્રરૂપેલી 'મુક્તિ' એ જ મેળવવા જેવી છે એ નિર્ણય પર આવ્યા સિવાય રહી શકે તેમ નથી. કારણ કે પ્રત્યેક આત્મા પૂર્ણ જ્ઞાન, પૂર્ણ સુખ અને પૂર્ણ સ્વાધીનતા માટે નિરંતર ઝંખે છે.

## મુક્તિનો માર્ગ :

સંપૂર્ણ જ્ઞાનમય, સંપૂર્ણ સુખમય અને સદાકાળ શાશ્વત રહેવાવાળી મુક્તિને સ્વીકાર્યા બાદ, તે મુક્તિને પ્રાપ્ત કરાવી આપનાર માર્ગ કયો હોઈ શકે એમાં બહુ વિવાદ જેવું રહેતું નથી.

જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે, 'સંપૂર્ણ જ્ઞાન કે સંપૂર્ણ સુખ આત્મામાં નહોતું તે મુક્તિમાં મેળવવાનું છે એવું નથી; પરંતુ એ જ્ઞાન અને એ સુખ, અનાદિકાળથી કર્મનાં જે આવરણોથી આવરિત છે, તે આવરણોને સર્વથા ખસેડી નાંખવાં એનું જ નામ મુક્તિ છે.

મુક્તિ શબ્દ જ બંધનના અભાવને સૂચવે છે. આત્મા ઉપર

લાગેલાં આવરણોનાં બંધનો ખસી જવાથી જે અવસ્થા પ્રાપ્ત થાય છે, તે આત્માની મુક્તાવસ્થા છે.

**સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા વડે સતત અભ્યાસ કરવાથી અજ્ઞાન અને રાગદ્વેષનાં આવરણો આત્મા ઉપરથી ચાલ્યાં જાય છે.** એટલા જ માટે મુક્તિમાર્ગનું થોડામાં થોડા શબ્દો દ્વારા જ્યારે મહાપુરુષો પ્રતિપાદન કરે છે, ત્યારે એ જ ફરમાવે છે કે, 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર' અથવા 'સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા' એ જ મોક્ષનો માર્ગ છે. એ સિવાયનો માર્ગ, મોક્ષનો માર્ગ નથી; કિન્તુ મોક્ષથી વિપરીત જે સંસાર છે તેને સાધી આપનારો એ માર્ગ છે.

**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે.** એમ સિદ્ધ થયું. ત્યારે હવે એ માર્ગે ચાલવા માટે, પ્રગતિ કરવા માટે આત્માએ કેવા પ્રકારના પ્રયત્નોમાં રત બનવું જોઈએ, એનું જ્ઞાન મેળવવું એ અનિવાર્ય છે.

શ્રી જિનેશ્વરદેવોનું શાસન મોક્ષના માર્ગે ચાલવા માટે સહુથી પ્રથમ જે ફરમાન કરે છે તે શું છે, તેનો આપણે અહીં પ્રથમ વિચાર કરવો છે.

### મોક્ષમાર્ગે ચાલવા માટેનું પ્રથમ ફરમાન :

જગતમાં શ્રી જિનેશ્વરદેવોના શાસનની સ્થાપના થઈ ત્યારથી માંડીને તેના અંત સુધી તેના અનુયાયી માટે અવશ્ય કરવા લાયક કોઈ પણ પદાર્થનું નિરૂપણ તે શાસનમાં કરવામાં આવ્યું હોય તો તે **ષડાવશ્યક** (છ આવશ્યક) છે.

ષડાવશ્યકનો અર્થ જ એ છે કે નિરંતર અવશ્ય કરવા યોગ્ય છ કર્તવ્યો. મુક્તિમાર્ગે પ્રયાણ કરવા ઇચ્છનાર આત્માનું આદિ કર્તવ્ય છે. તે છ આવશ્યકની નિરંતર આરાધના કરવી.

એની રચના, ગોઠવણી અને પરિપાટી સંસારતારક તીર્થના

સ્થાપક શ્રી તીર્થંકરદેવોના મહાન શિષ્યોએ કરેલી છે. સકળ શાસ્ત્ર-સમુદ્રના પારને પામેલા તથા સર્વ વિદ્યાઓના પરમ ધામ તુલ્ય એવા શ્રી જિનેશ્વરદેવોના મુખ્ય શિષ્યો શ્રી ગણધરદેવો ષડાવશ્યક રચયિતા, પ્રતિપાલક અને પ્રસારક છે.

શાસનની આદિથી અંત સુધી દરરોજ કરવા યોગ્ય એ ષડાવશ્યક શી વસ્તુ છે? એનું જ્ઞાન મેળવવું એ મુક્તિ તરફ પ્રયાણ કરવા માટે જાગૃત થએલા આત્માઓનું પ્રથમ કર્તવ્ય છે. એને બરાબર જાણી લઈ નિરંતર શ્રી જિનાજ્ઞા મુજબ એનો અમલ કરવા માટે તત્પર રહેવું એ તેઓ માટે પરમાવશ્યક છે.

### ષડાવશ્યક :

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ‘ષડાવશ્યક’ એ દરરોજના પ્રતિ-ક્રમણની ક્રિયા તરીકે અત્યંત સુપ્રસિદ્ધ છે. એથી ષડાવશ્યક કેવળ ક્રિયારૂપ છે એવું નથી, પણ જ્ઞાન-ક્રિયા ઉભયાત્મક છે.

શ્રી જિનમતમાં કોઈ પણ ક્રિયા જ્ઞાનશૂન્ય પ્રતિપાદન કરેલી નથી. જ્ઞાનશૂન્ય ક્રિયા એટલે ઉપયોગશૂન્ય ક્રિયા. જે દ્રવ્યક્રિયા છે, એમ શ્રી જૈનશાસન પ્રતિપાદન કરે છે.

આથી એમ નથી સમજવાનું કે, સૂત્રોનો મુખપાઠ કે તેના અર્થોનું જ્ઞાન એ જ માત્ર જ્ઞાન છે અને એવા જ્ઞાનવાળાની ક્રિયા એ ભાવક્રિયા છે.

પ્રત્યેક સૂત્રનો શુદ્ધ ઉચ્ચાર અને તેના અર્થનું સારામાં સારું જ્ઞાન હોવા છતાં, ક્રિયા કરતી વખતે શુદ્ધ ઉચ્ચાર કે અર્થના ઉપયો-ગથી શૂન્ય આત્માની, બાહ્ય દૃષ્ટિએ જણાતી શુદ્ધમાં શુદ્ધ ક્રિયા પણ દ્રવ્ય-ક્રિયા છે.

**શ્રી જિનશાસનમાં ઉપયોગને જ ભાવ માનેલો છે. આથી ઉપયોગપૂર્વકની ક્રિયા એ જ ભાવક્રિયા છે. અને ઉપયોગશૂન્ય ક્રિયા એ દ્રવ્યક્રિયા છે.**

શ્રી જૈનશાસન સ્પષ્ટપણે પ્રતિપાદન કરે છે કે, ક્ષયોપશમની

મંદતાથી અશુદ્ધ પણ ઉચ્ચારવાળો અને ઓછા પણ અર્થજ્ઞાનવાળો જો ક્રિયા કરતી વખતે ક્રિયાના ઉપયોગમાં વર્તે છે, તો તે ભાવક્રિયા કરનારો છે. અને ક્ષયોપશમના યોગથી શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલવાની શક્તિ ધરાવનારો તથા સૂત્રોના અર્થોને સમજવાની શક્તિવાળો પણ ક્રિયા કરતી વખતે ઉપયોગશૂન્યપણે ક્રિયા કરે છે, તો તે દ્રવ્યક્રિયા કરનારો કહેવાય છે.

**ભાવક્રિયાનું કોઈ પણ સાધન હોય, તો તે સૂત્ર અને અર્થના જ્ઞાનની સાથે આત્માનો ઉપયોગ છે.**

ઉપયોગને અન્યત્ર રાખનાર અને ક્રિયા ષડાવશ્યકની કરનાર આત્માનું ષડાવશ્યક જ્ઞાન, જ્ઞાન–ક્રિયા ઉભયાત્મક બની શકતું નથી. ઉપયોગ સહિતની જે ષડાવશ્યક ક્રિયા, તે જ્ઞાન–ક્રિયા ઉભયાત્મક બની મોક્ષમાર્ગની સાધક બને છે.

તે ષડાવશ્યક ક્રિયાનો વિષય કેટલો મહાન અને ગંભીર હોવો જોઈએ, એનું અનુમાન કરવું તે હવે દુષ્કર પ્રતીત નહિ થાય. એ ષડાવશ્યક–ક્રિયા મંગળરૂપ છે, કારણ કે એમાં પરમ માંગલિક વસ્તુઓનું આરાધન સમાયેલું છે.

એ માંગલિક વસ્તુઓ એટલે, 'સામાયિક, શ્રી ચતુર્વિંશતિ સ્તવ, સદ્દ્ગુરુવંદન, પાપપ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ.'

મુક્તિરસિક આત્મા, આ છ આવશ્યક દરરોજ ઉપયોગપૂર્વક કર્યા સિવાય ન જ રહી શકે.

## સ્વાધ્યાય સાધુજીવનનો પ્રાણ

સ્વાધ્યાય એ સાધુજીવનનો પ્રાણ છે. સ્વજન અને વિષયનો સંગ ત્યજીને સાધુ થયા પછી સ્વજનમમત્વ ફરી વળગી ન જાય, એ ખાતર તથા સંસ્કારરૂપે અંતરને આવરી બેઠેલા વિષયરસને નિર્મૂળ કરવા ખાતર શાસ્ત્ર–સ્વાધ્યાય એ જ એક અમોઘ શકિત છે.

# પ્રકરણ બીજું

## ષડાવશ્યક

### 'આરાધના' શબ્દનો ભાવ :

આપણે એ જોઈ ગયા કે, જેને અન્ય લોકો સાધનાનો, ઉપાસનાનો કે સેવાનો માર્ગ કહે છે, તેને જ શ્રી જૈનદર્શન આરાધનાનો માર્ગ કહે છે.

બીજા દર્શનકારો જેમ પોતે માનેલી નિત્ય, નૈમિત્તિક ક્રિયાઓને સેવા અને ઉપાસના આદિ શબ્દોથી સંબોધે છે, તેમ શ્રી જૈનદર્શને વિહિત કરેલાં નિત્ય, નૈમિત્તિક, સાંવત્સરિક યા મારણાન્તિક કાર્યો આરાધના શબ્દથી ઓળખાય છે.

જેમ કે, શ્રી આવશ્યકાદિ એ નિત્ય-આરાધના છે, અષ્ટોત્તરી સ્નાત્રાદિ મહાપૂજાઓ એ નૈમિત્તિક-આરાધના છે, તીર્થયાત્રાદિગમન એ સાંવત્સરિક-આરાધના છે અને સંલેષણાદિ એ મારણાન્તિક-આરાધના છે.

શ્રી જૈનશાસનમાં આરાધના શબ્દ રૂઢ થવાનું કોઈ પણ કારણ હોય, તો તે એક જ છે કે, આરાધના શબ્દ એ મુક્તિમાર્ગની સાધના માટેનો એકનો એક વ્યાપક શબ્દ છે.

સાધના, સેવા, ઉપાસનાદિ શબ્દો પોત-પોતાનાં ભિન્ન-ભિન્ન ક્ષેત્રોને સ્પર્શે છે, જ્યારે આરાધના શબ્દ કેવળ મુક્તિની સાધના માટેના જ સર્વ અર્થોને સ્પર્શે છે.

આરાધના યા આરાધક ભાવ, એ શબ્દો બોલતાંની સાથે જ એનો સંબંધ સીધો મુક્તિમાર્ગની સાથે થાય છે. સાધના, સેવા કે ઉપાસનાદિ શબ્દોનો સંબંધ તેવી રીતે કેવળ મુક્તિમાર્ગની સાથે થતો નથી, એ જ આરાધના શબ્દની તાત્ત્વિક વિશેષતા છે.

સેવા, ઉપાસના કે સાધના લૌકિક પદાર્થોની કે લૌકિક વ્યક્તિઓની પણ હોઈ શકે છે, જ્યારે આરાધના એ શ્રી જૈનશાસનમાં કદી લૌકિક વસ્તુઓ કે વ્યક્તિઓ માટે હોતી જ નથી. લૌકિક વસ્તુઓની પ્રાપ્તિ માટે આરાધના શબ્દનો પ્રયોગ લોકમાં પણ ખાસ કરાતો નથી. એ જ કારણે આરાધનાનો માર્ગ કહેવાથી મોક્ષમાર્ગની પ્રતીતિ સિવાય, બીજી કોઈ પ્રતીતિ શ્રી જૈનશાસનમાં થતી નથી.

## આરાધક-વિરાધક ભાવ :

આરાધનાનો માર્ગ, એ જ્યારે મોક્ષનો માર્ગ છે, ત્યારે એ માર્ગ પ્રત્યે પ્રેમ થવા માટે મોક્ષના પ્રેમની પ્રથમ આવશ્યકતા છે. અને મોક્ષનો પ્રેમ, સંસારનો પ્રેમ ઓછો થયા સિવાય શક્ય નથી.

સંસારનો પ્રેમ જ્યાં સુધી પૂરેપૂરો છે, ત્યાં સુધી આરાધક બનવા માટેની યોગ્યતા મેળવવા માટે જરૂરી એવો 'મુક્ત્યદ્વેષ' અર્થાત્ 'મુક્તિ પ્રત્યે અણગમાનો અભાવ' એ ગુણ પ્રગટ થઈ શકતો નથી. અને એ ગુણ મેળવ્યા સિવાય આરાધક બની શકાતું નથી.

**સંસાર પ્રત્યેનો રાગ ઓછો થયા વિના મુક્તિ પ્રત્યે અદ્વેષ પેદા થતો નથી. માટે સંસાર પ્રત્યે દ્વેષ પેદા થવો, એ પણ આરાધક આત્મા માટે ખાસ જરૂરી છે.**

**હૃદયમાં સંસાર પ્રત્યે તીવ્ર રાગનો અભાવ અને મુક્તિ પ્રત્યે અદ્વેષ પ્રગટ્યા વિના વિહિત અનુષ્ઠાનોનું સેવન પણ**

**શ્રી જિનમત પ્રમાણે આરાધક ભાવવાળું નથી.** અર્થાત્ નિષ્ફળ છે. એટલું જ નહિ પરંતુ **જો તે સેવન સંસાર પ્રત્યે દ્વેષ કેળવવાને બદલે, રાગ કેળવાને માટે હોય છે, તો તે વિરાધક ભાવવાળું** છે અર્થાત્ નુકસાનકારક છે.

આરાધક ભાવવાળું અનુષ્ઠાન સંસાર પ્રત્યેના દ્વેષ અને મુક્તિ પ્રત્યેના રાગવાળું હોવું જોઈએ. અથવા સંસારનો દ્વેષ અને મુક્તિનો રાગ પેદા કરનારું હોવું જોઈએ. એ બેમાંથી એક પણ ન હોય, તો તે અનુષ્ઠાન આત્માનો આરાધક ભાવ નષ્ટ કરીને આત્માને વિરાધક ભાવ પમાડે છે.

આરાધક ભાવ અને વિરાધક ભાવનું રહસ્ય જો કાંઈ પણ હોય તો તે આ જ છે.

**સંસારદ્વેષ અને મુક્ત્યદ્વેષ એ આરાધક ભાવ પમાડનાર છે અને સંસાર પ્રત્યેનો રાગ તથા મુક્તિ પ્રત્યેનો વિરાગ એ વિરાધક ભાવ પમાડનાર છે.**

જ્યાં સુધી આરાધક-ભાવ પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી એ આરાધક ભાવ પ્રાપ્ત થાય, એ ઇરાદે પણ શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોનું સેવન એ વિહિત છે, કિન્તુ એ સિવાયના ઇરાદે અવિહિત છે.

## માર્ગદર્શક કોણ?

આરાધનાનો માર્ગ સમજવા માટે આરાધક ભાવ કોને કહેવાય? એ સમજવું જોઈએ, એ સમજ્યા પછી, આરાધના કરવાની કોની? એ એક જ વસ્તુ સમજવાની બાકી રહે છે.

શ્રી જૈનદર્શને દર્શાવેલો આરાધનાનો માર્ગ જ્યારે આપણે જાણવો છે, ત્યારે એ માર્ગના દર્શાવનારને પણ જાણવા જોઈએ.

એ માર્ગ દર્શાવનાર છે શ્રી જિનેશ્વરદેવો અને એમના આદ્ય શિષ્યો શ્રી ગણધરદેવો. શ્રી જિનેશ્વરદેવ અને શ્રી ગણધરદેવ એ એવા તારક ભગવંતો છે કે એમણે દર્શાવેલા માર્ગમાં કોઈને પણ શંકા ઊભી થવી એ શક્ય જ નથી.

પણ આત્મા ઉપર જ્યાં સુધી મિથ્યાત્વ મોહનીયનું જોર છે, ત્યાં સુધી જે પોતાનું નથી તેમાં પોતાપણાની બુદ્ધિ અને જે પોતાનું છે તેમાં પરાયાપણાની બુદ્ધિ થાય છે. પરંતુ જે આત્માઓનું મિથ્યાત્વ મોહનીય કર્મ પ્રબળ નથી; કિન્તુ કુદરતી રીતે જ મંદ થએલું હોય છે, તે આત્માઓ શ્રી જિનેશ્વરદેવ અને શ્રી ગણધરદેવોના આપ્તપણાના નિશ્ચયમાં લવલેશ પણ સંદેહયુક્ત હોતા નથી.

અસત્ય વચન અને અપૂર્ણ જ્ઞાનનાં કારણો આ જગતમાં જો કોઈ પણ હોય, તો તે રાગ-દ્વેષ અને મોહ છે, એમ નિઃશંકપણે કહી શકાય. કારણ કે રાગ-દ્વેષ અને મોહનો સર્વથા ક્ષય ન થાય, ત્યાં સુધી જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષય દ્વારા પ્રાપ્ત કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

જેના એ ત્રણ દોષો સર્વથા નષ્ટ થાય છે, તેનું વચન કદી અસત્ય હોતું નથી કે તેનું જ્ઞાન કદી અપૂર્ણ હોતું નથી.

આથી જ સમજવું જોઈએ કે, **રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ મોટા દોષ** છે. અને તે જ સંપૂર્ણ જ્ઞાનના પ્રતિબંધક અને અસત્ય વચનનાં કારણો છે.

શ્રી જિનેશ્વરદેવો એ ત્રણ દોષથી સર્વથા રહિત હોય છે અને શ્રી ગણધરદેવો, દોષરહિત શ્રી જિનેશ્વરદેવોનાં વચનોને જ પ્રકાશિત કરનારા હોય છે, તેથી એ ઉભયે દર્શાવેલો માર્ગ, કોઈ પણ વિચક્ષણ મનુષ્ય માટે અવિશ્વનીય હોય એ શક્ય જ નથી.

આરાધનાના માર્ગ તરીકે એમણે કઈ વસ્તુ પ્રદર્શિત કરી છે, તે જણાવવા માટે આપણે એ જોઈ ગયા છીએ કે, સહુથી પ્રથમ વસ્તુ-આરાધના કરવા યોગ્ય-તેમના તરફથી વિહિત કરવામાં આવી હોય, તો તે શ્રી ષડાવશ્યક છે.

ષડાવશ્યક એટલે ઉભયકાળ અવશ્ય કરવા લાયક છ કર્તવ્યો. એનાં નામ-'**સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન.**'

એના અધિકારી છે સર્વવિરતિધર મુનિવરો અને દેશવિરતિધર સુશ્રાવકો તેમ જ આરાધક ભાવવાળા, અને આરાધક ભાવવાળા બનવાની ઈચ્છાવાળા સર્વ મનુષ્યો.

આત્મામાં આરાધક ભાવ પ્રાપ્ત કરવાની પૂર્વતૈયારી તરીકે 'મુક્ત્યદ્વેષ' ગુણ એ જેમ આવશ્યક છે, તેમ બીજા પણ અનેક ગુણોની આવશ્યકતા છે. પરંતુ એ વાત પણ સાથે જ ધ્યાનમાં રાખવાની છે કે એક 'મુક્ત્યદ્વેષ' ગુણ એવો છે કે જે ગુણ આરાધક ભાવ માટે જરૂરી બીજા અનેક ગુણોને ખેંચી લાવે છે.

**મુક્તિ પ્રત્યેનો દ્વેષ યા વિરાગ ટળ્યો, એની સાથે જ તપ પ્રત્યેનો પ્રેમ, સદાચાર પ્રત્યેનો રાગ, તપસ્વીઓ અને સદાચારીઓ પ્રત્યેની ભક્તિ વગેરે ગુણો આપોઆપ આવે છે.**

જેઓને ગુણવાન કે ઉપકારીઓ તરફ ભક્તિ નથી, સદાચાર કે તપ પ્રત્યે આદર નથી, તેઓને મુક્તિ પ્રત્યે અદ્વેષ છે, એ પણ માનવા યોગ્ય નથી.

**આરાધક બનવા માટે 'મુક્ત્યદ્વેષ' જેટલો જરૂરી છે, તેટલો જ તપ અને સદાચાર પ્રત્યેનો રાગ તથા ગુણવાન અને ઉપકારી પ્રત્યેની ભક્તિ પણ જરૂરી છે.** બીજા શબ્દોમાં કહીએ તો ગુણવાન અને ઉપકારીની ભક્તિ વિના તથા તપ અને સદાચારના પ્રેમ વિના, સંસારનો દ્વેષ કે મુક્તિનો રાગ જાગતો જ નથી.

જેઓ ગુણવાનનો અનાદર કરે છે, ઉપકારીઓ પ્રતિ કૃતઘ્ન બને છે, સદાચારને નેવે મૂકે છે તથા તપ પ્રત્યે કુદૃષ્ટિ રાખે છે, તેઓનો સંસાર–રાગ ઉત્કટ પ્રકારનો છે. તેવા આત્માઓ આરાધક પણ નથી અને આરાધક બનવા માટે યોગ્ય પણ નથી. એવા આત્માઓની આવશ્યક ક્રિયા સ્વ કે પરને લાભ કરવાને બદલે ઉલટી નુકસાનકારક બને છે.

આવશ્યક ક્રિયા આદિ તારક ક્રિયાઓ પણ જો કોઈ પણ કારણે નિંદાતી હોય, તો તે દોષ આવશ્યક આદિ ક્રિયાઓનો નથી, કિન્તુ આરાધક ભાવથી શૂન્યપણે તે–તે ક્રિયાઓ કરનારાઓનો જ તે દોષ છે. અથવા મુક્તિમાર્ગના નિંદકોનો તે દોષ છે.

આરાધક ભાવ પામીને અગર પામવાની બુદ્ધિએ જે કોઈ પણ શ્રી જિનેશ્વરદેવે ઉપદેશેલ આવશ્યક આદિ ક્રિયાઓને ઉભયકાળ આરાધે છે, તેઓ મોક્ષમાર્ગને દીપાવનારા છે અને સ્વ–પર ઉભયને મોક્ષમાર્ગ પ્રત્યે આકર્ષનારા છે. સંસારના પ્રેમી અને મુક્તિમાર્ગના દ્વેષી સિવાય એવા આત્માઓની આવશ્યક આદિ ક્રિયાઓને નિંદવાનું દિલ કદી કોઈને પણ થઈ શકે તેમ નથી, એવા પ્રકારની એ ઉત્તમ ક્રિયાઓ છે.

**શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ એ ક્રિયાઓનું વિધિ–બહુમાનપૂર્વક નિયમિત આસેવન કરનાર આત્મા નિકટભવી કે અલ્પસંસારી** બને એમાં કોઈ પ્રકારનો પણ શક નથી.

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ઉપદેશાએલાં પ્રત્યેક અનુષ્ઠાનો આત્માને નિકટભવી યા અલ્પસંસારી બનાવવા માટે સમર્થ છે, તો પણ તે સર્વમાં ષડાવશ્યક અનુષ્ઠાનનો મહિમા ઘણો મોટો છે. એટલા માટે શ્રી જિનશાસનના અનુયાયી ચતુર્વિધ શ્રીસંઘમાં, પહેલા અને છેલ્લા શ્રી તીર્થંકર દેવોના શાસનમાં મુખ્ય શ્રી શ્રમણસંઘ માટે એ ક્રિયા ફરજીઆત વિહિત કરવામાં આવી છે.

ચાહે આજના દીક્ષિત હોય યા સો વર્ષના દીક્ષિત હોય, ચાહે સામાન્ય સાધુ હોય યા મોટામાં મોટા આચાર્ય હોય, ચાહે અષ્ટ-પ્રવચન માતાના જ્ઞાતા હોય યા ચૌદ પૂર્વના જ્ઞાતા હોય, પણ તે દરેક માટે ઉભયકાળ આવશ્યક ક્રિયા, એ શ્રી જૈનશાસનમાં ફરજીઆત છે.

જ્ઞાનના નામે, ધ્યાનના નામે, સ્વાધ્યાયના નામે યા તપના નામે કોઈ પણ એ ક્રિયાનો અપલાપ કરવા માગતું હોય, તો તે શ્રી જિન-શાસનમાં શક્ય નથી.

માંદગીમાં કે નિરોગાવસ્થામાં, નગરમાં કે જંગલમાં, અસ્વા-ધ્યાયમાં કે સ્વાધ્યાયમાં, ઉભયકાળ આવશ્યક નહિં કરનાર સાધુ, સાધુ રહી શકતો નથી. યાવત્ ચૌદ પૂર્વધર કે ચાર જ્ઞાનના ધણી બનેલ શ્રી ગણધરદેવ પણ શ્રી આવશ્યક ક્રિયાના ફરજીઆતપણામાંથી મુક્ત થઈ શકતા નથી.

આવશ્યક ક્રિયાનો મહિમા સમજવા માટે આથી વિશેષ પ્રમાણની કોઈ આવશ્યકતા નથી. તીર્થની આદિથી અંત સુધી નિરંતર કરવા યોગ્ય ક્રિયા તરીકે એ ક્રિયા વિહિત થએલી છે.

સાધુ અને સાધ્વી સંઘ માટે જેમ એ ક્રિયા ફરજીઆત છે, તેમ શ્રાવક અને શ્રાવિકા સંઘ માટે પણ એ અવશ્ય કરવા લાયક અનુષ્ઠાન તરીકે વિહિત થએલી છે. એ ક્રિયા પ્રત્યે જેને આદર નથી, તેને મોક્ષમાર્ગ પ્રત્યે પણ આદર નથી.

રત્નત્રયી એ મોક્ષમાર્ગ છે. અને આવશ્યક ક્રિયા વિના એ રત્નત્રયીની શુદ્ધિ અને વૃદ્ધિ માટે જેમ આવશ્યક ક્રિયા આવશ્યક છે, તેમ રત્નત્રયીની પ્રાપ્તિ માટે પણ તે આવશ્યક છે.

આ કારણે રત્નત્રયીની શુદ્ધિના તેમ જ વૃદ્ધિના અર્થી પ્રત્યેક આત્મા માટે 'ષડાવશ્યક' એ આરાધનાનો સૌથી મોટો અને જરૂરી માર્ગ છે. તેની જરા જેટલી પણ ઉપેક્ષા આરાધક ભાવની ઉપેક્ષામાં પરિણમીને જીવને સંસારમાં અધિક ફસાવે છે.

## પ્રવૃત્તિ અને નિવૃત્તિ

જૈન ધર્મ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભય માર્ગાવલંબી છે. જ્યાં સેવાવૃત્તિનો પ્રસંગ છે, ત્યાં પ્રવૃત્તિમાર્ગ છે. જ્યાં ભોગવૃત્તિનો પ્રસંગ છે ત્યાં નિવૃત્તિમાર્ગ છે. બીજા પાસેથી પોતે સુવિધા ગ્રહણ કરવામાં પ્રવૃત્તિને આગળ કરવી અને બીજાને પોતાની સુવિધા અર્પણ કરવામાં નિવૃત્ત થવું – એ અનેકાંત અને અહિંસાનું વિકૃત સ્વરૂપ અને સ્પષ્ટભંગ છે.

## પ્રકરણ ત્રીજું

# આરાધકના ગુણ

### આરાધનાનો અર્થ :

આરાધના શબ્દની વ્યુત્પત્તિ ઉપરથી આપણે એ જોઈ ગયા કે, સાધના, પ્રાપ્તિ, સેવા વગેરે શબ્દો આરાધનાના ભાવને જ કહેવાવાળા છે. છતાં શ્રી જૈનશાસનમાં એ બધા શબ્દો કરતાં આરાધના શબ્દને જ અગ્રિમ પસંદગી આપવામાં આવી છે.

સાધના, સેવા આદિ શબ્દો જે ભાવને દર્શાવે છે, તેના કરતાં અધિક વિશિષ્ટ ભાવ, આરાધના શબ્દમાંથી પ્રગટે છે. અને એ વિશિષ્ટતા બીજી કોઈ નહિ પણ—એક મુક્તિમાર્ગની જ સાધના, આરાધના શબ્દથી ધ્વનિત થએલી છે તે છે.

સાધના અને સેવા પૌદ્ગલિક વસ્તુ માટે પણ હોઈ શકે છે. જ્યારે આરાધના જે ભાવમાં શ્રી જિનેશ્વરદેવના શાસનમાં રૂઢ થએલી છે, તે પૌદ્ગલિક સિવાયની વસ્તુ માટે છે. અર્થાત્ શ્રી જિનશાસનમાં 'મોક્ષ, પરલોક કે સદ્ગતિ સાધવી.' એ જ આરાધનાનો અર્થ છે.

### આરાધના ઉપર અરુચિ શાથી?

અને એ જ કારણે આજની દુનિયામાં આરાધના શબ્દ અરુચિકર

થઈ પડયો છે. આજના માણસોને 'સાધના' શબ્દનો અગર તો 'સેવા' શબ્દનો પ્રયોગ જેટલો પ્રિય લાગે છે, તેટલો ' આરાધના ' શબ્દનો પ્રયોગ પ્રિય લાગતો નથી.

'આરાધના' શબ્દની અરુચિ જ મોક્ષમાર્ગ, પરલોકનાં સાધન અને જીવની ગતિ સુધારવાના ઉપાયો પ્રત્યેની તેઓની અરુચિ વ્યક્ત કરે છે. મુક્તિ પ્રત્યે અરુચિ ધરાવનારા આત્માઓને તત્ત્વજ્ઞ પુરુષોએ અનધિકારી તરીકે દર્શાવ્યા છે.

એક મુક્તિ પ્રત્યેની અરુચિ, એ સઘળા દોષનું મૂળ છે. **સંસાર પ્રત્યેની અતિ રુચિ, એ મુક્તિની અરુચિ માટેનું કારણ છે. સંસાર પ્રત્યે હૃદયથી અરુચિ જાગ્યા વિના, મુક્તિ પ્રત્યેની અરુચિ કદી હટતી જ નથી.**

એ જ કારણે ઉપકારી મહાપુરુષોએ પોતાના સઘળાયે જ્ઞાન અને શક્તિનો ઉપયોગ જીવોની સંસારરુચિ શીઘ્ર નાશ પામે, એ માટે જ કર્યો છે. એ માટે જ તેઓ દુનિયાની દૃષ્ટિએ સુખી લાગતા સંસારનો પણ ત્યાગ કરે છે. એ માટે જ તેઓ ગુરુકુળવાસમાં રહીને ગુરુઓની જીવનપર્યંત સેવા કરે છે. એ માટે જ તેઓ જ્ઞાનનો અભ્યાસ કરે છે, ગ્રન્થોની રચના કરે છે અને પ્રતિકૂળતાઓની સામે થઈ તપ અને સંયમનું ઘોર આચરણ કરે છે; તથા દૂર દેશોમાં વિચરી જીવોને તેનો ઉપદેશ આપે છે.

### સાચો ઉપકાર :

સાચા ઉપકારીઓનાં જ્ઞાન અને શક્તિ, આ રીતે જીવોની સંસાર-રુચિનો નાશ કરવા માટે વપરાય છે, ત્યારે ઉપકારના યથાર્થ સ્વરૂપને નહિ સમજનારા અજ્ઞાન આત્માઓ પોતાને મળેલ શક્તિ અને જ્ઞાન દ્વારા જીવોની સહજસિદ્ધ સંસારરુચિ દૃઢ, રૂઢ અને ગાઢ બનાવે છે.

તત્ત્વજ્ઞ પુરુષોની દૃષ્ટિએ, જીવોનો એનાથી અધિક મોટો અપકાર બીજો કોઈ નથી. સંસારની રુચિ જેટલી દૃઢ, જેટલી રૂઢ અને જેટલી

ગાઢ તેટલી જ પરલોક કે મોક્ષ પ્રત્યેની અરુચિ પણ દૃઢ, રૂઢ અને ગાઢ બને છે; અને જેટલી પરલોક કે મોક્ષ પ્રત્યેની અરુચિ દૃઢ, રૂઢ અને ગાઢ, તેટલી જ આરાધનાના માર્ગ પ્રત્યેની અરુચિ દૃઢ, રૂઢ અને ગાઢ હોય છે.

એ અરુચિના કારણે જ જીવો સદા આરાધનાના માર્ગથી વિમુખ રહે છે. જેની એ અરુચિ નષ્ટ થાય છે, તેઓને આરાધનાના માર્ગ પ્રત્યે અંતરંગ પ્રેમ જાગે છે. એ પ્રેમ જેમ જેમ દૃઢ બનતો જાય તેમ-તેમ આત્મા સદ્ગતિ માટે, પરલોક માટે અને મુક્તિ માટે વિશિષ્ટ યોગ્યતાને પ્રાપ્ત કરતો જાય છે.

### આરાધનાના અધિકારી :

આરાધનાના અધિકારી બનવા માટે 'મુક્ત્યદ્વેષ' અર્થાત્ મુક્તિ પ્રત્યે અરુચિનો અભાવ, એ ગુણ જેમ જરૂરી છે, તેમ તપ અને સદાચારી વ્યક્તિઓની ભક્તિ વગેરે ગુણો પણ આવશ્યક છે.

ષડ આવશ્યક આદિ મહાન આરાધનાઓને પણ જગતમાં વિકૃત સ્વરૂપ અપાવનાર કોઈ હોય, **તો તે તેને અયોગ્ય રીતે, અનધિકારીપણે અને આરાધક ભાવશૂન્ય હૃદયથી આરાધનારાઓ અને તેની નિંદા કરનારાઓ છે.**

અન્યથા શ્રી જિનેશ્વરદેવે ઉપદેશેલો એકાંત હિતકર આરાધનાઓનો પ્રભાવ જગતમાં અધિકાધિક વિસ્તર્યા સિવાય ન જ રહે.

**પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓને, ચતુઃ શરણ-ગમનાદિ નિત્ય ક્રિયાઓને અને સંલેખણા આદિ અંતિમ વિશુદ્ધ ક્રિયાઓને, સુવિશુદ્ધ ભાવ વડે આરાધનાર આરાધક આત્માઓ, આરાધનાના અધિકારી બની જો તેને આરાધે, તો તેઓ જગતમાં આરાધના-તરફી જબ્બર વાતાવરણ જન્માવી શકે.**

શ્રી જિનેશ્વરદેવ અને શ્રી ગણધરદેવ વડે ઉપદેશાએલાં ઉપર્યુક્ત

અનુષ્ઠાનોના સાચા આરાધકો આજે પણ તત્ત્વજ્ઞ–જગતના દિલને આકર્ષી રહેલ છે.

અફસોસની વાત એટલી જ છે કે, જડવાદના વિષમ પ્રચારથી આજની દુનિયામાં તત્ત્વજ્ઞ અને વિચારક મનુષ્યોની સંખ્યા ખૂબ અલ્પ બની ગઈ છે. ઘણી મોટી સંખ્યાના મનુષ્યો સત્યાસત્ય અને સારાસારનો વિવેક કરવાની શક્તિથી વિમુખ બનતા જાય છે. આવાં કારણોસર અમોઘ સામર્થ્યને ધરાવનાર આરાધનાનો માર્ગ અને તેના આરાધકો વિદ્યમાન હોવા છતાં, તે જગજાહેર બની શકતા નથી.

## આરાધકમાં જરૂરી ગુણો :

તેમ છતાં, આરાધક આત્મામાં જે ગુણો હોવા જરૂરી છે, તેને પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરવામાં આવે, તો તે આરાધકો આજના વિષમ વાતાવરણમાં પણ શ્રી જૈનશાસનની ભારે પ્રભાવના કરી શકે તેમ છે.

બધા ગુણોમાં 'મુક્ત્યદ્વેષ' એ સૌથી પહેલો અને જરૂરી ગુણ છે. કારણ કે એ એક ગુણની હાજરી વિના બીજો એક પણ સાચો ગુણ આવી શકતો નથી.

જેમ તપ અને સદાચારનો પ્રેમ, મુક્તિના અદ્વેષમાંથી જન્મે છે, તેમ આરાધક આત્મામાં જરૂરી ધૈર્ય, ઔદાર્ય, ગાંભીર્ય, ઔચિત્ય, દાક્ષિણ્ય, વિવેક, કૃતજ્ઞતા, પાપજુગુપ્સા, પરોપકારપરાયણતા આદિ ગુણો પણ એ ગુણમાંથી આપોઆપ જન્મે છે. આરાધક આત્મામાં આ સઘળા ગુણોની એકીસાથે જરૂર પડે છે. એમાંથી એક પણ ગુણની કચાશ એના આરાધકપણામાં ખામી લાવે છે.

આથી કોઈએ એમ માની લેવાની જરૂર નથી કે, 'આટલા બધા ગુણો આત્મામાં એકીસાથે શી રીતે આવે? અને આવતા હોય તો એ બધા ગુણો પ્રત્યેક આરાધકમાં ક્યાં જોવા મળે છે? માટે એ વાત અશક્ય છે.

## આરાધનાની સાચી તમન્ના :

આરાધક ગણાતા આત્માઓમાં આ ગુણો નજરે ન પડતા હોય, તેથી એમ માની લેવાનું નથી કે, આ બધા ગુણોથી શૂન્ય આત્મા પણ પરિપૂર્ણ આરાધક બની શકે છે.

પ્રત્યેક આત્માએ ગુણહીન દશામાંથી જ ગુણયુક્ત દશામાં આવવાનું હોય છે. પણ જે આત્માઓ આરાધક દશા માટે જરૂરી ગુણોથી રહિત હોવા છતાંય, પોતાની જાતને આરાધક તરીકે માને અને મનાવે છે, તે આત્માઓ કદી જ ગુણહીન મટી ગુણવાન બની શકતા નથી.

ઔદાર્યાદિ સઘળા ગુણો આરાધક દશા પામવા માટે જરૂરી છે, એમ ઉપકારી ભગવંતો ભારપૂર્વક ફરમાવે છે. ત્યાં ગુણહીન આત્માઓ પણ પોતાની જાતને આરાધક માનવાનું અભિમાન રાખે તે વ્યર્થ છે. વાત તો ત્યાં છે કે, 'આરાધના માટે પણ જરૂરી બધા ગુણો પામવા શક્ય છે કે અશક્ય ?'

એ વાત યાદ રાખવા જેવી છે કે, સાચા ઉપકારીઓ, કદી પણ અશક્ય વાતનું પ્રતિપાદન કરતા નથી. તેથી 'જરૂરી' તરીકે દર્શાવેલા ગુણોની પ્રાપ્તિ અશક્ય છે, એ પ્રશ્ન જ રહેતો નથી.

'જો શક્ય છે, તો કહેવાતા આરાધકોમાં તે ગુણો કેમ નજરે પડતા નથી ?' એ પ્રશ્ન પણ તેટલો જ નિરર્થક છે. કારણ કે આરાધક ગણાતી વ્યક્તિઓ આવી કેમ છે અને તેવી કેમ છે, એ પ્રકારની ફરિયાદ તેઓ જ કરે છે, કે જેઓને કોઈ પણ બહાના નીચે સાચા આરાધક બનવું નથી.

જેઓને આરાધક બનવાની સાચી તમન્ના છે, તેઓ આરાધનાના વિષયમાં પારકાનું મોં જોઈને બેસી રહેવામાં નથી જ માનતા. તેમનો સઘળો ઉત્સાહ અને રસ આરાધનાની પુષ્ટિ પાછળ જ સાર્થક થતો રહે છે.

## ગુણોની સંકલના :

આરાધક બનવા માટે જરૂરી જે જે ગુણોનું દર્શન જ્ઞાની પુરુષોએ કરાવ્યું છે, તે બધા જ ગુણો એવી કોટિના છે કે, ખરી રીતે એક આવ્યા પછી બીજો આવ્યા સિવાય રહી શકતો જ નથી.

એ વાત તો જગવિદિત છે કે, એક કેવળજ્ઞાન ગુણની પ્રાપ્તિની સાથે જ અન્ય અનંતાનંત ગુણો આત્મામાં એકસાથે ઊઘડી જાય છે. એ જ રીતે બીજા કોઈ પણ વિશિષ્ટ ગુણ માટે એ જ ક્રમ છે કે–તે આત્મામાં સાચી રીતે પ્રગટી જાય, તો તેની સાથે તેની જાતિના બીજા અનેક ગુણો પ્રગટ્યા સિવાય રહે જ નહિ.

'મુક્ત્યદ્વેષ' એ પણ એક એવો વિશિષ્ટ કોટિનો આત્મગુણ છે. એ ગુણની પ્રાપ્તિ જે કોઈ આત્મા કરે છે, ને આત્મામાં – ઔદાર્યાદિ સઘળા ગુણો – આવિર્ભાવ પામ્યા સિવાય રહેતા નથી.

'મુક્ત્યદ્વેષ' ગુણમાં એવું શું મહત્ત્વ છુપાએલું છે, કે જેથી એ એક જ ગુણ મહત્ત્વના બીજા અનેક ગુણોને પોતાની સાથે ખેંચી લાવે છે ? એ પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે.

આરાધક બનવાના ઉમેદવારે આ ગુણ ઉપર ઊંડી વિચારણા કરવી જરૂરી છે. જ્યાં સુધી 'મુક્ત્યદ્વેષ' ગુણને બાધક પ્રવૃત્તિઓ અટકાવી દેવામાં નહિ આવે અને એ ગુણને સાધક પ્રવૃત્તિઓને વેગ આપવામાં નહિ આવે, ત્યાં સુધી આરાધક બનવા માટેના કરેલા સઘળા પ્રયત્નો અરણ્યરૂદન સમાન બની જવાના.

જે હૃદય મુક્તિ પ્રત્યે દ્વેષરહિત અને સંસાર પ્રત્યે દ્વેષસહિત બન્યું નથી, તે હૃદય અનિષ્ટ પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે દ્વેષરહિત અને ઇષ્ટ પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યે રાગરહિત બની જાય, એ કોટિ ઉપાયે પણ શક્ય નથી.

**સંસારની અભિલાષા એ જ રાગ અને દ્વેષની જડ છે. એ સંસારની અભિલાષા, જેમની તેમ બની રહે અને આત્મા**

શાન્ત, દાન્ત, જિતેન્દ્રિય, ધીર, વીર, ઉદાર, ગંભીર, પરો-પકારી અને કૃતજ્ઞ બની જાય, એ વાત આકાશમાં ફૂલ ઊગવા બરાબર છે,

એ જ કારણે મિથ્યાદૃષ્ટિ આત્માના શાન્તિ, ક્ષમા, ધીરજ, સહનશીલતા આદિ ગુણોને જ્ઞાનીઓએ માત્ર મોહની મુર્ચ્છા તરીકે અને કેવળ સંસારફળને આપનાર તરીકે વર્ણવ્યા છે.

સર્વ ગુણોનું મૂળ :

'સર્વ પ્રકારના આત્મિક ગુણોનું મૂળ શું છે?' એ શોધવા માટે, 'સર્વ પ્રકારના દુર્ગુણોનું મૂળ શું છે?' એની પહેલી શોધ કરવી જરૂરી છે.

દુર્ગુણોનું મૂળ કાયમ રહી જાય, એ પ્રકારના મનોરથ સેવવા, એ માત્ર સ્વપ્નસેવન છે. એથી ફળસિદ્ધિ કાંઇ થતી નથી.

**વિચાર કરવામાં આવે તો દોષોનું મૂળ પુદ્ગલ પ્રત્યેનો મિથ્યા મોહ છે.** એ મોહમાંથી જન્મે છે રાગ અને દ્વેષ, અને એ રાગદ્વેષમાંથી જન્મે છે સઘળા દોષોની પરંપરા.

પુદ્ગલ પ્રત્યેનો મિથ્યા મોહ આત્માને આજનો નથી પણ અનાદિ કાળનો છે. એ જ કારણે આત્માનો સંસાર છે. **જડ પુદ્ગલનો મોહ આત્માને જડ કર્મોથી બાંધે છે અને જડ કર્મોનું બંધન આત્મામાં જડ-પુદ્ગલનો મોહ** પેદા કરે છે.

આ રીતની પરંપરા અનાદિ કાળથી ચાલ્યા કરે છે. એ પરં-પરાનો ઉચ્છેદ કરવો એ જ સાચો પુરુષાર્થ છે. બાકી બીજા પુરુષાર્થો માત્ર નામના જ છે.

**જડ-પુદ્ગલનો મોહ અને એ મોહના યોગે જડ કર્મોનું બંધન, એ જ આત્માનો સંસાર છે. એટલે એ સંસાર પ્રત્યેની રુચિ અને એ સંસારથી છૂટવા પ્રત્યેની અરુચિ એ**

**દોષોનું મૂળ છે. તથા એ સંસાર પ્રત્યેની અરુચિ અને એ સંસારથી છૂટવા પ્રત્યેની રુચિ એ સઘળા ગુણોનું મૂળ છે**, એ સિદ્ધ થઈ જાય છે.

### ઔદાર્ય :

ઔદાર્ય એ કૃપણતા નામના દુર્ગુણનો પ્રતિપક્ષી સદ્‌ગુણ છે. સદ્‌ગુણની આવશ્યકતા પણ આરાધનાના માર્ગમાં અનિવાર્ય છે. જ્યાં સુધી કૃપણતાનો ત્યાગ થતો નથી, ત્યાં સુધી આત્મા સાચો આરાધક ગુણ પામી શકતો નથી.

**કૃપણતાનું મૂળ પણ પુદ્‌ગલનો રાગ છે. પુદ્‌ગલનો રાગ છે ત્યાં સુધી સંસારની અભિરુચિ છે. સંસારની એ અભિરુચિ મુક્તિ પ્રત્યેના દ્વેષથી જન્મેલી છે.** એ કારણે સાચી અને પરમ ઉદારતા તે આત્માઓ જ પામી શકે છે, કે જેઓનો મુક્તિ પ્રત્યેનો અરુચિભાવ તથા સંસાર પ્રત્યેનો રુચિભાવ સર્વથા ગળી ગયો છે.

જેટલા પ્રમાણમાં મુક્તિ પ્રત્યેનો અરુચિભાવ નષ્ટ થાય છે અને સંસાર પ્રત્યેનો અરુચિભાવ પામે છે, તેટલા પ્રમાણમાં જ કૃપણારૂપી દોષ દૂર થાય છે અને ઔદાર્ય ગુણ પ્રગટ થાય છે. એ સિવાયની ઉદારતા ગુણની કોટિમાં આવી શકતી નથી.

### ધૈર્ય :

ધૈર્ય એ પણ અસ્થિરતા, ચંચળતા, ભયભીતતા આદિ દુર્ગુણોનો પ્રતિપક્ષી સદ્‌ગુણ છે. જેટલા પ્રમાણમાં સંસાર પ્રત્યેની આસક્તિ શમે છે અને મુક્તિ પ્રત્યેનો રાગ પ્રગટે છે, તેટલા પ્રમાણમાં જ આત્માની અસ્થિર અવસ્થા, ચંચળ અવસ્થા કે અસ્વસ્થ અવસ્થા મટે છે. જેટલા પ્રમાણમાં સંસારની આસક્તિ નથી શમી અને મુક્તિનો પ્રેમ નથી જાગ્યો, તેટલા પ્રમાણમાં અસ્થિરતા, ચંચળતા અને ભયભીતતા પણ કાયમ જ રહે છે.

## ગાંભીર્ય :

ગાંભીર્ય એ ક્ષુદ્રતા, તુચ્છતા, અધમતા આદિ દુર્ગુણોનો પ્રતિપક્ષી સદ્‌ગુણ છે. જે આત્મા એ સદ્‌ગુણ નથી પામતો, તે આત્મા આરાધનાના માર્ગને કદી પામી શકતો નથી.

આત્માની પરતન્ત્રતા જેમને ખૂંચતી નથી અને તેમાંથી છૂટી, મુક્ત બનવાની અભિલાષા જેઓમાં પ્રગટી નથી તે આત્માઓ ક્યાં સુધી ગંભીરતા ધારણ કરી શકશે એ એક વિચારણીય પ્રશ્ન છે.

સંસારના પ્રેમીની ગંભીરતા, ત્યાં સુધી જ ગંભીરતા તરીકે ટકી રહે છે, જ્યાં સુધી એની એ ગંભીરતા એના સંસારને હાનિ પહોંચાડનારી થતી નથી.

બીજી બાજુ કર્મના સ્વરૂપથી માહિતગાર અને એક કર્મબંધનથી જ છૂટવાની તમન્નાવાળો સમર્થ આત્મા પ્રાણાંત આપત્તિ સુધી પણ પોતાની ગંભીરતા છોડતો નથી. **અન્યને હાનિ થાય એવા પ્રસંગે ગંભીરતા ન છોડવી એને એ યાવત્ મુક્તિની પ્રાપ્તિ સુધી કર્તવ્યરૂપે ગણે છે.**

એવા આત્માને એની ગંભીરતાથી ચળાવવા માટે દુનિયાનો કોઈ પણ પદાર્થ સામર્થ્ય ધરાવતો નથી; કારણ કે દુનિયાના સઘળા પદાર્થો અને એના સંયોગોની તુચ્છતાનો એને સંપૂર્ણ ખ્યાલ આવી ચૂક્યો હોય છે.

## કૃતજ્ઞતા, ગુણજ્ઞતા અને પરોપકાર :

બીજાએ પોતાના ઉપર કરેલા ઉપકારોને ન ભૂલી જવા, ગુણો અને દોષોનો વિવેક કરી, ગુણોને સ્વીકારવા અને દોષોને તજવા, પોતાના નિમિત્તે અન્ય આત્માઓને કોઈ પણ પ્રકારનું દુઃખ ન દેવું એ વગેરે સદ્‌ગુણો જગતમાં પણ સદ્‌ગુણો તરીકે ગણાય છે. તેમ છતાં

તે સદ્‌ગુણોને આત્મસાત્ કરનાર આત્માઓ તો તે જ છે, કે જેઓ મુક્તિના દ્વેષી મટી સંસારના દ્વેષી બન્યા છે. જ્યાં સુધી જેટલા પ્રમાણમાં હૃદયમાં સંસારનો પ્રેમ બેઠો છે અને મોક્ષનો પ્રેમ નથી પ્રગટ્યો, ત્યાં સુધી તેટલા પ્રમાણમાં આત્મા અકૃતજ્ઞ, અગુણજ્ઞ અને પરને સંતાપ પહોંચાડનારો પણ રહેવાનો જ છે, એમાં કોઈ સંદેહ નથી.

## આરાધનાના અધિકારી...?

આ રીતે વિચાર કરતાં સઘળા દુર્ગુણોનું મૂળ સંસારની રુચિ છે અને મોક્ષની અરુચિ છે. શ્રી જિનેશ્વરદેવો અનંતજ્ઞાન વડે આ ગુણદોષોના મૂળને યથાસ્થિત જાણી જગત સન્મુખ રજૂ કરે છે.

સુખનો માર્ગ સમજાવતાં, સૌથી પ્રથમ તે તારકો જીવોની સંસાર પ્રત્યેની આસક્તિ ટળે અને મોક્ષ પ્રત્યેનો પ્રેમ જાગૃત થાય, તેવા પ્રકારનો ઉપદેશ આપે છે એ તારકોના માર્ગને સમજનારા અને યથાશક્તિ તે માર્ગને અનુસરનારા મહાપુરુષો પણ જગતના જીવોના ઉદ્ધાર માટે તે જ એક માર્ગ અપનાવે છે. અને તે સિવાયના કોઈ પણ ઉપદેશને પ્રાધાન્ય આપતા નથી.

જે આત્મા શ્રી જિનેશ્વરદેવના શાસનનો આ ઉપદેશ અને તેનો આ મર્મ પારખી શકતો નથી, તે આત્મા આરાધક બનવાની સઘળી યોગ્યતા ગુમાવી બેસે છે.

સાચા હૃદયના આરાધક આત્માને શ્રી જિનશાસનના ઉપદેશનો આ મર્મ સમજાવો એ કઠિન નથી.

**આરાધનાના માર્ગની પરાંગમુખ, મુક્તિના દ્વેષી અને સંસારના જ એકમાત્ર પ્રેમી આત્માઓની આગળ, આરાધનાનો આ માર્ગ રજૂ કરવાની સ્પષ્ટ 'ના' ઉપકારી ભગવંતોએ ફરમાવી છે.**

કાચી માટીનું વાસણ પાણી ભરવા માટે યોગ્ય ગણાતું નથી તેમ આરાધનાના માર્ગ માટે અધિકારી બનવાનો આ ઉપદેશ મુક્તિથી

પરાંગમુખ અને સંસારાભિમુખ આત્માઓ ઝીલી શકતા નથી. અર્થાત્ તેઓ આ ઉપદેશ માટે પાત્ર નથી. ઊલટું, અયોગ્યને આપેલો ઉપદેશ, એ ઉપદેશ અને એના પાત્ર ઉભયનો નાશ કરે છે. એ કારણે તેઓના પણ એકાંત ઉપકારને માટે તેવાઓની સન્મુખ આ ઉપદેશ ધરવાની અનંત કરૂણાના નિધાન શ્રી જિનેશ્વરદેવો મના કરે છે.

શ્રી જિનેશ્વરદેવોની આ આજ્ઞાનું અખંડિત પાલન કરવા માટે ભવભીરુ મહર્ષિઓ અયોગ્ય પાત્રને શાસનનો મર્મ સમજાવવાનો કદી પ્રયાસ કરતા નથી. સાથે સાથે આરાધક બનવાના અભિલાષી યોગ્ય આત્માઓ આ ઉપદેશથી વંચિત પણ ન રહી જાય, એની પણ તે તારકો પૂરેપૂરી કાળજી રાખે છે.

## અનેકાંત એટલે શું ?

અનેકાંત એક પ્રકારની વિચારપદ્ધતિ છે, સર્વ બાજુ ખુલ્લા રહીને જોવાની એક માનસચક્ષુ છે, જ્ઞાન, વિચાર કે આચરણને સંકુચિત દૃષ્ટિએ જોવાનો તે નિષેધ કરે છે. સત્ય અને યથાર્થતા ઉપર તે ટકી રહેલ છે. અનેકાંત એ કેવળ કલ્પના નથી પણ સત્ય–સિદ્ધ કલ્પના હોવાથી તત્ત્વ-જ્ઞાનસ્વરૂપ છે. વિવેકયુકત આચરણસ્વરૂપ હોવાથી તે ધર્મ છે. અનેકાંત વિચાર, અનેકાંત આચાર અને અનેકાંત વાણી એમ ત્રણે તેને સ્પર્શે છે. અનેકાંત જેવી ઉદાર અને વિશાળદૃષ્ટિ બીજી એક પણ નથી.

# પ્રકરણ ચોથું

# મિથ્યાત્વ

**મહાશત્રુઓ :**

આપણે જોઈ ગયા કે, મોહ એ સંસારનું મૂળ છે અને રાગ-દ્વેષ પણ તે મોહમાંથી જ જન્મે છે.

એટલા જ માટે શ્રી અરિહંતદેવનું શાસન રાગ, દ્વેષ અને મોહને જ અરિ માનવાનો ઉપદેશ આપે છે કારણ કે એ ત્રણ આત્માના સાધારણ નહિ પણ મહાશત્રુઓ છે. એ ત્રણ દોષો આત્માનું જે અહિત કરે છે, તેવું અહિત બીજું કોઈ કરી શકતું નથી.

એમ પણ કહી શકાય કે એ ત્રણ દોષોને છોડી અન્ય કોઈ વાસ્તવિક અરિ, આત્માનો આ દુનિયામાં છે જ નહિ. એ ત્રણ પરમાર્થ શત્રુઓ ઉપર વિજય મેળવવા માટે જ શ્રી જિનેશ્વરદેવના શાસનની જગતમાં સ્થાપના થએલી છે.

જિન એટલે રાગ–દ્વેષ અને મોહને જીતનારા – ચોથા ગુણ સ્થાનકથી માંડીને બારમા ગુણસ્થાનક સુધીના – આત્માઓ. તેના ઇશ એટલે સ્વામી અને તે જ સર્વજ્ઞદેવ કહેવાય છે.

જેઓએ રાગ, દ્વેષ અને મોહને સર્વાંશે જીત્યા નથી, તેઓ સર્વજ્ઞદેવ પણ નથી, અને અલ્પાંશે જીત્યા નથી, તેઓ જિન પણ નથી.

રાગ–દ્વેષ અને મોહને જીતનાર તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે રહેલા શ્રી સર્વજ્ઞદેવો છે. અને અલ્પ યા અધિકાંશે જીતનાર ચોથા ગુણસ્થાનકથી માંડીને ઠેઠ બારમા ગુણસ્થાનક સુધીના આત્માઓ છે અને તેઓ પણ ‘જિન’ તરીકેના કથનને લાયક છે.

જો કે ‘ક્ષીણ મોહ’ નામના બારમા ગુણસ્થાનકે પહોંચેલા રાગ–દ્વેષ અને મોહનો સર્વથા ક્ષય કરી નાખેલો હોય છે, તો પણ તેઓને હજુ અનંતજ્ઞાની બનવા માટે થોડા કાળનું અંતર છે. તેથી તેઓને માટે પણ આપણે સર્વજ્ઞદેવનું કથન (વ્યપદેશ) નહિ કરતાં ‘જિન’ શબ્દનું જ કથન કરીએ છીએ.

અહીં એટલું સમજી લેવું જોઇએ કે, તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે રહેલા આત્માઓ બે પ્રકારના હોય છે. એક તો સામાન્ય કેવળજ્ઞાની મહર્ષિઓ અને શ્રી તીર્થંકર નામકર્મ નામની સર્વોત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિનો ઉપભોગ કરનારા શ્રી તીર્થંકરદેવના આત્માઓ.

તેરમા અને ચૌદમા ગુણસ્થાનકે રહેલા સામાન્ય કેવળજ્ઞાની મહર્ષિઓ પણ રાગ અને દ્વેષને જીતી લેનારા હોવાથી ચોથા આદિ અન્ય ગુણસ્થાનકોએ રહેલા અવધિ આદિ જિનોના ઇશ એટલે સ્વામી બનવાને લાયક છે, તો પણ તેઓ શ્રી તીર્થંકર નામકર્મ નામની પુણ્યપ્રકૃતિના માલિક નહિ હોવાથી, તીર્થંકરદેવોના આત્માની અપેક્ષાએ સામાન્ય જિન જ કહેવાય છે. અર્થાત્ શ્રી જિનેશ કે શ્રી જિનેશ્વર પદ શ્રી તીર્થંકરદેવોના આત્માઓ માટે જ રૂઢ છે, પરંતુ અવધિ આદિ જિનોની અપેક્ષાએ સામાન્ય કેવળજ્ઞાની મહર્ષિઓને પણ શ્રી જિનેશ કહી શકાય છે. અને એ અપેક્ષાએ જ આપણે અહીં તેરમા-ચૌદમા ગુણસ્થાનકે રહેલા મહર્ષિઓ માટે સામાન્યતયા શ્રી સર્વજ્ઞદેવ શબ્દ વાપર્યો છે.

શાસનના માલિક અને સ્થાપક શ્રી તીર્થંકરદેવો હોય છે, તેથી શ્રી જિનેશ્વરદેવ તરીકે શ્રી તીર્થંકરદેવોને સમજવાના છે અને શ્રી સર્વજ્ઞદેવ તરીકે સામાન્ય કેવળી અને શ્રી તીર્થંકર કેવળી એ ઉભયને સમજવાના છે.

## મોહની મુર્છા :

અલ્પાંશે પણ રાગ, દ્વેષ અને મોહને જીતનાર જો જિન કથનને લાયક છે, તો પ્રથમના ત્રણ ગુણસ્થાનકોએ રહેલા આત્માએ પણ ઓછા–વધતા પ્રમાણમાં રાગ–દ્વેષ અને મોહની મંદતાવાળા દેખવામાં આવે છે, તો તેમને પણ જિન કેમ ન કહેવા ?

આ શંકાનું સમાધાન એ છે કે, પ્રથમ ત્રણ ગુણસ્થાનકોમાં રાગ, દ્વેષ અને મોહની મંદતા હોવા છતાં પણ, તે ત્રણ ગુણસ્થાનકવર્તી આત્માઓ મિથ્યાત્વ મોહનીય કર્મની પ્રકૃતિથી યુક્ત છે.

અહીં જિન અને અજિન કથનનું કોઈ મુખ્ય કારણ હોય તો તે મિથ્યાત્વનો અભાવ અને સદ્ભાવ (વિદ્યમાનતા) માત્ર છે. મિથ્યાત્વના સદ્ભાવમાં રાગ, દ્વેષ અને મોહની ગમે તેટલી મંદતા પણ આત્માને ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવી શકતી નથી અને ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ થયા સિવાય આત્મા જિન નામના કથનને લાયક બની શકતો નથી.

'રાગ, દ્વેષ અને મોહનો અભાવ જ જો અનંતજ્ઞાન માટે કારણ છે, તો પછી પ્રથમનાં ત્રણ ગુણસ્થાનકોમાં થનારી તેની મંદતા જિનપદની પ્રાપ્તિમાં સહાયક શા માટે ન માનવી ?' એ શંકા પણ અહીં ઉત્પન્ન થાય તેમ છે. પરંતુ મિથ્યાત્વની હાજરીમાં થનારી રાગ, દ્વેષ કે મોહની મંદતા એ ક્ષણિક મંદતા છે.

મિથ્યાદૃષ્ટિ આત્માનો રાગાભાવ (રાગનો અભાવ) દ્વેષમાંથી જન્મેલો હોય છે અને દ્વેષાભાવ (દ્વેષનો અભાવ) રાગમાંથી જન્મેલો હોય છે.

એ રીતે મિથ્યાદૃષ્ટિ આત્મા મોહરહિત જણાતો હોય, તો પણ તે વખતે રાગ યા દ્વેષને વશવર્તી નથી એમ સમજવાનું નથી. કોઈ વખતે તે આત્મા રાગ, દ્વેષ અને મોહથી રહિત જેવો જણાતો હોય, તો પણ તેની તે દશા એક પ્રકારની મોહની જ પ્રબળ મુર્છાસ્વરૂપ હોય છે.

મિથ્યાત્વનો નાચ :

એમ થવાનું કારણ એ છે કે, સઘળાય દોષો કે કષાયોનું મૂળ, જો કોઈ હોય, તો તે મિથ્યાત્વ છે. એની વિદ્યમાનતામાં કોઈ પણ ગુણની યથાર્થ રીતે પ્રાપ્તિ થઈ શકતી નથી, કે કોઈ પણ દોષનો વાસ્તવિક અભાવ થઈ શકતો નથી.

ગુણની પ્રાપ્તિમાં અને દોષના ત્યાગમાં મિથ્યાત્વ પ્રતિબંધક છે. એ પ્રતિબંધક મિથ્યાત્વનો ત્યાગ થયા સિવાય, સમ્યગ્દર્શનનું દર્શન થવું પણ અશક્ય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના ચોથા ગુણસ્થાનક કે ત્યાર પછીનાં પાંચમા આદિ ગુણસ્થાનકો શાસ્ત્રકારોએ માન્યાં જ નથી.

મિથ્યાત્વનું આટલું બધું પ્રાબલ્ય શાસ્ત્રકારો શાથી દર્શાવે છે. એ ખરેખર વિચારણીય છે જ.

મિથ્યાત્વ એ બુદ્ધિનો એક પ્રકારનો વિપર્યાસ (ભ્રમ) છે. અસંજ્ઞી (પ્રગટ મન વગરના) જીવોને તે અવ્યક્ત હોય છે અને સંજ્ઞી (પ્રગટ મનવાળા) જીવોને તે વ્યક્ત હોય છે. **પર પદાર્થને વિષે સ્વપણાની બુદ્ધિ, એ મિથ્યાત્વની વ્યાપક વ્યાખ્યા છે. પુદ્‌ગલાદિ પર પદાર્થો અને દેહાદિ જડ પદાર્થોમાં હું અને મારાપણાનો ન છૂટી શકે તેવો તીવ્ર અધ્યવસાય, એ આત્મા ઉપરનું એક પ્રકારનું ગાઢ આવરણ છે. અને એનું જ નામ મિથ્યાત્વ છે.**

એ આવરણથી ઢંકાયેલો આત્મા રાગ, દ્વેષ અને મોહની અનેક પ્રકારની વિકૃતિઓનો અનુભવ કરે છે. જે જે ઉપર એની અહંત્વ અને મમત્વની વૃત્તિ હોય છે, તે-તે પદાર્થોમાં થનારાં સઘળા પરિવર્તનો તેના આત્મામાં પણ પરિવર્તન કર્યા કરે છે.

**આ પ્રકારનો નાચ, મિથ્યાત્વના ફંદામાં ફસેલ પ્રત્યેક પ્રાણી આ જગતરૂપી રંગભૂમિ ઉપર પ્રતિક્ષણે નાચી રહ્યો છે.**

## અપૂર્વકરણ :

'પર પદાર્થોમાં હું અને મારાપણાની વૃત્તિ એ જ જો મિથ્યાત્વ છે, તો ચતુર્થ આદિ ગુણસ્થાનકોએ રહેલા આત્માઓ પણ ઓછા-વધતા અંશે તો તેવી વૃત્તિ ધારણ કરનારા હોય છે, માટે તેમને પણ પ્રથમ આદિ ગુણસ્થાનકોએ રહેલા શા માટે ન માનવા ?' એવી શંકા અહીં અવશ્ય થાય તેમ છે.

પરંતુ એ ધ્યાન રાખવું જોઈએ કે, પ્રથમ આદિ ગુણસ્થાનકોએ રહેલા આત્માઓ, પર પદાર્થની જે પ્રકારની આસકિતથી પીડાય છે, તેના એક શતાંશ ભાગ જેટલી પણ આસકિત ચતુર્થ આદિ ગુણસ્થાનકોને પામેલા આત્માઓમાં હોતી નથી.

આસકિત વચ્ચે આટલું મોટું અંતર પડી જવાનું કોઈ પણ કારણ હોય, તો તે અપૂર્વકરણ છે.

અપૂર્વકરણ એ આત્માનો એવા પ્રકારનો શુભ અધ્યવસાય છે, કે જે પ્રકારનો શુભ અધ્યવસાય અનાદિ ભવભ્રમણમાં પૂર્વે કદી પણ અનુભવ્યો હોતો નથી. એ અપૂર્વકરણ અધ્યવસાયના બળે રાગ, દ્વેષ અને મોહની તીવ્રતમ ગ્રન્થિનો પણ ભેદ થઈ જાય છે. જેથી ફરીવાર તે આત્માને પૂર્વ જેવી પર પદાર્થોની આસક્તિ રહેતી નથી.

ગ્રન્થિભેદ થયા પછીના અધ્યવસાયો અને તે પૂર્વના અધ્યવસાયો વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર પડી જાય છે.

પૂર્વના અધ્યવસાયો યાવત્ ૭૦ કોડાકોડી સાગરોપમની કર્મ-સ્થિતિને એકઠી કરનારા હતા, જ્યારે ગ્રન્થિભેદ પછીના અધ્યવસાયો એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ કર્મસ્થિતિનું પણ કદી જ ઉલ્લંઘન કરી શકતા નથી. પૂર્વના અધ્યવસાયો અનંત પુદ્ગલ પરાવર્તપર્યંતના સંસાર પરિભ્રમણ કરાવવાનું સામર્થ્ય ધરાવતા હતા, જ્યારે ત્યાર પછીના અધ્યવસાયો અધિકમાં અધિક અર્ધ-પુદ્ગલ પરાવર્તકાળમાં તો અવશ્ય મુક્તિના અપાવનારા થાય છે.

## તીર્થનો પ્રભાવ :

આથી સિદ્ધ થાય છે કે, મિથ્યાત્વ સહિતની આસક્તિ અને મિથ્યાત્વ રહિતની આસક્તિ વચ્ચે મોટું અંતર છે. તેમ છતાં ચતુર્થ આદિ ગુણસ્થાનકોએ રહેલા આત્માઓને જેટલા પ્રમાણમાં પર પદાર્થોને વિષે અહંત્વ અને મમત્વની બુદ્ધિ વર્તે છે, તેટલા પ્રમાણમાં તે આત્માઓ પણ જ્ઞાનાવરણીયાદિ અને મોહનીય આદિ કર્મોથી ઘેરાએલા રહે છે.

એટલા જ માટે તેઓ પણ શ્રી સર્વજ્ઞદેવ પદને અલંકૃત કરવાની લાયકાત ધરાવી શકતા નથી. શ્રી સર્વજ્ઞદેવ પદને અલંકૃત કરવાની લાયકાત તો તે જ આત્માઓ ધરાવે છે, કે જેઓ રાગ, દ્વેષ અને મોહનો સર્વથા ક્ષય કરી, જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતિકર્મોથી સર્વથા રહિત બની, અનંત જ્ઞાન અને અનંત દર્શનને પામતા હોય છે.

શ્રી સર્વજ્ઞપદની લાયકાત મેળવવા માટે આ રીતે અનંત જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા સૌથી જરૂરી છે.

આપણે જે પરમેશ્વરની આજ્ઞા સમજવા ઇચ્છીએ છીએ, તે પરમેશ્વરમાં તો અનંત જ્ઞાન ઉપરાંત બીજા પણ અન્ય આત્માઓને અસુલભ એવા નિરતિશય અતિશયોની હાજરીની આવશ્યકતા છે.

અનંત જ્ઞાન અને અનંત દર્શનને ધારણ કરનારા પરમાત્માઓ પણ પરમાત્મા તરીકે પૂજ્ય હોવા છતાં, 'પરમેશ્વરની આજ્ઞાની આરાધના' એટલે શું એ સમજવા માટે વિશ્વોપકારી તીર્થના સ્થાપક શ્રી અરિહંતદેવના આત્માઓને ઓળખવાની પરમ આવશ્યકતા છે.

અભવ્ય ( મોક્ષે જવાની યોગ્યતા વગરના ) જીવોને છોડીને અન્ય સર્વ આત્માઓ શ્રી અરિહંતદેવોએ સ્થાપન કરેલા તીર્થના આલંબનથી અપાર આ સંસારસાગરનો એક ક્ષણમાત્રમાં પાર પામી શકે છે.

**જેટલા સિદ્ધ ભગવંતો આજ સુધીમાં સિદ્ધ થયા, વર્તમાનમાં સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં સિદ્ધ થશે, તે**

**સર્વે પણ એ શ્રી અરિહંત દેવોએ સ્થાપન કરેલા તીર્થના પ્રભાવે પોતાની સિદ્ધિ સાધી શક્યા છે અને સાધી શકશે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.**

તીર્થનો આ પ્રભાવ, તીર્થના સ્થાપક શ્રી તીર્થંકરદેવોને પણ 'નમો તીથ્થસ્સ' એ શબ્દથી માન્ય છે.

## સેવા એટલે શું?

ત્રિભુવનહિતકર શ્રી તીર્થંકરદેવો જે શાસનની સ્થાપના કરે છે, તેની સેવા કરવી એ પ્રત્યેક આત્માની મોટામાં મોટી તથા અગત્યની ફરજ છે.

એ શાસનની સેવા, એ શાસને બતાવેલા માર્ગની આરાધના દ્વારા જ શક્ય છે. તેથી એ શાસને આરાધના માટે કયો માર્ગ દર્શાવ્યો છે, તે સ્પષ્ટ સ્વરૂપમાં જાણી લેવું પરમ આવશ્યક છે. તે પહેલાં એક વાત સમજી લેવી જોઈએ કે, 'શાસ્ત્રકાર મહર્ષિઓ' તરફથી 'શાસનની સેવા કરવી' એવું જ્યારે પણ ફરમાન કરવામાં આવે છે ત્યારે તે 'સેવા' શબ્દ કેવા ઉદાત્ત અર્થમાં વપરાએલો છે.

'સેવા' શબ્દનો જ્યાં–જ્યાં પ્રયોગ કરવામાં આવે છે, ત્યાં–ત્યાં સર્વત્ર જેની સેવા કરવાની છે, તેને પ્રસન્ન કરવા માટેની ક્રિયાના અર્થમાં તે શબ્દ વપરાય છે.

જેમ કે લૌકિક ધર્મોમાં ઈશ્વરસેવા, દેવ–દેવીની સેવા, ગુરુ–ગુરુણીની સેવા વગેરે સઘળા પ્રયોગોમાં સેવ્યની પ્રસન્નતા સંપાદન કરવાનો અર્થ છુપાએલો છે.

લોકવ્યવહારમાં પણ એ જ નિયમ છે. જેમ કે રાજસેવા, મા-આપની સેવા, ગુરુ–શિક્ષકની સેવા, સ્ત્રી-પુત્રાદિની સેવા, સ્વજન–પરિવારની સેવા, લોકની કે દેશની સેવા, એ સઘળા પ્રયોગોમાં તે–તે વ્યક્તિઓની પ્રસન્નતા સંપાદન કરવાનો હેતુ, વ્યક્ત કે અવ્યક્ત રીતે રહેલો જ છે.

## શાસનસેવા એ આત્મસેવા :

શ્રી જૈનશાસનની સેવામાં ઉપર્યુક્ત અર્થથી સર્વથા નિરાળો અર્થ જ રહેલો છે.

એ કહેવાય છે **શાસનની સેવા**, પણ એનાથી **થાય છે પોતાની જ સેવા.** એ ઓળખાય છે કોઈ શાસનના નાયકને રીઝવવાનું કાર્ય, પણ એની ભારેમાં ભારે સેવાથી શાસનનો એક પણ નાયક કદી પ્રસન્ન થતો નથી.

એ દેખાય છે કોઈ બીજાને પ્રસન્ન કરવાનું કાર્ય, પણ એનાથી થાય છે પોતાનો આત્મા પ્રસન્ન. શ્રી જૈનશાસનની સેવા એ કોઈ ચમત્કારિક વસ્તુ છે. એને શાસનની સેવાનું કાર્ય કહેવું, એના કરતાં પોતાના આત્માની સેવાનું કાર્ય કહેવું, એ જ વધુ વાજબી છે. છતાં તે 'શાસનસેવા' શબ્દથી ઓળખાય છે. તેનાથી કોઈને પણ ખોટો ભ્રમ પેદા થવા ન પામે એ ખાતર આ ખુલાસો કર્યો છે.

## શ્રી જૈનશાસને દર્શાવેલા આચાર-વિચારો :

શ્રી જૈનશાસનની સેવા, એણે બતાવેલા આરાધનાના માર્ગથી જ થઈ શકે છે.

'શ્રી જૈનશાસન આરાધના માટે જે માર્ગ બતાવે છે, તે માત્ર ગ્રન્થોની શોભારૂપ છે.' એવા ઉદ્દગારો પણ આજકાલ ક્યાંક ક્યાંક સાંભળવા મળે છે. કેટલાક એમ પણ કહે છે કે, 'વર્તમાન જમાનામાં તેના આચાર અને વિચારોનું પાલન લગભગ અશક્ય છે.' અને એ જ કારણે તે જે આચારો અને વિચારો દર્શાવે છે. તે બીજાઓના મુકાબલે 'સર્વશ્રેષ્ઠ' હોવા છતાં, માત્ર પોથીઓમાં જ રહી ગયા છે. વર્તમાન જમાના ઉપર તેની કાંઈ પણ અસર નહિ. અથવા તો તે તેવા પ્રકારના કેટલાક, 'માત્ર જૂનું તે જ સોનું' એવા પ્રકારના આગ્રહને દૃઢપણે

પકડી રાખનારા તથા તેને કોઈ પણ ભોગે નહિ છોડનારા (orthodox) લોકો ઉપર જ રહી છે.'

શ્રી જૈનશાસન અને તેના વર્તમાન ચુસ્ત અનુયાયીઓ ઉપરનો આ પ્રકારનો આક્ષેપ, ગંભીર વિચારણા માગે છે. શ્રી જૈનશાસને દર્શાવેલા આચારો અને વિચારો, એનું પાલન અને આચરણ વર્તમાન જમાનામાં અશક્ય છે, એ કારણે વર્તમાન દુનિયા તેને અપનાવતી નથી કે શક્ય હોવા છતાં બીજાં જ કોઈ કારણોસર તેને અપનાવવા માગતી નથી એ તપાસવું બહુ જરૂરી છે.

એ જ રીતે એના વર્તમાન અલ્પ સંખ્યાવાળા અનુયાયીઓ બદ્ધાગ્રહને કારણે તેને પકડી રાખે છે અને છોડતા નથી કે તેમને તેમ કરવાનું બીજું પણ કોઈ પ્રબળ અને વિચારણીય નિમિત્ત અસ્તિત્વ ધરાવે છે ?

આ પ્રશ્નોની ઝીણવટપૂર્વક છણાવટ કરવામાં ન આવે તો સંભવ છે કે, એક સુશક્ય અને ઉપકારક શાસનની આરાધનાથી જગતને વિના કારણે વંચિત રાખવાનું થાય અને એક સર્વશ્રેષ્ઠ શાસનને સુવિચારપૂર્વક આદરનાર સુવિવેકી વર્ગને ઘોર અન્યાય પહોંચાડવા જેવું થાય.

શ્રી જૈનશાસને દર્શાવેલા આચારો અને વિચારો માનવીને પોતાના નિત્યજીવનમાં કેટલા ઉપકારક છે, તેના પાલનથી તે કેટકેટલા બાહ્ય અનર્થોથી વિના પ્રયત્ને પણ બચી જવા પામે છે, એનો એ દૃષ્ટિથી જ્યારે જ્યારે વિચાર કરવામાં આવે છે, ત્યારે ત્યારે એ શાસનના દર્શક મહાપુરુષો તરફ કોઈ અપૂર્વ ભક્તિભાવ જાગૃત થયા સિવાય રહે તેમ નથી.

## આજની બરબાદી :

માનવજાતને વિવિધ આપત્તિઓમાંથી ઉગારી લેવા માટે આજે અનેક પ્રકારની નવી નવી શોધખોળો થઇ રહી છે અને તેની પાછળ દર વર્ષે કરોડો અને અબજો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે. છતાં આપણે

સાંભળીએ છીએ કે, માનવજાત ઉપરની આપત્તિઓ ઘટવાને બદલે રોજ ને રોજ વધતી જાય છે.

નિત્ય નવાં-નવાં ઔષધો શોધાય છે, તેમ નિત્ય નવા-નવા રોગ પણ વધતા જાય છે. નિત્ય નવા-નવાં કારખાનાં બંધાતાં જાય છે, તેમ નિત્ય નવા-નવા બેકારો પણ વધતા જાય છે. નિત્ય નવા-નવા હુન્નર-ઉદ્યોગો શોધાય છે, તેમ બજારોમાં નિત્ય નવી-નવી મંદી પણ આવતી જાય છે.

થોડા હુન્નરો હતા ત્યારે ઝાઝી ઘરાકી હતી. હુન્નર વધુ થયા તો ઘરાકી માટે બજારો ખૂટી પડયાં. નિત્ય નવો ઉત્પન્ન થતો થોકબંધ માલ ખપાવવા માટે એક રાજ્યની બીજા રાજ્ય પર દૃષ્ટિ દોડી અને એક રાષ્ટ્રની બીજા રાષ્ટ્ર ઉપર હકુમત સ્થાપવાની વૃત્તિ થઈ.

ભૂમિ, લક્ષ્મી કે સ્ત્રીઓની ખાતર યુદ્ધ થતાં સાંભળ્યા છે, પણ માલ ખપાવવાનાં બજારો હાથ કરવા યુદ્ધ થતાં કદી સાંભળ્યાં નથી. આજના હુન્નર-ઉદ્યોગ અને શોધખોળના જમાનામાં માલ ખપાવવા માટેનાં બજારો હાથ કરવા માટે લાખ્ખો મનુષ્યોનો ઘાતકી સંહાર જેની પાછળ રહેલો છે, એવા ઘોર રણસંગ્રામો લડાય છે; અને એનો અંત ક્યારે આવશે એની કોઇને ખબર નથી.

ખેતીવાડી અને ઓજારોનાં સાધન વધ્યાં તો તેનાથી નીપજતો માલ ખપાવવાનાં સાધનો ઘટ્યાં.

માનવજાતના સુખ અને સંરક્ષણ ખાતર આમ જેટજેટલાં સાધનો વધતાં જાય છે તેટતેટલાં તેનાં દુઃખ અને આપત્તિમાં અધિક વધારો કરનારાં જ થતાં જાય છે.

શ્રી જૈનશાસનના આદેશ અને ઉપદેશનો શકિત મુજબ અમલ કરનાર માનવી આ સઘળી પ્રકારની આપત્તિઓ અને દુઃખોમાંથી કેવી રીતે બચી જાય છે તે સમજવા જેવું છે.

## પ્રકરણ પાંચમું

# ઉપકારક ત્યાગ

**ભોજનનો પ્રભાવ :**

શ્રી જૈનશાસનના આદેશ અને ઉપદેશનો શક્તિ મુજબ અમલ કરનાર રોગથી ઘેરાતો નથી એવું નથી, પરંતુ માત્ર કર્મોદયજન્ય રોગની પીડા જ એને સહવી પડે છે. શક્તિ અને સૌન્દર્ય માટે નવી નવી દવાઓનો ઉપયોગ કરવાથી ઉત્પન્ન થતા નવા નવા રોગોનો ભોગ તે કદી પણ થતો નથી.

દવાઓનો ઉપભોગ નહિ કરવાની સાથે, તેણે માન્ય રાખેલા શાસનના આદેશ મુજબ તે અભક્ષ્ય કે અનંતકાયનું પણ કદી ભોજન કરી શકતો નથી.

શ્રી જૈનશાસને માનેલા અભક્ષ્ય કે અનંતકાય, એ એવી જાતના પદાર્થો છે કે તેનું ભોજન કરનાર આત્મા, પૂર્વનો તીવ્ર પુણ્યોદય ન હોય તો ભાગ્યે જ આગંતુક રોગોનો ભોગ થતો બચી શકે.

વાસી કે વિદળ, તુચ્છ ફળ કે અજાણ્યાં ફળ, ચલિત રસ કે બોળ–અથાણાં, માંસ કે મદિરા, મધ કે માખણ, બરફ કે કરા, બહુબીજ કે અનંતકાય, રાત્રિભોજન કે ભૂમિકંદ એ વગેરેનું ભક્ષણ એ બધા રોગોનું ઘર છે. એની કોઈનાથી ના પાડી શકાય તેમ છે નહિ.

આહારશાસ્ત્રના અધ્યયનથી સમજાય છે કે મનુષ્યોને થતા વ્યાધિ-ઓમાંથી સેંકડે નવ્વાણું વ્યાધિઓ અયોગ્ય ખાનપાન તેમજ હદ બહારના ભોજનથી થાય છે. બત્રીસ જાતનાં પકવાન અને તેત્રીસ જાતનાં શાકથી પીરસેલી શ્રીમંત માણસોની દબદબાવાળી પતરાળીમાં અજીર્ણ, સંધિવા, જલોદર, જ્વર તેમજ બીજા અનેક રોગ ગુપ્તપણે છુપાએલા હોય છે.

મનુષ્યને નિરોગી રાખવો હોય તો પણ જેમ અભક્ષ્ય-ભક્ષણના ત્યાગની જરૂર છે, તેમ તેને દયાળુ રાખવો હોય તો પણ તેની જ જરૂર છે. છતાં તેનો અમલ જેટલો જૈનકુળોમાં થઈ રહ્યો છે, તેના એક લાખમા ભાગ જેટલો અમલ પણ બીજાઓથી થવો શક્ય નથી.

એ અભક્ષ્ય-ભક્ષણનો ત્યાગ આજે એક બાળકથી માંડી વૃદ્ધ પર્યંતના (શ્રી જૈનશાસનનો આદેશ ઉઠાવનાર) તમામ આત્માઓ, પૂરેપૂરી દૃઢતાથી કોઈ પણ જાતના દબાણ, અભિમાન કે આડંબર વિના નૈસર્ગિક રીતે પાળી રહ્યા છે એ સત્યનો કોઈથી પણ ઇન્કાર થઈ શકે તેમ નથી.

## મહારંભોને પણ છોડવા જોઈએ :

અભક્ષ્ય-ભક્ષણનો જીવનપર્યંત ત્યાગ, એ જેમ શ્રી જૈનશાસનનો આદેશ છે, તેમ આજીવિકા યા જીવનનિર્વાહનાં સાધનો મેળવવા માટે તેમજ વ્યાપારની વૃદ્ધિ માટે પણ જેમાં મહા-આરંભ અર્થાત્ યાવત્ પંચેન્દ્રિય પ્રાણીઓનો ભયંકર વિનાશ રહેલો છે, એવા ધંધાઓ નહિ કરવા માટે પણ ફરમાન કરેલું છે.

આ ફરમાનથી તે-તે ધંધામાં નાશ પામતા પ્રાણીઓને અભય-દાન છે; એટલું જ નહિ પણ એવા મહા-આરંભ-જનિત વ્યાપારોથી કૃત્રિમ રીતે ઉત્પન્ન થતા અને મનુષ્યોનાં સુખ અને સગવડમાં વધારો કરી આપવાનું કલ્પિત બિરૂદ ધરાવતા સંખ્યાબંધ પદાર્થો, માનવજાત ઉપર અનેક પ્રકારની નવી આપત્તિઓ ઊભી કરે છે તે અટકી જાય છે.

આથી એ બરાબર સમજાઈ જશે કે જીવરક્ષાનાં વિશુદ્ધ પરિ-

ણામોથી આજીવિકાદિ માટે પણ થતા મહારંભોનો ત્યાગ વગેરે માનવજાતના સુખ અને શાન્તિમાં વધારો કરનારાં છે. જ્યારે એ સિવાયના ઉપાયો, એ નિરર્થક આપત્તિઓને ઘસડી લાવી માનવજાતને નાશના છેલ્લે પાટલે લઈ જનારા છે.

### ત્યાગમાં નિર્બળતા નથી :

અભક્ષ્ય–ભક્ષણ અને મહારંભ (પ્રાણીઓનો ઘોર વિનાશ જેમાં છે તેવા) ધંધાઓનો ત્યાગ આ રીતે માનવજાતને પોતાના ઉપર આવી પડતી નિરર્થક આપત્તિઓથી બચાવી લઈ, સુખ અને શાન્તિના વાસ્તવિક માર્ગે લઈ જનાર છે. ત્યારે શ્રી જૈનસંઘમાંના જ કેટલાક ભાઈઓ અવળી ગતિને વશ થઈને કોઈ પણ જાતનો ભય કે સંકોચ રાખ્યા સિવાય ઉપર્યુક્ત બંને નિયમો ઉપર જ શાપ વરસાવતાં કહે છે કે, 'અભક્ષ્યના ત્યાગના ઉપદેશે જ શ્રી જૈનસંઘ નિર્માલ્ય બનતો જાય છે અને મહારંભોથી બંધાતા પાપની ભડકે જ શ્રી જૈનસંઘના ભાઈઓ ધંધાવિહોણા થતા જાય છે.'

આ કથનની પાછળ વિચાર, વિવેક કે સમજદારીનો અંશ પણ નથી. શ્રીસંઘને ઉન્નત બનાવવાની થોડીક પણ આંતરિક લાગણી, જો અંતઃકરણમાં હોય તો ઉપર્યુક્ત ઉદ્ગારો કદી પણ ન જ નીકળે.

"જૈનસમાજ નિર્માલ્ય છે, તેનું કારણ અભક્ષ્ય–ભક્ષણનો ત્યાગ યા તેનો ઉપદેશ છે અથવા જૈનસમાજ પૈસેટકે નિર્ધન થતો જાય છે, તેનું કારણ મહારંભાદિકનો ત્યાગ યા તેના ત્યાગનો ઉપદેશ છે" એમ કહેવું એ ન્યાયની દૃષ્ટિએ સર્વથા અઘટિત છે.

અભક્ષ્ય–ભક્ષણનો ત્યાગ તો આપણે ઉપર જોઈ આવ્યા તેમ નવા ઉત્પન્ન થતા રોગોને અટકાવનાર છે તથા તત્ત્વગુણને વધારનાર છે અને મહારંભાદિકનો ત્યાગ પણ માનવજાતનો વિનાશ અટકાવી, તેની દયાની લાગણીને વિકસાવનાર છે. એની સાથે જ જૈનસમાજના અધઃપતનને જોડી દેવું એ તો ઇરાદાપૂર્વક ઉપકારક વસ્તુઓનો જ દ્રોહ છે.

જૈનસમાજની નિર્માલ્યતા યા નિર્ધનતાના કારણ તરીકે તેના ઉત્તમ કોટિના આચારો કે ઉપદેશોને કલ્પવા તે કેવળ બુદ્ધિહીનતાનું જ કાર્ય છે. એટલું જ નહિ પણ એ કલ્પનાની પાછળ ત્યાગ યાને ત્યાગના ઉપદેશક ધર્મ પ્રત્યે ભારોભાર અરુચિ ઊભરાઈ રહેલી છે.

ધર્મની ખાતર થોડો પણ ત્યાગ આજે માનવીને અકારો થઈ પડયો છે. પણ એ વાત ધ્યાનમાં રાખી લેવી જોઈએ કે જ્યાં સુધી મનુષ્યની એ કટ્ટર સ્વાર્થવૃત્તિ ઉપર થોડો પણ અંકુશ નહિ આવે, ત્યાં સુધી તેનાથી બીજાં પ્રાણીઓ કરતાં અધિક અનર્થો જગતમાં થવાના જ.

## કાર્ય-કારણનો અબાધિત નિયમ :

જીવન-જરૂરિયાતની બે વસ્તુઓ; ભોજન અને વ્યાપાર, તેના ઉપર શ્રી જૈનશાસને દર્શાવેલો અંકુશ એ કેટલો ઉપકારક છે અને એનું આચરણ આજે પણ કોઈ પણ જાતની ઐહિક આકાંક્ષા વિના શુદ્ધ રીતે થઈ શકે છે તેમજ થઈ રહ્યું છે, એ વાત લક્ષ્યમાં આવ્યા પછી 'શ્રી જૈનશાસને દર્શાવેલો માર્ગ એ અશકય આચારવાળો છે એટલા માટે એને કોઈ આચરતું નથી.' એમ કહેવાની હામ કોઈ પણ ભીડી શકશે નહિ.

શ્રી જૈનશાસને દર્શાવેલો માર્ગ અશકય આચારવાળો પણ નથી અને બિનજરૂરી પણ નથી. પરંતુ એનું આચરણ માનવજાતને અનેક પ્રકારના પારમાર્થિક લાભો આપવા ઉપરાંત આ લોકના અનર્થોથી પણ બચાવી લેનાર છે.

તેવા ઉત્તમ આચારો પ્રત્યે પણ અરુચિનું કારણ, કાં તો અજ્ઞાનતા છે અને કાં તો ધર્મરુચિનો અભાવ છે. એ ધર્મરુચિના અભાવને કારણે જ, આજે જૈનકુળમાં જન્મવા જેટલું પુણ્ય લઈને આવેલા પુણ્યવાન આત્માઓ પણ, પોતાના સર્વશ્રેષ્ઠ આચારોથી ભ્રષ્ટ થતા જાય છે.

ધર્મરુચિ જાગૃત કરવા માટે પૌદ્ગલિક-ઇષ્ટ પદાર્થો તરફ વધતી જતી તીવ્ર આસક્તિ ઘટાડવાની જરૂર છે.

અહીં એક ખુલાસો કરવો ખાસ જરૂરી લાગે છે અને તે એ કે, 'અભક્ષ્ય-ભક્ષણનો ત્યાગ આચરનારા તથા ઘોર પ્રાણીવધ જેમાં છે, તેવા વ્યાપારો નહિ કરવાની જીવનપર્યંતની પ્રતિજ્ઞાઓને ધારણ કરનારા પણ અનેક પ્રકારના રોગોથી ગ્રસ્ત રહે છે તથા દયાના પરિણામ વિનાના દેખાય છે અને એથી વિપરીતપણે વર્તનારા સારા પણ દેખાય છે. તો એવો નિયમ ક્યાં રહ્યો કે અભક્ષ્ય-ભક્ષણ એ જ રોગનું કારણ છે અને પ્રાણીવધવાળા ધંધા એ જ દયાના નાશનાં નિમિત્ત છે? હિન્દ સિવાયના દેશોમાં અભક્ષ્ય-ભક્ષણ કરવાવાળા પણ રોગ-રહિત કાયાવાળા હોય છે તથા પ્રાણીવધવાળા ધંધા આચરનારા પણ દયાના પરિણામવાળા હોય છે અને આ દેશમાં પણ તેવું કેટલીક વાર અનુભવાય છે તેનું શું?'

ઉત્તમ પ્રકારના કોઈ પણ વ્રત-નિયમના અંગીકારની વાત આવે ત્યારે આ પ્રકારની શંકા ઊઠે જ છે. તેથી એ શંકાનું મૂળ શું છે તે આપણે બરાબર સમજી લેવું જોઈએ.

કેવળ આ લોકનાં જ કાર્યો અને પરિણામો ઉપરથી ધર્મક્રિયા કે અધર્મક્રિયાઓનાં માપ કાઢવાની તદ્દન સંકુચિત અને અજ્ઞાન દૃષ્ટિ, એ જ આ પ્રકારની શંકા અને કુતર્કોનું મૂળ છે.

**એક વાત સૌથી પહેલાં નક્કી કરી લેવી પડશે કે, 'આ લોક, એ તો ભૂત અને ભાવિ અનંત પરલોકનો અંશ છે. એ અંશ એટલો નાનો છે કે અનંત મહાસાગરના એક બિન્દુની ઉપમા પણ તેને આપી શકાય એમ નથી.'**

જ્ઞાનીઓ આ ભવના આયુષ્યને વીજળીના ઝબકારાની કે ડાભના અગ્રભાગ ઉપર રહેલા ઝાકળના બિન્દુની ઉપમા આપે છે. તેત્રીસ સાગરોપમ પર્યંતના અતિ દીર્ઘ એવા અનુત્તર દેવલોકના દેવના આયુષ્યને પણ જ્ઞાનીઓ ક્ષણિક કહે છે. એનાથી વધુ દીર્ઘ આયુષ્યવાળો કોઈ ભવ નથી, છતાં તે પણ અનંતકાળથી આગળ તો એક બિન્દુતુલ્ય પણ નથી.

એવા ક્ષણિક અને થોડો જ કાળ રહેવાવાળા એક જ ભવ ઉપરથી મનુષ્યોનાં સઘળાં કૃત્યોના ફળોનું અનુમાન કાઢવું કે કાઢવાનો આગ્રહ રાખવો એ ઇરાદાપૂર્વક તત્ત્વથી વંચિત રહેવા જેવું છે.

અયોગ્ય ક્રિયાઓ કરનારા પણ આ ભવમાં પૂર્વભવે કરેલી યોગ્ય ક્રિયાઓના બળે સુખી રહી શકે છે, અને યોગ્ય ક્રિયાઓ કરનારા પણ આ ભવમાં પૂર્વ-ભવે સેવેલી અયોગ્ય ક્રિયાઓના બળે દુઃખી થઈ શકે છે.

એથી અધર્મથી સુખ અને ધર્મથી દુઃખ, એવો નિયમ કોઈ હિસાબે ફલિત થઈ શકતો નથી. 'ધર્મથી સુખ જ થાય અને અધર્મથી દુઃખ જ થાય' એ નિયમને બાધિત કરવા માટે કેવળ આ લોકનાં જ ફળો પર્યાપ્ત નથી.

એ નિયમ તો કાર્ય-કારણના અબાધિત નિયમ ઉપર અવલંબેલો છે. માટીના પિંડથી પટ કે સુરતના તાંતણાથી ઘટ થતો કદી કોઈએ જોયો નથી, તેમ બીજાઓને દુઃખી કરવાથી સુખ કે બીજાઓને સુખી કરવાથી દુઃખ કદી સંભવી શકતું નથી.

એક વખત અન્યની પીડામાં નિમિત્ત બનાયું, કે તેનું અશુભ ફળ લલાટમાં લખાયું જ છે. એ જ રીતે એક વખત બીજાના સુખમાં નિમિત્ત બનાયું, કે તેનું શુભ ફળ તે જ વખત નિશ્ચિત્ત થઈ જાય છે.

ધર્માધર્મની રચના કાર્ય-કારણના અબાધિત નિયમ ઉપર રચાએલી છે. એ નિયમને કોઈ નાસ્તિક પણ અન્યથા કરવા શક્તિમાન નથી.

ફળનો અનુભવ થવામાં વિલંબ થવો કે અવિલંબ થવો એ સાધન-સામગ્રીની પ્રાપ્તિ ઉપર આધાર રાખે છે. તેવા પ્રકારનાં સાધનોના અભાવે અતિ ઉત્કટ પુણ્ય કે અતિ ઉત્કટ પાપનું ફળ આ ભવમાં ન પણ ભોગવી શકાય અને જન્માંતરમાં અનુભવાય, એથી કાર્ય-કારણના નિયમને લેશમાત્ર બાધા પહોંચતી નથી.

"अत्युग्र पुण्यपापानामिहैव लभ्यते फलम् ।"

એક જન્મમાં બંધાએલા કર્મોનું, એક જ જન્મમાં સઘળું ફળ મળે, એવો નિયમ બાંધી શકાય તેમ નથી. કારણ કે એક જ જન્મમાં બંધાતાં શુભ અગર અશુભ કર્મો અનંત છે અને તે બધાંનાં શુભાશુભ ફળ ભોગવવા માટેનો સમય અને સાધનો પરિમિત છે. તેથી એમ માનવું જ રહ્યું કે, કોઈ પણ જન્મમાં ઉપાર્જન કરેલાં **કર્મોનાં ફળોનો વાસ્તવિક અને સંપૂર્ણ અનુભવ તે જ ભવમાં થઇ શકતો નથી, કિન્તુ જન્માંતરોમાં જ થાય છે.**

શ્રી જિનમતની માન્યતા મુજબ કર્મનો વિપાક (ફળાનુભવ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની અપેક્ષા રાખે છે. તેથી આત્માને જે પ્રકારનો ભવ પ્રાપ્ત થાય છે, તે પ્રકારના ભવમાં જેવાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ રહેલા હોય છે, તે મુજબ જ તે પૂર્વબદ્ધ કર્મનો ભોગવટો કરી શકે છે.

## પુણ્યક્રિયા અને પાપક્રિયા

'પરની પીડા એ પાપ અને પરનો ઉપકાર એ પુણ્ય,' એ જેમ સર્વ શાસ્ત્રો વડે નિશ્ચિત થએલો સિદ્ધાન્ત છે, તેમ '**પાપથી દુઃખ અને ધર્મથી સુખ**' એ પણ સર્વ વાદીઓ વડે તેટલો જ સુનિશ્ચિત થએલો સિદ્ધાન્ત છે.

'પરની પીડા એ પાપ છે, તો તેના ફળરૂપે સુખની પ્રાપ્તિ કદાપિ ન થાય અને પરનો ઉપકાર એ પુણ્ય છે, તો તેના ફળરૂપે દુઃખની પ્રાપ્તિ કદાપિ ન થાય.' આ પ્રકારના અબાધિત નિયમમાં લેશમાત્ર સંદેહ રાખવાની આવશ્યકતા નથી.

જો કે અધ્યવસાયના ભેદે એક જ પ્રકારની ક્રિયાથી પુણ્યબંધ પણ થાય છે તથા પાપબંધ પણ થાય છે, તો પણ એક જ પ્રકારના અધ્યવસાયથી કર્મબંધમાં ભેદ માનેલો નથી.

શુભ અગર અશુભ અધ્યવસાયની પ્રાપ્તિ, એ મોટે ભાગે બાહ્ય ક્રિયા ઉપર આધાર રાખે છે. એ કારણે બાહ્ય શુભ અગર અશુભ ક્રિયાને પણ પુણ્ય અગર પાપબંધનું કારણ માનેલ છે. ક્વચિત્ એ નિયમને અપવાદ પણ હોય છે, પરંતુ એ અપવાદ સમજવા માટે હોય છે, આચરવા માટે નહિ.

તેથી એકંદરે એમ કહી શકીએ કે, '**શુભ આચાર, શુભ વિચાર અને શુભ ઉચ્ચાર એ પુણ્યબંધનાં કારણો છે અને અશુભ આચાર, અશુભ વિચાર અને અશુભ ઉચ્ચાર એ પાપબંધનાં કારણો છે.**'

પુણ્યથી સુખ પ્રાપ્ત થાય છે અને પાપથી દુઃખ પ્રાપ્ત થાય છે. આચાર, વિચાર અને ઉચ્ચારની શુભાશુભતા મોટે ભાગે પરની પીડા અને અપીડા ઉપર આધાર રાખે છે.

હિંસા એ પાપ છે, કારણ કે તે પરને પીડા પહોંચાડે છે. અહિંસા એ પુણ્ય છે, કારણ કે તે પરની પીડાથી નિવૃત્તિરૂપ છે. અસત્ય એ પાપ છે, કારણ કે તે સાક્ષાત્ યા પરંપરાએ પરની પીડામાં નિમિત્ત છે. સત્ય એ પુણ્ય છે, કારણ કે તેનાથી પરની પીડાનો અસંભવ છે. એ જ રીતે ચોરી, પરદારાગમન આદિ પાપ છે અને એનાથી વિપરીત ક્રિયાઓ પુણ્ય છે. એનો હેતુ માત્ર પરની પીડાથી નિવૃત્તિ યા પરની પીડામાં પ્રવૃત્તિ છે.

અભક્ષ્ય-ભક્ષણ અને હિંસક વ્યાપાર આદિ પણ પરની પીડામાં પ્રબળ નિમિત્ત છે, તેથી તેનું ફળ શુભ કદી પણ હોઈ શકે નહિ. અને તેથી જ એ પ્રકારની અશુભ પ્રવૃત્તિઓથી વિરામ પામવું એ પોતાને સ્વાધીન હતું, છતાં વિરામ ન કર્યો તો તેનું તીવ્ર અશુભ ફળ પણ તેને આચરનારાઓના લલાટે લખાએલું જ છે.

શુભ યા અશુભ કર્મના બંધને યોગ્ય ક્રિયા કર્યા પછી, તેના ફળમાંથી છટકી જવું એ દેવેન્દ્રો માટે પણ શક્ય નથી.

## ધર્મક્રિયાનું મહત્ત્વ :

એક ધર્મક્રિયામાં જ એ સામર્થ્ય છે કે, તે બંધાએલાં કર્મોનો વિપાકોદય નહિ થવા દેતાં, તેને પ્રદેશોદયથી ખેરવી નાખે છે. અર્થાત્ કર્મ–ફળનો અનુભવ સુખ–દુઃખ કે રાગદ્વેષાદિરૂપે નહિ થવા દેતાં (પ્રદેશોદયથી તેનો ભોગવટો કરાવી) આત્મપ્રદેશ ઉપરની તેની સત્તા નાબૂદ કરી શકે છે.

ધર્મક્રિયાનું અનુપમ આ મહત્ત્વ જાણ્યા પછી, કયો એવો મૂર્ખ આત્મા હોય કે જે આ શુભ કર્મબંધને હઠાવનાર અને શુભ કર્મબંધને અપાવનાર અથવા શુભ–અશુભ ઉભય પ્રકારનાં કર્મોની સત્તામાંથી આત્માને મુક્ત કરાવનાર એ ધર્મક્રિયા અને તેને દર્શાવનારા મહાન શાસનની આરાધના પ્રત્યે આદરવાળો ન બને ?

શ્રી જૈનશાસને દર્શાવેલા આરાધનાના માર્ગની આ જ એક વાસ્તવિક મહત્તા છે. તેણે બતાવેલાં પ્રત્યેક અનુષ્ઠાનો અને ફરમાવેલી પ્રત્યેક આજ્ઞાઓ આત્માને નવા (અશુભ) કર્મબંધથી રોકે છે અને પૂર્વબદ્ધ કર્મથી છોડાવે છે. શ્રી જૈનશાસને દર્શાવેલા આ તત્ત્વની મહત્તા સમજનારા મહાપુરુષો ફરમાવે છે કે,–

आकालमियमाज्ञा ते, हेयोपादेयगोचरा ।
आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ॥
आश्रवो भवहेतुः स्यात्, संवरो मोक्षकारणम् ।
इतीयमार्हती मुष्टि,–रन्यदस्याः प्रपञ्चनम् ॥

હે પ્રભો ! સદાકાળ તારી આજ્ઞા હેય અને ઉપાદેયને વિષય કરનારી છે અને તે એ છે કે, આશ્રવ એ સર્વથા હેય છે અને સંવર એ સર્વથા ઉપાદેય છે ! આશ્રવ એ સંસારનો હેતુ છે, અને સંવર એ મોક્ષનું કારણ છે. એ શ્રી અરિહંતોની મુષ્ટિ યા શ્રી જિનાજ્ઞાનું રહસ્ય છે. બીજું સઘળું એ, (રહસ્ય)નો જ વિસ્તાર છે.

આત્મામાં અન્યોન્યરૂપે પરિણમતો કર્મનો પ્રવાહ અટકાવવો, એ શ્રી જિનાજ્ઞાનો સાર છે, અને એ જ કારણે કર્મનો આશ્રવ કરાવનારી ક્રિયાઓ ત્યાજ્ય છે અને આવતાં કર્મોને રોકનારી ક્રિયાઓ ઉપાદેય છે.

શ્રી જૈનશાસને આરાધનાના અંગ તરીકે દર્શાવેલા પ્રત્યેક અનુષ્ઠાનનું આ તત્ત્વ છે. એણે દર્શાવેલ એક પણ અનુષ્ઠાન એથી વિપરીત ફળને આપનારું નથી.

એટલા જ માટે શ્રી જૈનશાસનનું વચન અવિસંવાદી ગણાય છે. એણે પ્રરુપેલા સિદ્ધાન્તો કે આચરવા માટે ઉપદેશેલા આચારો પરસ્પર અવિરુદ્ધ છે, તેથી કોઇથી પણ ખંડિત થઈ શકે એવા નથી.

### કર્મોદય અને કાર્યવાહીઓ યાને કરણી :

અભક્ષ્ય–ભક્ષણનો ત્યાગ કરનારા પણ રોગથી ગ્રસ્ત રહેતા હોય, તો તેનું કારણ તેમણે કરેલો અભક્ષ્ય–ભક્ષણનો ત્યાગ નથી, કિન્તુ પૂર્વ કર્મોદયજન્ય આશાતાનો ઉદય જ છે અથવા આ ભવમાં આચરેલી બીજી અનિષ્ટ બદીઓનું ફળ છે.

મહા આરંભ આદિનો જીવનપર્યંત ત્યાગ કરનારા વ્રતધારી આત્માઓ પણ દયાની લાગણી વગરના દેખાતા હોય, તો તેનું કારણ તેમનો આરંભાદિકનો ત્યાગ નથી, કિન્તુ તેમનામાં રહેલી અન્ય અયોગ્યતાઓ છે. આરંભાદિનો ત્યાગ તો તેમના જીવનમાં તો ત્યાગ પૂરતી કોમળતા લાવે જ છે. શરત એટલી જ કે, એ ત્યાગ દંભરૂપ હોવો જોઇએ નહિ.

અહીં કર્મોદયવશ થતી અયોગ્ય કાર્યવાહીઓને દંભરૂપ માની લેવાની પણ આવશ્યકતા નથી. દંભરહિત મહાપુરુષો પણ અશુભ કર્મોના ઉદયને આધીન થઈ જઈ ન કરવા યોગ્ય કર્મો કરી નાખે છે. પરંતુ તેમાં તેઓની (તેવી) ચિત્તવૃત્તિ નહિ હોવાથી, અયોગ્ય કાર્યવાહી થઈ જવા છતાં પણ, તે જ જન્મમાં તે મહાપુરુષોનો ઉદ્ધાર પણ થઈ શકે

છે. અને એ ઉદ્ધાર થવામાં કારણ કોઈ પણ હોય, તો મોટે ભાગે તેમનું પૂર્વે ગાળેલું નિયમબદ્ધ જીવન જ હોય છે. એ નિયમબદ્ધ જીવનમાં પડેલા શુભ સંસ્કારો પુનઃ નિમિત્ત મળતાં જાગૃત થાય છે અને એ જાગૃતિ એમને તરત જ પૂર્વ કરતાં બમણા ઉત્સાહથી અશુભના ત્યાગ અને શુભના સ્વીકારમાં પરિણમે છે.

## માર્ગની ઉપકારકતા:

શ્રી જૈનશાસને દર્શાવેલો આરાધનાનો માર્ગ આ રીતે આત્માની ઉન્નતિમાં ઉત્તરોત્તર સહાયક બનતો જાય છે, અને એ માટેનાં સેંકડો દૃષ્ટાન્તો શ્રી જિનાગમમાં સુપ્રસિદ્ધ છે.

પરમ ઉપકારી, ચરમ તીર્થપતિ ભગવાન શ્રી મહાવીર સ્વામીજીનું પૂર્વ (ભવોનું) જીવન, આત્માની ચડતી-પડતીનાં આબાદ દૃષ્ટાન્તો પૂરાં પાડે છે

શાસનનિર્દિષ્ટ આરાધનાનો માર્ગ એ જ એક ઉપકારક નીવડે છે, તો પછી અન્ય આત્માઓ માટે તે માર્ગના ઉપકારોનું વર્ણન પૂરેપૂરું તો થઈ જ શી રીતે શકે? અર્થાત્ અવર્ણનીય છે.

શ્રી જિનેશ્વરદેવના આત્માઓ ચરમ ભવમાં કેવળજ્ઞાન પામ્યા પછી પણ, પોતાના ઉપર થએલા શાસનના એ ઉપકારોનું સ્મરણ કરવા (કરાવવા) 'નમો તીત્થસ્સ' એ શબ્દોના ઉચ્ચારપૂર્વક તીર્થ અર્થાત્ શાસનનું બહુમાન કરે છે.

એવા પવિત્ર અને પૂજનીય શાસને બતાવેલા આરાધનાના માર્ગ પ્રત્યે લેશ પણ અશ્રદ્ધા આણવી, એ પોતાની હયાતીમાં જ અશ્રદ્ધા આણવા બરાબર છે. એવી અશ્રદ્ધા આવી જાય, તો તેને પણ તે જ વખતે ટાળી દેવા માટે પ્રબળ પુરુષાર્થ આદરવો જોઈએ.

## પ્રકરણ છઠ્ઠું

# આરાધનાના માર્ગના બે પ્રકાર

ગચ્છનું પહેલું લક્ષણ :

શ્રી જૈનશાસને દર્શાવેલા આરાધનાના માર્ગના બે પ્રકારોમાં, પહેલો પ્રકાર સાધુમાર્ગ છે અને બીજો પ્રકાર શ્રાવકમાર્ગ છે.

શ્રાવકમાર્ગમાં રહેલા આત્માર્થી આત્માઓનું પ્રથમ કર્તવ્ય, શ્રી અરિહંતની સેવા, ભક્તિ અને ઉપાસના છે. જ્યારે બીજું કર્તવ્ય શ્રી અરિહંતની આજ્ઞાને પાળનાર, શુદ્ધ પ્રરૂપક નિર્ગ્રન્થ ગુરુઓની ઉપાસના આદિ છે.

એ ગુરુઓ કેવા પ્રકારના ગચ્છોમાં હોઈ શકે એને ઓળખવાનાં લક્ષણો પણ શાસ્ત્રોમાં કહ્યાં છે. તે લક્ષણોમાં સહુથી પહેલું લક્ષણ એ છે કે—

**“ जत्थ य उसहादीणं, तित्थयराणं सुरिंदमहियाणं ।**
**कम्मट्ठावमुक्काणं, आणं न खलिज्जइ सो गच्छो ॥ ”**

જ્યાં અષ્ટકર્મવિમુક્ત અને દેવેન્દ્રપૂજિત શ્રી ઋષભાદિ તીર્થંકર દેવોની આજ્ઞા સ્ખલના પામતી નથી, તે ગચ્છને ગચ્છ જાણવો.

### શ્રી જિનાજ્ઞાની મહત્તા :

આથી સમજી શકાશે કે, શ્રી જિનની આજ્ઞાનું અસ્ખલિત પાલન, એ મુનિસમુદાયના ગચ્છનું મુખ્ય લક્ષણ છે. જે ગચ્છમાં સુવિહિત મુનિઓનો વાસ હોય, તે ગચ્છમાં ગચ્છનાયક તરીકે આચાર્ય, ગચ્છરક્ષક તરીકે ઉપાધ્યાય અને પરસ્પર–સહાયક તરીકે મુનિસમુદાય, એ સર્વે પણ શ્રી જિનની આજ્ઞાના અખંડ ઉપાસક હોવા જોઈએ. કારણ કે, શ્રી જિનની આજ્ઞા એ જ તપ છે, શ્રી જિનની આજ્ઞા એ જ સંયમ છે તથા શ્રી જિનની આજ્ઞા એ જ દાનાદિક ધર્મ છે. આજ્ઞારહિતપણે કરેલો ધર્મ, એ ઘાસના ઢગલા જેવો છે.

આજ્ઞારહિતપણે આચરેલાં અનુષ્ઠાનો નિષ્ફળ છે, એ વાતને દર્શાવતા જ્ઞાનીઓ એટલે સુધી દર્શાવે છે કે,

'जह तुसखंडगमयमंडणाइ रुण्णाइ सुन्नरन्नंमि ।
विहलाइ तह जाणसु, आणारहियं अणुट्ठाणं ॥१॥'

ફોતરાને ખાંડવું, મડદાને શણગારવું તથા શૂન્યારણ્યમાં રડવું, એ જેમ ફોગટ છે, તેમ આજ્ઞારહિત અનુષ્ઠાન પણ વિફળ છે.

આજ્ઞારહિતપણે મોટા આડંબરપૂર્વકની ત્રિકાળ શ્રી જિનપૂજા પણ નિરર્થક છે. કહ્યું છે કે,

'आणाखंडणकारी, जइ वि तिकालं महाविभूईणे ।
पूएइ वीयरायं, सव्वं पि निरत्थयं तस्स ॥१॥'

શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરનારો ત્રણે કાળ મોટી વિભૂતિપૂર્વક શ્રી વીતરાગની પૂજા કરે, તો પણ તેની તે સર્વ ક્રિયા નિરર્થક છે.

રાજાની આજ્ઞાનું ખંડન કરવાથી એક જ વાર નિગ્રહ, દંડ યા શિક્ષા થાય છે. જ્યારે શ્રી સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનો ભંગ કરવાથી અનેક જન્મોને વિષે અનંતીવાર નિગ્રહ થાય છે. અર્થાત્ છેદન, ભેદન,

તાડન, તર્જન, રોગ, શોક, જરા, વ્યાધિ, મૃત્યુ આદિ શિક્ષાઓના ભોગ થવું પડે છે.

તે જ ગચ્છ (મુનિઓનો સમુદાય) શ્રી જિનપ્રવચનમાં પૂજનીય છે, કે જે ગચ્છ શ્રી જિનાજ્ઞાનું આ મહત્ત્વ સમજતો હોય અને પ્રાણાંતે પણ તેનું ઉલ્લંઘન ન કરતો હોય.

શ્રી જિનાજ્ઞા, એ શ્રી જિનાગમનો પર્યાય છે. અર્થાત્ શ્રી જિનાગમના એક પણ વચનનું ઉલ્લંઘન કરનાર ન હોય તે ગચ્છ જ ગચ્છ છે.

શ્રી તીર્થંકરોને પણ પૂજ્ય જે સંઘ છે, તે આજ્ઞાસહિત જ સમજવો અને જે આજ્ઞાસહિત હોય તે સંઘ સમ્યગ્જ્ઞાનને પ્રધાન માનનારો તથા સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી અલંકૃત જ હોય.

એ રીતે રત્નત્રયીનો પરમ ઉપાસક હોય તે સંઘ જ છે. તે સિવાયનો સમુદાય મોટો પણ હોય, તો પણ સંઘ નથી.

શ્રી જિનાજ્ઞાનું મહત્ત્વ ઘણું મોટું છે. ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી આદિ સૂરિપુરંદરોને પણ કહેવું પડ્યું છે કે,—

'कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिआ।
हा! अणाहा! कहं हुंता, न हुंतो जइ जिणागमो॥'

દૂષમકાળના દોષથી દૂષિત અમારા જેવાં પ્રાણીઓ કયાં? હા! ખેદની વાત છે કે, જો શ્રી જિનાગમ વિદ્યમાન ન હોત, તો અનાથ એવા અમારું શું થાત? અર્થાત્ ત્રિલોકનાથ શ્રી તીર્થંકર દેવરૂપી નાથના અભાવમાં શ્રી જિનાગમનો સદ્ભાવ ન હોત, તો અનાથ એવા અમારા બૂરા હાલ થાત. આ પંચમકાળમાં શ્રી જિનાગમરૂપી નાથથી જ અમે સનાથ છીએ.

ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી આદિ સૂરિપુંગવોને પણ શ્રી જિનાજ્ઞાનું પ્રતિપાદન કરનાર શ્રી જિનાગમનો જ એક આધાર હતો અને પંચમકાળમાં એ આધારને પામવાથી જ પોતે પોતાની જાતને

પરમ સનાથ માનતા હતા. તે જ શ્રી જિનાગમ આજે આપણને પ્રાપ્ત થયાં છે, તેને જોઈને, વાંચીને, ભણીને કે સાંભળીને પણ જો હર્ષ-વિભોર ન થવાય, તો સમજી લેવું જોઈએ કે, 'આરસી જોવા મળી' પણ અંધાને, કિન્નરનાં ગીત સાંભળવા મળ્યાં, પણ બહેરાને.

એટલા જ માટે કહ્યું છે કે, 'આત્મહિતના અભિલાષી આત્માએ આગમનો આદર કરવો જોઈએ. જેણે આગમનો આદર કર્યો છે, તેણે તીર્થનાથ શ્રી તીર્થંકરદેવ, શ્રી સદ્‌ગુરુ તથા શ્રી સર્વજ્ઞપ્રરુપિત ધર્મ, એ સર્વનું બહુમાન કર્યું છે.'

શ્રી જિનાજ્ઞા યાને શ્રી જિનાગમનું આ મહત્વ સમજી શકનારો આત્મા, એ વાત પણ સમજી શકશે કે, જે શાસનમાં બુદ્ધિ નિધાન પૂર્વાચાર્યોએ પણ જે આગમોનું આટલું બહુમાન કર્યું છે અને એના બહુમાનમાં જ પોતાનું અને પરનું કલ્યાણ માન્યું છે; તે શાસનમાં તે આગમો અક્ષર કે કાનામાત્રના પણ ફેરફાર સિવાય આજ સુધી જળવાઈ રહે એમાં કશું જ આશ્ચર્ય નથી.

શ્રી જિનાજ્ઞાની સાચી ઓળખાણ, શ્રી જિનાગમ છે. તે જ્યાં સુધી વિદ્યમાન રહેવાનાં છે, ત્યાં સુધી શ્રી જિનાજ્ઞા પણ વિદ્યમાન રહેવાની જ છે.

### ગચ્છનાં વધુ લક્ષણો :

ગુરુગુણને ધારણ કરનારા ગુરુઓના સમુદાયરૂપ ગચ્છનું પ્રથમ લક્ષણ આપણે જોઈ ગયા. એનાં બીજાં પણ એક–બે લક્ષણો હવે જોઈ લઈએ.

ઉપાસ્ય ગુરુઓ જે ગચ્છમાં વસે, તે ગચ્છનું બીજું લક્ષણ દર્શાવતાં જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે, 'જે ગચ્છમાં વસનારા મુનિઓ મરણાંતે મનથી પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને વિવિધ પ્રકારના ત્રસ જીવોને પીડા નથી ઇચ્છતા કે નથી કરતા તે ગચ્છ એ ગચ્છ છે.'

જીવનપર્યંત આ પ્રકારના આચારોનું પાલન શી રીતે શક્ય બને? એવી શંકા ન કરવી. કારણ કે તેવા પ્રકારના સુગચ્છોનાં અન્ય લક્ષણોનું વર્ણન કરતાં એક લક્ષણ એવું પણ ફરમાવ્યું છે કે,—

'जहिं नत्थि सारणा वारणा य,
पडिचोयणा य गच्छंमि।
सो अगच्छो गच्छो,
संजमकामीहिं मुत्तव्वो ॥ १ ॥'

સંયમના કામી એવા ઉત્તમ મુનિવરોએ તેવા ગચ્છનો ત્યાગ કરી દેવો જોઈએ, કે જે ગચ્છમાં વિસ્મૃત થતા જ્ઞાનાદિનું સ્મરણ કરાવવારૂપ સ્મારણા, અસંયમાદિની પ્રવૃત્તિથી રોકવારૂપ વારણા, હિતકર પ્રવૃત્તિઓમાં થતા પ્રમાદથી ચેતવવારૂપ ચોયણા અને વારંવાર ચેતવવારૂપ પ્રતિચોયણા થતી નથી, એવો ગચ્છ એ અગચ્છ છે.

## આરાધક અને વિરાધક

આવા પ્રકારના ઉત્તમ ગચ્છોમાં વસતા તથા સદાય ગચ્છનાયકોની આજ્ઞામાં વર્તતા મહામુનિવરો જ્યારે પણ નજરે પડે, ત્યારે તેઓની વંદના, પ્રશંસા, બહુમાન, સ્તુતિ આદિ ભક્તિ કરવી, એ સમ્યગ્દૃષ્ટિ આત્માઓનું પરમ કર્તવ્ય છે.

એમ કરનાર આત્મા પ્રભુજીની આજ્ઞાનો આરાધક થવા સાથે સ્વ–પર સમ્યક્ત્વરૂપી રત્નને નિર્મળ કરનારો થાય છે. એનાથી વિપરીત રીતે વર્તનારો આત્મા, પ્રભુજીની આજ્ઞાનો વિરાધક બની, સ્વ–પરના બોધિબીજનો નાશ કરનારો થાય છે.

આગળ વધીને કહીએ તો ગુરુનું બહુમાન કરનારો શ્રી તીર્થંકરદેવનું બહુમાનકરનારો છે અને ગુરુનો અનાદર કરનારો શ્રી તીર્થંકરદેવનો અનાદર કરનારો છે, એમ શ્રી જૈનશાસન સ્પષ્ટપણે ફરમાવે છે.

તેથી ગુરુ તરીકેના ગુણને ધારણ કરનારા એક પણ ગુરુની અવગણના ન થઈ જાય, તેની પૂરેપૂરી સાવચેતી રાખવાની આવશ્યકતા છે.

એ જ રીતે ગુરુપદની વિડંબના કરાવનાર કુગુરુઓ પણ ગુરુ તરીકે ન પૂજાઈ જાય તેની પણ તેટલી સંભાળ રાખવાની છે.

## આચાર–પાલન અશકય કે દુ:શકય નથી.

સુસાધુઓનાં લક્ષણો જોયા પછી શ્રી જિનમતમાં સુશ્રાવક કોને કહેવાય તે જોવાનો અવસર આવીને ઊભો રહે છે. તે પહેલાં એક વાત સમજી લેવી જોઈએ કે, ‘ સાધુ કે શ્રાવક, એનાં જે લક્ષણ કે આચાર અહીં બતાવવામાં આવે છે, તે માત્ર પુસ્તકનાં પાનાં શોભાવવારૂપ નથી, કિન્તુ અર્થી આત્માઓ તેને સુખપૂર્વક આચરી અને પાળી શકે એવાં છે.

‘ શ્રી જૈનશાસને અશકય પાલનવાળો આચાર બતાવ્યો છે, એ જ કારણે આજની દુનિયા તેનાથી દૂર રહી છે અને તે આચાર ગમે તેટલો ઊંચો હોય તો પણ તેનું પાલન દુનિયાના એક ખૂણામાં જ રહી ગયું છે,’ આ પ્રકારનો આક્ષેપ કરનાર કે અભિપ્રાય ઉચ્ચારનાર આત્મા, જાણતાં કે અજાણતાં પણ આબાલવૃદ્ધપર્યંત સર્વથી સુખ-પૂર્વક પાળી શકાય એવા આચારોને બતાવનાર એક મહાન શાસનને ઘોર અન્યાય કરી રહ્યો છે.

શ્રી જિનશાસને દર્શાવેલો સાધુ કે શ્રાવકનો આચાર, એ આ કાળમાં પાળી શકાવો સર્વથા અશકય છે, એમ કહેવા કરતાં ભવાભિનંદી અર્થાત્ સંસારલોલુપ અને વિષયપિપાસુ આત્માઓ માટે પાળી શકાવો અશકય છે, એમ કહેવું હજુ પણ વ્યાજબી છે.

કિન્તુ, ‘ વર્તમાન સંસાર બધા તેવા જ આત્માઓથી ભરેલો છે અને વર્તમાન સંસારમાં ભવથી પરાંગમુખ અને વિષયથી વિરકત વૃત્તિ-વાળા કોઈ આત્મા છે જ નહિ અને કોઈ તેવા બની શકે તેમ પણ નથી.’ એમ માનવું કે કહેવું એ પોતાની અધમતાને બળજબરીથી આખા જગત ઉપર ઠોકી બેસાડવા જેવી ક્ષુદ્ર વાત છે.

શ્રી જિનાગમની વિદ્યમાનતાવાળા કાળમાં તમામ જગત કદી પણ અધમ હોઈ શકતું નથી. શ્રી જિનાગમની વિદ્યમાનતાવાળા ક્ષેત્રમાં જ્યાં અધમ હોય ત્યાં ઉત્તમ આત્માઓ જ્યાં સુધી જગતમાં રહેવાના છે, ત્યાં સુધી શ્રી જિનકથિત ઉત્તમ પ્રકારના સુસાધુ અને સુશ્રાવકોના આચારોનું પાલન પણ સુશક્ય રહેવાનું જ છે. અને થોડા પણ એવા ઉત્તમ આત્માઓના ઉત્તમ આચારોનું પાલન જોઈને, અધમ આત્માઓને પણ અધમતા છોડી ઉત્તમતા પામવાનું આલંબન મળવાનું છે. કોઈ પણ કાળે અધમ આત્માઓને ઉત્તમ બનવા માટે એ જ માર્ગ છે.

અશક્ય કે દુઃશક્ય આચારોના નામે, એ માર્ગ સર્વથા બંધ કરી દેવાનો સીધી કે આડકતરી રીતે, મન-વચન કે કાયાથી પ્રયાસ કરનાર આત્માઓ જગતના ખરેખરા હિતશત્રુઓ છે.

ઉત્તમ વિચારો, દુઃશક્ય પણ ઉત્તમ આચારોને સુશક્ય બનાવે છે. જે આત્માઓને પાલન કરવામાં સર્વથા અશક્ય જેવા લાગે છે, તે જ આચારો ભવવિરક્ત મહાપુરુષોને પાલન કરવામાં સાવ સહેલા લાગે છે. એનું કારણ ઉભયની ભિન્ન-ભિન્ન વિચારસૃષ્ટિ છે.

શ્રી જૈનશાસને ફરમાવેલા વિચારો કેટલા ઉચ્ચ કોટિના છે, એ એક વખત જાણી લીધા પછી, એ શંકા કદી જ નહિ રહે કે, ' એવા ઉત્તમ વિચારોના વાતાવરણમાં રહેનારા ઉત્તમ આત્માઓને માટે પણ શ્રી જૈનશાસને દર્શાવેલા સુસાધુ અને સુશ્રાવકોના આચારોનું પાલન અશક્ય કે દુશક્ય છે.'

## શ્રાવક :

' શ્રાવક ' શબ્દની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે, ' જે સમ્યગ્-દૃષ્ટિ આત્મા સાધુમુખે સ્વધર્મને નિરંતર સાંભળે તે શ્રાવક. સાધુ અગર શ્રાવકને યોગ્ય જે આચારો છે, તેનું નિત્ય નવા-નવા સંવેગભાવપૂર્વકનું પાલન તે સિવાય શક્ય જ નથી.

કેટલીક વખત જ્ઞાન વધવા છતાં આચાર પ્રત્યે ભારે શિથિલતા દેખવામાં આવે છે, તેનું આ એક જ કારણ છે કે તે જ્ઞાન સાધુ-મુખે ગ્રહણ થએલું નથી. આચારનું પાલન કરનાર હોય, તે જ આચારનું પાલન કરાવી શકે. આ એક સીધો ન્યાય છે.

ગૃહસ્થપણામાં સ્થિર જ્ઞાનરૂપી દીપક શ્રી જિનાગમે માન્યો જ નથી. તેમ છતાં ઉદ્યમી આત્મા ગૃહસ્થપણામાં પણ જ્ઞાન ભણી શકે, એની ના નથી. પરંતુ એ જ્ઞાન જો ગુરુનિશ્રા વિના ગ્રહણ કરવામાં આવે, તો તે સમ્યગ્જ્ઞાનરૂપે ભાગ્યે જ પરિણમી શકે અને વિશાળ જ્ઞાન પણ જો સમ્યગ્જ્ઞાનરૂપ ન બને, તો તે આચારપાલનમાં જરા પણ સહાયક બની શકે નહિ. આચારના મક્કમ પાલનમાં તે જ જ્ઞાન ગુરુનિશ્રાએ ગ્રહણ થએલ હોય અને સમ્યક્ શ્રદ્ધારૂપે પરિણમેલ હોય.

### ગુરુમુખે નિત્ય સામાચારીનું શ્રવણ :

આજે જૈનકુળમાં જન્મેલા આત્માઓ પણ પોતાના આચારોના પાલનમાં શિથિલ બન્યા કે બનતા હોય, તો તેનું મુખ્ય કારણ ગુરુ-મુખે સામાચારીના શ્રવણનો અભાવ અથવા અનાદર છે.

જ્યાં સુધી એ શાસ્ત્રોક્ત શ્રવણ ગુણ ખૂલે નહિ-પ્રગટે નહિ, ત્યાં સુધી સાધુ અને શ્રાવક સંબંધી આચારો ગમે તેટલા ઉચ્ચ હોય, તો પણ તેનું સમ્યક્ પ્રકારે પાલન થવું શક્ય નથી.

ગુરુમુખે નિરંતર શ્રવણ કરવામાં આવતી સામાચારી, એ અપ્રાપ્ત સમ્યગ્દર્શનને પમાડનાર છે અને પ્રાપ્તને સ્થિર તેમજ વિશુદ્ધ બનાવનાર છે.

તેથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય કે ન થયું હોય, તો પણ શ્રાવકપણાના અભિલાષી પ્રત્યેક આત્માની એ ખાસ ફરજ છે કે નિત્ય ગુરુમુખે સામાચારીનું શ્રવણ કરવું. એથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહિ થઈ હોય તો થશે, થઈ હશે તો તે અધિક નિર્મળ થશે, નિર્મળ હશે

તો નિર્મળતર થશે અને પરિણામે અણુવ્રત તથા મહાવ્રતાદિની પ્રાપ્તિરૂપ ચારિત્રધર્મની પ્રાપ્તિ થતાં પણ વાર નહિ લાગે.

### ધર્મશ્રવણનો પ્રભાવ :

નિત્ય ગુરુમુખે ધર્મ-શ્રવણ કરવાથી નવા-નવા સંવેગ, અંતઃકરણની આર્દ્રતા, સંસાર પ્રત્યે ઉદાસીનતા અને મોક્ષ પ્રત્યે તીવ્ર અભિલાષા થશે.

સંવેગાદિથી સમ્યગ્જ્ઞાનને આવરણ કરનારાં કર્મોનો અધિક ક્ષયોપશમ થશે, અધિક ક્ષયોપશમના પ્રભાવે તત્ત્વાતત્ત્વનો યથાર્થ બોધ થશે અને તત્ત્વાતત્ત્વનો યથાર્થ અને નિશ્ચિત બોધ થવાથી, આત્મા અતત્ત્વનો ત્યાગી અને તત્ત્વનો રાગી બનશે.

શ્રી જિનવચનનું શ્રવણ કરવાના પરિણામે આત્માને આ રીતે અનેક લાભોની પરંપરા પ્રાપ્ત થાય છે. જ્યારે એની ઉપેક્ષા કરનારને એમાંના એક પણ લાભની પ્રાપ્તિ નથી થતી. એટલું જ નહિ પણ જીવનપર્યંત અસાર એવા દેહ, ધન અને સ્વજનાદિની મમતામાં અનેક પ્રકારનાં પાપોનાં પોટલાં ભરી, દુર્ગતિમાં ચાલ્યા જવાનું થાય છે.

શ્રી જિનવચનના શ્રવણમાં અવરોધ પેદા કરનાર જે સ્વજનાદિનો રાગ છે, તે તુચ્છ છે. જ્યારે તેના ઉપર વિજય મેળવી શ્રી જિનવચન સાંભળવું એ મહાન ફળને આપનારું છે. કહ્યું છે કે,

‘ होइ दढं अनुराओ, जिणवयणे परम निव्वुईकरम्मि ।
सवणाइ गोयरो तह, सम्मदिट्ठिस्स जीवस्स ॥ १ ॥ ’

પરમ નિવૃત્તિકર અર્થાત્ ઉત્કૃષ્ટ સમાધિને આપનાર શ્રી જિનવચનનું શ્રવણ કરવાથી, સમ્યગ્દૃષ્ટિ આત્માને (તત્ત્વમાંની) શ્રદ્ધા અને અનુષ્ઠાનવિષયક અત્યંત દૃઢ અનુરાગ થાય છે.

## પ્રકરણ સાતમું

# અનીતિ અને હિંસા

### અભક્ષ્ય-ભક્ષણત્યાગ આદિથી થતા લાભ :

અગાઉ આ પુસ્તકમાં આ વિષયને સ્પર્શતું લખાણ આવી ગયું હોવા છતાં પુનઃ આ વિષયને આલેખવા પાછળનો અમારો હેતુ એક જ છે કે, 'જેઓ આજે થોડી-ઘણી પણ પાલન થતી શ્રી જિનોપદિષ્ટ ધર્મક્રિયાઓનો અને વ્રતનિયમોનો તેને અજ્ઞાન-કષ્ટ કહીને ઉપહાસ કરે છે કે અંધશ્રદ્ધા કહીને નિંદે છે, તેઓમાં પણ જો કોઈ શુદ્ધ દૃષ્ટિવાળા હોય, તો તેઓ પોતાની તે શુદ્ધ દૃષ્ટિથી આટલા વિવેચન પછી જોઈ શકશે કે ઇતરજનોને પાલન કરવામાં લગભગ અશક્ય જેવી જણાતી સ્વાર્થત્યાગ અને આપભોગથી ભરપૂર કે પરમ ત્યાગી અને પરમ આત્મભોગી શ્રી જિનેશ્વરદેવ અને ગણધરદેવો વડે પાલન કરાએલી અને ઉપદેશાએલી, ઉત્તમ પ્રકારની ક્રિયાઓનું આજે પણ શક્તિ અને ક્ષયોપશમ અનુસાર જે પાલન થઈ રહ્યું છે, તે ઉપેક્ષા કે ઉપહાસને પાત્ર નથી, કિન્તુ પૂરતા આદરને યોગ્ય છે, હાર્દિક પ્રશંસાને પાત્ર છે.'

એવું પણ પાલન જો આજે જગતના ઇતર સમાજોમાં ચાલુ થઈ જાય, તો અનેક પ્રકારનાં કષ્ટો અને ઉપાધિઓનો અંત આવી જાય.

જેમકે, અભક્ષ્ય-ભક્ષણોનો ત્યાગ કરવાથી અભક્ષ્ય પદાર્થોના ભોજનથી ઉત્પન્ન થનારા અનેક પ્રકારના રોગ, બહુ આરંભ (પ્રાણીવધ)-વાળા ધંધાઓના ત્યાગથી યુદ્ધ, બેકારી અને પરસ્પરની ઈર્ષ્યા, ચૌદ નિયમ આદિને નિયમિત ધારણ કરવાથી ખાવા-પીવા, પહેરવા-ઓઢવા અને હરવા-ફરવા આદિની નિરંકુશ પ્રવૃત્તિઓ ઉપર અંકુશ. પરિગ્રહ પરિમાણ અને અનર્થદંડ-વિરમણ વ્રત આદિ વ્રતોથી અઘટિત લોભ અને તૃષ્ણા ઉપર જરૂરી નિયમન અને નાટક-સિનેમા આદિ વિનાશક બદીઓનો સર્વથા અટકાવ, સામાયિક પૌષધ આદિ સત્પ્રવૃત્તિઓથી અતિશય દુષ્કર એવા ત્યાગનો નિયમિત અભ્યાસ, શ્રી જિનપૂજા તથા સદ્‌ગુરુના સત્કાર આદિથી કૃતજ્ઞતાગુણનું પાલન સર્વોચ્ચ કોટિના આદર્શોનું સતત સેવન અને મળેલ સ્વદ્રવ્ય આદિનું ઉચિત માર્ગે વાવેતર એ વગેરે અપૂર્વ ફાયદાઓનું ગ્રહણ અને અનિષ્ટોનું નિવારણ થઈ શકે તેમ છે એટલું જ નહિ પણ એવાં સુવિશુદ્ધ આચરણોના સતત પાલનથી દુઃખી પ્રત્યેની દયા, દુષ્કર્મના યોગે અનાથ અને નિરાધાર અવસ્થાને પામેલા આત્માઓની સેવા, તેમનાં દુઃખ દૂર કરવાની બુદ્ધિ, તે માટે જરૂરી ઔદાર્ય, ધૈર્ય આદિ સદ્‌ગુણોનું સહેલાઈથી પાલન-આચરણ થઈ શકે છે.

## ધર્મ સેવનારાઓ ઉપરનો અઘટિત આક્ષેપ :

ઉપરોક્ત વિધાનની સામે આજે એવી ફરીઆદ કરવામાં આવે છે કે, 'જો તમે કહો છો તેવું જ હોય, તો તમોએ ગણાવેલા આધારોનું પાલન કરનારા આત્માઓ પણ સંખ્યાબંધ એવા મળી શકે તેમ છે, કે જેઓ અનુકંપા વિનાના છે, પાપ કરતાં અચકાતા નથી અને અભક્ષ્ય-ભક્ષણ આદિને આચરનારા કરતાં પણ અધમ કોટિની નિર્દયતા ધારણ કરનારા હોય છે.'

શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલા ધર્મનું સેવન કરનારા આત્માઓ

ઉપર જ્યારે આ પ્રકારનો આક્ષેપ કરવામાં આવે છે, ત્યારે તેમાં તથ્ય શું છે એ આપણે શોધવું જ જોઈએ.

એના પ્રત્યક્ષ પુરાવા માટે અહીં માત્ર બે જ વસ્તુનો વિચાર આપણે કરવો છે.

એક 'જીવદયા' અને બીજી 'પાપનો પશ્ચાત્તાપ'. ધંધાની અનીતિઓને આગળ કરી, આજે જેઓ ધર્માચરણ કરનારા જૈનો ઉપર નિર્દયતાનો આરોપ મૂકે છે, તેઓ ધર્માચરણ પ્રત્યેના પોતાના દ્વેષમાં એ ભૂલી જાય છે કે, 'ધંધાની અનીતિ એ ગમે તેટલી નબળી હોય, તો પણ નિરપરાધી પ્રાણીઓના પ્રાણનો નાશ કરવા જેટલી ક્રૂર નથી.'

અનીતિથી પરનું ધન હરણ કરનારો, પરના પ્રાણનું હરણ કરવા કરતાં પણ મોટું પાપ કરે છે એમ શ્રી જૈન શાસ્ત્રકારો કહે છે ખરા. પરંતુ તે વચન અપેક્ષાપૂર્વક કહેવાએલું છે. અને તે અપેક્ષા એ છે કે, પરનું ધન હરણ કરવાથી, પરંપરાએ તે, ધર્મ–કર્મથી રહિત બનીને આ લોક તથા પરલોક ઉભયથી ભ્રષ્ટ થાય છે એટલું જ નહિ, પરંતુ ધનના અભાવે તેનાં કુટુંબીજનો દુઃખી પણ થાય છે. તેથી તે બધાંને દુઃખી કર્યાનું ફળ અનીતિ આચરનારને મળે છે. આ અપેક્ષાએ અનીતિ એ પ્રાણવધ કરતાં પણ વધુ ભયાનક મનાએલી છે.

પરંતુ પ્રાણીવધમાં પણ સઘળી આપત્તિઓ રહેલી જ છે.

દા. ત., એક આત્માના પ્રાણનો નાશ કરવાથી પણ, તે આત્મા અસમાધિ મરણને વરીને દુર્ગતિમાં જાય છે. અને તેના આધારે નભતું કુટુંબ પણ તેના જવાથી દુઃખી થાય છે.

જ્યારે અનીતિ કરતાં પ્રાણવધ વિશેષ ભયાનક એટલા માટે છે કે, અનીતિથી ધન, લૂંટનારો આત્મા, સામા આત્માનું માત્ર ધન જ હરણ કરતો હોવાથી તેના ઉપર આવેલું એ દુઃખ બીજા દયાળુ આત્માઓથી દૂર કરી શકાય તેવું છે. જ્યારે ગમે તેવો દયાળુ આત્મા પણ પરના ગએલા પ્રાણ પાછા મેળવી આપી શકતો નથી. તેથી તે આપત્તિ ન ટાળી શકાય એવી, અનીતિથી ઉત્પન્ન થનારી આપત્તિ કરતાં પણ

હીન કોટિની જ કહેવાની છે. અને એ જ કારણે અન્ય વ્રતોએ અહિંસા-રૂપી ધર્મક્ષેત્રની માત્ર વાડ તરીકે વર્ણવાએલાં છે.

વાડની કિંમત પણ ક્ષેત્રની કિંમત છે, તો છે. તેમ સત્ય, અચૌર્યાદિ વ્રતોની કિંમત અહિંસા જો ધર્મરૂપ છે તો જ છે.

એ અહિંસા ધર્મનું પોતાની પ્રત્યેક પ્રવૃત્તિમાં છડેચોક ખંડન કરનારા આત્મા, લૌકિક સ્વાર્થ આદિના કારણે નીતિનું પાલન કરવા માત્રથી અહિંસાધર્મના સંરક્ષણ ખાતર પોતાની પ્રત્યેક પ્રવૃત્તિમાં સાવધ રહેનાર આત્મા કરતાં કદી પણ ચઢીઆતો બની શકતો નથી.

થોડા કાળનું મનુષ્યજીવન નિભાવવાની ખાતર જેઓ પંચેન્દ્રિય પ્રાણીઓનો વધ કરે છે યા કરાવે છે કે તેવા વધથી તૈયાર થએલી વાનગીઓને કોઈ પણ જાતની કંપારી વિના પોતાના પેટમાં નાખે છે, તે આત્માઓ, નિરવદ્ય જીવન જીવનારા અને એકેન્દ્રિય જીવોની પણ પોતાથી હત્યા ન થઈ જાય તેવી ભાવના સેવનારા દયાવૃત્તિથી છલો-છલ ભરેલા આત્માઓની તુલનામાં ઊતરતી કક્ષાના ગણાય તે નિઃસંદેહ હકીકત છે.

અનીતિ એ પાપકર્મ હોવા છતાં, જીવહિંસાનું પાપ તો તેના કરતાં ખૂબ જ ખતરનાક છે.

પ્રસ્તુત વિષયમાં અનીતિનું મુદ્દલ સમર્થન નથી પરંતુ અનીતિને આગળ કરીને તેમજ એની ભયંકરતા વર્ણવીને પ્રાણીવધ કરતાં પણ એ દુષ્ટકર્મ વધુ ખરાબ હોવાની છાપ ઉપસાવવાનો જે પ્રયત્ન આજકાલ ઠેર ઠેર આદરતો જોવાય છે, તેની સામે યથાર્થતાનું નિરૂપણ છે.

અનીતિમાં હિંસા ખરી, પણ તે આંશિક, જ્યારે પ્રાણવધમાં તો દયાના સર્વ અંશોનું ખૂન છે.

અનીતિ પણ આચરવા જેવી તો નથી જ. તેનું નિવારણ પણ સ્વ-પર ઉભય માટે કલ્યાણકર છે. આરાધનામય જીવનને પવિત્રતા સાથે પુષ્પ અને સુવાસ જેવો સંબંધ છે એનું સહુએ સદા સ્મરણ રાખીને તદનુરૂપ નિષ્પાપ જીવન જીવવાના પ્રયાસો આદરવા જોઈએ.

## લૌકિક સ્વાર્થ માટેનું નીતિપાલન ધર્મ નથી.

પંચેન્દ્રિયવધ, એ સાક્ષાત્ રૌદ્ર પરિણામનો જનક છે. જ્યારે અનીતિ આદિ માયાસ્વરૂપ હોવાથી તેને આર્ત્તધ્યાનનાં કારણો માનેલાં છે. જો કે એનું સતત સેવન પરિણામે રૌદ્ર અધ્યવસાયને લાવનાર હોવાથી, તે પણ રૌદ્ર ધ્યાનની જેમ સર્વથા ત્યાજ્ય છે. પરંતુ એ વાતને આગળ કરી, 'પંચેન્દ્રિયવધ આદિને નહિ આચરનારા કરતાં પણ તેને આચરનારા સારા છે.' એમ કહેવું એ લેશ પણ વ્યાજબી નથી.

જેઓ અનીતિ આદિને પાપ માને છે, તેઓએ તો પંચેન્દ્રિય-વધ આદિને એથી પણ ઘોર પાપ માનવું જ જોઈએ. અર્થાત્ અનીતિને પાપ માનીને તેને તજનારો, પંચેન્દ્રિયવધ આદિ દુષ્ટ ક્રિયાઓને તો આચરી શકે જ નહિ. છતાં જેઓ પંચેન્દ્રિયવધને છોડવા કે તેને પાપ પણ માનવા તૈયાર ન હોય, તો તેની પાછળ તે ન પણ આચરતા હોય, તો તેની પાછળ તેઓનો કોઈ પણ લૌકિક હેતુ રહેલો છે અને એ હેતુ આ લોકના સ્વાર્થની સિદ્ધિ સિવાય બીજો કોઈ છે નહિ.

નીતિનું પાલન કરવા છતાં અને અનીતિનું આચરણ નહિ કરવા છતાં પણ જો તેઓને ક્વચિત્ પોતાના ઇહલૌકિક સ્વાર્થની સિદ્ધિ થતી માલૂમ ન પડી, તો તે જ ક્ષણે નીતિને લાત મારતાં અને અનીતિના માર્ગને સ્વીકારી લેતાં, તેઓ કદી અચકાવાના નથી. અને અનુભવ પણ એમ જ કહે છે કે તેથી તેવા આત્માઓની પ્રશંસા કરવી એ વાસ્તવિક વર્ગને ભારે ધક્કો પહોંચાડનારી પ્રવૃત્તિ છે.

વાસ્તવિક ધર્મ, પાપના પરિત્યાગમાંથી જન્મે છે અને એ પરિત્યાગ ન થઈ શકે ત્યાં સુધી તેના પશ્ચાત્તાપમાં રહેલો છે. જ્યાં પાપનો પાપ માનીને પરિત્યાગ પણ નથી અને પશ્ચાત્તાપ પણ નથી, ત્યાં ધર્મની મહોર–છાપ મારવા તૈયાર થઈ જવું, એ વાસ્તવિક ધર્મની પિછાણના અભાવનું લક્ષણ છે એટલા જ માટે પાપનો સર્વથા પરિત્યાગ એ શ્રેષ્ઠ જીવન છે. અને એ ન થાય ત્યાં સુધી એને જ એક

આદર્શ માનીને શક્ય તેટલો પાપ પરિત્યાગ કરવો અને થઈ રહેલા પાપના સતત પશ્ચાત્તાપપૂર્વક જીવન ગુજારવું, અર્થાત્ તેનાથી પણ છૂટવા માટે નિરંતર ભાવના ભાવતા રહેવું એ જ ધર્મી જીવન જીવવાનો ઉપાય છે. એવું જીવન જીવનારા જ ધર્મી બની શકે છે.

એમાંની એક પણ વાત જેઓના જીવનમાં નથી, તેવાઓને ઊંચી કક્ષામાં મૂકવાનું તેઓને જ મન થાય, કે જેઓને ધર્મ પ્રત્યે લેશ પણ આદર નથી બલ્કે દ્વેષ છે.

અન્યથા જીવરક્ષા અને પાપના પશ્ચાત્તાપથી ભરપૂર જીવન જીવનારા આત્માઓ પ્રત્યે ઉચ્ચ કોટિનો સદ્ભાવ પેદા થાય જ થાય.

**મોક્ષ-માર્ગ**

જીવનાં પરસ્પર સંબંધનું જ્ઞાન, તે જ્ઞાનપૂર્વક સાચો સ્નેહ અને તે સ્નેહપૂર્વક સાચો આચાર એ રત્નત્રયી છે. એવી રીતે અજીવ તત્ત્વનું જ્ઞાન, જીવતત્ત્વ સાથેના એના સંબંધનું જ્ઞાન અને એ જ્ઞાન મુજબ અજીવતત્ત્વ પ્રત્યે ઔદાસિન્ય, એ ઔદાસિન્યપૂર્વક અજીવ તત્ત્વ સાથેનું ઉચિત આચરણ એ પણ રત્નત્રયીનો બીજો પ્રકાર છે. એ બંને પ્રકાર મળીને મોક્ષમાર્ગ બને છે.

## પ્રકરણ આઠમું

# સહુનું પરમ કર્તવ્ય

### દંભનું મૂળ

હવે એક વાતનો ખુલાસો કરવાનો રહે છે અને તે એ છે કે, "જીવદયાના ઉત્તમ આચારોને પાળનારા અને 'અમને પાપનો પશ્ચાત્તાપ છે' એમ કહેનારા અથવા નિરંતર પાપની માફી માગવાની ક્રિયાઓ કરનારા પણ કેટલીક વાર બીજાઓ કરતાં અધમ કોટિના દેખાય છે તેનું કેમ ?"

આ પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે, જીવદયાના આચારો પાળનારા અને નિરંતર પાપની માફી માગવાની ક્રિયા કરનારા બીજાઓ કરતાં નીચી કોટિના હોય છે, એમ માની લેવું એ ભૂલભરેલું છે. એક વખત દોષદૃષ્ટિનો ત્યાગ કરી દઈ થોડી પણ ગુણગ્રાહી દૃષ્ટિનું આલંબન લઈ, તેવા આત્માઓના જીવનની બીજા આત્માઓના જીવનની સાથે સરખામણી કરી લેવા જેવી છે.

એ રીતે મધ્યસ્થ ભાવથી જો ઉભયને સરખાવી જોવામાં આવશે, તો જીવદયાના આચારો પાળનારા અને નહિ પાળનારા, તથા પાપનો પશ્ચાત્તાપ ધારણ કરનારા અને નહિ કરનારા, એ ઉભય પ્રકારના આત્માઓ વચ્ચે રહેલું આકાશ–પાતાળ જેટલું અંતર સ્પષ્ટ તરી આવશે. જો કે આજે અશ્રદ્ધાનું વાતાવરણ વધ્યું છે અને તેની છાયા ધર્મી આત્માઓ ઉપર પણ વ્યક્ત રીતે પડી છે, તેથી તેમનામાં પણ દાંભિકતા

પ્રવેશ પામી હોય તો ના ન કહી શકાય, પણ તેના માટે જવાબદાર અશ્રદ્ધાનું વાતાવરણ ફેલાવનારાઓ છે, નહિ કે ધર્મક્રિયાઓ, તેના આચરનારાઓ કે ઉપદેશકો.

ધર્મને આચરનારાઓમાં દાંભિકતા પ્રવેશ પામે, એ ઘણી જ અનિષ્ટ બાબત છે. કેટલીક વખત દાંભિકપણે ધર્મને આચરનારાઓ કરતાં નહિ આચરનારાઓ સારા, એમ કહેવાનું મન થઈ જાય છે. કારણ કે દાંભિકપણે ધર્મને આચરનારા સ્વયં કોઈ લાભ પામતા નથી અને બીજાઓને ધર્મ પ્રત્યે અનાદર–બુદ્ધિવાળા બનાવે છે, જેના પરિણામે શાસનની હીલણા થાય છે, શાસનની હીલણા કરનાર અને કરાવનાર ઘણું નીચ પાપકર્મ બાંધે છે જેના પરિણામે આત્માનું ભવભ્રમણ ખૂબ જ વધી જાય છે એ દૃષ્ટિએ ધર્મમાં દાંભિકતા પ્રવેશ ન પામી જાય, તેની પૂરતી કાળજી રાખવાની આવશ્યકતા છે.

પરંતુ એ દાંભિકતા શાથી પેદા થાય છે, એ સમજવા જેવું છે. અશ્રદ્ધા એ દાંભિકતાને પેદા કરવાનું બીજ છે. જે ધર્મક્રિયા પોતે કરે છે. તેના ફળ પ્રત્યે શ્રદ્ધાનો અભાવ, એ જ દાંભિકતાની જનેતા છે. ફળની શ્રદ્ધા નહિ હોવા છતાં એ ધર્મક્રિયાને આચરે છે, એનું કારણ ધર્મની મહત્તા છે.

ધર્મ એક એવી ચીજ છે કે, તે સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં બીજી બધી વસ્તુઓ કરતાં કીમતી જ રહેવાની છે. એ કારણે ધર્મ નહિ આચરનારા પણ–'અમે અધર્મી છીએ' એમ કહેવડાવવા તૈયાર નથી. એ પણ પોતે ધર્મી હોવાનો જ દાવો કરે છે. અર્થાત્ ધર્મનો આશ્રય સર્વને પ્રિય છે, એ જ એમ બતાવે છે કે, ધર્મને માનનાર કે નહિ માનનાર, સહુ કોઈ ધર્મની કિંમત બીજી બધી વસ્તુઓ કરતાં અધિક આંકે જ છે અને એથી ધર્મના આશ્રયે જનારા બીજાઓ કરતાં શ્રેષ્ઠ મનાય જ છે.

એ કારણે ધર્મક્રિયાઓના ફળ પ્રત્યે લેશ માત્ર શ્રદ્ધા નહિ ધરાવનાર વર્ગ પણ ઘણી વખત ધર્મક્રિયાઓને આચરે છે અને એ દ્વારા જગતમાં પોતે પૂજનીય છે એમ મનાવવા પ્રયત્ન કરે છે, પરંતુ એનું એ આચરણ કેવળ ઢોંગરૂપ હોવાથી, લોકો જ્યારે તેના એ

ઢોંગને કળી જાય છે, ત્યારે તે વ્યક્તિ(ના ઢોંગ) તરફ દુર્ભાવવાળા બનવાને બદલે લોકો ધર્મ પ્રત્યે જ દુર્ભાવવાળા બને છે. અર્થાત્ ધર્મને બિનજરૂરી અને અનર્થકર માનવા લાગે છે.

વસ્તુતઃ ધર્મ એ બિનજરૂરી કે અનર્થકર નથી, કિન્તુ જરૂરી અને ફાયદાકારક છે. તેની અંદર પ્રવેશ પામતો ઢોંગ એ જ બિનજરૂરી અને એ ઢોંગ અતિશય કીમતી એવા ધર્મ પ્રત્યેની અશ્રદ્ધામાંથી જન્મે છે, તેથી એ અશ્રદ્ધાનો જ નાશ કરવા માટે પુરુષાર્થ ફોરવવા તત્પર બનવું જોઈએ.

## ઉન્નત વિચારોની છાયા

કીમતી વસ્તુ ઉપર પણ અકીમતીપણાની બુદ્ધિ હોય છે. ત્યાં સુધી તેના પ્રત્યે સદ્ભાવ જાગી શકતો નથી.

દા. ત., સોના ઉપર પણ પિત્તળપણાની બુદ્ધિ હોય છે, ત્યાં સુધી તેના પ્રત્યે સોના જેટલો આદર જાગી શકતો નથી.

એ જ રીતે ધર્મ ઉપર પણ શ્રદ્ધાની બુદ્ધિ જાગતી નથી, ત્યાં સુધી ધર્મક્રિયાઓ કરવા છતાં પણ, તેના તરફ હાર્દિક આદર પ્રગટી શકતો નથી. પરંતુ તેનો અર્થ એ થતો નથી કે તે ધર્મક્રિયાઓ આચરવાલાયક નથી કે આદર ન થાય ત્યાં સુધી છોડી દેવાલાયક છે.

આદર ન થાય ત્યારે પણ ધર્મક્રિયાઓ તો અવશ્ય આરાધન કરવા યોગ્ય છે. માત્ર આદર નહિ થવા દેવામાં અંતરાયભૂત થનાર અશ્રદ્ધાને દૂર કરવાની જરૂર છે. બધાનો સાર એ છે કે ધર્મક્રિયા કરનારમાં પણ દંભ પ્રવેશ પામતો હોય તો તેનું કારણ ધર્મક્રિયાઓનું પાલન નથી. પણ ધર્મક્રિયાઓના ફળ પ્રત્યે અશ્રદ્ધા પેદા કરનાર વાતાવરણ છે. એ વાતાવરણને પેદા કરાવનાર કોણ છે, એના મૂળ સુધી જો પહોંચવામાં આવશે તો એ વાત સ્પષ્ટ થઈ જશે કે મોટે ભાગે ધર્મ તરફ જેમને મુદ્દલ આદર નથી એવા વર્ગ તરફના પ્રચારકાર્યનું એ ફળ છે.

શ્રી જૈનશાસને સ્પષ્ટપણે દર્શાવેલા વિચારો, કે જેનું આછું

દર્શન અમે ઉપર કરાવ્યું તે સત્ય અને પ્રમાણભૂત નક્કર હકીકતોથી એવું સભર છે કે તેના પ્રત્યે અવિશ્વાસ થવાનાં કારણ બહુ ઓછાં છે.

જૈનકુળોમાં તે વિચારોનું વાતાવરણ, કોઈ પણ પ્રકારની પંડિ-તાઈના આડંબર વિના ચારે બાજુ ગૂંજતું હોય છે. જો કે પાશ્ચાત્ય શિક્ષણ આદિના વધુ પડતા પ્રચારથી આજે એ વિચારોની અસર જૈન-કુળોમાં પણ ભૂંસાતી જાય છે, તો પણ હજુ ઇતર કુળોની અપેક્ષાએ જૈનકુળોમાં ઉપરોક્ત વિચારો ઠીક–ઠીક પ્રમાણમાં જીવંત છે.

છેલ્લાં ત્રીસ વર્ષોમાં સ્થિતિ ઘણી બગડી છે, તો પણ જેઓ ધર્માચરણ ચાલુ રાખી રહ્યા છે. તથા જૈનકુળના આચારોએ મક્કમપણે પાળી રહ્યા છે, તેઓના ઉપર તો શ્રી જૈનશાસને દર્શાવેલા આત્મો-ન્નતિસાધક ઉન્નત વિચારોની પ્રબળ છાયા પડેલી હોય છે. અગર જો એ છાયા ન હોય, તો આટલા મોહક કાળમાં આટલી કઠક ધર્મ-ક્રિયાઓનું આચરણ સુશકય રહ્યું ન હોત.

ભારતના અહિંસક કહેવાતા રાજદ્વારી રણસંગ્રામને ઉદ્દેશીને એક પત્રકાર લખે છે કે, “આ સ્થિતિ કાંઈ એકાએક ઉદ્‌ભવી છે અથવા તો એની પાછળ દેખાદેખી છે એમ માનવાની જરૂર નથી. લાઠી ખાવામાં, દુઃખો સહન કરવામાં અથવા તો શિરનાં સાટાં કે કાયાનાં બલિદાન ધરવામાં લુખ્ખી કે ઉપરછલ્લી દોરવણી કામ લાગતી જ નથી. એ પાછળ તો બળતાં હૃદયોની જરૂર છે. બારીકાઈથી વિચાર કરીશું તો જણાશે કે આજનું વાતાવરણ ધીમે ધીમે સરજાતું આવ્યું છે. એમાં કેટલોએ દારુણ અને દિલ ઓગળાવે એવો ઇતિહાસ ભરેલો છે.” વગેરે વગેરે.

તેમ આપણે પણ કહી શકીએ તેમ છીએ કે, ઇન્દ્રિયોના ભોગો ત્યજવામાં, જીવનપર્યંત કઠક નિયમોનું પાલન કરવામાં, ઘોર તપ આચરવામાં દિવસો સુધી લુખ્ખું ખાવામાં, મળેલા અન્નપાનનો દિવસો સુધી સ્વેચ્છાપૂર્વક ત્યાગ કરવામાં, સંયમના કઠકમાં કઠક નિયમ પાળ-વામાં, તે ખાતર સ્ત્રી–પુત્ર–પરિવાર આદિના સંસર્ગને ત્યજવામાં લુખ્ખી કે ઉપરછલ્લી દોરવણી કામ આવતી નથી. એમાં બીજાના નાદે દોડાતું પણ નથી. એની પાછળ તો આત્મચિંતાથી બળતાં હૃદયની જરૂર છે.

આત્મચિંતા પ્રગટાવવા માટે સ્વવિચારણાની આવશ્યકતા છે. સ્વવિચારણા માટે બીજાઓની દોરવણી કામ આવ તીનથી. કિન્તુ સત્ય વિચારોને પ્રકાશિત કરનારા અનંતજ્ઞાની મહાપુરુષોનાં વચનોની દોરવણીની આવશ્યકતા છે.

શ્રી જૈનશાસન જે વિચારો દર્શાવે છે તે કાંઇ આજકાલ કોઇએ ઉપજાવી કાઢેલા નથી. એની પાછળ જુગજૂનો ઇતિહાસ છે. એ વિચારો પાછળ• લાખ્ખો સત્પુરુષોનાં આત્મબલિદાનો છે. હજારો ભવોના આત્મમંથન પછી પ્રાપ્ત થએલી વિશુદ્ધ દૃષ્ટિમાંથી એ વિચારોનો ઝરો વહ્યો છે. એનું સમર્થન કરનારા સત્પુરુષોની સંખ્યાનો સુમાર નથી. એ વિચારને દર્શાવનાર એક એક વચનના આલંબનથી અનંતાનંત આત્માઓ મુક્તિને વર્યા છે. એ સઘળા વિચારોના ગૂંજારવરૂપી મયૂરીઓનાં નૃત્ય જ્યાં ચાલી રહ્યાં હોય, ત્યાં કુબુદ્ધિ અને કદાગ્રહથી ભરેલા કુવિચારોરૂપી સર્પોને ફરકવાનો પણ અવકાશ નથી.

### શ્રદ્ધાનું પાન કરો અને કરાવો

પરંતુ જે કાળમાં કુમતિગ્રસ્ત આત્માઓ તરફથી ફેલાવાતા દુર્વિચારરૂપી સર્પોનો ભય ન રાખવામાં આવતો હોય અને એ સર્પોના ઝેરને ઉતારનાર ગારૂડીઓના મંત્રોનો અગર મયૂરીઓનાં નૃત્યોનો જ ભય ધારણ કરવામાં આવતો હોય, તે કાળમાં તેવા આત્માઓને બચાવવામાં, મહાન ઉપકારીઓ પણ સમર્થ ન નીવડે તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

જેઓ ધર્મક્રિયાઓમાં પ્રવેશ પામનારા દંભથી ડરનારા છે અથવા અંધશ્રદ્ધાએ થતી ધર્મક્રિયાઓને નિષ્ફળ જતી માનનારા છે, તેઓની તો વિશેષે કરીને એ ફરજ થઈ પડે છે કે, ધર્મક્રિયાઓમાં પ્રવેશ પામતા દંભ અને અંધશ્રદ્ધાના ઝેરને ઉતારી નાખનાર શ્રદ્ધાનાં પાન પોતે કરે તેમજ બીજાને કરાવે.

સત્યની કસોટી પર સો ટચની શુદ્ધિ ધરાવતા શ્રી જિનાગમમાંથી

ઝરતા સુવિચારોનાં ઝરણાંઓ ઉપર લોકોની સુકાતી જતી શ્રદ્ધાને ફરી નવપલ્લવિત બનાવે.

જેઓ એ કાર્ય કરવાને બદલે એથી વિપરીત કાર્ય જ કરતા હોય અર્થાત્ શ્રી જિનાગમે કહેલા વિચારો પ્રત્યે શ્રદ્ધાળુ આત્માઓની શ્રદ્ધાનો પણ નાશ કરવાના પ્રયત્નો કરતા હોય તે આત્માઓ કેટલા અધમ કોટિના વિચારોથી ગ્રસ્ત હોવા જોઈએ. એ વાંચકોએ સ્વયં વિચારી લેવું કે જેથી એવા આત્માઓના સ્વપરહિતઘાતક પ્રચારકાર્યથી સ્વયં બચી શકાય અને અન્યોને પણ બચાવી શકાય.

## સહુનું પરમ કર્તવ્ય

અત્યાર સુધી આપણે એ જોઈ આવ્યા કે, શ્રી જૈનશાસને દર્શાવેલો આરાધનાનો માર્ગ, એ વર્તમાન દુનિયા માટે બિનજરૂરી છે અગર જરૂરી હોય તો પણ પાલન કરવા માટે તો સર્વથા અશક્ય છે, એમ કહેનારની દલીલો વજુદ વિનાની છે; એટલું જ નહિ પણ વર્તમાન દુનિયાને સહુથી અધિક જરૂર જો કોઈ પણ વસ્તુની હોય, તો તે શ્રી જિનશાસને ફરમાવેલા આચારો અને વિચારોના પાલનની છે.

વર્તમાનમાં ઉપસ્થિત થએલી બાહ્ય અને આંતરિક ઉપાધિઓને ટાળવાનું એનાથી ચઢીઆતું બીજું એક પણ સંગીન, નિર્દોષ અને સહુથી આચરી શકાય તેવું સુગમ સાધન નથી. એની ઉપકારકતાનો જગતને ખ્યાલ આવે તેવો પ્રયત્ન કરવો, એ પરોપકાર રસિક પુરુષોનું કર્તવ્ય છે. એ કર્તવ્યની આડે આવવું, એ પ્રાણીઓના સાચા હિતના માર્ગમાં કાંટા વેરવા જેવું છે.

અજ્ઞાન, સ્વાર્થ યા દુષ્ટ સ્વભાવ આદિના કારણે જે કોઈ આત્માઓ જગતના આ અજોડ કલ્યાણપથમાં કાંટા વેરવાનું કાર્ય કરી રહેતા હોય, તેઓને તેમના તે પ્રયત્નમાં સફળ ન થવા દેવા અને એકાંત પરોપકાર વૃત્તિથી પ્રેરાએલા સત્પુરુષોની સન્માર્ગને પ્રકાશિત કરવાની પ્રવૃત્તિઓમાં સહાયભૂત થવું એ પ્રત્યેક કલ્યાણકામી આત્માનું પરમ કર્તવ્ય છે.

# પ્રકરણ નવમું

## ઉપકારક કરણી

### છ આવશ્યકોથી થતા લાભ

આટલી પીઠિકા કરી, હવે શ્રી જૈનશાસ્ત્રને દર્શાવેલ, સાધુ અને શ્રાવક એ ઉભય માર્ગમાં રહેલા આત્માઓને નિરંતર આરાધના કરવા યોગ્ય જે અનેક પ્રકારના માર્ગો બતાવ્યા છે, તેમાંથી માત્ર નમૂનારૂપ બે-ત્રણ અહીં દર્શાવીએ છીએ.

તેમાં સૌથી પ્રથમ, આ પુસ્તકના પ્રારંભમાં જણાવેલ શ્રી ષડાવશ્યકની આરાધના છે. શ્રી ષડાવશ્યકની આરાધનાને, સાધુ અને શ્રાવકે પ્રતિદિન, ઉભય કાળ કરવા લાયક આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે.

આવશ્યક એટલે અવશ્ય કરવા લાયક ઉભય કાળની એ ક્રિયાને એક દિવસ પણ નહિ આચરનાર મોટામાં મોટા આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ હોય, તો તે આચર્ય, ઉપાધ્યાય કે સાધુ કહેવડાવવાને લાયક નથી, એ શ્રી જૈનશાસનની મર્યાદા છે.

જ્યાં સુધી જે સાધુ છઠ્ઠા ગુણ સ્થાનકની હદ્દ વરાવી આગળ વધેલ નથી, ત્યાં સુધી તે ઉભય કાળ 'આવશ્યક ક્રિયા' કરવા ફરજીઆત બંધાએલા છે. સાધુના આચારમાં પ્રાણ પૂરનાર 'આવશ્યક ક્રિયા' છે.

એ જ રીતે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને પણ સમ્યક્ચારિત્રની નિરંતર શુદ્ધિ અને વૃદ્ધિ માટે તે જ ક્રિયાનો મોટો આધાર છે.

એ ષડાવશ્યકમાં શું વસ્તુ છે ? તેનો સંક્ષેપમાં અહીં વિચાર કરવો આવશ્યક છે. તે સંબંધ સિદ્ધાન્તમાં કહ્યું છે કે,

**'सावज्जजोग विरई उक्कित्तण गुणवओ अ पडिवत्ती।**
**खलियस्स य निंदणा, वणति गिच्छ गुणधारणा चेव ॥ १ ॥'**

અર્થ :– સાવદ્ય (પાપવાળા) યોગથી વિરામ પામવું, એ 'સામાયિક' નામના પ્રથમ આવશ્યકની વસ્તુ છે.

આરાધનાનો માર્ગ સૌથી પ્રથમ બતાવનાર શ્રી જિનેશ્વરદેવનું કીર્તિન કરવું, એ 'ચઉવિસત્થો' નામના બીજા આવશ્યકની વસ્તુ છે.

મૂળ અને ઉત્તર ગુણોને ધારણ કરનાર નિર્ગ્રંથ ગુરુઓની ભક્તિ કરવી એ 'વન્દનક' નામના ત્રીજા આવશ્યકની વસ્તુ છે.

મૂળ અને ઉત્તર ગુણોના પાલનમાં થએલી સ્ખલનાઓને નિંદવી, એ 'પ્રતિક્રમણ' નામના ચોથા આવશ્યકની વસ્તુ છે.

વ્રતમાં લાગેલા અતિચારરૂપી ભાવવ્રણને રૂઝવવાની ક્રિયા એ 'કાયોત્સર્ગ' નામના પાંચમા આવશ્યકની વસ્તુ છે.

અને વિરતિ આદિ નવા–નવા ગુણોને ધારણ કરવાની ક્રિયારૂપ પ્રત્યાખ્યાન એ 'પચ્ચખ્ખાણ' નામના છઠ્ઠા આવશ્યકની વસ્તુ છે.

આ છ આવશ્યકના સ્વરૂપની વિશદ સ્પષ્ટતા આ મુજબ છે.

**'સામાયિક'** નામના આવશ્યકથી આત્માના ચારિત્રગુણની વિશુદ્ધિ થાય છે. કારણ કે સામાયિકમાં સર્વ પ્રકારના સાવદ્ય (પાપવાળા) યોગો (મન–વચન–કાયાના વ્યાપારો)નું વર્જન છે અને નિરવદ્ય (પાપ-રહિત) યોગોનું સેવન છે.

**'ચઉવિસત્થો'** અર્થાત્ 'ચતુર્વિંશતિ સ્તવ' નામના આવશ્યકથી આત્માના દર્શનગુણની વિશુદ્ધિ થાય છે. કારણ કે તેમાં અતિ અદ્ભુત ગુણોને ધારણ કરનારા શ્રી જિનેશ્વરદેવોનું કીર્તન છે.

'**વન્દનક**' નામના આવશ્યકથી આત્માના જ્ઞાનાદિ ગુણોની શુદ્ધિ થાય છે. કારણ કે તેમાં જ્ઞાનાદિ ગુણોને ધારણ કરનારા મુનિવરોની ભક્તિ છે.

'**પ્રતિક્રમણ**' નામના આવશ્યકથી પણ તે જ જ્ઞાનાદિ ગુણોની આરાધનામાં થએલી સ્ખલનાઓની વિધિપૂર્વક નિંદા તેમજ ગર્હા છે.

'**કાયોત્સર્ગ**' નામના આવશ્યકથી ચારિત્રાદિ ગુણોથી આરાધનામાં થએલી સ્ખલનાઓની બાકી રહેલી શુદ્ધિ, વ્રણ–ચિકિત્સાના દૃષ્ટાન્ત મુજબ થાય છે. અર્થાત્ વ્રણ એટલે ગૂમડાને કાપ્યા પછી તેને રૂઝવવા માટે ચિકિત્સા કરવાની જેમ આવશ્યકતા રહે છે, તેમ 'પ્રતિક્રમણ' નામના આવશ્યકથી નહિ શુદ્ધ થએલા દોષોને શુદ્ધ કરનાર 'કાર્યોત્સર્ગ' આવશ્યક છે.

'**પચ્ચખ્ખાણ**' નામના આવશ્યકથી તપના આચારમાં લાગેલી અશુદ્ધિઓની શુદ્ધિ થાય છે. કારણ કે તેમાં વિરતિ આદિ ગુણોનું ધારણ છે.

આત્માના વીર્યગુણની વિશુદ્ધિ અર્થાત્ વીર્યાચારની શુદ્ધિ સર્વ આવશ્યકો વડે થાય છે. મતલબ કે સર્વ આવશ્યકોમાં મન–વચન અને કાયાનું બળ ફોરવાનું હોવાથી, તેના વડે વીર્યાચારની વિશુદ્ધિ થાય છે.

આ રીતે 'સામાયિક'થી માંડી 'પચ્ચખ્ખાણ'પર્યંતના છએ આવશ્યકોથી, સમ્યગ્દર્શન આદિ અપ્રાપ્ત ગુણોની આત્માને પ્રાપ્તિ થાય છે. અને પ્રાપ્ત સમ્યગ્દર્શન આદિ ગુણોની નિર્મળતા, વૃદ્ધિ તથા સ્થિરતા થાય છે.

દેહની શુદ્ધિ માટે જેમ સ્નાનની આવશ્યકતા રહે છે તથા દેહની પુષ્ટિ, વૃદ્ધિ અને રક્ષા માટે જેમ હવા, પ્રકાશ અને ખોરાકની આવશ્યકતા રહે છે, તેમ આત્મગુણોની મલિનતા ટાળવા માટે અને તેની પુષ્ટિ, વૃદ્ધિ અને રક્ષા માટે આ આવશ્યક ક્રિયાઓની આવશ્યકતા રહે છે, અને શુદ્ધ ભાવથી અને અપ્રમત્તપણે આચરનાર આત્મા, પોતાના જ્ઞાનાદિ ગુણોની શુદ્ધિ, વૃદ્ધિ અને પુષ્ટિ અવશ્ય કરી શકે છે. એ

ક્રિયાઓની સહાય વિના, આત્મગુણોની વૃદ્ધિ આદિની અભિલાષાવાળા આત્માઓ વડે પણ તે વૃદ્ધિ આદિ થઈ શકતાં નથી.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા એક સ્થળે ફરમાવે છે કે—

'गुणवद् बहुमानादे-र्नित्य स्मृत्या च सत्क्रिया ।
जातं न पातयेद्भाव-मजातं जनयेदपि ॥ १ ॥'

અર્થ :–સત્ક્રિયા એ ઉત્પન્ન થએલા ભાવથી આત્માનું પતન થવા દેતી નથી અને નહિ ઉત્પન્ન થએલા ભાવને પણ પેદા કરે છે. કારણ કે (આવશ્યકાદિ) સત્ક્રિયાઓ વડે ગુણવાન આત્માઓનું બહુમાન થાય છે તથા અંગીકર કરેલા વ્રતનિયમોનું નિત્ય સ્મરણ થાય છે.

### ચતુઃશરણ-ગમનાદિની મહત્તા

'ષડાવશ્યક'રૂપી આરાધના એ જેમ શ્રી જિનમાર્ગમાં રહેલા સાધુઓ અને શ્રાવકો માટે ઉભય કાળ (સવાર-સાંજ) અવશ્ય આરાધવા યોગ્ય છે, તેમ આપણે હવે એવી એક આરાધના જોવી છે, કે જેનું આરાધન સાધુઓ અને શ્રાવકો ઉભય માટે નિત્ય ત્રિકાળ કરવા યોગ્ય છે. એટલું જ નહિ પરંતુ સંક્લેશ વખતે વારંવાર કરવા લાયક છે. જેથી આત્મા સમાધિને પામી શકે છે અને અસમાધિથી બચી શકે છે.

એ આરાધનાનું નામ છે, '**ચતુઃશરણ-ગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદન.**' એ ત્રણે પ્રકારની આરાધનાનું વર્ણન દેવાધિદેવ શ્રી વીરભદ્રમુનિએ શ્રી '**ચતુઃશરણ પ્રકીર્ણક**' નામના ગ્રંથરત્નમાં કરેલું છે. અને તેના અંતે લખ્યું છે કે—

"આ ચતુઃશરણાદિને નિરંતર આચરતો શુભ પરિણામવાળો જીવ, નવી-નવી શુભ (પુણ્ય) પ્રકૃતિઓને બાંધે છે તથા પૂર્વે બાંધેલી શુભ (પુણ્ય) પ્રકૃતિઓને શુભ અનુબંધવાળી બનાવે છે. પૂર્વે બાંધેલી મંદ રસવાળી પુણ્યપ્રકૃતિઓને તીવ્ર રસવાળી કરે છે તથા અશુભ

(પાપ) પ્રકૃતિઓને અનુબંધરહિત કરે તે અને તીવ્ર રસવાળી અશુભ (પાપ) પ્રકૃતિઓને મંદ રસવાળી બનાવે છે. એ કારણે પંડિત પુરુષોએ સંકલેશ (રોગાદિ આપત્તિ) વખતે એને વારંવાર આચરવી અને અસંકલેશ (આપત્તિ સિવાયના કાળ)માં ત્રિકાળ આચરવી. જેના યોગે આત્મા પુણ્યાનુબંધી પુણ્યને ઉપાર્જન કરનારો થાય છે.

મનુષ્યભવ પામવા છતાં જેઓએ આ 'ચાર'નું શરણ અંગીકાર કર્યું નથી, દુષ્કૃતની નિંદા કે સ્વપર–સુકૃતની અનુમોદના કરી નથી, તેઓનો જન્મ નિષ્ફળ ગયો સમજવો. ચતુઃશરણ–ગમનાદિનું ત્રણે કાળ અધ્યયન એ પ્રમાદરૂપી મોટા દુશ્મનનો નાશ કરનાર છે, ભવનો અંત કરનાર છે અને મુક્તિ સુખનું સચોટ કારણ છે."

શ્રી પંચસૂત્રના રચયિતા ભગવંત તથા તે સૂત્ર પર ટીકા રચનારા ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પણ, શ્રી પંચસૂત્રના પ્રથમ સૂત્રમાં જ આ આરાધનાનું મહત્ત્વ સુંદર શબ્દોમાં સ્થાપન કરે છે અને આદિમાં જ ફરમાવે છે કે—

'લોકમાં (ત્રણ જગતમાં) આ જીવ નિશ્ચે અનાદિ છે, જીવનો સંસાર અનાદિ છે અને એ સંસાર અનાદિકર્મ સંયોગથી નિર્માએલો છે, દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખનો અનુભવ કરનાર છે. એ સંસારના નાશનો ઉપાય શુદ્ધ ધર્મનું આસેવન છે. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપકર્મના વિગમથી થનારી છે અને પાપકર્મનો તથા ભવ્યત્વાદિના પરિપાકથી થાય છે. તે તથા ભવ્યત્વાદિ ભાવને પરિપકવ કરવાનાં સાધનો તે, 'ચતુઃશરણગમન,' 'દુષ્કૃતગર્હા' અને 'સુકૃતાનુમોદન' છે. એ કારણે કલ્યાણકામી ભવ્ય આત્માઓએ નિરંતર મનની એકાગ્રતાપૂર્વક તેનું સેવન કરવું જોઇએ અને સંકલેશ વખતે તો વારંવાર સેવવાં જોઈએ.

ચતુઃશરણગમન એટલે (૧) શ્રી અરિહંત પરમાત્મા, (૨) શ્રી સિદ્ધ પરમાત્મા, (૩) શ્રી સાધુ ભગવંત અને (૪) કેવળી ભગવંતોએ પ્રકાશેલો ધર્મ. આ ચારનું શરણ સ્વીકારવારૂપ જે સત્કર્મ તે ચતુઃશરણગમન નામે પ્રસિદ્ધ છે.

દુષ્કૃતગર્હા એટલે ભવભવાંતરમાં આ જીવે જાણતાં કે અજાણતાં મનથી, વચનથી કે કાયાથી જે કોઈ દુષ્કૃત સેવ્યું હોય, સેવરાવ્યું હોય યા અન્યના કોઈ પણ દુષ્કૃતની યા પોતાના પણ દુષ્કૃતની અનુમોદના કરી હોય તેની ત્રિવિધે-ત્રિવિધે નિંદા કરવી તે, ગર્હા કરવી તે, કટુમાં કટુ આલોચના કરવી તે.

સુકૃતાનુમોદન એટલે ભવભવાંતરમાં આ જીવે તેમજ ત્રણ જગતમાંના જે કોઈ આત્માઓએ સુકૃતો કર્યાં હોય, કરાવ્યાં હોય તેમજ તેવાં સુકૃતોની ત્રિવિધે-ત્રિવિધે અનુમોદના કરી હોય તેની ચઢતે પરિણામે મન-વચન-કાયાથી અનુમોદના કરવી તે.

આ આરાધનાનું સંસ્કૃત યા પ્રાકૃત ભાષામાં અધ્યયન નહિ કરી શકનાર આત્માઓ ઉપર ઉપકાર કરવા માટે પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજા ગુજરાતી પદ્યોમાં નીચેના આકારે રજૂ કરે છે.

જેનું નામ છે '**શ્રી અમૃતવેલ**'ની સજ્ઝાય.

ચેતન જ્ઞાન અજુઆળીએ,
ટાળીએ મોહ સંતાપ રે,
ચિતડું ડમડોળતું વાળીએ,
પાળીએ સહજ ગુણ આપ રે....**ચેતન૦ ૧**

ઉપશમ અમૃતરસ પીજીએ,
કીજીએ સાધુ ગુણગાન રે,
અધમ વયણે નવિ ખીજીએ,
દીજીએ સજ્જનને માન રે....**ચેતન૦ ૨**

ક્રોધ અનુબંધ નવિ રાખીએ,
ભાખીએ, વયણ મુખ સાચ રે,
સમકીત-રત્ન રુચિ જોડીએ,
છોડીએ કુમતિ મતિ કાચ રે....**ચેતન૦ ૩**

શુદ્ધ પરિણામને કારણે,
ચારનાં શરણ ધરે ચિત્ત રે,
પ્રથમ તિહાં શરણ અરિહંતનું,
જેહ જગદીશ જગમિત્ત રે....**ચેતન૦ ૪**

જે સમવસરણમાં રાજતા,
ભાંજતા ભાવિક સંદેહ રે,
ધર્મનાં વચન વરસે સદા,
પુષ્કરાવર્ત જિમ મેહ રે....**ચેતન૦ ૫**

શરણ બીજું ભજે સિદ્ધનું,
જે કરે કર્મ ચકચૂર રે,
ભોગવે રાજ શિવનગરનું,
જ્ઞાન આનંદ ભરપૂર રે....**ચેતન૦ ૬**

સાધુનું શરણ ત્રીજું ધરે,
જેહ સાધે શિવ પંથ રે,
મૂળ–ઉત્તર ગુણે જે ભર્યા,
ભવ તર્યા ભાવ નિર્ગ્રન્થ રે....**ચેતન૦ ૭**

શરણ ચોથું કરે ધર્મનું,
જેહમાં વર દયા ભાવ રે,
જે સુખ હેતુ જિનવર કહ્યો,
પાપજળ તારવા નાવ રે....**ચેતન૦ ૮**

ચારનાં શરણ એ પડિવજે,
વળી ભજે ભાવના શુદ્ધ રે,
દુરિત સવિ આપણાં નિંદીએ,
જેમ હોએ સંવર વૃદ્ધિ રે....**ચેતન૦ ૯**

ઇહ ભવ, પર ભવ આચર્યાં,
પાપ–અધિકરણ મિથ્યાત્વ રે,
જે જિનાશાતનાદિક ઘણો,
નિંદીએ તુહ ગુણ ઘાત રે....**ચેતન૦ ૧૦**

ગુરુતણાં વચન જે અવગણી,
ગૂંથિયાં આપ મત જાળ રે,
બહુ પરે લોકને ભોળવ્યાં,
નિંદીએ તેહ જંજાળ રે....ચેતન૦ ૧૧

જેહ હિંસા કરી આકરી,
જેહ બોલ્યા મૃષાવાદ રે,
જેહ પર ધન હરી હરખિયાં,
કીધલો કામ ઉન્માદ રે....ચેતન૦ ૧૨

જેહ ધન-ધાન્ય મુર્છા ધરી,
સેવીઆ ચાર કષાય રે,
રાગ ને દ્વેષને વશ હુઆ,
જે કિયો કલહ ઉપાય રે....ચેતન૦ ૧૩

જૂઠ જે આળ પરને દિયા,
જે કર્યાં પિશુનતા પાપ રે,
રતિ-અરતિ નિંદા-માયા મૃષા,
વલી ય મિથ્યાત્વ સંતાપ રે....ચેતન૦ ૧૪

પાપ જે એહવાં સેવીઆં,
નિંદીએ તેહ ત્રિહુ કાળ રે,
સુકૃત અનુમોદના કીજીએ,
જિમ હોએ કર્મ વિસરામ રે....ચેતન૦ ૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે,
સાર જિન નામ સંયોગ રે,
તેહ ગુણ તાસ અનુમોદીએ,
પુણ્ય અનુબંધ શુભ યોગ રે....ચેતન૦ ૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના,
ક્ષય થકી ઉપની જેહ રે,
જેહ આચાર આચાર્યના,
ચરણ-વન સિંચવા મેહ રે....ચેતન૦ ૧૭

જે ઉવજ્ઝાયનો ગુણ ભલો,
સૂત્ર સજ્ઝાય પરિણામ રે,
સાધુની જે વળી સાધુતા,
મૂળ–ઉત્તર ગુણ ધામ રે....**ચેતન૦ ૧૮**
જેહ વિરતિ દેશ શ્રાવક તણી,
જે સમકીત સદાચાર રે,
સમકીત દૃષ્ટિ સુરનર તણો,
તેહ અનુમોદીએ સાર રે....**ચેતન૦ ૧૯**
અન્યમાં પણ દયાદિક ગુણો,
જે જિનવચન અનુસાર રે,
સર્વ તે ચિત્ત અનુમોદીએ
સમકીત બીજ નિરધાર રે....**ચેતન૦ ૨૦**
પાપ નવિ તીવ્ર ભાવે કરે,
જેહને નવિ ભવરાગ રે,
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા,
તેહ અનુમોદવા લાગ રે....**ચેતન૦ ૨૧**
થોડલો પણ ગુણ પર તણો,
સાંભળી હર્ષ મન આણ રે,
દોષ લવ પણ નિજ દેખતાં,
નિર્ગુણ નિજ આતમા જાણ રે....**ચેતન૦ ૨૨**
ઉચિત વ્યવહાર અવલંબને,
એમ કરી સ્થિર પરિણામ રે,
ભાવીએ શુદ્ધ નય ભાવના,
પાવનાશય તણું ઠામ રે....**ચેતન૦ ૨૩**
દેહ, મન, વચન, પુદ્ગલ થકી,
કર્મથી ભિન્ન તુજ રૂપ રે,
અક્ષય, અકલંક છે જીવનું,
જ્ઞાન આનંદ સ્વરૂપ રે....**ચેતન૦ ૨૪**

કર્મથી કલ્પના ઊપજે,
પવનથી જેમ જલધિ વેલ રે,
રૂપ પ્રગટે સહજ આપણું,
દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે.... **ચેતન૦ ૨૫**

ધારતાં ધર્મની ધારણા,
મારતાં મોહ વડચોર રે,
જ્ઞાન રુચિ વેલ વિસ્તારતાં,
વારતાં કર્મનું જોર રે.... **ચેતન૦ ૨૬**

રાગ વિષ દોષ ઉતારતાં
જારતાં દ્વેષ રસ શેષ રે,
પૂર્વ મુનિ વચન સંભારતાં,
સારતાં કર્મ નિઃશેષ રે.... **ચેતન૦ ૨૭**

દેખિયે માર્ગ શિવનગરનો,
જે ઉદાસિત પરિણામ રે,
તેહ, અણ છોડતાં ચાલિયે,
પામીએ જેમ પરમ ધામ રે.... **ચેતન૦ ૨૮**

**શ્રી નયવિજય** ગુરુ શિષ્યની,
શીખડી **'અમૃતવેલ'** રે,
એહ જે ચતુર નર આદરે,
તે લહે **સુજશ** રંગરેલ રે.... **ચેતન૦ ૨૯**

સહુ કોઈ સમજી શકે તેવી સરળ અને સંગીતમય ભાષામાં ત્રિકાલોચિત આરાધનાનું સ્વરૂપ ઉપકારી મહાપુરુષે આ એક જ સ્વાધ્યાયમાં ગૂંથી આપ્યું છે. જેને આરાધનાના અર્થી પ્રત્યેક આત્માએ કંઠસ્થ કરીને ત્રિકાળ પઠન કરવા યોગ્ય છે.

પ્રથમની ચાર ગાથામાં પીઠિકા કરી, બીજી ચાર ગાથામાં શ્રી અરિહંતાદિ ચારનું શરણ સ્વીકારવાનું ફરમાવ્યું છે. તે પછીની સાત

ગાથામાં 'દુષ્કૃતની નિંદા', સાત ગાથામાં 'સુકૃતની અનુમોદના' અને છેલ્લી સાત ગાથામાં 'શેષ-આરાધના'નું સ્વરૂપ વર્ણવ્યું છે.

આ સજ્ઝાયમાંનો પ્રત્યેક શબ્દ પ્રમાદી આત્માને જાગૃત કરે છે. તથા આરાધક આત્માને જીવન કેવી રીતે વીતાવવું જોઈએ, તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

આ સજ્ઝાયનું વાંચન અને મનન પરમ લાભપ્રદ હોઈ તેને વારંવાર મનનપૂર્વક વાંચવા અને વિચારવામાં સ્વ તેમજ પર ઉભયનું હિત સમાએલું છે.

## નવી દૃષ્ટિ

મિથ્યાત્વ અવસ્થામાં પોતાનો સ્વાર્થ, અને તેનું પોષણ, તથા બીજાઓ પ્રત્યે દ્વેષ અને ઈર્ષ્યાભાવ હોય છે. ત્યારે સમ્યક્ત્વ પામ્યા પછીની અવસ્થામાં પોતાની આસ-પાસનાં જીવોમાં પોતાની સમાન આત્મતત્ત્વનું દર્શન હોય છે. તેથી તેના પ્રત્યે સ્નેહ, સહાનુભૂતિ, કારુણ્ય, વાત્સલ્ય આદિની ભાવના ઉત્પન્ન થાય છે. અને જે અશુભ વૃત્તિ-ઓના કારણે જીવોમાં સંઘર્ષ પેદા થાય છે તે વૃત્તિઓ પ્રત્યે વિરક્તિ જાગે છે. આ નવી દૃષ્ટિના ફલસ્વરૂપ સમ્ય-ક્ત્વનાં લક્ષણો પ્રગટે છે તેનાં નામ શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય છે.

## પ્રકરણ દસમું

# અંતિમ આરાધના

**અંતિમ કાળની આરાધના :**

'ષડાવશ્યક' અને 'ચતુઃશરણગમનાદિ' એ બે આરાધના ઉપરાંત ત્રીજી આરાધના શ્રી જૈનશાસને દર્શાવી છે તે 'અંતિમ કાળની આરાધના' કહેવાય છે. અને ઉપરોક્ત બંને પ્રકારની આરાધનાઓ કરતાં અપેક્ષાએ તે અધિક મહત્ત્વની લેખાય છે.

આ જૈનશાસનમાં સાધુ અને ગૃહસ્થ માટે જેમ અનેક પ્રકારનાં વ્રતો દર્શાવવામાં આવ્યાં છે, તેમ આ 'અંતિમ–આરાધના' યાને 'સંલેષણા વ્રત' પણ દર્શાવવામાં આવ્યું છે.

સાધુ યા શ્રાવકના જીવનમાં અન્ય વ્રતોની જેટલી ઉપયોગિતા છે, તેના કરતાં અનેકગણી અધિક ઉપયોગિતા આ સંલેષણા વ્રતની છે.

જીવનમાં કરેલી સઘળી આરાધનાઓની સફળતાનો આધાર આ અંતિમ આરાધના ઉપર છે. અંતિમ કાળે અર્થાત્ આયુષ્યના અંત સમયે કરવા યોગ્ય આરાધના કર્યા વિના જ મૃત્યુ થઈ જાય, તો ગમે તેવા આરાધક આત્માની પણ ગતિ બગડી જાય. એટલું જ નહિ, પણ કર્મવશાત્ જીવનપર્યંત જે આત્મા આરાધના નથી કરી શક્યો, તે

આત્મા પણ જો આ સમયે આરાધનાને સાધી લે, તો તેની ગતિ સુધરી જાય, એવો આ ‘ અંતિમ આરાધના ’નો મહિમા છે.

જન્માંતરની ગતિનો આધાર, મરણની છેલ્લી ઘડીએ પડેલા આયુષ્યના બંધ ઉપર છે. એ બંધ વખતે જે આત્મા ભૂલ કરે છે, તે સુગતિના આયુષ્યથી ભ્રષ્ટ થાય છે.

એક વખત દુર્ગતિનું આયુષ્ય બંધાઈ ગયું, પછી પૂર્વની સઘળી આરાધનાને કરમાઈ જવાની પરિસ્થિતિ પેદા થાય છે. વિપરીત સામ-ગ્રીઓ મળવાથી, પૂર્વની આરાધનાના યોગે ઉપાર્જિત થએલ પુણ્ય યા નિર્જરા કરતાં અનેકગણું અધિક પાપ અને કર્મબંધનો સંચય થાય થાય છે. અને પૂર્વના પુણ્યને પણ પાપરૂપે પલટાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. એ કારણે આયુષ્યની છેલ્લી ઘડી બહુ સંભાળવાની હોય છે, અને એ સંભાળ ઉપર શ્રી જૈનશાસને પૂરતો ભાર મૂક્યો છે.

### આયુષ્યનો બંધ ક્યારે :

આયુષ્યનો બંધ જેમ આયુષ્યની છેક છેલ્લી ઘડીએ થાય છે, તેમ તે પૂર્વે પણ નથી થતો એવું નથી.

આયુષ્યના ત્રીજા ભાગે જન્માંતરના આયુષ્યનો બંધ માનેલો છે. અર્થાત્ ૮૧ વર્ષનું આયુષ્ય હોય તો ૫૪ મા વર્ષે અને ૫૪ વર્ષનું આયુષ્ય હોય તો ૩૬ મા વર્ષે અને ૩૬ વર્ષનું આયુષ્ય હોય તો ૨૪ મા વર્ષે આયુષ્યનો બંધ પડી શકે છે. તે સમયે બંધ ન પડે તો બાકી રહેલાં વર્ષોના ત્રીજા ભાગે પણ તે પડે છે અને તે સમયે પણ ન પડે તો બાકીનાં વર્ષોના બે ભાગ ગયા પછી એમ યાવત્ આયુ-ષ્યની છેલ્લી ક્ષણ ( છેલ્લા અંતર્મુહૂર્ત ) સુધી આયુષ્યનો બંધ માનેલો છે. પરંતુ તે એક જ વખત થાય છે અને થયા પછી ફરતો નથી.

આયુષ્ય–બંધ માટે અંતિમ સમયને મુખ્ય માનેલો છે, તેનાં ઘણાં કારણો છે. ઔપપાતિક દેવ અને નારકીના ભવોમાં અનપવર્તી ( ઓછું નહિ થનારું ) આયુષ્ય હોવાથી, ત્યાં આયુષ્ય–બંધ માટે છ

માસનો નિયમ છે. અર્થાત્ આયુષ્ય છ મહિના જેટલું બાકી રહે છે ત્યારે જન્માંતરના આયુષ્યનો બંધ થાય છે.

અસંખ્ય વર્ષના અનપવર્તી આયુષ્યવાળા મનુષ્ય, તિર્યંચ અને બીજા પણ નિરુપમક્રમી અનપવર્તી આયુષ્યવાળા શલાકા પુરુષો આદિ માટે પણ તે જ નિયમ છે. તે સિવાયના મનુષ્યોનું આયુષ્ય અપવર્તનીય અને સોપક્રમી હોય છે. વિષ–શસ્ત્રાદિના પ્રયોગથી તે આયુષ્યનું અપવર્તન (ઓછું) થાય છે. એટલે ઘણા દિવસોએ ભોગવવા લાયક તે થોડા સમયમાં ભોગવાઈ જાય છે.

જન્માંતરનું આયુષ્ય બાંધ્યા વિના કોઈનું પણ મરણ થતું નથી. એ કારણે સોપક્રમી અપવર્તનીય આયુષ્યવાળા મનુષ્ય–તિર્યંચોને ઘણે ભાગે આયુષ્યના અંતકાળે જ જન્માંતરનું આયુષ્ય બાંધવાનો વખત આવે છે અને તેથી તેમનો અંતિમ સમય બહુ મૂલ્યવાન ગણાય તે સ્વાભાવિક છે.

## મરણ સમયે કરવાની દશ ક્રિયાઓ :

શાસ્ત્રોમાં કહ્યું છે કે,

'જે આત્મા મરણ સમયે 'ભક્તપરિજ્ઞા' નામના 'પ્રકીર્ણક'માં કહેલા વિધિ મુજબ મરે છે, તે આત્મા નિશ્ચયથી વૈમાનિક કલ્પોમાં ઉત્પન્ન થાય છે; એટલું જ નહિ પણ ઉત્કૃષ્ટથી સાતમા ભવે સિદ્ધ અવશ્ય સિદ્ધ થાય છે.'

મરણપથારીએ રહેલો માંદો માણસ, સદ્ગુરુને નમસ્કાર કરીને વિનવે કે, 'હે ભગવન્! હવે મને અવસરને ઉચિત ફરમાવો.' તેના જવાબમાં ગુરુમહારાજ તેને છેવટની આરાધના કરી લેવા માટે નીચે મુજબ ફરમાવે. ગુરુનો યોગ ન હોય તો ઉત્તમ શ્રાવકના મુખે તેનું શ્રવણ કરો.

ગુરુ કહે છે કે, 'મરણ સમયે'

(૧) અતિચારને આલોવવા જોઈએ.

(૨) વ્રતો ઉચ્ચરવાં જોઈએ.

(૩) જીવોને ક્ષમા આપવી જોઈએ.

(૪) અઢાર પાપસ્થાનકોને વોસરાવવાં જોઈએ.

(૫) શ્રી અરિહંતાદિ ચારનાં શરણ ગ્રહણ કરવાં જોઈએ.

(૬) દુષ્કૃતની નિંદા કરવી જોઈએ.

(૭) સુકૃતની અનુમોદના કરવી જોઈએ.

(૮) અનશન આદરવું જોઈએ.

(૯) શુભ ભાવના ભાવવી જોઈએ.

(૧૦) શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવો જોઈએ.

અંતિમ આરાધનાનાં આ દશ પ્રકારના કર્તવ્યોમાં શ્રી અરિહંતાદિ ચારનું શરણુ, દુષ્કૃતનિંદા અને સુકૃતની અનુમોદનાં એ ત્રણે કર્તવ્યો તો નિત્યની આરાધનામાં આવી જ જાય છે. તો પણ મરણ વખતે તે સવિશેષપણે કરવાં જોઈએ.

જન્મ લીધા પછી મરણ પામ્યા સિવાય કોઈને પણ ચાલતું નથી. તો પણ પંડિતમરણની વિધિએ મરણ પામનાર આત્મા, અધિક સાત યા આઠ ભવમાં જ જન્મ-મરણની પરંપરામાંથી છૂટવા સમર્થ બની શકે છે.

જ્યાં સુધી મૃત્યુના ભયનું નિવારણ કરી શકાયું નથી, ત્યાં સુધી બીજા ભયોનું નિવારણ કિંમત વિનાનું માનેલું છે. ખરો ભય જ મૃત્યુનો છે. એ ભય નાશ નથી પામ્યો, ત્યાં સુધી બીજા ભયોથી થએલું સંરક્ષણ ક્ષણજીવી છે. એવાં ક્ષણજીવી સંરક્ષણોમાં રાચવું એ તત્ત્વવેત્તાઓનું કાર્ય નથી. એ માટેના પ્રયત્નો એ સાચો પુરુષાર્થ નથી. સાચો પુરુષાર્થ મૃત્યુના વિજયમાં છે, અને એને સાધનારા જ સાચા મહાન પુરુષો છે.

## અતિચાર-આલોચના

મરણ વખતના દશ કર્તવ્યોમાં ચોથું કર્તવ્ય અતિચારની આલોચના છે.

સાધુ અને શ્રાવકોને પાળવા યોગ્ય પાંચ આચારો શ્રી જૈન શાસનમાં દર્શાવેલા છે.

તેનાં નામ છે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. આ પાંચ આચારોના પાલનમાં જેટલી બેદરકારી હોય અથવા તેનાથી વિરુદ્ધ પ્રકારનું આચરણ કર્યું હોય, તે અહીં 'અતિચારો' સમજવાના છે.

જેમકે સામર્થ્ય હોવા છતાં જ્ઞાનીઓને અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર આદિ વડે સહાય ન કરી હોય, તેમની અવજ્ઞા કરી હોય, મતિશ્રુતાદિ પાંચ પ્રકારના જ્ઞાનની નિંદા કરી હોય, ઉપહાસ કર્યો હોય અથવા ઉપઘાત કર્યો હોય, જ્ઞાનનાં સાધન – પુસ્તક, કાગળ, કલમ આદિની આશાતના કરી હોય. તે બધા જ્ઞાનના અતિચારો છે. તેની હૃદયથી માફી માગવી જોઈએ.

એ જ રીતે દર્શનના અતિચારો, જેવા કે શ્રી જિનેશ્વરદેવ અને તેમનાં બિંબોની ભાવથી ભક્તિ ન કરી હોય અગર અભક્તિ કરી હોય, શ્રી જિનભક્તિ નિમિત્તે ઉત્પન્ન થયેલ દ્રવ્યનો વિનાશ કર્યો હોય અથવા વિનાશ થતો જોવા છતાં, છતી શક્તિએ ઉપેક્ષા કરી હોય, શ્રી જિનમંદિર વગેરેની આશાતના કરી હોય અગર આશાતના કરનારની ઉપેક્ષા કરી હોય તેની ક્ષમા યાચવી જોઈએ.

ચારિત્રના અતિચારો, જેવા કે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સહિત ચારિત્રનું પાલન ન કર્યું હોય અગર પાલન કરનારની ભક્તિ ન કરી હોય; પૃથ્વી કાયાદિ એકેન્દ્રિય જીવો : શંખ, છીપ, પુરા, જળો, અળસીઆં આદિ. બેઇન્દ્રિયે જીવો : કીડી, મંકોડી, જુ, માંકડ, લીખ, કંથુઆ આદિ; તેઇન્દ્રિય જીવો : વીંછી, માખી, મચ્છર આદિ; ચઉરિન્દ્રિ

જીવો અને પાણીમાં વસનાર, જમીન ઉપર રહેનાર કે આકાશમાં ઉડનાર પંચેન્દ્રિય જીવોની વિરાધના કરી હોય, ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી કે પરવશતાથી અસત્ય વચન ઉચ્ચાર્યાં હોય, માયાદિનું સેવન કરીને અન્યનું નહિ આપેલું ધન પણ ગ્રહણ કર્યું હોય, દેવ સંબંધી, મનુષ્ય સંબંધી કે તિર્યંચ સંબંધી મૈથુન સેવ્યું હોય, તે સેવવાની અભિલાષા કરી હોય, ધન-ધાન્યાદિક નવવિધ પરિગ્રહ સંબંધમાં જે મમત્વભાવ પોષ્યો હોય તથા રાત્રિભોજનત્યાગમાં જે કોઈ અતિચારો લાગ્યા હોય, તે સર્વની આત્મસાક્ષીએ નિંદા કરવી જોઈએ અને ગુરુ સાક્ષીએ ગર્હા કરવી જોઈએ.

તપ સંબંધી અતિચારો જેવા કે, અનશન, ઉણોદરી આદિ છ પ્રકારનો બાહ્ય તપ અને પ્રાયશ્ચિત, વિનય આદિ છ પ્રકારનો અભ્યંતર તપ શક્તિ પ્રમાણે ન કર્યો હોય, તેની નિંદા અને ગર્હા કરવી જોઈએ.

વીર્ય સંબંધી અતિચારો, જેવા કે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનામાં, મન-વચન-કાયાનું છતું બળ ગોપવ્યું હોય તથા વીર્યાચારનું પાલન કરનારની નિંદા કરી હોય, ઉપેક્ષા કરી હોય, તેની નિંદા-ગર્હા કરવી જોઈએ.

## વ્રતોચ્ચારણ

પ્રાણાતિપાત-વિરમણ આદિ વ્રતો પૂર્વે લીધેલાં હોય, તો તેને ફરી ઉચ્ચરવાં જોઈએ અને પૂર્વે ન લીધાં હોય, તો અત્યારે લેવાં જોઈએ.

## સર્વ-જીવ-ક્ષમાપના

પૃથ્વીકાયાદિ ચોર્યાસી લાખ જીવાયોનિમાં રહેલા જીવોના જે અપરાધો કર્યા હોય, તેને ખમાવવા જોઈએ તથા તે જીવોએ કરેલા અપરાધોને ખમવા જોઈએ. પૂર્વે બંધાએલાં વેરને દૂર કરીને સર્વ જીવોની સાથે મૈત્રી ચિંતવવી જોઈએ.

## પાપસ્થાનક–આલોચના

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, રતિ, અરતિ, પરપરિવાદ, માયા–મૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય, એ અઢાર પાપસ્થાનકોને મોક્ષ-માર્ગમાં વિઘ્નભૂત તથા દુર્ગતિના કારણભૂત સમજી, તેનો ત્યાગ કરવો જોઈએ. પૂર્વે સેવેલાં તે પાપોને નિંદવાં અને ગર્હવાં જોઈએ.

## ચતુઃશરણગમન

ચારનું શરણું સ્વીકારવું જોઈએ. જેમ કે,

ચોત્રીસ અતિશયોથી યુક્ત, કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે જગતના ભાવોને જાણવા અને જોવાવાળા તથા દેવરચિત સમવસરણમાં બિરાજીને ધર્મોપદેશ આપવાવાળા, ઘાતીકર્મથી સર્વથા મુક્ત, આઠ પ્રતિહાર્યોની શોભાથી યુક્ત તથા આઠ પ્રકારનાં મદસ્થાનોથી રહિત, સંસારરૂપી ક્ષેત્રમાં જેમનું ફરી ઊગવું નથી, ભાવશત્રુઓનો નાશ કરવાથી જેઓ પૂજનીય બન્યા છે તથા ત્રણ જગતને જેઓ પૂજનીય છે, તે શ્રી અરિહંતોનું મને શરણ હોજો.

ભયંકર દુઃખોની લાખો લહરીઓવાળા દુસ્તર સંસારસમુદ્રને જેઓ તરી ગયા છે અને જેઓને સિદ્ધિસુખની સંપ્રાપ્તિ થઈ છે, તપરૂપી ઘણ વડે જેમણે કર્મોરૂપી બેડીઓ તોડી નાખી છે, ધ્યાનરૂપી અગ્નિના સંયોગથી જેમણે સઘળો કર્મબળ બાળી નાખ્યો છે, જેમને જન્મ નથી, જરા નથી, મરણ નથી, ચિત્તનો ઉદ્વેગ નથી કે ક્રોધાદિ કષાય નથી, તેવા સુવર્ણ સમાન નિર્મળ શ્રી સિદ્ધોનું મને શરણ હોજો.

બેતાળીસ દોષરહિત ભિક્ષા અંગીકાર કરનાર, પાંચે ઇંદ્રિયોને વશ કરવામાં તત્પર, કામદેવના માનને તોડનારા, બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારા, પાંચ સમિતિઓથી સમિત, ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત, મહાવ્રતો રૂપી મેરૂનો ભાર વહન કરવામાં વૃષભ સમાન, મુક્તિરમણીના અનુ-

રાગી, સર્વસંગના પરિત્યાગી, તૃણમણિ અને શત્રુ-મિત્રને સમાનપણે જોનારા, મોક્ષના સાધક અને ધીર એવા મુનિવરોનું મને શરણ હોજો.

ક્રોડો કલ્યાણને ઉત્પન્ન કરનારી તથા સર્વ પ્રકારના અનર્થોની પરંપરાનો નાશ કરનારી, જીવદયા જેનું મૂળ છે તથા જે જગતના સર્વ જીવોને હિતકર છે, કેવળજ્ઞાન વડે ભાસ્કર સરખા દેવાધિદેવ ત્રિલોકનાથ શ્રી તીર્થંકરદેવો વડે પ્રકાશિત છે, પાપના ભારથી ભારે થએલા જીવોને કુગતિરૂપી ઊંડી ગર્તામાં પડતાં ધારણ કરી રાખનાર છે, સ્વર્ગ અને અપવર્ગના માર્ગમાં સાર્થવાહ તુલ્ય છે અને સંસારરૂપી અટવીનું ઉલ્લંઘન કરાવી આપવા માટે સમર્થ છે, એવા શ્રી સર્વજ્ઞ-ભાષિત ધર્મનું મને શરણ હોજો.

## દુષ્કૃતગર્હા

આ પ્રમાણે ચાર પ્રકારના શરણને સ્વીકારીને એ ચારની સાક્ષીએ જ પોતાનાં દુષ્કૃતોની નિંદા કરવી જોઈએ.

જેમ કે, 'મિથ્યાત્વથી મોહિત થઈને ભવમાં ભટકતાં મેં આજ સુધી મન, વચન કે કાયાથી જેટલા કુમતનાં સેવન કર્યાં હોય, તે સર્વની નિંદા કરું છું. શ્રી જિનમાર્ગને પાછળ પાડ્યો હોય કે અસત્ય માર્ગને આગળ કર્યો હોય અને બીજાઓને પાપના કારણભૂત બન્યો હોઉં. તે સર્વ દુષ્કૃતોની હું હવે નિંદા કરું છું. જંતુઓને ત્રાસ આપનાર, હળ, મુસળ આદિ અધિકરણો મેં કરાવ્યાં હોય અને પાપથી કુટુંબોનાં પોષણ કર્યાં હોય, તે સર્વની હવે હું નિંદા કરું છું.'

## સુકૃતાનુમોદના

સ્વ તેમજ પરનાં સુકૃતોની ત્રિવિધે અનુમોદના કરવી જોઈએ.

જેમ કે, 'શ્રી જિનભુવન, શ્રી જિનપ્રતિમા, શ્રી જિન-આગમ અને ચતુર્વિધ શ્રી સંઘ. એ ઉત્તમ પ્રકારનાં સાતે ક્ષેત્રોમાં જે ધનબીજ

મેં વાવ્યું હોય, અગર મન–વચન–કાયાથી તેની ભક્તિ કરી હોય, તે સુકૃતની હું વારંવાર અનુમોદના કરૂં છું.

આ સંસારરૂપી સમુદ્રમાં જહાજ સમાન રત્નત્રયીનું સમ્યક્ પ્રકારે જે આસેવન મારાથી થયું હોય, તે સર્વ સુકૃતની હું અનુમોદના કરું છું. શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય, શ્રી સાધુ, શ્રી સાધર્મિક અને શ્રી સિદ્ધાન્તને વિષે મેં જે બહુમાન કર્યું હોય, તેની અનુમોદના કરું છું. સામાયિક, ચતુર્વિંશતિસ્તવ આદિ ષડાવશ્યકમાં મેં જે કાંઈ ઉદ્યમ કર્યો હોય તે સુકૃતની અનુમોદના કરું છું.'

## શુભ ભાવ

મરણ સમયે શુભ ભાવ લાવવા પ્રયત્ન કરવો જોઈએ.

જેમ કે, આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય અને પાપ એ જ સુખ-દુઃખનાં કારણો છે. સુખદુઃખનું કારણ બીજું કોઈ નથી, એમ સમજી શુભ ભાવ ભાવવો. પૂર્વે બાંધેલાં કર્મો ભોગવ્યા સિવાય છૂટકો જ નથી, એમ જાણીને શુભ ભાવ રાખવો. શુભ ભાવ વિના ચારિત્ર, શ્રુત, તપ, શીલ, દાન આદિ સર્વ ક્રિયાઓ આકાશકુસુમવત્ નિષ્ફળ છે, એમ સમજી શુભ ભાવ લાવવા પ્રયત્ન કરવો. નરકમાં નારકીપણે આ આત્માએ તીવ્ર કલેશોનો અનુભવ કર્યો છે, તે વખતે કોઈ પણ સહાય કરવા આવ્યું નહોતું, એમ સમજી શુભ ભાવ રાખવો.

## અનશનનો સ્વીકાર

અંત સમયે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે, 'આ જીવે આજ સુધી મેરુ પર્વતના સમૂહથી પણ અધિક આહાર ખાધો છતાં તૃપ્તિ થઈ નથી માટે ચારે પ્રકારના આહારનો સ્વેચ્છાએ ત્યાગ કરવો એ જ હિતકાર છે.'

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, એ ચારે ગતિઓમાં આહાર સુલભ છે. પણ એની વિરતિ ( ત્યાગ ) અત્યંત દુર્લભ છે, એમ સમજી ચારે આહારનો ત્યાગ કરવો. જીવ સમુદાયના વધ સિવાય આહાર તૈયાર થતો નથી, તેથી ભવભ્રમણના કારણભૂત જીવવધથી વિરામ કરાવનાર

ચતુર્વિધ આહારનો ત્યાગ કરવો. જે આહારનો સકામપણે ત્યાગ કરવાથી દેવોનું ઇન્દ્રપણું પણ સ્વાધીન થાય છે, અને અત્યંત દૂર એવા મોક્ષનું સુખ પણ નિકટ આવે છે, તે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો.

## શ્રી નમસ્કાર મહામંત્ર

અંતિમ આરાધના માટે છેલ્લું કૃત્ય, શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ છે. તે સ્મરણ અંત સમયે અવશ્ય કરવું જોઈએ. કારણ કે, શ્રી નમસ્કાર મહામંત્ર, એ જો અત્યંત પાપપરાયણ જીવને પણ અંત સમયે પ્રાપ્ત થઈ જાય, તો તેની ગતિને સુધારી નાખે છે: અર્થાત્ તે દેવપણું યા ઉત્તમ કોટિનું મનુષ્યપણું પ્રાપ્ત કરે છે. સ્ત્રીઓ મળવી સુલભ છે, રાજ્ય મળવું સુલભ છે, દેવપણું મળવું સુલભ છે, પણ શ્રી નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થવી તે દુર્લભ છે.

એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે શ્રી નવકાર મંત્રની સહાયથી પ્રાણીઓ મનોવાંછિત સુખોને પામે છે. જે શ્રી નવકાર મંત્રની પ્રાપ્તિથી ભવરૂપી સમુદ્ર પણ ગાયની ખરી જેટલો થઈ જાય છે તથા જે શ્રી નવકારમંત્ર મોક્ષસુખના કોલ સમાન છે, તે શ્રી નમસ્કાર મંત્રનું અંત સમયે મનની અંદર વારંવાર સ્મરણ કરવું. શ્રી પંચ–પરમેષ્ઠિ નવકાર મંત્રનું સ્મરણ કરવામાં તત્પર શ્રી રાજસિંહકુમાર મરણ પામીને પાંચમા દેવલોકમાં ઇન્દ્રપણું પામ્યો અને તેની સ્ત્રી રત્નવતી પણ તે જ પ્રકારે શ્રી નવકાર–સ્મરણના પ્રભાવે પાંચમા કલ્પને વિષે સામાયિક દેવપણું પામી. ત્યાંથી ચ્યવી, માનવભવ પામી. સર્વ કર્મ ખપાવી બંને મોક્ષમાં જશે.

એ રીતે શ્રી નમસ્કાર મહામંત્ર જન્માંતરમાં જતાં પ્રાપ્ત થઈ જાય, તો પાપનો પ્રણાશ કરી દેવગતિ આદિ ઉત્તમ પદોને આપનાર થાય છે. તેથી અંત સમયે તેનું એકચિત્તે આરાધન કરવું: અને એ રીતે અંતિમ આરાધનાને સારી રીતે આરાધી મરણ પામનાર આત્મા ભવનો શીઘ્ર અંત કરી નાખે છે. ભવનો અંત કરવો એ જ શ્રી જૈનશાસને દર્શાવેલી આરાધનાનું એક પરમ ધ્યેય છે. કારણ કે એ વિના આત્માને સત્ય સુખની પ્રાપ્તિ કદી થતી નથી.

# પ્રકરણ અગિયારમું

# મંત્રાધિરાજ માહાત્મ્ય

## મંત્રાધિરાજ મહિમા :

પાછલા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે અંત સમયે વારંવાર શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવાથી જીવ સદ્ગતિનો ભાગી થાય છે, દુર્ગતિમાં જતાં બચી જાય છે.

આવા અગાધ મહિમાશાળી મંત્રાધિરાજનો પરિચય તેમજ મહિમા અહીં વર્ણવવામાં આવે છે.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા સ્વરચિત શ્રી 'યોગશાસ્ત્ર'માં ફરમાવે છે કે—

'यत्पदानि पवित्राणि, समालम्ब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं, ध्यानं सिद्धान्तपारगैः ॥ १ ॥'

"સિદ્ધાન્ત-સાગરના પારગત પુરુષોએ પદસ્થ-ધ્યાન તેને કહેલું છે, કે જે ધ્યાન પવિત્ર પદોનું આલંબન અંગીકાર કરીને કરવામાં આવે છે."

એ પવિત્ર પદોમાં પણ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રના અડસઠ અક્ષરો અતિશય પવિત્ર છે.

એ અડસઠ અક્ષરો નવ પદ અને આઠ સંપદામાં વહેંચાએલા છે. તેને પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીએ નિરંતર ગણવાથી થતું મહા-ફળ શાસ્ત્રોમાં દર્શાવેલું છે.

શ્રી નમસ્કાર મંત્રના કલ્પમાં (રચના સંવત ૧૪૯૭) તપગચ્છ નાયક પરમગુરુ **શ્રી સોમસુંદરસૂરીશ્વરજી** મહારાજાના શિષ્ય **શ્રી જિનકીર્તિસૂરિજી** મહારાજાએ ફરમાવ્યું છે કે—

"इय अणुपुव्विप्पमुहे, भंगे सम्मं विआणिउं जो उ ।
भावेण गुणइ निच्चं, सो सिद्धिसुहाइं पावेइ ॥ १ ॥
जं छम्मासिय वरिसिअ, तवेण तिव्वेण जिज्झइ पावं ।
नमुक्कार अणणुपुव्वी, गुणेण तयं खणद्धेण ॥ २ ॥
जो गुणइ अणणुपुव्वी, भंगे सयले वि साव हाण मणा ।
दढरोस वेरिएहिं, बद्धो वि स मुच्चए सिग्घं ॥ ३ ॥
एएहिं अभिमंतिअ, वासेणं सिरि सिरि वत्तमित्तेण ।
साइणिभूअप्पमुहा, नासंति खणेण सव्वगहा ॥ ४ ॥
अन्नेवि अ उवसग्गा, रयाइभयाइं दुट्ठरोगाय ।
नवपय अणाणुपुव्वी, गुणणेणं जंति उवसामां ॥ ५ ॥"

અર્થ :— શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારના આનુપૂર્વી આદિ ભંગોને જે સારી રીતે સમજીને ભાવપૂર્વક ગણે છે, તે આત્મા સિદ્ધિસુખોને પ્રાપ્ત કરે છે.: (૧) છ માસી યા વાર્ષિક તીવ્ર તપોથી જે પાપ નાશ પામે છે, તે પાપ નમસ્કારની અનાનુપૂર્વી ગણવાથી અર્ધક્ષણમાં નાશ પામે છે.

(૨) જે મનુષ્ય સાવધાન માનવાળો બનીને અનાનુપૂર્વીના સર્વ ભંગોને ગણે છે, તે મનુષ્ય અતિશય કોપાયમાન એવા શત્રુઓ વડે બંધાએલો હોય, તો પણ શીઘ્ર મુક્ત થઈ જાય છે.

(૩) એ મંત્રથી અભિમંત્રિત 'શ્રીવેષ્ટ' નામના વાસથી શાકિની, ભૂત, દુષ્ટ ગ્રહ આદિ એક ક્ષણમાત્રમાં શમી જાય છે.

(૪) બીજા પણ ઉપસર્ગો (ઉપદ્રવો) રાજા આદિના ભય તથા દુષ્ટ રોગ, શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રની અનાનુપૂર્વી ગણવાથી શાન્ત થઈ જાય છે.

એ જ કલ્પની સ્વપોજ્ઞ વૃત્તિમાં આચાર્યદેવ **શ્રી જિનકીર્તિ-સૂરિજી** મહારાજા શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારના મહાત્મ્યને વર્ણવતાં ફરમાવે છે કે–

**"एष श्री पञ्चपरमेष्ठि नमस्कार महामन्त्रः, सकलसमीहित्त प्रापण कल्पद्रुमाभ्यधिकमहिमा, शान्तिक पौष्टिकाद्यष्टकर्मकृत्, ऐहिक पारलौकिक स्वाभिमतार्थसिद्धये यथा श्री गुर्वाम्नायं ध्यातव्यः।"**

અર્થ :– આ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર, સર્વ સમીહિત પદાર્થોની પ્રાપ્તિના માટે કલ્પતરુથી પણ અધિક મહિમાવાળો છે, શાન્તિક–પૌષ્ટિક આદિ આઠ કાર્યોનો સાધક છે અને આ લોક તથા પરલોકના વાંછિત અર્થોની સિદ્ધિ કરી આપનાર છે. તેથી ગુરુઆમ્નાય-પૂર્વક તેનું ધ્યાન કરવું જોઈએ.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા પણ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનો મહિમા વર્ણવતાં ફરમાવે છે કે—

**"तथा पुण्यतमं मन्त्रं, जगत्त्रितय पावनम्।**
**योगी पञ्चपरमेष्ठि नमस्कारं विचिन्तयेत् ॥ १ ॥**
**त्रिशुद्ध्या चिन्तयंस्तस्य, शतमष्टोत्तरं मुनिः।**
**भुञ्जानोऽपि लभतैव चतुर्थ तपसः फलम् ॥ २ ॥**
**एनमेव महामन्त्रं समाराध्येह योगिनः।**
**त्रिलोक्यापि महीयन्तेऽधिगताः परमां श्रियम् ॥ ३ ॥**
**कृत्वा पाप सहस्राणि हत्वा जन्तु शतानि च।**
**अमुं मंत्रं समाराध्य, तिर्यंचोऽपि दिवंगताः ॥ ४ ॥**

અર્થ :– (૧) તથા ત્રણ જગતને પવિત્ર કરનાર અતિશય પવિત્ર શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું યોગી પુરુષ ધ્યાન કરે.

(૨) ત્રિશુદ્ધિ વડે શ્રી નમસ્કાર મંત્રનું ૧૦૮ વાર ધ્યાન કરનાર મુનિ ભોજન કરવા છતાં ઉપવાસના ફળને પામે છે.

(૩) યોગી પુરુષો આ જ મંત્રનું સમ્યક્ પ્રકારે આરાધન કરીને પરમ લક્ષ્મીને પામી ત્રણ લોક વડે પુજાય છે.

(૪) હજારો પાપોને કરનારા તથા સેંકડો જંતુઓને હણુનારા તિર્યંચો પણ આ મંત્રની યથાર્થ રીતે આરાધના કરીને, દિવ્ય ગતિને પામ્યા છે.

આ ઉપરાંત શ્રી **મહાનિશીથ** આદિ સૂત્રોમાં, શ્રી **વિશેષાવશ્યક–મહાભાષ્ય** આદિ ગ્રન્થોમાં તથા બીજા પણ અનેક પરમ પ્રામાણિક ગ્રન્થરત્નોમાં શ્રી નમસ્કાર મંત્રનો અતિ અદ્ભુત મહિમા વર્ણવેલો છે.

શ્રી નવકારના એક અક્ષરનું ભાવ સહિત કરવામાં આવેલું ચિંતન સાત સાગરોપમનાં સંચિત પાપોનો ક્ષય કરે છે. એક આખા પદનું ચિંતન, પચાસ સાગરોપમનાં સંચિત પાપોનો નાશ કરે છે. અને સમગ્ર શ્રી નવકારના નવે પદોનું ચિંતન, પાંચસો સાગરોપમનાં સંચિત પાપોનો ક્ષય કરે છે. એ સંબંધી આગમ ગ્રન્થોમાં ફરમાવ્યું છે કે,–

" नवकार एक्क अक्खर, पावं फेडेइ सत्त अयराणं ।
पन्नासं च पएणं, सागर पणसय समग्गेणं ॥ १ ॥
जो गुणइ लक्खमेगं, पूएइ विहीइं जिणनमुक्कारं ।
तित्थयर नामगोअं, सो बंधइ नत्थि संदेहो ॥ २ ॥
अट्ठेवय अट्ठसया, अट्ठसहस्स अट्ठलक्खा अट्ठकोडीओ ।
जो गुणइ भत्तिजुत्तो, सो पावइ सासयं ठाणं ॥ ३ ॥

અર્થ:–શ્રી નવકાર મંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ નાશ કરે છે.

શ્રી નવકાર મંત્રના એક પદ વડે પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે. અને સમગ્ર નવકાર વડે પાંચસો સાગરોપમના પાપનો ક્ષય થાય છે.

જે એક લાખવાર શ્રી નવકારને વિધિપૂર્વક ગણે છે, તે નિઃસંદેહ શ્રી તીર્થંકર-નામકર્મ ઉપાર્જન કરે છે.

જે ભક્તિયુક્ત આત્મા આઠ, આઠસો, આઠ હજાર, આઠ લાખ કે આઠ કરોડ નમસ્કારને ગણે છે, તે શાશ્વત પદને પ્રાપ્ત કરે છે.

પ્રાચીન શાસ્ત્રોના ઉલ્લેખોના આધારે શ્રી 'લોકપ્રકાશ' આદિ ગ્રન્થોના રચયિતા શ્રી **વિનયવિજયજી** મહારાજ પણ શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ વર્ણવતાં સુપ્રસિદ્ધ 'આરાધનાસ્તવ'માં ફરમાવે છે કે—

'દશમે અધિકારે મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ ફળ સહકાર.
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર;
સુપરે એ સમરો, ચૌદ પૂર્વનો સાર. ૧

જન્માંતર જાતાં, જો પામે નવકાર;
તો પાતિક ગાળી, પામે સુર અવતાર.
એ નવપદ સરીખો, મંત્ર ન કોઈ સાર;
આ ભવ ને પરભવે સુખ સંપત્તિ દાતાર. ૨

જુઓ ભીલ-ભીલડી, રાજા-રાણી થાય;
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય.
રાણી રત્નવતી બેહુ પામ્યા છે સુરભોગ;
એક ભવ પછી લેશે, શિવવધૂ સંજોગ. ૩

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તત્કાળ;
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાળ.
શિવકુમરે જોગી, સોવન પુરિસો કીધ;
એમ એણે મંત્રે, કાજ ઘણાનાં સિદ્ધ. ૪

શ્રી નવકાર મંત્ર યા શ્રી નવકાર મંત્રના બીજથી વાસિત કોઈ પણ મંત્ર, તેના આરાધક આત્માને જન્માંતરોમાં અનેક પ્રકારના ફાયદા કરે છે; એટલું જ નહિ પણ આ ભવમાંય તે અનેક પ્રકારના સાક્ષાત્ લાભ આપે છે. તેમાંના કેટલાક ફાયદાઓને વર્ણવતાં કલિકાલ-સર્વજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ શ્રી 'યોગ-શાસ્ત્ર'માં ફરમાવે છે કે,–

'ध्यायतोऽनादि संसिद्धान्, वर्णानेतान् यथाविधि ।
नष्टादिविषये ज्ञानं, ध्यातुरुत्पद्यते क्षणात् ॥ १ ॥

અર્થ:- મંત્રાક્ષરોના આ અનાદિસંસિદ્ધ વર્ણોનું વિધિ મુજબ ધ્યાન કરનાર ધ્યાતાને નષ્ટાદિ વિષયક જ્ઞાન ઉત્પન્ન થાય છે.

એ જ શ્લોકની સ્વોપજ્ઞ વૃત્તિમાં તેઓશ્રી એક પ્રાચીન શ્લોક ટાંકીને પણ અનાદિસંસિદ્ધ મંત્રાક્ષરોના જાપથી થનારા ફાયદાઓનું ભાન કરાવે છે. તે શ્લોક નીચે મુજબ છે:

' जापाज्जयेत्क्षयमरोचकमग्निमान्द्यं,
कुष्ठोदरास्मकसन श्वसनादि रोगान् !
प्राप्नोति चाऽप्रतिमवाग् महतीं महद्भ्यः,
पूजां परत्र च गतिं पुरुषोत्तमाप्ताम् ॥ १ ॥'

અર્થ :–અનાદિ સંસિદ્ધ મંત્રાક્ષરોના જાપથી આ લોકમાં શરીરનો ક્ષય, ખોરાકની અરુચિ, જઠરાગ્નિની મંદતા, કોઢના રોગ, ઉદરના રોગ, ભસ્મક રોગ, શ્વાસ અને દમના રોગો ઇત્યાદિ ઉપર વિજય પ્રાપ્ત થાય છે. અપ્રતિમ વચનની પ્રાપ્તિ થાય છે તથા મોટાઓ તરફથી પણ મહાન પૂજાની પ્રાપ્તિ થાય છે. અને પરલોકમાં શ્રી તીર્થંકર ગણધરાદિ મહા-પુરુષોએ પ્રાપ્ત કરેલ પરમ ગતિ (મુક્તિસ્થાન)ની પ્રાપ્તિ થાય છે.

**ફળ વિષે શંકા અયોગ્ય જ છે :**

શ્રી નમસ્કાર મહામંત્ર યા પદસ્થ ધ્યાનના આ પ્રભાવ બાબતમાં ઘણાને એ શંકા થવાનો સંભવ છે કે,—

'શાસ્ત્રે કહેલી આ બધી વાતો પૂર્વકાળ માટે સાચી પણ હશે, કિન્તુ વર્તમાનમાં તો શ્રી નવકાર મંત્રના જાપથી કોઈ પણ પ્રકારની સિદ્ધિ થતી અનુભવાતી નથી. એટલું જ નહિ પણ જાપનો આગ્રહ કરનાર વર્ગમાંનો મોટો વર્ગ દીન અને દુઃખી દેખાય છે. જ્યારે એવી અતિશયોક્તિભરી શાસ્ત્રીય વાતો ઉપર અઘાટિત વિશ્વાસ નહિ ધરાવનાર આત્માઓ (કોઈ પણ પ્રકારના જાપની પ્રક્રિયાને નહિ આદરવા છતાં) સારી રીતે સુખી જીવન ગુજારતા હોય છે. આમ પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ જતી શાસ્ત્રીય વાતોને અક્ષરશઃ સાચી માનીને ચાલવું, એ અંધશ્રદ્ધાનો જ એક પ્રકાર છે. અને એવી અંધશ્રદ્ધના માર્ગે સમાજને દોરવો, એ શું પુણ્યનું કાર્ય છે?'

શ્રી નવકાર મંત્ર યા પ્રત્યેક ધર્માનુષ્ઠાન સામેની આ પ્રકારની ફરિયાદના ખુલાસામાં જણાવવાનું કે, 'પદસ્થ આદિ સદ્ધ્યાનનો પ્રભાવ આ કાળમાં નથી' એમ કહેવું એ સદંતર ખોટું છે.

જગતનો પ્રત્યેક જીવ કોઈ ને કોઈ પ્રકારનું ધ્યાન તો કર્યા જ કરે છે. સદ્ધ્યાનની પ્રાપ્તિ થયા પહેલાંનું પ્રત્યેક પ્રાણીનું એ ધ્યાન, દુર્ધ્યાનની કક્ષામાં આવી જાય છે. તેવા પ્રકારના દુર્ધ્યાનને શાસ્ત્રોમાં 'આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન' તરીકે વર્ણવવામાં આવેલાં છે.

જીવને અનાદિ કાળથી આ બે ધ્યાન અને તદનુરૂપે ચિંતન કોઠે પડેલાં છે. એટલે એકાએક તેનો ત્યાગ કરીને 'ધર્મધ્યાન' અને 'શુક્લધ્યાન' ધ્યાવાનો પ્રયાસ કરે તો પણ તેને તેમાં એકદમ સફળતા સાંપડી શકતી નથી.

ધર્મશાસ્ત્રોમાં સદ્ધ્યાનોનો જે પ્રભાવ વર્ણવ્યો છે, તે સદ્ધ્યાનના પ્રારંભમાં જ દરેક ધ્યાતાને પ્રાપ્ત થઈ જાય છે, એમ સમજવાનું નથી. પરંતુ સમજવાનું એ છે કે, એ ધ્યાનોના પરિપાક કાળે દુનિયાની એવી કોઈ પણ ઋદ્ધિ કે સિદ્ધિ નથી, કે જે ધ્યાતાને પ્રાપ્ત ન થાય.

છતાં સદ્ધ્યાનની અભ્યાસ દશામાં યા તો તેના પ્રારંભકાળમાં શાસ્ત્રોમાં વર્ણવેલી કોઈ પણ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થતી નથી, એમ

કહેવું એ સાચું નથી; બલ્કે આર્ત્ત અને રૌદ્ર પ્રકારનાં અશુભ ધ્યાનને અટકાવવાનો એ જ એક પ્રબળ ઉપાય છે.

અભ્યાસના આરંભ કાળે એકાએક આર્ત્ત અને રૌદ્રધ્યાનની પ્રબળતા ઓછી થઇ જતી ન હોવા છતાં આત્માને ધર્મધ્યાનની અસર તો થાય જ છે. રસોડાની દીવાલ ઉપર ચૂનાનો પહેલો હાથ પ્રગટ સફેદી ન આણી શકે એટલા માત્રથી એમ ન કહેવાય છે ' ચૂનો બાતલ ગયો.' તેમ અનાદિ કાળથી અશુભ ધ્યાનની અસરમાં રહેલા આત્મા ઉપર ધર્મધ્યાનની તત્કાલ પ્રગટ છાયા ન વિસ્તરે એટલે એમ તો ન જ કહેવાય કે, 'ધર્મધ્યાન નિષ્ફળ ગયું.'

શાસ્ત્રે જે કાંઈ ફળોનો નિર્દેશ કરેલો છે. તે શાસ્ત્રનિર્દિષ્ટ વિધિપૂર્વક થતી આરાધનાઓ માટે સમજવાનો છે. વિપરીત વિધિ કે અવિધિથી થતી આરાધનાનું ફળ પણ પરિપૂર્ણ વિધિયુક્ત આરાધના જેટલું જ માગવું એ કોઈ પણ રીતે ન્યાયસંગત નથી.

એ વાત સાચી છે કે વિધિના રાગ કે પશ્ચાત્તાપપૂર્વક થતી, અવિધિ કે વિપરીત વિધિપૂર્વકની આરાધના પણ વિધિના માર્ગે લઈ જનારી હોવાથી શાસ્ત્રે તેનો નિષેધ કરેલો નથી; તો પણ સંપૂર્ણ ફળની સાથે તો પરિપૂર્ણ વિધિથી યુક્ત આરાધના જ સંબંધ રાખે છે.

' પરિપૂર્ણ વિધિપૂર્વકની આરાધના આ કાળમાં શક્ય નથી માટે શાસ્ત્રે કહેલું અનુષ્ઠાન આ કાળમાં નિરર્થક છે.' એમ બોલી નાખવું તે અર્થ વગરનું છે.

શાસ્ત્રે કહેલાં અનુષ્ઠાનો માત્ર એક ભવની અપેક્ષાએ નિર્માણ કરેલાં હોતાં નથી. એ અનુષ્ઠાનો તો જન્મ-જન્માંતરો સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

આત્માની મુક્તિનું મહાકાર્ય એક જ ભવની આરાધનાથી સિદ્ધ થઈ જવું તે અશક્યપ્રાય: છે. તેમાં શ્રી મરુદેવી માતા આદિનાં ક્વચિત્ મળતાં દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં આશ્ચર્યરૂપ ગણાયાં છે.

અનાદિ કાળના અસદ્ અભ્યાસને ટાળવા માટે એક ભવનો અભ્યાસ

પૂરતો નથી. અનેક ભવોના અભ્યાસના પરિણામે આત્મા તેવા પ્રકારના મનોબળને હાંસલ કરી શકે છે, કે જે તેને તે જ ભવમાં સિદ્ધિ અપાવે છે.

આ વાતને સમજી શકનાર આત્મા, 'આ કાળમાં યા કોઈ પણ કાળમાં ધર્માનુષ્ઠાન નિરર્થક છે,' એમ કહેવાની હિંમત કદાપિ કરી શકશે નહિ.

આથી એમ પણ સમજવાનું નથી કે, 'ધર્માનુષ્ઠાન એ જન્માંતરમાં જ ફળનારી ચીજ છે અને આ જન્મમાં તેનું કાંઈ પણ ફળ નથી.'

જેઓને આ જન્મના ફળની જ દરકાર છે, તેઓ માટે તો ધર્માનુષ્ઠાન નિરર્થક જ છે, એમ માનવું એ પણ ન્યાયવિરુદ્ધ છે.

એમ તો પ્રત્યેક ક્રિયા, પછી તે ધર્માનુષ્ઠાન હો કે અધર્માનુષ્ઠાન હો, પૂર્ણતયા તો જન્માંતરમાં જ ફળે છે. આ જન્મમાં તેનું જે ફળ પ્રાપ્ત થાય છે તે સ્વલ્પ જ હોય છે.

અનેકનાં ખૂન કરનારને એક જ ફાંસી મળે છે અને એકનું ખૂન કરનારને પણ એક જ ફાંસી મળે છે.

જો આ જન્મમાં પ્રાપ્ત થતા ફળથી જ અનુષ્ઠાનના ફળની સમાપ્તિ માનવામાં આવે, તો એવાં ઘણાં અનુષ્ઠાનો છે કે જેનું પરિપૂર્ણ ફળ ભોગવવા માટે આ ભવમાં પૂરતી સામગ્રી જ નથી.

એક જીવને અભયદાન આપનાર યા એક જીવને પ્રાણાંત આપત્તિમાંથી ઉગારનાર આત્માને પણ, જે પુણ્ય બંધાય છે તેનો બદલો મેળવી આપવાની સામગ્રી આ દુનિયામાં નથી. તો પછી જીવનમાં અનેક જીવોને અભયદાન આપનાર અને અનેક આત્માઓને પ્રાણાંત આપત્તિઓમાંથી ઉગારનાર આત્માઓને બંધાતા પુણ્યનો બદલો આ જ જન્મમાં કઈ રીતે પ્રાપ્ત થવાનો ? અર્થાત્ યથાર્થ યા અયથાર્થ કોઈ પણ અનુષ્ઠાનનું સાચું ફળ જન્માંતરમાં જ પ્રાપ્ત થાય છે. આ જન્મમાં જે ફળ પ્રાપ્ત થાય છે, તે અધૂરું, અલ્પ અને ક્ષણિક હોય છે. તેથી તેવા અધૂરા, અલ્પ અને ક્ષણિક ફળ ઉપરથી ધર્મક્રિયાના ફળનું માપ

કાઢવાનો પ્રયત્ન કરવો એ ઘાસની પત્તીની અણી વડે સમુદ્રના પાણીનું માપ કાઢવાનો પ્રયાસ કરવા જેવી કુચેષ્ટા છે.

અર્થાત્ તૃણના અગ્ર ભાગથી સમુદ્રનું પાણી માપી શકાતું નથી તેમ આ જન્મના યત્કિંચિત્ બનાવોથી સારી યા નરસી ક્રિયાઓનાં ફળ માપી શકાતાં નથી.

સારી યા નરસી ક્રિયાઓનાં ફળ પરંપરાએ અનંત બનવા જાય છે તેથી ધર્માનુષ્ઠાનોનાં અનંત ફળોનું શાસ્ત્રીય પ્રતિપાદન કોઈ પણ રીતે ખોટું ઠરતું નથી.

## શ્રી નમસ્કાર મહામંત્રની મહત્તા :

પદસ્થ ધ્યાન, એ પણ ધર્માનુષ્ઠાનનો એક મુખ્ય પ્રકાર છે.

પવિત્ર પદોનું આલંબન, એ તેનો વિષય છે. અને શ્રી નમસ્કાર મંત્રનાં નવ પદો, કે જે આઠ સંપદાઓ અને અડસઠ અક્ષરોથી બનેલાં છે, તે સર્વશિરોમણિ ભાવને ભજે છે.

એ પદોની સર્વશિરોમણિતા અને શાશ્વતતા શ્રી પંચપરમેષ્ઠિઓના પ્રતાપે છે.

શ્રી અરિહંત આદિ પાંચ પરમેષ્ઠિ ભગવંતો પરમ (સૌથી શ્રેષ્ઠ) પદે બિરાજમાન છે. તથા પ્રવાહની અપેક્ષાએ શાશ્વત છે તેને જણાવનાર શ્રી નવકાર મંત્રનાં પદો પણ સર્વશ્રેષ્ઠ અને શાશ્વત છે.

એ શાશ્વત મંત્રનું ધ્યાન કરનાર આત્મા શુભ ધ્યાનના પ્રભાવે, આર્ત્ત અને રૌદ્રધ્યાનના ભયાનક સ્વરૂપની પરવશતામાંથી છૂટીને અનુક્રમે ધર્મ અને શુક્લધ્યાનની ભદ્રંકર પ્રાપ્તિને લાયક બને છે.

તેથી કોઇ પણ કલ્યાણકામી આત્માને કોઈ પણ કાળે એ મંત્રાધિરાજના ધ્યાન વિના એક ક્ષણ પણ ચાલી શકે તેમ નથી.

જેઓ એ મંત્રાધિરાજના ધ્યાનને પામ્યા નથી, તે આત્માઓ અનેક પ્રકારના દુર્ધ્યાનને વશ પડી, આ અનંત સંસાર–સાગરમાં

અનંત કાળથી રખડી રહ્યા છે. અને જ્યાં સુધી એ મંત્રાધિરાજના ધ્યાનને નહિ પામે ત્યાં સુધી તેમના પરિભ્રમણનો અંત પણ આવનાર નથી જ.

અનંત સંસાર–સાગરના પરિભ્રમણનો અંત લાવવા માટે અનેક પ્રકારનાં ધર્મધ્યાનોમાં પ્રત્યેક અવસ્થામાં એક સરખું ઉપકારક પદસ્થ-ધ્યાન છે.

**અને તેમાં પણ શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહા-મંત્રનો જાપ મહા ઉપકારક છે.** એના ઉપકારો એક કલમથી વર્ણવી શકાય તેમ નથી, કે એક જીહ્વાથી ગાઈ શકાય તેમ નથી. હજારો કલમ અને હજારો જીહ્વાઓ પણ તેના પૂરા ગુણ ગાઈ શકે તેમ નથી.

શાસ્ત્ર અને ગુરુ–પરંપરા દ્વારા જે કોઈ પુણ્યવાન આત્માઓ તેનો મહિમા સમજી યથાયોગ્ય વિધિ મુજબ તેનું આરાધન કરવા તત્પર બને છે, તે આત્માઓ, નરક–તિર્યંચાદિ દુષ્ટ દુર્ગતિઓને છેદી નાખી, અલ્પ કાળમાં જ સ્વર્ગાપવર્ગાદિ ઉત્તમ સ્થાનોમાં ગતિ અને સ્થિતિ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બની શકે છે. એમાં લેશ માત્ર સંદેહ નથી.

આરાધક આત્મા, પૂર્વના પાપે દુઃખી અને અનારાધક આત્મા, પૂર્વના પુણ્યે સુખી હોઈ શકે.

બીજા મંત્રો અને ધર્માનુષ્ઠાનોને આરાધવાનો વિધિ છે, તેના કરતાં શ્રી નવકાર મંત્રને આરાધવાનો વિધિ જુદો નથી પણ એટલો વિશેષ છે કે, આપત્તિના સમયે અશુચિ આદિ દૂર ન થઈ શકે તેમ હોય, તો પણ શ્રી નવકાર મંત્રના જાપ, સ્મરણનો નિષેધ નથી.

અર્થાત્ કોઈ પણ દેશ કે કોઈ પણ કાળ શ્રી નવકાર મંત્રના સ્મરણાદિ માટે નિષિદ્ધ નથી. એટલું જ નહિ પણ રોગ, આપત્તિ કે મરણ સમયે તો તે અત્યંત આદેય (કરવા લાયક) છે.

જે વખતે આત્મામાં સમાધિ પ્રગટાવવા માટે જ્ઞાનધ્યાનાદિ સર્વ

ઉપાયો નિષ્ફળ નીવડે છે, તે વખતે શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ અમોઘ બને છે.

શ્રી નમસ્કાર મહામંત્રના પદોના શ્રવણ માત્રથી, મનુષ્યો જ નહિ કિન્તુ તિર્યંચો પણ પોતાની ગતિ સુધારી ગયા છે, એવાં અસંખ્ય વર્ણનો શાસ્ત્રોમાં છે.

એવા ઉપકારક મહામંત્ર શ્રી નવકારનો જાપ કરનારા પણ દીન અને દુઃખી દેખાય છે, જ્યારે એના સામે પણ નહિ જોનારા સુખી અને આબાદીભર્યું જીવન ગાળતા નજરે પડે છે, એ વાત સર્વથા સાચી નથી પરંતુ કોઈ સ્થળે કયારેક આવા દાખલા જોવા મળે છે તેનાં પણ કારણો છે. અને તે એ કે, જેઓ વર્તમાનમાં સુખી અને આબાદીભર્યું જીવન જીવી રહ્યા છે. તેઓએ પણ પૂર્વજન્મમાં શ્રી નવકારની આરાધના દ્વારા ઉપાર્જન કરેલું તેવા પ્રકારનું પુણ્ય જ હોય છે.

એ જ રીતે વર્તમાનમાં શ્રી નમસ્કાર મંત્રનું આરાધન કરનાર પણ કોઈ દીન અને દુઃખી દેખાતું હોય, તો તેનું કારણ તેની વર્તમાનની આરાધના નથી, પણ જન્માંતરમાં ઉપાર્જન કરેલું પાપકર્મ છે.

શ્રી નમસ્કાર મહામંત્રનો આરાધક આત્મા દીન અને દુઃખી ન હોય એવું જે શાસ્ત્રવચન છે, તેને આથી કોઈ પણ પ્રકારનો બાધ ઊપજતો નથી, પ્રત્યુત શ્રી નમસ્કાર મંત્રની તેની વર્તમાનકાલીન આરાધના પૂર્વનાં પાપકર્મોના યોગે આવેલ દીનતાને અને દુઃખને ઘણા અંશે હરનારી થાય છે.

શ્રી નવકાર મંત્રનો સાચો આરાધક બહારથી દુઃખી પણ દેખાતો હોય, તો પણ અંતરથી તે દુઃખી હોતો નથી. અર્થાત્ તે અદીન હોય છે.

જ્યારે શ્રી નમસ્કાર મહામંત્રના શરણને નહિ પામેલો આત્મા બહારથી સુખી પણ દેખાતો હોય, તો પણ અંતરથી સુખી હોતો નથી. કિન્તુ દીન અને રંક હોય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના એકનિષ્ઠ આરાધક આત્માની વિષયની ભૂખ તથા આશા અને તૃષ્ણાની તરસ ભાગી ગયેલી હોય છે, તેથી તે સદા તૃપ્ત હોય છે.

જ્યારે તે સિવાયના આત્માઓ વિષયોપભોગની ભૂખથી ભૂખ્યા અને પુદ્ગલની આશા અને તૃષ્ણાની તરસથી સદા તરસ્યા હોય છે. તેથી તેઓની દીનતા સદાને માટે સ્થિર બની રહે છે.

સંસાર–સાગરમાં જહાજ સમાન શ્રી નવકાર મહામંત્રનું શરણું સ્વીકારવાથી આત્મા, ખરેખર ઊગરી જાય છે, તરી જાય છે, ડૂબવાના બધા ભયોથી મુક્ત થઈ જાય છે.

આરાધનાના અમૃતથી છલોછલ છલકાતા મંત્રાધિરાજનાં પદોમાં પ્રાણોને પરોવવાથી અનાદિથી કોઠે પડેલી પુદ્ગલાસક્તિ, પાકેલા ફળની છાલની જેમ પાતળી પડી જાય છે.

આરાધનાનો ખરો ખપી, મંત્રાધિરાજનો પાકો જપી હોય એ નિઃસંદેહ છે.

### ધર્મ ક્યારે આવ્યો ગણાય?

દુઃખનો વિરાગ જીવ માત્રને હોય છે. પણ તેથી કંઈ જીવની શુદ્ધિ થતી નથી. વિરાગ પાપ પ્રત્યે અને પાપનું કારણ, જે ભૌતિક સુખ, તે પ્રત્યે હોવો જોઈએ. તે વિરાગ આવે ત્યારે જ ધર્મ આવ્યો ગણાય. પાપ પ્રત્યે વિરાગ ટકાવી રાખવા માટે પણ સાંસારિક–સુખ પ્રત્યે વિરાગની જરૂર છે. ભૌતિક સુખ પાપ કર્યા વિના મળતું પણ નથી અને ભોગવાતું પણ નથી. ભૌતિક સુખની ઇચ્છા એ અવિ-રતિજન્ય દોષનું પરિણામ છે. દુઃખ વખતે ધૈર્ય અને સુખ વખતે બેચેની એ ધર્મ પામ્યાની નિશાની છે.

## પ્રકરણ બારમું

# સામાયિક વ્રત

### આરાધનાનો માર્ગ :

આરાધનાનો માર્ગ પામવો તેમજ પામ્યા પછી તે માર્ગ પર ટકી રહેવું તે ઘણું કઠિન કાર્ય છે.

તેમ છતાં રાગદ્વેષના અભાવરૂપ આત્માના મધ્યસ્થ પરિણામવાળા એ માર્ગ પર ટકી રહે છે એટલું જ નહિ, પરંતુ આગળ પણ વધે છે.

શ્રી જિનાજ્ઞાની વિરાધના સ્વપ્નમાં ય ન થઈ જાય એવી અપૂર્વ આંતરિક જાગૃતિ આરાધકના અંગભૂત બને છે ત્યારે જ તે આરાધનાના માર્ગનો મહાપ્રવાસી બની શકે છે.

### સામાયિક વ્રત :

રાગ–દ્વેષના અભાવરૂપ આત્માના મધ્યસ્થ પરિણામ વખતે આત્માને થતો જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણોનો લાભ, તેને શાસ્ત્રકાર ભગવંતો 'સામાયિક' કહે છે.

**'समानां – मोक्षं प्रति समान सामर्थ्यानां ज्ञान – दर्शन – चारित्राणांमायः - लाभः – समायेः, समाय एव सामायिकम् ।'**

સમ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષ પ્રાપ્ત કરવા માટે સમાન સામર્થ્યવાળા આત્માના ગુણો, તેનો લાભ એટલે સામાયિક.

જે પરિણામને ધારણ કરવાથી આત્મા સમવૃત્તિવાળો બને, રાગ-દ્વેષ રહિત થાય, સર્વ પ્રાણીઓને પોતાના આત્માની જેમ જુએ, તે સામાયિકનાં પરિણામ છે.

સામાયિક એ સર્વ મૂળ-ગુણોના આધારભૂત છે. કારણ કે તે સર્વસાવદ્ય વ્યાપારોના ત્યાગરૂપ છે. કહ્યું છે કે,—

सामायिकं गुणानामाधारः खमिव सर्व भावानाम् ।
नहि सामायिक हीताश्चरणादिगुणान्विता येन ॥ १ ॥
तस्माज्जागद भगवान् सामायिकमेव निरुपमोपायम् ।
शारीर मानसानेक दुःखना शस्य मोक्षस्य ॥ २ ॥

અર્થ :—આકાશ જેમ સર્વ ભાવોનો આધાર છે, તેમ સામાયિક સર્વ ગુણોનો આધાર છે. સામાયિકથી રહિત જીવો ચારિત્રાદિ ગુણોથી સંપન્ન થઈ શકતા નથી. તે કારણે શારીરિક અને માનસિક અનેક દુઃખોના નાશરૂપ મોક્ષનો નિરૂપમ ઉપાય, ભગવાને એક સામાયિકને જ કહ્યો છે.

જીવ જ્યારે સમ-પરિણામવાળો બને છે, ત્યારે પ્રતિ ક્ષણ નવા-નવા જ્ઞાન, દર્શન અને ચારિત્રના આ પર્યાયો સંકલેશના વિચ્છેદક અને નિરૂપમ સુખના હેતુ બને છે.

તેથી શાસ્ત્રોમાં તેને ચિંતામણિ, કલ્પતરુ અને કામધેનુથી પણ અધિક પ્રભાવશાળી કહ્યાં છે.

અચિન્ત્ય પ્રભાવશાળી આ સામાયિકના પરિણામની પ્રાપ્તિ, જીવને સર્વસાવદ્ય યોગો (પાપવ્યાપારો)નો ત્યાગ કરવાથી અને નિરવદ્ય યોગો (નિષ્પાપ વ્યાપારો)નું સેવન કરવાથી થાય છે. વસ્તુતઃ સર્વ જીવો સાથે મૈત્રી આદિ પ્રશસ્ત ભાવોને ધારણ કરવા એ જ સામાયિક છે.

પરંતુ એ ભાવોને જીવનમાં સક્રિય રૂપ આપવા માટે સર્વસાવદ્ય યોગોના ત્યાગની અને નિરવદ્ય યોગોના સેવનની પ્રતિજ્ઞા લેવી પડે છે.

એ પ્રતિજ્ઞાના ગ્રહણ અને આ સેવનને 'સામાયિક વ્રત' કહેવામાં આવે છે.

આ સામાયિક વ્રતનું બીજું નામ, 'અહિંસા ધર્મ' છે. અહિંસા ધર્મમાં આત્મૌપમ્યની દૃષ્ટિ છે. અને એ જ દૃષ્ટિ સામાયિક વ્રતમાં છે.

જીવનમાં અહિંસાનો પરિપૂર્ણ અમલ કરવા માટે સામાયિક વ્રતની પ્રતિજ્ઞા અનિવાર્ય છે.

સામાયિકનો સીધો અર્થ 'સમતા' છે,

કહ્યું છે કે, 'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेन् ।'

'પોતાને પ્રતિકૂળ વસ્તુઓ બીજા પ્રત્યે ન આચરવી એ ધર્મનો સાર છે.' સર્વ જીવો જીવવાને ઇચ્છે છે. કોઈ મરવા ઇચ્છતું નથી, માટે તારે કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી કે ન કરાવવી એ તારો ધર્મ છે.

જેઓને ધર્મની જરૂર છે, તેઓએ જીવનમાં અહિંસાને સ્થાન આપવું જ જોઈએ. અને કોઈ પણ જીવની થોડી પણ હિંસા પોતાના પ્રમાદથી થાય તો તેને અધર્મનું કારણ માનવું જોઈએ.

આવી નિરપવાદ અહિંસાને સિદ્ધ કરવા માટે પ્રતિજ્ઞા પણ આકરી જોઈએ અને તેના પાલન માટેના નિયમો પણ કડક જોઈએ.

અહિંસા એ ધર્મ છે અને તેની સિદ્ધિ માટે સત્યાદિ વ્રતો અને બ્રહ્મચર્યાદિ નિયમોનો ઉપદેશ ઓછે-વધતે અંશે સર્વ ધર્મોમાં ગવાએલો છે. સામાયિકની પ્રતિજ્ઞામાં તે ઉપદેશને પૂર્ણતાએ પહોંચાડવામાં આવ્યો છે. કહ્યું છે કે—

**निरवद्यमिदं ज्ञेयं, एकान्तेनैव तत्त्वः ।**
**कुशलाशय रुपत्वात्, सर्व योग विशुद्धितः ॥ १ ॥**

અર્થ :—કુશલાશયરૂપ હોવાથી અને સર્વ યોગોની વિશુદ્ધિરૂપ હોવાથી, આ સામાયિકનો પરિણામ એકાંતે નિરવદ્ય છે.

જેવો વિચાર તેવો જ આચાર. અને જેવો આચાર તેવો વિચાર એ તાત્ત્વિક પરિણામ છે. સામાયિકમાં સર્વ જીવો સાથે મૈત્રીભાવ છે. અને તેવું જ અહિંસાયુક્ત આચરણ પણ છે. તેથી તે એકાંતે નિરવદ્ય છે. એ કારણે સામાયિકની પ્રતિજ્ઞા અંગીકાર કરનારથી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ જીવોની હિંસા પણ થઈ શકતી નથી. અને તે હિંસાથી બચવા માટે ખાવા–પીવા, બોલવા–ચાલવા, સૂવા–જાગવા જેવી ક્રિયાઓ કરતી વખતે ઘણું સંભાળભર્યું જીવન જીવવું પડે છે એનું જ નામ સક્રિય અહિંસા અને આત્મૌપમ્યની દૃષ્ટિનું જીવંત પાલન છે.

### 'સામાયિક'નો અર્થ :

સામાયિકની પ્રતિજ્ઞાના અર્થથી પ્રરૂપક શ્રી તીર્થંકર દેવો છે અને સૂત્રથી રચના કરનાર શ્રી ગણધર ભગવંતો છે.

સામ, સમ અને સમ્મ એ ત્રણ 'સામાયિક'ના પર્યાયવાચી શબ્દો છે.

સામ એટલે મધુર પરિણામ. સર્વ જીવો સાથે મૈત્રીના પરિણામ.

સમ એટલે ત્રાજવા જેવા સમાન પરિણામ. **સર્વ સંયોગો અને વિયોગો પ્રત્યે સરખા પરિણામ.**

સમ્મ એટલે ખીર–ખાંડની જેમ પરસ્પર મળી જવાના પરિણામ. **જ્ઞાન, દર્શન, ચારિત્રની એકતાનો પરિણામ.** ચારિત્રરૂપી ખીરની સાથે જ્ઞાન–દર્શનરૂપી ખાંડ અને સાકરનું ઓગળીને એકરૂપ થઈ જવું તે સમ્મ પરિણામ છે.

ટૂંકમાં સામાયિક એ સર્વ પાપ–વ્યાપારોના ત્યાગની અને નિષ્પાપ–વ્યાપારોના સેવનની પ્રતિજ્ઞારૂપ છે. તેથી તેમાં સર્વ જીવોની મૈત્રી,

માધ્યસ્થ્ય અને સર્વ સદ્‌ગુણોના પાલન પ્રત્યેના ઉત્સાહરૂપ પ્રશસ્ત અધ્યવસાયો રહેલા છે.

### સામાયિકના પ્રકાર :

સામાયિકના મુખ્યત્વે ચાર પ્રકાર છે :

(૧) શ્રુત સામાયિક (૨) સમ્યક્ત્વ સામાયિક (૩) દેશવિરતિ સામાયિક (૪) સર્વવિરતિ સામાયિક.

શ્રુત સામાયિક અમુક સમય સુધી શાસ્ત્રપાઠ ભણવાના નિયમરૂપ છે.

સમ્યક્ત્વ સામાયિક શ્રદ્ધા ગુણની શુદ્ધિરૂપ છે.

દેશવિરતિ સામાયિક બે ઘડી પર્યંત (૪૮ મિનિટ સુધી) સાવદ્ય વ્યાપારના ત્યાગના નિયમરૂપ છે.

સર્વવિરતિ સામાયિક જીવનપર્યંત નિરવદ્ય વ્યાપારના પાલનની પ્રતિજ્ઞારૂપ છે.

એમ પણ કહી શકાય કે શ્રુત–સામાયિક શાસ્ત્રાભ્યાસ વડે થઈ શકે છે.

સમ્યક્ત્વ–સામાયિક શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને અસ્તિક્ય આદિ ગુણોના આસેવન વડે થઈ શકે છે.

દેશવિરતિ સામાયિક સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય, સ્થૂલ ચોરી વગેરે પાપવ્યાપારોને તજવા વડે થઈ શકે છે.

અને સર્વવિરતિ સામાયિક હિંસાદિ પાપવ્યાપારોના સર્વથા ત્યાગ વડે થઈ શકે છે.

### સામાયિક એટલે શિક્ષાવ્રત :

સામાયિકને શ્રાવકના બાર વ્રતોમાંનું નવમું વ્રત પણ કહ્યું છે. તેને **શિક્ષાવ્રત** કહેવાય છે.

શિક્ષા એટલે અભ્યાસ. આત્માની નિર્મળતાનો અભ્યાસ, પાપ ભારથી હલકા – ફોરા થવાનો અભ્યાસ, જીવ માત્ર પ્રત્યે સમતાભાવ કેળવવાનો અભ્યાસ.

આ વ્રતનો વારંવાર અભ્યાસ થતો રહેવાથી આત્મા સર્વવિરતિ ધર્મને લાયક બને છે. તેથી તેને સાધુતાનો અભ્યાસ પણ કહી શકાય.

દરરોજ ઓછામાં ઓછો બે ઘડી જેટલો સમય, આ સાધુતાના અભ્યાસમાં સાર્થક કરવાથી ગૃહસ્થોને તે અતિ લાભદાયી નીવડે છે. એથી શાંતવૃત્તિ, સંતોષવૃત્તિ તેમ જ રાગ–દ્વેષના હેતુઓમાં પણ રાગ–દ્વેષ ન કરવારૂપ સમતાવૃત્તિ કેળવાય છે.

સામાયિક કરવું એટલે ચિત્તવૃત્તિઓને શાન્ત કરવાનો, સમભાવમાં સ્થિર થવાનો, મધ્યસ્થભાવ કેળવવાનો, સર્વ જીવો પ્રત્યે સમાન વૃત્તિ અને સર્વાત્મભાવને કેળવવાનો પ્રશસ્ત અભ્યાસ. એ અભ્યાસનું જ બીજું નામ સામાયિક છે.

**દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પણ સામાયિક ચાર પ્રકારનું છે.**

દ્રવ્યથી ધર્મોપકરણ સિવાયનાં બીજાં સર્વ દ્રવ્યનો ત્યાગ કરવો.

ક્ષેત્રથી સામાયિક કરવા જેટલી જગ્યાને છોડીને બીજી જગ્યાનો ત્યાગ કરવો.

કાળથી બે ઘડીપર્યંત સામાયિકમાં રહેવાનો નિયમ કરવો.

ભાવથી રાગ–દ્વેષરહિતતા અને સમભાવસહિતતા કેળવવી અથવા અશુભ ધ્યાનનો ત્યાગ અને શુભ ધ્યાનનો સ્વીકાર કરવો.

અશુભ ધ્યાન, આર્ત અને રૌદ્ર સ્વરૂપ છે. એ બે ધ્યાનનો ત્યાગ કરવા માટે મૈત્ર્યાદિ ચાર અને અનિત્યત્વાદિ બાર ભાવનાઓનું ચિંતન કરવું તથા વચન કાયાના સાવદ્ય વ્યાપારોથી બચવા માટે તેટલા વખત સુધી સર્વ સાંસારિક પ્રવૃત્તિઓનો સદંતર ત્યાગ કરવો, એનું નામ સામાયિક છે.

## વિવિધ ઉપમાધર સામાયિક

સામાયિકની આ પ્રતિજ્ઞા, વટેમાર્ગુને વૃક્ષની છાયાની જેમ, સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત આત્માને શાન્તિ મેળવવા માટેનું પરમ વિશ્રામ સ્થળ છે. પાપનો અંધકાર દૂર કરવાનું માટેનું અજોડ વીજળી ઘર છે.

આ વ્રત જીવને અધ્યાત્મમાર્ગના રસ્તે ચઢાવવા માટેનો પરમ ભોમિયો છે. દુર્ગતિના દ્વારની અર્ગલા અને સદ્ગતિના દ્વારની ચાવી છે.

જેટલો વખત સામાયિક વ્રતમાં–સમતા ભાવમાં ચિત્ત ચોંટેલું રહે છે, તેટલો વખત અશુભ કર્મોનો ઉચ્છેદ થાય છે. એટલા વખત માટે શ્રાવક સાધુ સમાન બને છે. તે કારણે આત્માર્થી જીવોએ સર્વ કાળ અને વિશેષે કરીને ચાતુર્માસના કાળમાં વધુ ને વધુ સામાયિક કરવાં તે હિતકારક, સુખકારક અને કલ્યાણકારક છે.

અન્નને પકવવામાં જે ભાગ અગ્નિ ભજવે છે, તેનાથી અનેકગણો ચઢીઆતો ભાગ ધર્મની આરાધનાને પુષ્ટ કરવામાં આ સામાયિક વ્રત ભજવે છે.

### જ્ઞાન બધુ બળવાન

અજ્ઞાન જો કે જ્ઞાનને દબાવે છે. પરંતુ તેને સંપૂર્ણ નષ્ટ કરી શકાતું નથી. ત્યારે જ્ઞાન અજ્ઞાનને સંપૂર્ણ નષ્ટ કરી પોતાની સંપૂર્ણ શકિત પ્રગટાવી શકે છે. એથી અજ્ઞાન કરતાં જ્ઞાન વધુ બળવાન છે. એ જ રીતે વિભાવ કરતાં સ્વભાવ અને કર્મ કરતાં ધર્મનું બળ અધિક છે.

## પ્રકરણ તેરમું

# પરમપદ-પ્રદાયક સામાયિક

### સામાયિકના ઉપદેશક

ગત પ્રકરણમાં ઉલ્લેખ કર્યા મુજબ, સામાયિકની પ્રતિજ્ઞાના અર્થથી પ્રરૂપક પરમ તારક શ્રી તીર્થંકર દેવો છે અને સૂત્રથી રચના કરનાર શ્રી ગણધર ભગવંતો છે.

પોતે જાતે આચરણ કરીને અનુભવેલા સામાયિક ધર્મના અમોઘ ફળરૂપ કેવળજ્ઞાન સર્વજ્ઞપણું પામીને શ્રી તીર્થંકરદેવો ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ ધર્મતીર્થનો આશ્રય લઇને જીવો સામાયિક ધર્મની આરાધના કરે અને તેના પરમ સુંદર ફળસ્વરૂપ શાશ્વતપદને પામે છે.

### ધર્મતીર્થની સ્થાપના

આ ધર્મતીર્થની ઉત્પત્તિ સમવસરણ ભૂમિમાં થાય છે.

સમવસરણ ભૂમિ એટલે જગતના સર્વોત્તમ પદાર્થો અને વૈભવોનું આહ્લાદક રોમાંચક સુભગ મિલનસ્થળ.

સમવસરણ એટલે પ્રકૃતિની પરમાત્માને સર્વોત્તમ અંજલિ.

ધર્મની સ્થાપના, ધર્મનો પ્રચાર અને ધર્મનાં સર્વ અંગોની વ્યવસ્થિત રચના આ સમવસરણ-ભૂમિમાંથી થાય છે.

એક યોજન પ્રમાણ અલૌકિક ભૂમિના મધ્યભાગમાં સ્ફટિકના સિંહાસન પર બિરાજમાન થઈને સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી તીર્થંકર પરમાત્મા ત્રિભુવનહિતકર મોક્ષનો સર્વોત્કૃષ્ટ માર્ગ પ્રકાશે છે, તેથી તેઓ **ધર્મ-ચક્રવર્તી** કહેવાય છે. ત્રિભુવન પૂજ્ય બને છે.

પૂજ્યતમ એવા દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતોનું દર્શન, વંદન કે પૂજન પણ સાત્વિક ચિત્તપ્રસન્નતા અને સમાધિ સુખને અર્પે છે, તો પછી તેમના મુખ-કમળથી ધર્મોપદેશના શ્રવણનું તો કહેવું જ શું ? નિર્વાણ પર્યંતનાં સઘળા સુખોનું તે કારણ બને છે.

સમવસરણ ભૂમિમાં એકત્ર થએલા સુપાત્ર જીવો એ ઉપદેશનું સાચા દિલથી શ્રવણ કરે છે. અધિકારી પાત્રો સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિની દીક્ષા અંગીકાર કરે છે. અને બીજા પાત્ર જીવોમાં પણ તેનો પ્રસાર કરે છે. એ રીતે ધર્મનો પવિત્ર પ્રભાવ વિશ્વમાં રેલાય છે.

નમો તિત્થસ્સ

શ્રી તીર્થંકરદેવોનું આ સમવસરણ અને તેની મધ્યનું સિંહાસન, દર્શન-જ્ઞાન અને ચારિત્રસ્વરૂપ સામાયિક ધર્મનું કેન્દ્ર બને છે. તેને સ્વયં શ્રી તીર્થપતિ અને તીર્થના અનુયાયીઓ પણ ત્રણ પ્રદક્ષિણા આપે છે.

'નમો તિત્થસ્સ' એ મહામૂલા શબ્દ વડે દ્રવ્ય-તીર્થ અને એ દ્વારા અનાદિ અનંત રત્નત્રયાત્મક ભાવતીર્થને પ્રણામ કરે છે. અને પછી સિંહાસન પર બિરાજમાન થઈને શ્રી તીર્થંકરદેવો ધર્મોપદેશ આપે છે.

## ઉપદેશામૃતની અસર :

સમવસરણના મધ્ય ભાગમાં બિરાજીને, જ્યારે શ્રી તીર્થંકરદેવો પોતે પોતાના જીવનમાં સાક્ષાત્ અનુભવેલા સામાયિક ધર્મની દેશના સર્વાતિશાયિની વાણી વડે આપે છે, ત્યારે પુષ્કરાવર્ત મેઘની અનવરત ધારાથી કંઈક આર્દ્ર બનતા મગરોળીઆ પથ્થરની જેમ કઠોર હૈયાં પણ કંઈક કૂણાં પડે છે.

મીઠા મેઘની ધારાથી ખૂલતાં તેમજ ખીલતાં કદંબનાં પુષ્પોની જેમ દેવ, મનુષ્ય, તિર્યંચનાં હૈયાં વિકસિત થાય છે.

પ્રત્યેક પુણ્યશાળી શ્રોતા પોતાની યોગ્યતા પ્રમાણે કંઈક ને કંઈક વિકાસને પામે છે. તે વિકાસની ભૂમિકાઓ અપુનર્બન્ધક અવસ્થાથી માંડીને શૈલેશી પર્યંત હોય છે. તે બધા સામાયિક ધર્મના આરાધક બને છે.

સ્વભાવથી જ નિર્વાણને નહિ ઇચ્છતા અભવ્ય આત્માઓ પણ યથા પ્રવૃત્તીકરણની ઉચ્ચ ભૂમિકાને સ્પર્શ કરે છે. અને યત્કિંચિત્ શ્રુત સામાયિકનો લાભ મેળવે છે. બીજાઓ સમ્યક્ત્વ સામાયિક, દેશ-વિરતિ સામાયિક, સર્વવિરતિ સામાયિક અને તેથી પણ આગળની ભૂમિકાઓને પ્રાપ્ત કરે છે.

શ્રી તીર્થંકર ભગવંતોના ઉપદેશને ઝીલનાર પ્રથમ વર્ગના પાત્ર, બીજબુદ્ધિના ધણી શ્રી ગણધર ભગવંતો છે. તેઓ ભગવંતના શ્રીમુખથી **ત્રિપદીનું** શ્રવણ કરી અંતમુહૂર્તમાં જ દ્વાદશાંગી શ્રુતની રચના કરે છે.

સામાયિક શ્રુતથી માંડીને દ્વાદશાંગી શ્રુત પર્યંતના શ્રુતજ્ઞાનનું આરાધન કરનારા શ્રુત સામાયિકના આરાધકો ગણાય છે.

સમ્યક્ત્વ સામાયિકના આરાધકોના પણ અનેક પ્રકાર પડે છે. ઉપશમ સમ્યક્ત્વ, ક્ષયોપશમ સમ્યક્ત્વ, ક્ષાયિક સમ્યક્ત્વ વગેરેને પામનારા જીવો સમ્યક્ત્વ સામાયિકના આરાધકો કહેવાય છે.

દેશવિરતિ અને સર્વવિરતિ સામાયિક ધર્મના આરાધકો પણ અનેક પ્રકારના હોય છે. એક વ્રતથી માંડીને બાર વ્રતને ધારણ કરનારા મહાવ્રતધારીઓમાં સામાયિક ચારિત્રથી માંડીને યથાખ્યાત ચારિત્ર સુધીના તથા નિર્ગ્રન્થોમાં બકુશકુશીલથી માંડીને નિર્ગ્રન્થ-સ્નાતક સુધીના સર્વે સર્વવિરતિધર ધર્મના આરાધકો કહેવાય છે.

### નિર્વાણનો અમોઘ ઉપાય :

માનવસૃષ્ટિ પ્રવાહથી અનાદિ છે. તેની સર્વ જરૂરીઆતો અનાદિની છે. તેની નિર્વાણની ઇચ્છા પણ અનાદિની છે. તેથી તેનાં સાધનો પૂરાં પાડનારી યોજના પણ અનાદિની છે.

જે ક્ષેત્રમાં અને જે કાળમાં કોઈ પણ માનવહૃદયમાં અલ્પમાં અલ્પ પણ નિવૃત્તિની ઇચ્છા જાગૃત થાય છે, ત્યારે તેને યોગ્ય સામગ્રી પણ ઉત્પન્ન થવા માંડે છે અને જ્યાં સુધી અમુક ચોક્કસ હદવાળી નિવૃત્તિની ઇચ્છા ચાલુ હોય છે. ત્યાં સુધી તે સામગ્રી કાયમ રહે છે.

નિર્વાણ પ્રાપ્ત કરવાનો, જન્મ-જરા-મૃત્યુથી કાયમને માટે મુક્ત થવાનો કોઈ પણ અમોઘ ઉપાય હોય તો તે સામાયિક ધર્મ છે.

તે સામાયિક ધર્મને પામવાનું અમોઘ સાધન, શ્રી તીર્થંકર દેવોએ સ્થાપેલું તીર્થ છે. આ તીર્થ એ એક એવી અદ્ભુત રચના છે કે તેમાંથી નિર્વાણની અભિલાષાવાળા જીવોને પોતાની ભૂમિકાને યોગ્ય નિર્વાણનાં સાધનો મળી રહે છે.

પ્રવાહથી ચાલ્યા આવતા અનદિ-અનંત આ સંસારમાં માનવજીવન પણ પ્રવાહથી શાશ્વત છે. તેમજ જીવની જરૂરીઆતો પણ શાશ્વત છે, અને પૂર્ણ કરવાની સામગ્રી પણ શાશ્વત છે.

માનવજીવનની અનેકવિધ જરૂરીઆતોમાં આધ્યાત્મિક જરૂરીઆત મુખ્ય છે. તેમાં પણ નિવૃત્તિની, શાન્તિની અને શાશ્વત સુખની ઇચ્છા એ માનવજીવનની અતિ મહત્ત્વની જરૂરીઆતની વસ્તુ છે. નિવૃત્તિની

આ ઇચ્છા પણ પાત્રભેદે તીવ્ર-મંદાદિ અનેક પ્રકારની હોય છે, તેનો છેવટનો પ્રકાર તે જ જન્મમાં પૂર્ણ નિર્વાણેચ્છાનો છે.

જ્યારથી શ્રી તીર્થંકર ભગવંતો અગ્લાનપણે ધર્મોપદેશ આપવા માંડે છે, જગતના જીવોને આરાધનામય જીવનની સર્વાંગસુંદરતા પીરસવા માંડે છે, ત્યારથી નિર્વાણની ઇચ્છાને પૂર્ણ કરવા માટેની સાધના-સામગ્રી ઉત્પન્ન થતી જાય છે.

જે સામાયિક ધર્મનું શ્રી તીર્થંકર ભગવંતોએ વ્યક્તિગત આચરણ કર્યું હતું, તે સામાયિક ધર્મ હવે તીર્થનું અંગ બની જાય છે. તેને અર્થથી ઉપદેશનારા શ્રી તીર્થંકર ભગવંતો, સૂત્રથી રચનારા શ્રી ગણધર ભગવંતો, તેનું અનુષ્ઠાન કરનાર ચતુર્વિધ શ્રી સંઘ, તેની પ્રતિજ્ઞા લેવા માટેનું '**કરેમિ ભંતે**' સૂત્ર તથા તેની વિશિષ્ટ સમજણ આપનાર અન્ય સઘળાં શાસ્ત્રો મળીને એક તીર્થ બને છે. તે તીર્થને શ્રી તીર્થંકર ભગવંતો પણ નમસ્કાર કરે છે; કારણ કે તેમને તીર્થંકરપદે પહોંચાડવામાં તેનો અસાધારણ હિસ્સો હોય છે.

### સામાયિકની ક્રિયા :

સામાયિક ધર્મની આરાધનાના અર્થી માટે આત્મા એટલે શું ? દ્રવ્યથી તે કેવો છે ? ક્ષેત્રથી તે કેવો હોય ? કાળથી કેટલો છે ? ભાવથી તેનામાં જ્ઞાન કેટલું છે ? બળ, વીર્ય અને પરાક્રમ કેટલું છે ? તે સ્થિર છે કે અસ્થિર ? ધ્રુવ છે કે અધ્રુવ ? સંખ્યાથી, લક્ષણથી, પ્રયોજનથી તેનું સ્વરૂપ કેવું છે ? એ વગેરે વિષયોનો વિચાર આવશ્યક બની જાય છે.

### દેહ-દેહી સ્વરૂપ :

આત્માને સમજવા માટે પહેલાં શરીરને સમજવું પડશે. કારણ કે મોટા ભાગના જીવોને પોતાના શરીરમાં જ 'આત્માપણા'ની બુદ્ધિ

હોય છે. જ્યાં સુધી શરીરમાં, તેના નામના, તેના સંબંધીઓમાં આત્માપણાની બુદ્ધિ છે, ત્યાં સુધી જીવ સામાયિક ધર્મનો અધિકારી બની શકતો નથી.

શરીર આદિ અને અંતવાળું છે.

આત્મા ચેતન છે. અનાદિનો છે. અનંતકાળ પર્યંત રહેવાના સ્વભાવવાળો છે.

શરીર મૂર્ત છે, આત્મા અમૂર્ત છે.

શરીર ઈંદ્રિયગ્રાહ્ય છે, આત્મા અતીન્દ્રિય છે.

શરીર પર છે, આત્મા 'સ્વ' છે.

શરીરમાં 'મમ' બુદ્ધિ થાય છે, આત્મામાં 'અહં' બુદ્ધિ થાય છે.

શરીર અનેક છે, આત્મા એક છે.

શરીર ભોગ્ય છે, આત્મા ભોક્તા છે.

શરીર દૃશ્ય છે, આત્મા દ્રષ્ટા છે.

શરીર વિનાશી છે, આત્મા અવિનાશી છે.

શરીર રોગ, જરા અને મરણ સ્વભાવવાળું છે, આત્મા અરોગી, અજર, અમર છે.

શરીર કર્મજનિત છે, આત્મા અજન્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે.

એ રીતે શરીર અને આત્મા બંનેના સ્વભાવ તેમજ સ્વરૂપ એક નથી, પણ ભિન્ન છે; એનું જ્ઞાન થવું એ સામાયિક ધર્મની યોગ્યતા પામવાનું પ્રથમ પગથિયું છે.

આત્મા એ દેહ નહિ, પણ દેહી છે. શરીર નહિ, પણ શરીરી છે. શરીર એ આત્માને રહેવાનું ઘર છે. આત્મા એ ઘરમાં વસનારો ઘરનો સ્વામી છે. ઇન્દ્રિયો એ શરીરરૂપી ઘરનાં બારીબારણાં છે.

મન અને બુદ્ધિ એ ઇન્દ્રિયોથી પણ સૂક્ષ્મ છે. મનને દૂરદર્શક યંત્ર (Telescope) કહી શકાય, તો બુદ્ધિને સૂક્ષ્મદર્શક યંત્ર (Micro-Scope ) કહી શકાય. પરંતુ આત્મા તે બંનેથી પર અને નિરાળો છે.

શરીરમાં કે ઇન્દ્રિયોમાં, મનમાં કે બુદ્ધિમાં જે કાંઈ જોવાની કે જાણવાની, ચાલવાની કે વ્યવસ્થિત કાર્ય કરવાની શક્તિ છે, તે તેઓની પોતાની નહિ પણ આત્માની છે.

કોહીનૂર હીરો આ દુનિયામાં અતિ કીમતી ગણાય છે. કેટલાક તેને 'તેજનો પર્વત' કહે છે તો કેટલાક કૌસ્તુભ મણિ પણ કહે છે. જેની પાસે તે હીરો હોય તે શાહેનશાહ ગણાય. આવો અતિ દુર્લભ તેમજ મૂલ્યવાન હીરો પણ તેને જોવા માટે જેને આંખ ન હોય તેને મન કેટલી કિંમતનો ગણાય? કહો કે કોડીનો કે તેથી પણ ઊતરતા મૂલ્ય તેમજ મહત્ત્વનો.

કેવળ કોહીનૂર જ નહિ, કિન્તુ તેવા અસંખ્ય હીરાઓ જેના વડે દેખી શકાય છે, તે ચક્ષુની કિંમત કરોડોની નહિ, પણ અબજોની આંકીએ તો પણ ઓછી જ ગણાય.

એ હીરો પણ હોય, ચક્ષુ પણ હોય, પણ મન ન હોય તો? મન પણ હોય અને બુદ્ધિ ન હોય તો?

મતલબ કે યથાર્થ મૂલ્ય હીરાનું નહિ, પણ ચક્ષુનું છે. બાહ્ય રત્નને ચક્ષુ એ જ ખરું રત્ન છે. અથવા ચક્ષુ વડે દેખેલા બાહ્ય રત્નની પરીક્ષા કરીને તેની કિંમત આંકનાર મન અને બુદ્ધિ એ ખરાં રત્ન છે. એ મન અને બુદ્ધિ પણ જેની સહાયથી કામ કરે છે અને જેના વિના કાંઈ કરી શકતાં નથી, તે આત્મારૂપી રત્નની કિંમત તો આંકી શકાય તેમ છે જ નહિ.

આવા અણમોલ આત્મરત્નની દરકાર કરનારા આજે કેટલા?

અંતર્દૃષ્ટિ કરો તો જ તેની કિંમત થોડીઘણી પણ સમજાય તેમ છે.

દેહ-ઇન્દ્રિયોથી ભિન્ન એવું આત્મરત્ન એ જ સાચું રત્ન છે. અને એની કિંમત એ જ સાચી કિંમત છે. દુનિયાનાં બીજાં દ્રવ્યો નામ માત્રથી દ્રવ્ય છે. **સાચું દ્રવ્ય એ આત્મદ્રવ્ય છે.**

એ આત્માની ઊંચાઈ કેટલી? એ આત્માનું માપ કેવડું? એ આત્માનું જીવન કેટલું? અને એ આત્માનું બળ કેટલું?

ઊંચામાં ઊંચો મેરૂપર્વત, તેનાથી પણ તે ઊંચો છે.

ઊંડામાં ઊંડો સ્વયંભૂરમણ સમુદ્ર, તેનાથી પણ તે ઊંડો છે.

પહોળામાં પહોળું લોકાકાશ, તેનાથી પણ તે પહોળો છે.

લાંબામાં લાંબો ભૂતકાળ, તેનાથી પણ તે લાંબો છે.

ભવિષ્યકાળ જેટલો લાંબો છે, તેનાથી પણ લાંબું આત્માનું જીવન છે.

પર્વતની ઊંચાઈ, સાગરની ઊંડાઈ, પૃથ્વીની પહોળાઈ, આકાશની જાડાઈ અને કાળની લંબાઈ પણ જેની આગળ તુચ્છ છે, તે આત્માની ઊંચાઈ કે જાડાઈનું માપ નીકળી શકતું નથી; કારણ કે તે અસીમ અને અમાપ છે.

પશુઓમાં બળવાનમાં બળવાન હાથી અને સિંહ, મનુષ્યોમાં બળવાનમાં બળવાન ચક્રવર્તી અને વાસુદેવ, દેવોમાં બળવાન ઇંદ્ર અને અહમિંદ્ર, તેનાથી પણ અધિક બળવાન આત્મા છે.

હાથી, સિંહ, ચક્રવર્તી, વાસુદેવ, ઇંદ્ર કે અહમિંદ્રમાં જે બળ છે તે બળ બીજા કોઈનું નથી, પણ તે-તે શરીરમાં રહેલ આત્માનું છે.

આત્મદ્રવ્ય જ એટલું બળવાન છે કે તે ધારે તો ક્ષણમાં અલોકને લોક અને લોકને અલોકમાં ફેરવી શકે છે. પરંતુ તેવું સામર્થ્ય તેનામાં ત્યારે જ પ્રગટે છે કે જ્યારે તેનામાં તેવી કુતૂહલવૃત્તિ જરા પણ રહેતી નથી.

## પાણી પોચું નથી :

બહારના પદાર્થો બાહ્ય ઇન્દ્રિયોથી જાણી શકાય છે. અંદરની વસ્તુઓ અંતઃકરણથી જાણી શકાય છે.

બહિરિન્દ્રિયથી પાણી કરતાં પથ્થર કઠણ જણાય છે. તે જ પાણીને વિચારરૂપ આંતર-ઇન્દ્રિયથી જોતાં તેથી વિપરીત જણાય છે. પર્વતના કઠણમાં કઠણ પથ્થરો પણ પર્વતની નદીના પાણીના વેગથી તૂટીને ટુકડા, ટુકડામાંથી કાંકરા અને કાંકરામાંથી રેતીના રૂપમાં પલટાઈ જાય છે.

આમ પથ્થરના ટુકડા, ટુકડાના કાંકરા અને કાંકરાની રેતી બનાવનાર, બીજું કોઈ નહિ પણ પોચું દેખાતું એવું વરસાદનું કે નદીનું પાણી છે. બાહ્ય સ્પર્શેન્દ્રિયથી ઓળખાતો કઠણ પથ્થર પણ પાણી કરતાં વધારે નરમ છે અને બાહ્ય ઇન્દ્રિયથી ઓળખાતું નરમ પાણી પણ કઠણ પથ્થર કરતાં વધારે કઠણ છે, વધારે મજબૂત છે, વધારે બળવાન છે.

લોખંડનો એક ટુકડો પાણીથી ભરેલા એક પ્યાલામાં મૂકી રાખવામાં આવે તો થોડા દિવસ પછી તે ટુકડો પાણીથી કટાઈ જાય છે, તેની ઝીણી ઝીણી લાલ રેતી થઈ જાય છે અને તે રેતી બારીક થઈને હવામાં ઊડી જાય છે. આ હિસાબે લોખંડ કરતાં પણ પાણી વધારે બળવાન પુરવાર થાય છે.

## આત્મા અચિન્ત્ય શક્તિશાળી છે :

બાહ્ય દૃષ્ટિથી કે સ્થૂલ દૃષ્ટિથી વિચારતાં કર્મ કઠિન તેમજ બળવાન લાગે છે અને આત્મા પોચો–નિર્બળ જણાય છે. પરંતુ જ્યારે તે જ વાતને આંતરદૃષ્ટિથી વિચારવામાં આવે છે ત્યારે પાણીની જેમ બળવાન આત્મા, ધ્યાનરૂપી જળના બળથી પથ્થર અને લોખંડની જેમ કર્મોને તોડી શકે છે, ભેદી શકે છે, ચૂરેચૂરા કરી શકે છે, સર્વથા નામશેષ કરી શકે છે.

## શરીર અને આત્માનો સંબંધ

શરીર અને આત્માનો સંબંધ વ્યંજન અને સ્વરના સંબંધ જેવો છે.

મૂળાક્ષરોમાં ‘अ, आ, इ’ વગેરે સ્વરો છે. અને ‘ક્, ખ્, ગ્’ વગેરે વ્યંજનો છે.

**स्वयं राजन्ते इति स्वराः ।** પોતાની મેળે જેનો સદા ઉચ્ચાર થયા કરે તે સ્વરો છે.

વ્યંજન એટલે જેને સ્વરની સહાય મળે તો જ પૂર્ણ ઉચ્ચાર થઈ શકે. નહિતર પૂર્ણપણે બોલી પણ ન શકાય. લખવામાં પણ જે ખોડા લખાય.

જેમ સ્વરના ઉચ્ચાર શાશ્વત છે, તેમ શરીરરૂપી વ્યંજનમાં રહેલો આત્મા, અવિનાશી, નિત્ય અને શાશ્વત છે અને વ્યંજનની માફક શરીર અનિત્ય, વિનાશી, પરાધીન અને અશાશ્વત છે.

આઠ મુખ્ય કર્મોમાં જલદમાં જલદ તાકાતવાળા મોહનીય કર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ જેટલી લાંબી છે. જ્યારે બીજી બાજુ માનવીના આયુષ્યની વર્તમાન સ્થિતિ ૧૦૦–૧૨૫ વર્ષ જેટલી છે.

બાહ્ય દૃષ્ટિએ વિચારતાં આટલી દીર્ઘ કર્મસ્થિતિ ૧૦૦–૧૨૫ વર્ષ જેટલા અલ્પ આયુષ્યની અંદર કેવી રીતે હઠાવી શકાય એમ લાગે પણ ખરૂં.

અંતર્દૃષ્ટિથી વિચારતાં આત્માની સ્થિતિ અનંત કોડાકોડી સાગરોપમથી પણ અધિક તેની આગળ ૭૦ કોડાકોડી શું હિસાબમાં?

૭૦ કોડાકોડીનો અંત છે. આત્મા અનંત છે. મોહનીય કર્મ ઉપરાંત સર્વ કર્મોનો અંત આવી શકે છે, કિન્તુ આત્માનો કોઈ કાળે પણ અંત આવી શકતો નથી.

જેમ બહાર રહેલી વસ્તુનું દર્શન, સૂર્યના પ્રકાશમાં પણ ચર્મચક્ષુ ખોલ્યા સિવાય થઈ શકતું નથી, તેમ અંતરમાં રહેલી મહાન વસ્તુનું દર્શન પણ આંતર–ચક્ષુ વિવેકચક્ષુ–વિચારચક્ષુ–ઉઘડ્યા સિવાય થઈ શકે નહિ.

બાહ્ય વસ્તુ જગત છે. આંતર વસ્તુ આત્મા છે.

આત્મા ચૈતન્યરૂપે છે.

જેમ દીવાને જોવા માટે બીજા દીવાની જરૂર પડતી નથી, પણ એ જ દીપકના પ્રકાશથી દીવો જોવાય છે, તેમ આત્માને જોવા માટે બીજા જ્ઞાન–પ્રકાશની જરૂર નથી. પરંતુ અંતરમાં રહેલો જ્ઞાન–પ્રકાશ, જેમાંથી એ પ્રકાશ વહી રહ્યો છે, તે આત્માને પણ જોઈ શકે છે.

આ રીતે આત્મા અવિનાશી, મહાનમાં મહાન, બળવાનમાં બળવાન, સર્વજ્ઞાનમાં શિરોમણિ અને નિરવધિ સુખથી પરિપૂર્ણ છે.

### ज्ञान क्रियाभ्यां मोक्षः

આત્માનો સંપૂર્ણ વિકાસ કરવા માટે જૈન ધર્મે બે સાધનો મુખ્ય માન્યાં છેઃ

(૧) જ્ઞાન

(૨) ક્રિયા

ज्ञान क्रियाभ्यां मोक्षः । એ તેનું ટંકશાળી સૂત્ર છે. જે પ્રત્યેક આરાધકના લક્ષ્યને યથાર્થ માર્ગ ચીંધતું રહે છે.

આત્માની પરિપૂર્ણ શુદ્ધિ માટે એકલું જ્ઞાન કે એકલી ક્રિયા બસ નથી. જ્ઞાન વિનાની ક્રિયા કે ક્રિયા વિનાનું જ્ઞાન, મનુષ્યને આત્મવિકાસની ટોચે પહોંચાડી શકે નહિ. ઉભયનો સંયોગ થાય ત્યારે જ પૂર્ણ વિકાસ થઈ શકે છે.

સામાયિક એ અનુષ્ઠાન છે, વિધિ છે, ક્રિયા છે. અનુષ્ઠાનો એ સાધન છે. તેને યથાવિધિ અનુસરવાથી મનુષ્યનું સાધ્ય તેની તરફ દોડી આવે છે.

આરાધનાના માર્ગમાં વિધિનું પણ એટલું જ મહત્ત્વ છે, જેટલું પ્રશસ્ત પ્રણિધાનનું છે.

### ધર્મક્રિયાનું ધ્યેય

ધર્મક્રિયાનું ધ્યેય મનને ધોવું તે છે. કપડાં જેમ રોજ મેલાં થાય છે, તેમ મન પણ રોજ ને રોજ મેલું થાય છે. માટે કપડાની જેમ મનને પણ રોજ ધોવું જોઈએ.

## પ્રકરણ ચૌદમુ

# સામાયિકની ક્રિયા

### આત્મવિકાસનુ સાધન :

દરેક ધર્મના અનુયાયીઓને તેના પ્રણેતાઓએ આત્મવિકાસ કરવાનાં ભિન્ન-ભિન્ન સાધનો બતાવ્યાં છે. ખ્રિસ્તીઓને પ્રાર્થના, મુસલમાનોને નમાજ, હિન્દુઓને નિત્યકર્મો, બ્રાહ્મણોને સંધ્યાઓ, પારસીઓને અવસ્તાઓ તેમ જૈનોને આત્મવિકાસની ટોચે પહોંચવાનું સાધન, શ્રી તીર્થંકર પરમાત્માઓએ સામાયિક ધર્મને કહ્યું છે.

सामायिकं च मोक्षांगं परं सर्वज्ञभाषितम् ।
वासीचन्दनकल्पाना – मुक्तमेतन्महात्मनाम् ॥ १ ॥
निरवद्यमिदं ज्ञेयं, एकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरुपत्वात् सर्व योग विशुद्धितः ॥ २ ॥
सायिक विशुद्धात्मा, सर्वथा घाति कर्मणः ।
क्षयात् केवलमाप्नोति, लोकालोक प्रकाशकम् ॥ ३ ॥

અર્થ :– સામાયિક એ મોક્ષનું-સર્વજ્ઞભાષિત પરમ સાધન છે. વાંસલાનું છેદન અને ચંદનનું વિલેપન એ બંને પ્રત્યે સમાન વૃત્તિ-

વાળા મહાપુરુષોને અથવા વાંસલા પ્રત્યે ચંદન કલ્પવૃત્તિવાળા સત્પુરુષોને તે હોય છે. (૧)

તત્ત્વથી આ સામાયિક, એકાન્તપણે નિરવદ્ય (પાપરહિત) છે, કારણ કે તે કુશલાશય (મોક્ષપ્રણિધાન) રૂપ છે, એટલું જ નહિ પણ સર્વ યોગોનું વિશુદ્ધિરૂપ છે. (૨)

આવા સામાયિકથી વિશુદ્ધ થએલો આત્મા ઘાતી કર્મોનો સર્વ પ્રકારે ક્ષય કરીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનને મેળવે છે. (૩)

અપકારી અને ઉપકારી ઉભય પ્રત્યે સમાનવૃત્તિ અથવા અપકારી પ્રત્યે પણ ઉપકાર કરવાની વૃત્તિવાળું આ સામાયિક, મોક્ષનું ઉત્કૃષ્ટ સાધન છે.

આ સામાયિકમાં ચિત્તના શુભ આશય ઉપરાંત મન-વચન અને કાયા એ ત્રણેયના વ્યાપારોની વિશુદ્ધિ રહેલી છે. ઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરવા માટે, આના સમાન બીજું સાધન જગતમાં છે નહિ.

સર્વ આત્માઓ સત્તાએ સમાન છે. સર્વને સુખ પ્રિય છે, અને દુઃખ અપ્રિય છે. સ્વરુપથી સર્વ આત્માઓ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યને ધારણ કરનારા છે. એવું જ્ઞાન થયા પછી પણ એ જ્ઞાનને અનુરૂપ ક્રિયા થયા વિના આત્મા વિકાસ સાધી શકતો નથી.

સામાયિકની ક્રિયામાં આત્મા-સ્વરૂપનું જેવું યથાર્થ જ્ઞાન થયું છે, તેના પ્રકાશમાં તેવી યથાર્થ ક્રિયા કરવાનું શાસ્ત્રનું ફરમાન છે. તેમાં કેવળ સર્વ જીવો પ્રત્યે શુભેચ્છા બતાવીને કે સર્વનું દુઃખ દૂર થાઓ અને સર્વને સુખ મળો, એવી કેવળ ભાવના કરીને જ અટકી જવામાં આવતું નથી. કિન્તુ કોઈ પણ જીવને દુઃખ થાય અને સર્વ કોઈને સાચું સુખ પ્રાપ્ત થાય, એ જાતનું સક્રિય વર્તન ઉપદેશેલું છે.

સામાયિકમાં કેવળ મનની ભાવના કે વાણીની શુભેચ્છા જ નથી, કિન્તુ કાયાને પણ ભાવના અને શુભેચ્છાનુસાર પ્રવર્તાવવા માટેની પ્રતિજ્ઞા છે.

સર્વ પ્રકારના અશુભ વ્યાપારો પછી તે કરવારૂપ હોય, કરાવવા રૂપ હોય કે અનુમોદનારૂપ હોય, તેનો મન-વચન-કાયાથી ત્યાગ અને સર્વ પ્રકારના શુભ વ્યાપારોનો મન-વચન-કાયાથી આદર; કેવળ કરવારૂપ જ નહિ, કિન્તુ શક્તિ અનુસાર કરાવવા અને અનુમોદવારૂપ પણ વિહિત કરેલો છે.

**કોઈ પણ શુભ વિચાર જ્યાં સુધી આચરણમાં આવતો નથી, ત્યાં સુધી તે કેવળ વિચાર જ છે, પરંતુ આચાર નથી. આચારને અનુરૂપ વિચાર અને વિચારને અનુરૂપ આચાર ઘડાય ત્યારે જ તે ધર્મરૂપ બને છે અને તે ધર્મ જ જીવને ધારણ કરે છે, દુર્ગતિપાત અટકાવે છે, સદ્ગતિ અપાવે છે.**

સામાયિકના આઠ પર્યાયો બતાવ્યા છે. તેમાં કેવળ વિચાર નહિ, કિન્તુ આચારયુક્ત વિચારને જ સ્થાન આપેલું છે.

સામાયિકના આઠ પર્યાયો દૃષ્ટાન્ત સહિત બતાવતાં કહ્યું છે કે,—

सामाइयं, समइयं, सम्मंवाओ, समास, संखेवो ।
अणवज्जं च परिण्णं, पच्चक्खाणे य ते अट्ठ ॥
दमदंते, मेयज्जे, पूच्छा चिलाइपुत्तेय ।
धम्मरुइ, इला, तेइली सामाइअ अट्ठ उदाहरणा ॥

અર્થ:—સમભાવ, દયાભાવ, સમ્યગ્વાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન આ આઠ સામાયિકના પર્યાય છે.

તે ઉપર અનુક્રમે દમદંત, મેતાર્ય, કાલકસૂરિ, ચિલાતીપુત્ર, લૌકિકાચાર પંડિતો, ધર્મરુચિ, ઇલાપુત્ર અને તેતલીપુત્રના ઉદાહરણો છે.

ઉપસર્ગ અને સત્કાર પ્રત્યે સમાન ભાવ રાખનાર દમદંત રાજર્ષિ, ક્રૌંચ પક્ષીના પ્રાણની રક્ષા ખાતર પોતાના પ્રાણ આપનાર મેતાર્ય મુનિવર, દત્ત પુરોહિતને સત્ય વચન કહેનાર કાલકસૂરિ, ઉપશમ, વિવેક અને સંવરરૂપ માત્ર ત્રણ પદોના વિચારથી ઘોર ઉપસર્ગને સમતાભાવે

સહનાર મહાત્મા ચિલાતીપુત્ર, થોડા અક્ષરોમાં ઘણું રહસ્ય બતાવનારા પંડિતો, 'અનાકુટ્ટી' શબ્દને સાંભળતાંની સાથે નિરવદ્ય મુનિપણું અંગીકાર કરનાર ધર્મરુચિ અણગાર, સાચા ત્યાગનું દૃશ્ય જોવા માત્રથી પ્રતિબોધ પામનાર ઇલાપુત્ર કેવળી અને નિમિત્ત મળતાં જ ત્યાગમાર્ગનો પ્રતિબોધ પામનાર તેતલીપુત્ર આચાર્ય એ સામાયિક–પાલનનાં અને તે દ્વારા આત્મસિદ્ધિ પામનારા મહાપુરુષોનાં દૃષ્ટાન્તો છે.

સામાયિકનું મૂળ સમ્યગ્દર્શન છે, સામાયિકનું ફળ સમ્યક્-ચારિત્ર છે.

### બહિરાત્મભાવ :

આ સંસારનું, બંધનનું, દુઃખના સાગરનું, અજ્ઞાનરૂપી મહા-અંધકારનું, સહરાના રણથીયે બદતર ભવાટવીનું મૂળ કારણ કોઈ હોય તો તે મિથ્યાત્વ છે. તેને કેટલાક 'માયા' કહે છે. કેટલાક તેને 'Devil sin' કહે છે. બુદ્ધો તેને 'માર' કહે છે. જૈનો તેને 'મિથ્યાત્વ' કહે છે. તેમજ તે 'બહિરાત્મભાવ' નામે પણ ઓળખાય છે.

'આત્મબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો
બહિરાતમ અઘરૂપ.'

(આનંદઘનજી)

આ સંસારમાં મોટામાં મોટું કોઈ પાપ હોય તો તે મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એટલે બહિરાત્મભાવ, કાયાદિને 'હું' માનવો તે.

કાયા, વાણી, યૌવન, ધન, સ્વજન અને મન આદિની પ્રવૃત્તિમાં નિશ્ચયથી 'હું' અને 'મારાપણા'ની અજ્ઞાન–બુદ્ધિ એ જ બહિરાત્મભાવ છે, એ જ મિથ્યાત્મ છે અને એ જ અવિદ્યા અને અજ્ઞાનરૂપી મોટામાં મોટું પાપ છે.

મનુષ્ય જેને 'હું' માને છે અને જેમાં પોતાપણાની કલ્પના કરે છે, તેને ઉદ્દેશીને જ તે સઘળી પ્રવૃત્તિઓ રસ તેમજ ઉમંગથી કરતો હોય છે.

દેહને જ 'હું' માનવાથી મનુષ્યમાં રહેલાં કેટલાંક ગમ્ય અને અગમ્ય સામર્થ્યોની તેને ખબર પડતી નથી. દેહમાં રહેનાર કોણ છે? તેની શોધ તરફ તે વળે છે. ત્યારે તેમાં રહેલ અખૂટ ખજાનાની તેને માહિતી મળે છે.

સામાયિક એ અખૂટ ખજાનો ખોલવાની એક અજબ ચાવી છે.

### સમતાનો પરમ પ્રભાવ :

कर्म जीवं च संश्लिष्टं परिज्ञायात्मनिश्चयः।
विभिन्नी कुरीते साधुः सामायिकशालाक्या॥ १॥
रागादि ध्वांत विध्वंसे कृते सामायिकांशुना।
स्वस्मिन् स्वरुपंपश्यन्ति योगिनः परमात्मनः॥ २॥

[ કલિકાલસર્વજ્ઞ ભગવંત–શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી ]

અર્થ:–પરસ્પર એકમેક થએલા જીવ અને કર્મને જાણીને કર્યો છે. આત્માનો નિશ્ચય જેણે, એવો સાધુ સામાયિકરૂપી શલાકા વડે એ એને જુદા કરે છે. (૧)

સામાયિકરૂપી સૂર્ય વડે રાગાદિ અંધકાર નાશ પામે છતે, યોગી પુરુષો પોતાના આત્મામાં પરમાત્માના સ્વરૂપને જુએ છે. (૨)

अयं प्रभावः परम समत्वस्य प्रतीयताम्।
यत् पापिनः क्षणेनापि पदमियर्ति शाश्वतम्॥ १॥

અર્થ :– સમતાનો આ પરમ પ્રભાવ છે કે જેનાથી પાપી આત્મા પણ એક ક્ષણવારમાં શાશ્વત પદને પ્રાપ્ત કરે છે.

### આત્મા શરીરાદિરૂપ નથી :

મનુષ્ય ભવ ઉત્તમમાં ઉત્તમ ખરો પણ જો શરીર વગેરે જડ વસ્તુને 'હું' કરીને માને તો તેનો જન્મ–ભવ મહાપાપરૂપ બની

જાય છે. ઉત્તમતાની ઉત્તમતા ઉત્તમ આશયપૂર્વકની સર્વોત્તમ આરાધનામાં સમાએલી છે એ સહુએ યાદ યાદ રાખવા જેવું છે જ.

શરીર વગેરેમાં જો સાક્ષીભાવ, અધિષ્ઠાનભાવ ધારણ કરે, આત્માને હૃદયસ્થ કરીને વર્તે, તો તેનામાં રહેલો આત્મા પોતાના પરમાત્મપણાને પ્રગટ કરી શકે.

'કાયાદિક'નો હો સાખી ધર રહ્યો,
અંતર આતમરૂપ. (આનંદઘનજી)

આત્મા શરીરાદિરૂપ નથી, પણ શરીરાદિનો સાક્ષી છે. શરીર, મન, અહંકાર, યૌવન, ધન, માલમિલકત કે સ્વજન–સ્નેહીઓ આત્મારૂપ નહિ પણ આત્મભિન્ન છે. આત્મા તો સર્વનો સાક્ષી, દ્રષ્ટા છે. એ રીતે અંતરાત્મભાવ પ્રગટ થતાં સંસારમાં થતાં સુખ–દુઃખથી જીવ પર બની જાય છે. પછી એમ લાગે છે કે સુખ–દુઃખ કર્મ સંયોગે આવી મળેલા અને થોડો કાળ રહી વિનાશ પામી જનારા આગંતુકો છે. આત્મા એનાથી પર છે.

આ સ્થિતિ આવ્યા પછી આંતરચક્ષુથી પરમાત્મ–દર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. આત્મા અને પરમાત્માનો સંબંધ યથાર્થપણે સમજાય છે, હૃદયગત થાય છે. દેહાદિકથી આત્મા અલગ છે, તેમ પરમાત્મા તરફ જોતાં કર્માદિકથી પણ તે નિશ્ચયથી અલગ છે, એવું ભાન થાય છે. અને કર્માદિથી અલગ થવા માટે પોતાના આત્મવીર્યને અવલંબી સામાયિક આદિ પ્રવૃત્તિઓ કરતો રહે છે અને ધીમે–ધીમે વચ્ચે આવતાં વિઘ્નોને દૂર કરતો જઈ પોતાના પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરે છે.

'જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો,
વરજીત સકલ ઉપાધિ. સુજ્ઞાની૦
અતીન્દ્રિય ગુણમણિ આગરુ,
ઈમિ પરમાતમ સાધ. સુજ્ઞાની૦

પૂજ્ય શ્રી આનંદઘનજી મહારાજ પરમાત્મ સ્વરૂપનું વર્ણન કરતાં

ફરમાવે છે કે જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ, પવિત્ર, સકળ બાહ્ય ઉપાધિ–પર દ્રવ્યનો સંબંધ તેનાથી રહિત, અતીન્દ્રિય, ગુણ સમૂહરૂપી મણિઓની ખાણ એવા પરમાત્માને અંતરાત્મભાવવાળો આત્મા સાધી શકે છે.

સામાયિકની ક્રિયા કરતાં એ ક્રિયાનો અર્થ અને પછી ભાવ જેમ–જેમ પ્રાપ્ત થતો જાય છે, અંતરમાં ઉઘડતો જાય છે, પરિણામ-સ્થ બનતો જાય છે, તેમ–તેમ પરમાત્મસ્વરૂપનો પરિચય વધતો જાય છે, પાકટતા ધારણ કરતો થાય છે. પરમાત્મા ઇન્દ્રિયોથી જણાતા વિષયોથી પર છે, છતાં ઇન્દ્રિયોથી પર એવો આત્મા, પરમાત્માને જાણે છે અને ઇન્દ્રિયો તથા તેના વિષયો પણ જાણે છે.

### સામાયિકનું ફળ :

સામાયિક વડે સાવદ્ય યોગની વિરતિ થાય છે. તેનું ફળ એટલું મોટું કહ્યું છે કે તેની સરખામણી સોના અને ચાંદીના ઢગલાઓથી પણ થઈ શકે નહિ.

'दिवसे, दिवसे लक्खं देइ सुवन्नस्स खंडियं एगो ।
एगो पुण सामाइयं, करेइ न पहप्पए तस्स ॥ १ ॥

અર્થ :– એક માણસ રોજ સુવર્ણની એક લાખ ખાંડી (એક ખાંડી બરાબર ૫૬ મણ) શુભ ક્ષેત્રમાં દાન કરે છે. અને બીજો એક માણસ રોજ એક સામાયિક કરે છે, તો તે દાન આપનાર, સામાયિકના ફળને પહોંચતો નથી.

સામાયિકમાં પાપ–વ્યાપારના ત્યાગ વડે જે જીવોના પ્રાણોને અભય મળે છે, તે પ્રાણોનું મૂલ્ય, સમસ્ત પૃથ્વીના મૂલ્ય કરતાં પણ અધિક છે. તેથી સર્વ દાનોમાં અભયદાન મુખ્ય છે. વળી કહ્યું છે કે,

सामाइयं कुणंतो समभावं सावओ अ घडियदुगं ।
आउं सुरेसु बंधइ, इत्तिय मित्ताइं पालियाइं ॥ १ ॥

અર્થ :–સામાયિકમાં સમભાવને ધારણ કરતો શ્રાવક બે ઘડીમાં બાણું કરોડ પલ્યોપમથી ઝાઝેરું દેવાયુષ્ય બાંધે છે.

सामायिकं द्विघटिकं चिरकर्मभेदी,
चंद्रावतंस वदुच्च धियोऽत्र किन्तु ।
स्पर्शेऽपि सत्यमुदकं मलिनत्वनाशि,
घोरं तमो हरति वाकृत एव दीपः ॥ १ ॥

અર્થ :– બે ઘડીનું (૪૮ મિનિટ) સામાયિક, ચિરકાળના કર્મને ઉચ્ચ બુદ્ધિવાળા શ્રી ચંદ્રાવતંસક રાજાની જેમ (કર્મને) ભેદનારું છે. સ્પર્શ થવા માત્રથી જળ મલિનતાનો નાશ કરે જ છે, દીપક પ્રગટ કરતાંની સાથે ઘોર અંધકાર તત્કાળ નાશ પામે જ છે.

तिव्वं तवं तवमाणो जं नवि निट्ठयइ जम्मकोडीहिं ।
तं समभाव भाविअचित्तो खवेइ कम्मं खणद्धेणं ॥ १ ॥

અર્થ :– કરોડો જન્મો સુધી તીવ્ર તપને તપતાં જે કર્મક્ષય નથી થતો, તે કર્મો સમભાવથી ભાવિત ચિત્તવાળો અર્ધ ક્ષણમાં નાશ કરે છે.

जे के वि गया मोक्खं, जे विय गच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइयमाहप्पेणं मुणेयव्वा ॥ १ ॥

અર્થ :– ભૂતકાળમાં જે કોઈ મોક્ષે ગયા છે, વર્તમાનકાળમાં જાય છે અને આગામી કાળે જશે તે સર્વે સામાયિકના માહાત્મ્યથી છે, એમ જાણવું.

किं तिव्वेण तवेणं, किं च जवेणं किं च चरित्तेणं ?
समायाइ विण मुक्खो न हु हुओ कहवि न हु होइ ॥ १ ॥

અર્થ :– તીવ્ર તપ વડે, જપ વડે કે ચારિત્ર વડે શું ? સમતા વિના કોઈનો મોક્ષ થયો નથી, થવાનો નથી.

માટે જ્યારે-જ્યારે અવસર મળે, ત્યારે-ત્યારે સામાયિકનો અભ્યાસ કરો.

'जाहे खणि उ ताहे सामाइयं करेइ ।'

શ્રી ભગવતી સૂત્ર

અર્થ :- જ્યારે અવસર મળે ત્યારે સામાયિક કરે.

'यदा सव्व सामाइयं काउमसत्तो तदा देस सामायियंपि जाव बहुसो कुज्जा । तथा जत्थ वा विसमइ अच्छइ वा निव्वारो सव्वत्थ समाइयं करेइ ।

( શ્રી આવશ્યકચૂર્ણિ )

અર્થ :- જ્યારે સર્વ-સામાયિક કરવાને શક્તિમાન ન હોય, ત્યારે પણ દેશ ( દેશવિરતિ ) સામાયિક બહુ વાર કરે તથા જ્યારે-જ્યારે વિશ્રાંતિ મળે અથવા બીજું કોઈ કાર્ય ન હોય, ત્યારે-ત્યારે સર્વત્ર સામાયિકને કરે.

जीवो पमायबहुलो बहुसो विअबहुविहेसु अन्थेसु ।
एएण कारणेण बहुसो सामाइयं कुज्जा ॥ १ ॥

સામાયિક નિર્યુક્તિ.

અર્થ :- જીવ પ્રમાદથી ભરેલો છે. બહુ પ્રકારના અર્થમાં વારંવાર ઓતપ્રોત થએલો છે, એ કારણે વારંવાર સામાયિક કરવું જોઈએ.

### આરાધનાનો પ્રાણ :

સમતાભાવ આરાધનાનો પ્રાણ છે.

સમત્વભ્રષ્ટ વિરાધક લેખાય છે. વિરાધના આત્માને સંસારમાં ઠેર-ઠેર રઝળાવે છે.

આત્માના આ રઝળપાટના કાયમી અંત માટે પુણ્યશાળીઓએ સમતાના ઘરમાં સ્થિર કરનારી આરાધનામાં એકાકાર થવું રહ્યું.

# પ્રકરણ પંદરમું

# સામાયિક

**આત્મા એ જ સામાયિક છે :**

'ભગવઈ અંગે ભાખિયો, સામાયિક અર્થ;
સામાયિક પણ આત્મા ધારો સુધો અર્થ'

[ પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મ. સા. ]

અર્થ :– શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે કે, 'સામાયિકનો અર્થ અને સામાયિક એ ખરેખર આત્મા જ છે.' આ શુદ્ધ અર્થ તમે ધારણ કરો.

નિશ્ચય દૃષ્ટિથી આત્મા એ જ સામાયિક છે. એટલે સામાયિકની ક્રિયા આત્મતત્ત્વને પ્રગટાવનારી છે, આત્મતત્ત્વનો અનુભવ કરાવનારી છે.

'સામાયિક' શબ્દના ઉચ્ચાર સાથે સામાયિક ઉપર વિચાર કરવામાં આવે અને ઉચ્ચાર તેમજ વિચાર મુજબ આચાર ઘડવામાં આવે તો આત્મતત્ત્વ પ્રગટ થયા સિવાય રહે નહિ. આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવાનું ટૂંકામાં ટૂંકું સાધન સામાયિકની ક્રિયા છે.

## સામાયિકનું લક્ષણ :

જ્ઞાન–દર્શન–ચારિત્ર એ ત્રણ એકત્ર મળીને મોક્ષનો માર્ગ બને છે. તે ત્રણ જ્યારે સમ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, ત્યારે તેને 'સામાયિક' કહેવાય છે.

જેવો ઉચ્ચાર તેવો જ વિચાર અને જેવો વિચાર તેવો જ આચાર જ્યારે સામાયિકનો એટલે સમતાભાવનો થાય છે, ત્યારે જ્ઞાન–દર્શન–ચારિત્રની એકતા પ્રાપ્ત થાય છે. સમભાવ સક્રિય બને છે. સર્વ જીવો અને તેમની અવસ્થાઓ પ્રત્યે સામ્યભાવ–મધુરભાવ, સર્વ પુદ્ગલો અને તેના પર્યાયોમાં સમભાવ–માધ્યસ્થભાવ અને સર્વ ગુણો અને તેના મોક્ષ-સાધક સામર્થ્યમાં સમ્યગ્ભાવ–આદરભાવ એ સામાયિકનું લક્ષણ છે. એ લક્ષણમાં સામાયિકના સર્વ અંગોનો સંગ્રહ થઈ જાય છે.

## આત્મવિકાસનાં મુખ્ય સાધન :

આત્માનો સંપૂર્ણ વિકાસ કરવા માટે મુખ્ય બે સાધનો છે. એક જ્ઞાન, બીજું ક્રિયા.

ક્રિયા વિનાનું જ્ઞાન કે જ્ઞાન વિનાની કેવળ ક્રિયા મોક્ષસાધક બની શકતાં નથી.

દરેક ધર્મને બે અંગ હોય છે. એક દર્શનશાસ્ત્ર (Philosophy) અને બીજું આચારશાસ્ત્ર (Ethics).

આચારશાસ્ત્રે બતાવેલા પ્રત્યેક પ્રયોગને અનુષ્ઠાન કહેવામાં આવે છે.

દરેક અનુષ્ઠાનની પાછળ તેનું સાધ્ય, તેનાં સાધન, તેનાં વિઘ્નો, તેની સિદ્ધિ અને તેનું બીજાઓને પ્રદાન હોય છે.

## સાધ્યની સ્પષ્ટતા :

આરાધકે જે અનુષ્ઠાન કરવું હોય તેનું મુખ્ય સાધ્ય શું છે, તે

પ્રથમ નક્કી કરવું જોઈએ. આપણે જે મેળવવું છે તે નક્કી થયા વિના આપણી પ્રવૃત્તિ બળવતી બનતી નથી.

આપણા ઉદ્દેશ અને સાધ્યમાં આપણી જેટલી પ્રીતિ–ભક્તિ, તેટલી બળવતી પ્રવૃત્તિ સાધ્યને માટે થઈ શકે છે. તેથી અધિક થઈ શકતી નથી.

જે માણસનો આદર્શ પૈસા છે, તે માણસ પોતાનો દેશ, ઘરબાર, સગાંવહાલાં, મિત્રો અને કુટુંબને મૂકી યુરોપ–અમેરિકા નથી જતો? જાય છે, કારણ કે તેનો આદર્શ પૈસો છે.

એ વાત ખરી કે કેટલાક પરિપૂર્ણ આદર્શને તે જ ભવમાં ન પણ વરે; તથાપિ તેમના પુરુષાર્થ અને પુણ્ય મુજબ થોડોઘણો લાભ તો હાંસલ કરે જ છે.

તે જ પ્રમાણે શાસ્ત્રમાં જે વિધાન કર્યું હોય, તેને બરાબર સમજી, તેના ઉપર પ્રીતિ–ભક્તિ કેળવી, બળ–વીર્ય ગોપાવ્યા વિના પ્રવૃત્તિ આદરવામાં આવે તો સાધ્યના કેટલાક અંશોને પ્રાપ્ત કરતાં–કરતાં એક કાળે પરિપૂર્ણ આદર્શને પહોંચી શકાય. એ રીતે પ્રથમ આદર્શને નક્કી કરી સામાયિકની પ્રવૃત્તિમાં પ્રવેશ કરવો જોઈએ.

### વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગ :

આત્મ–સમભાવની પ્રાપ્તિમાં મિથ્યાત્વ એ જ મોટામાં મોટું વિઘ્ન છે. જેમ–જેમ સાધક એના ઉપર વિજય મેળવતો જાય છે, તેમ–તેમ આત્મિક ગુણો પ્રગટતા જાય છે.

સામાયિકની ક્રિયાનો અર્થ અને પછી તેનો ભાવ જેમ જેમ પ્રાપ્ત કરતા જવાય છે, તેમ તેમ વિઘ્નો સહેજે દૂર થઈ જાય છે. એ દૂર થતાંની સાથે જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સિદ્ધિ પ્રાપ્ત થતાંની સાથે સાધકના આત્મામાં જે સામર્થ્યો પોતાને પ્રગટ થયાં છે, તે જગતના અન્ય જીવોને પણ પ્રાપ્ત થાય તેવી ભાવ–દયા પ્રગટે છે.

આ રીતે સાધ્ય નક્કી કરી, તદનુરૂપ પ્રવૃત્તિને અમલમાં મૂકી, વચ્ચે આવતાં વિઘ્નોને પરાસ્ત કરી. સિદ્ધિ પ્રાપ્ત કરી, તેનો અન્યના કલ્યાણ માટે વિનિયોગ કરવો, એ ધાર્મિક અનુષ્ઠાનોની સર્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

## ટાળવાના દોષ :

જે ક્રિયા કે અનુષ્ઠાન કરવામાં આવે તેનું ફળ આત્મવિકાસ સિવાય બીજું કાંઈ પણ ઇચ્છવું ન જોઈએ.

માનસિક વિઘ્નો ચાર પ્રકારનાં ગણાવ્યાં છે: (૧) અવિધિ. (૨) અતિ પ્રવૃત્તિ (ન્યૂન પ્રવૃત્તિ કે અપ્રવૃત્તિ આદિનો આમાં સમાવેશ થઈ જાય છે). (૩) દગ્ધ (એટલે આત્મવિકાસ સિવાયના ફળની વાંછના) અને (૪) શૂન્ય (એટલે ઉપયોગ વિનાની જ ક્રિયા કરવી તે).

આરાધકે આ ચારે દોષ ટાળવા જોઈએ.

## નમનનો હેતુ :

સામાયિકની પ્રવૃત્તિમાં મંગળને માટે પ્રથમ શ્રી નવકાર મંત્ર ગણવામાં આવે છે.

તેમાં શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમન છે.

નમન કરવાનો હેતુ, નમનીયમાં જેવા ગુણો પ્રગટ છે, તેવા જ ગુણો પોતાના આત્મામાં પ્રગટે.

ભાવપૂર્વકના વિધિયુક્ત નમન વડે પોતામાં રહેલા અપ્રગટ ગુણો પ્રગટ થાય છે. બહારથી દેખાવમાં એમ લાગે છે કે એક આત્મા બીજા આત્માને નમે છે, પરંતુ તાત્ત્વિક રીતે તેમ નથી.

તત્ત્વદૃષ્ટિએ જોતાં નમન કરનારે પોતાના આત્મામાં રહેલા અપ્રગટ ગુણોને પ્રગટાવવા, એ ગુણો જેમનામાં પ્રગટ થએલા છે, તેવા નિર્મળ આત્માને નમન કરતો હોય છે.

## શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો :

શ્રી પંચ પરમેષ્ઠિ એટલે ઉત્કૃષ્ટપદે–ઉત્કૃષ્ટ સ્થાને બિરાજમાન વિશ્વોપકારી ભગવંતો.

તેમને ભાવપૂર્વક નમન કરતાં આપણો આત્મા તેઓના જેવા જ ગુણોને પ્રગટ કરી, આત્મવિકાસની ટોચે પહોંચવાની ભાવના રાખે છે.

શ્રી પંચ પરમેષ્ઠિમય નવકાર મંત્રના પાઠથી, ઉચ્ચારણાથી અને ભાવનાથી સર્વ દુઃખોની નિવૃત્તિ અને સર્વ પ્રકારનાં સુખોની પ્રાપ્તિ થાય છે. છેવટે પરમ, અવ્યાબાધ અનંત આનંદ મળે છે.

વ્યંજન ( શુદ્ધ ઉચ્ચાર ) અર્થ ( શુદ્ધ વિચાર ) અને તદુભયથી ઉત્પન્ન થતો શુભ ભાવ, આ ત્રણે પ્રકારની વિધિ વડે શ્રી નવકાર મંત્રનો જાપ કરવામાં આવે તો સકળ પાપનો, સકળ દુઃખનો નાશ થાય છે. સર્વ પ્રકારના મંગળ, પુણ્ય, સુખ, માનવજીવનનું સર્વોચ્ચ સાધ્ય પ્રાપ્ત થાય છે.

શ્રી નવકારના યથાર્થ સેવનથી, પંચ પરમેષ્ઠિ એટલે જાતિથી પાંચ અને વ્યક્તિથી અનંત મહાન આત્માઓ–આદર્શ આત્માઓનું સ્મરણ, વંદન, નમન, ચિંતન, ધ્યાન થાય છે અને તેથી આરાધકને મહાન આનંદરૂપ આત્મસામ્રાજ્યની પ્રાપ્તિ થાય છે.

## સાધ્ય અને સાધક :

શરીરને ‘ હું ’ માનનાર પરમાત્માનું યથાર્થ સ્મરણ કરી શકે નહિ. પરંતુ શરીરમાં રહેનાર અમર આત્મા, અંતરાત્મા પરમાત્માનું સ્મરણ કરી શકે.

સાધક અલ્પજ્ઞ છે, સાધ્ય સર્વજ્ઞ છે. એક પાસે એક પૈસો છે, બીજા પાસે કરોડ રૂપીઆ છે. બંને પૈસાવાળા છે. સાધક અંતરાત્મા

છે. સાધ્ય પરમાત્મા છે. બંને જ્ઞાનવાન, ગુણવાન છે. તફાવત ગુણનો નથી, કિન્તુ ગુણોના વિસ્તારનો છે.

આમ સાધક–સાધ્યનો યથાર્થ સંબંધ સમજી શ્રી નવકાર મંત્રમાં ઉચ્ચાર, વિચાર અને ભાવ વડે પ્રવેશ કરવો જોઈએ.

શ્રી નવકારના પદનો ઉચ્ચાર હોય, અર્થનો વિચાર પણ હોય, છતાં ઘણી વાર ભાવ સુધી પહોંચાતું નથી.

શબ્દ એ ચકમક છે, અર્થ એ ફ્લક છે. ચકમક ફ્લક સાથે અથડાય છે, ત્યારે તણખા ઝરે છે. તણખારૂપે પ્રકાશ બહાર આવે છે.

તેમ વ્યંજનશુદ્ધ શબ્દ, શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ, અર્થ, શુદ્ધ–અર્થ, અર્થનો સ્પષ્ટ વિચાર અને તદુભય; એ બંને ભેગા થવાથી ઉચ્ચારણ અને વિચારણા એકત્ર મળવાથી ભાવરૂપ પ્રકાશ પ્રગટે છે. સાધકને પ્રતીતિ થતી જાય છે કે જે પરમાત્માનું હું સ્મરણ કરી રહ્યો છું, તેના પ્રગટ ગુણો જેવા જ મારામાં અપ્રગટ ગુણો છે. અને તેને હું સતત સ્મરણ, સેવન, આરાધન વડે ધીમે–ધીમે પ્રગટ કરતો જાઉં છું.

## મસ્તક નમાવવું એટલે શું ?

આ પ્રમાણે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કર્યા પછી તેમાં રહેલા ત્રીજા—

'नमो आयरियाणं' પદની સ્થાપના કરી પંચિંદિય નામનું સૂત્ર કહેવામાં આવે છે. તેમાં ભાવ–આચાર્યના છત્રીસ ગુણોનું વર્ણન છે. તે દ્વારા પણ નમન કરનારામાં રહેલા અપ્રગટ ૩૬ ગુણોને પ્રગટ કરવાનો હેતુ છે.

ગુરુમહારાજની ગેરહાજરીમાં 'પંચિંદિય' બોલી, ગુરૂની સ્થાપના કરી, ગુરુને વંદન કરતાં 'मत्थएण वंदामि' કહેવાય છે. આ ઉપવાક્યનો હેતુ એ છે કે આખા શરીરમાં મસ્તક એ ઉત્તમ અંગ છે. જેણે મસ્તય નમાવ્યું તેણે સર્વ નમાવ્યું. નમન કરનારે આત્મસમર્પણ કર્યું.

### સામાયિક લેનારની કબુલાત :

મસ્તક નમાવીને સામાયિક લેનાર કબૂલે છે કે, 'મારી સર્વ ધર્મક્રિયા આપની આજ્ઞા પ્રમાણે કરીશ."

વળી તેમાં કહેવાય છે કે 'जावणिज्जाए निसीहियाए' સર્વ બાહ્ય વ્યવહારો, પાપવ્યાપારો છોડીને, શક્તિ ગોપવ્યા વિના વંદન કરું છું."

વળી કહે છે કે, 'હે ક્ષમાશ્રમણ! હું આપને વંદન કરવા ઇચ્છું છું. આપ ક્ષમાશ્રમણ છો. ક્ષમા એ જ આપનો મુખ્ય વ્યાપાર છે. હું આપને વંદન કરી, મારામાં ક્ષમા ગુણનો વિકાસ કરવા ઇચ્છું છું.'

### કાઉસગ્ગ :

સામાયિક લેવા માટે કાઉસગ્ગ કરવામાં આવે છે. અને તે પૂર્વે 'ઇરિયાવહી'નો પાઠ કહેવામાં આવે છે. કાઉસગ્ગ એટલે કાયાના ભાવને, દેહાધ્યાસને, કર્મભાવને તોડી, આત્મભાવમાં આવી, પરમાત્મભાવમાં એકતા કરવી તે.

ઇરિયાવહીમાં સર્વ જીવરાશિની સાથે ક્ષમાપના કરાય છે. દશ પ્રકારની વિરાધના કરતાં જે પાપ થયું હોય તેની શુદ્ધિ કાયોત્સર્ગરૂપ શુભ ધ્યાન વડે થાય છે. કહ્યું છે કે–

'पावाणं कम्माणं निग्घायणट्ठाए ठामि काउसग्गं।'

પાપકર્મની નિર્ઘાતનાને અર્થે દેહભાવ છોડી, આત્મભાવમાં રહી, મારા આત્માને પરમાત્મભાવમાં સ્થાપું છું.

કાયોત્સર્ગ (કાઉસગ્ગ) કરતી વખતે આત્મા કાયાનું ભાન છોડી દઈને અંતરાત્મભાવમાં પ્રવેશે છે અને ત્યાં રહીને પરમાત્માનું સ્મરણ કરે છે, ત્યારે અંતરાત્મભાવથી પણ પર બની પરમાત્મભાવમાં તલ્લીન થાય છે. એ તલ્લીનતાથી આત્મપ્રદેશોમાં વ્યાપેલા અશુભ કર્મોની નિર્ઘાતના (નિર્જરા) થાય છે.

### જૈનદર્શન પૂર્ણ છે :

જૈનદર્શન પૂર્ણ એટલા માટે છે કે તેમાં માત્ર કલ્પનાને સ્થાન નથી. કિન્તુ આત્મસંશોધન આત્માવલંબન વડે આત્માને પરમાત્મા બનાવવાની પ્રક્રિયા છે, એ પ્રક્રિયા પણ સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રકાશેલી હોઈને સર્વ કાળમાં તદનુરૂપ આરાધના કરનારા આત્મા, શુદ્ધ આત્મસ્વરૂપના પ્રાગટ્યની દિશામાં આગળ વધતા રહે છે.

દેહભાવ છોડવાથી વિદેહભાવ – અંતરાત્મભાવ પ્રગટે છે તેમાંથી પણ છૂટીને, કર્મભાવ દૂર કરીને, શુદ્ધાત્મભાવમાં રહેતાં શીખીએ, તો મહાવિદેહ, કેવળજ્ઞાન અને મુક્તિને યોગ્ય બનીએ છીએ.

### આત્મામાં અસીમ બળ છે :

આત્માના એકેક પ્રદેશમાં અમાપ, અનંત બળ છે.

ખરો પર્વત તે છે કે, ગમે તેવી વીજળી પડે તો પણ તેમાં ફાટ પડે નહિ. ગમે તેવો ભારે વરસાદ વરસે તો પણ તેનો એકે ય કાંકરો ખરે નહિ. પરિષહરૂપી વૃષ્ટિઓ અને ઉપસર્ગરૂપી વીજળીઓ જેમનો પરાભવ કરી શકે નહિ, તે ખરેખર મહાપુરુષો છે. દેહભાવ છૂટ્યા પછી તે સામર્થ્ય મળે છે.

આત્મસામર્થ્ય આગળ, ત્રિલોકના બાહ્ય સામર્થ્યો મસ્તક ઝુકાવે છે.

જૈનશાસ્ત્રનો અનેકાન્તવાદ એ સમાધાનવાદ છે. અલ્પ સામર્થ્ય હોય ત્યારે પ્રશસ્ત આલંબન લેવું, સામર્થ્ય વધે ત્યારે સ્વાલંબી બનવું.

આમ મુમુક્ષુએ ક્રમથી આગળ વધવું જોઈએ. ક્રમની અવગણના કરવાથી આત્મવિકાસનો માર્ગ અવરોધાય છે.

પ્રથમ, પાપને પુણ્ય વડે દૂર કરી, પછી પુણ્યના ફળમાં અનાસક્ત રહી, શુદ્ધ આત્મ સ્વરૂપ તરફ પ્રયાણ કરવું જોઈએ.

પુણ્યકર્મ અને પાપકર્મ બંને ભીલની જાતના છે. પાપ લૂંટારાની જાતિનું છે અને પુણ્ય વળાવીઆની જાતિનું છે.

જેટલો તફાવત લૂંટારા અને વળાવીઆમાં (ભોમિયામાં) છે, તેટલો જ પાપ અને પુણ્યમાં છે. પાપ આત્માના ગુણને લૂંટે છે. પુણ્ય તે લૂંટારાથી બચાવે છે અને વળાવીઆરૂપ થઈ મોક્ષનગરના દ્વાર સુધી પહોંચાડે છે.

કાયોત્સર્ગ પછી મુહપત્તિ પડિલેહણા છે. તેમાં પુરુષે ૫૦ પ્રકારની અને સ્ત્રીએ ૪૦ પ્રકારની ભાવના કરવાની હોય છે.

## સામાયિકની પ્રતિજ્ઞા :

ત્યાર બાદ સામાયિકની પ્રતિજ્ઞા લેવામાં આવે છે.

'હે ભગવન્ ! આપનું ઉપદેશેલું સામાયિક હું કરીશ. આપની આજ્ઞા એ જ મારો ધર્મ છે.'

પ્રામાણિક સેવક તે કહેવાય કે જે સેવ્ય, શેઠ કે સ્વામીને આજ્ઞા કરતાં થકવે પણ પોતે આજ્ઞા પાળતાં થાકે નહિ.

'કરેમિ ભંતે'માં જે પ્રતિજ્ઞા લેવામાં આવે છે, તેમાં પૂર્વાભ્યાસને લઈને, દેહાધ્યાસ અને મોહાધ્યાસને લઈને જે ભૂલો થઈ જાય તેને, 'पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि' હું આત્મસાક્ષીએ નિંદું છું, ગુરુ સાક્ષીએ ગર્હું છું અને પૂર્વના અશુદ્ધ આત્માને વોસિરાવું છું. આવી ભૂલો ફરી હું કરીશ નહિ.' એમ કહીને હું મારા શુદ્ધ સ્વભાવમાં પાછો ફરું છું.

આમ કરતાં કરતાં જ્યારે એક પણ દોષ ન થાય, ન સેવાઈ જાય, તેવું સામાયિક થાય ત્યારે સામાયિકની સિદ્ધિ સમજવી.

દેહભાવે ક્રિયા કરે તે નિસરણી વાટે ઉપર ચઢે છે અને આત્મભાવે કરે તે પ્રકાશની ઝડપે પોતાના ઇષ્ટ સ્થાને પહોંચે છે.

### યોગ :

જે સાધનો, આત્માને સાધ્યની સાથે જોડે તે સાધનોનું નામ યોગ છે. મન–વચન–કાયારૂપી સાધનોને બહાર જતાં રોકી આત્મામાં વાળવાથી યોગી, પરમાત્મપદ પ્રાપ્ત કરે છે.

### આરાધના :

દશ પ્રકારની વિરાધના બંધ થતાં જ જીવમાં સમભાવ–આત્મભાવ જાગે છે. અને એ સમભાવ જાગે એટલે સર્વ જીવોની રક્ષા–સેવા–આરાધના કરવા માંડે છે.

વિરાધના કરી જીવ જ્યારે નરકગતિ સાધતો હતો, ત્યારે આરાધના કરવાની ભાવનાથી તીર્થંકરપદ અને સિદ્ધપદ પામે છે.

આત્મદૃષ્ટિ સંસારમાં ઉચ્ચ પદવી અપાવી પરલોકમાં ઉત્તમોત્તમ સ્થિતિએ પહોંચાડે છે.

'આ જીવ એ શરીર નથી, કર્મ નથી, કષાય નથી, કિન્તુ શુદ્ધ આત્મા છે. એ દેખાતાં જ રાગદ્વેષ, ભય અને આસક્તિ ચાલ્યાં જાય છે. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહી, સર્વ આત્માઓ સાથે સમભાવે રહી, અનંત આનંદ અનુભવે છે,

### સામાયિકમય જીવન :

જ્યાં સુધી 'મને સામાયિકની પ્રતિજ્ઞા છે, ત્યાં સુધી વિશ્વના તમામ જીવોને હું મારા જીવ સમાન ગણીશ અને એ અધ્યવસાયમાં દૃઢતા કેળવવા માટે મન, વચન, કાયાના યોગથી કોઈ પણ સાવદ્ય વ્યાપારને કરીશ નહિ, કરાવીશ નહિ કે અનુમોદીશ નહિ.'

આવો નિયમ જિંદગી સુધી જેમાં અંગીકાર કરવાનો હોય છે,

તે જાવજજીવની સામાયિકની પ્રતિજ્ઞા છે, અને તે પ્રતિજ્ઞા અનુસાર જે જીવન જીવવાનું હોય છે, તે સામાયિકમય જીવન છે.

સાધુભગવંતોને જાવજજીવનું સામાયિક હોય છે. જે સર્વવિરતિ સામાયિક કહેવાય છે.

શ્રાવક વર્ગને બે ઘડીનું સામાયિક હોય છે જે દેશવિરતિ સામાયિક કહેવાય છે.

દેશવિરતિ સામાયિકના સતત અભ્યાસ દ્વારા આરાધક આત્મા, સર્વવિરતિ સામાયિક અંગીકાર કરવાની યોગ્યતાને પરિપકવ કરી શકે છે.

આરાધનાની ફળશ્રુતિ છે સમતાભાવ, આત્મૌપમ્યભાવ. આ ભાવ પાકે છે એટલે ભવસ્થિતિને પાકવું જ પડે છે.

## અહિંસા અને અનેકાંત

અહિંસાનાં ઉપદેશમા મુખ્ય ભાર મનુષ્યની માનસિક શુદ્ધિ ઉપર છે. જીવો પ્રત્યે આત્મતુલ્ય વૃત્તિઓ ટકાવી રાખવા માટે અહિંસા અને અનેકાંતની અપેક્ષા રહે છે. વિચાર–વૈષમ્યનું નિવારણ અનેકાંતથી થાય છે. ક્રિયા–સ્વાતંત્ર્યનું નિયંત્રણ અહિંસાથી થાય છે. અનેકાંતવાદથી સત્યનું અને અહિંસકભાવથી સત્ત્વનું પાલન થાય છે. પ્રાણીઓમાં રહેલ પ્રાણ અને વાણીમાં રહેલ સત્ય, બહુમાન અને આદરની નજરે જોવાલાયક છે. વિચારમાં રહેલ સત્ય, આચારમાં ઊતરેલ અહિંસા જેટલું જ કીમતી છે. એકમાં ન્યાયની અને બીજામાં સત્યની રક્ષા થાય છે.

## પ્રકરણ સોળમું

# પ્રતિક્રમણથી પ્રીત

અધ્યાત્મ :

આરાધનાનો માર્ગ તે ધર્મનો માર્ગ છે, આત્મકલ્યાણનો માર્ગ છે, અધ્યાત્મનો માર્ગ છે.

ઉત્તમ પ્રકારના આલંબનોનાં સેવનથી આત્મામાં ઉત્પન્ન થતા શુભ ભાવને શ્રી જૈનશાસનમાં અધ્યાત્મ કહે છે.

જેમ પાણીની સરવાણીવાળા સ્થળમાં કૂવો ખોદવાથી પાણી અચૂક ઊભરાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિ આત્માઓની અંદર રહેલા શુભ ભાવોની અભિવ્યક્તિ પ્રતિક્રમણાદિ શુભ અનુષ્ઠાનો વડે થાય છે.

દેવપૂજન, પ્રતિક્રમણ, ઉપદેશ–શ્રવણ આદિ પ્રત્યેક ક્રિયા, ભિન્ન ગ્રન્થિવાળા જીવને સાનુબંધ મિથ્યાત્વમોહાદિ પ્રકૃષ્ટ કર્મમળના વિનાશનો હેતુ બને છે.

સાનુબંધ શુભ અનુષ્ઠાનને ઇતરોએ પણ સુવર્ણઘટ સમાન કહ્યું છે.

શ્રી જૈનશાસનમાં પણ ૨ થી ૯ પલ્યોપમ પ્રમાણ મોહનીય કર્મના ક્ષયે, દેશવિરતિ સંખ્યાતા સાગરોપમના ક્ષયે અનુક્રમે સર્વવિરતિ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ માનેલી છે.

સારા ક્ષયોપશમવાળા જીવના લક્ષણ તરીકે અનુક્રમે માર્ગાનુસારિતા, સુરુચિતા, પ્રજ્ઞાપનાપ્રિયતા, ગુણરાગિતા, શક્યારંભિતા વગેરે ગણાવેલ છે.

આવા સુલક્ષણા આરાધકોને ભવભવાંતરનાં ચીકણાં કર્મો, આરાધનાના માર્ગથી ખસેડીને ઉન્માર્ગે ઘસડી જાય છે, કારણ કે સંસારી જીવ ઉપર કર્મોની બહુલતા અને વિચિત્રતા અનેક પ્રકારની હોય છે.

દેશવિરતિ આદિ ચારિત્રની પ્રાપ્તિ થયા પછી અધ્યાત્મ આદિ પાંચ પ્રકારના યોગોની પ્રાપ્તિ થાય છે. તેમાં અધ્યાત્મયોગની વ્યાખ્યા નીચે મુજબ છે :

ઔચિત્યપૂર્વક અણુવ્રતાદિનું પાલન, શ્રી જિનેશ્વરદેવના વચન પ્રમાણે જીવાદિ પદાર્થોનું ચિંતન તથા પ્રાણી આદિને વિષે મૈત્રી આદિ ભાવોની પ્રધાનતા તેને અધ્યાત્મવિશારદો અધ્યાત્મયોગ કહે છે.

અધ્યાત્મયોગના પ્રબળ પ્રભાવે જ્ઞાનાવરણીય આદિ કિલષ્ટ કર્મોની પ્રકૃતિઓનો વિલય, વીર્યનો ઉત્કર્ષ, ચિત્તની સમાધિ તથા શાશ્વતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અધ્યાત્મયોગ એ અતિ દારૂણ મોહરૂપ વિષના વિકારનું નિવારણ કરનાર હોવાથી સાક્ષાત્, સ્વાનુભવસિદ્ધ યોગીઓનું અમૃત છે.

તત્ત્વચિંતન, જપ, સ્વઔચિત્ય–આલોચન ( પોતાની યોગ્યતાનું યથાર્થ અવલોકન, ચૈત્યવંદન આદિ અનુષ્ઠાનરૂપ ધર્મમાં પ્રવર્તન વગેરે પણ અધ્યાત્મ છે. ઔચિત્યપૂર્વક અને મૈત્ર્યાદિભાવ સહિત થતું તેનું આરાધન, ભાવવિશુદ્ધિનો હેતુ છે.

યોગ્યતાનું પર્યાલોચન, પ્રશસ્તગમન, શુભ ભાષણ તથા નિષ્પાપ ચિંતન સ્વરૂપ મન–વચન–કાયાના વ્યાપારોથી, લોકપ્રવાહથી તથા પ્રશસ્ત શકુન, શબ્દ અને અન્ય નિમિત્તોના અન્વેષણથી શકે છે.

એ રીતે કરેલું ધર્મપ્રવર્તન એકાંત ફળને આપનારું થાય છે. કારણ કે તે શુભભાવપ્રચુર અને ધર્મપ્રતિબંધયુક્ત હોય છે.

ઔચિત્યની યથાર્થ આલોચના વિના કરવામાં આવતાં ધર્માનુષ્ઠાનને

ભંગ થઈ જવાનો ભય છે. અતિચાર લાગવાનો સંભવ છે. એ કારણે તત્ત્વનિષ્ઠ પુરુષો ઔચિત્યને જોવા તેમજ પારખવાનું કહે છે.

ચિત્તની વિપરીત હાલત વખતે ગુરુ આદિનો આશ્રય ઉપકારક નીવડે છે.

ભય વખતે કિલ્લાનો આશ્રય, રોગ વખતે ચિકિત્સાનો આશ્રય અને વિષ–વિકારાદિ સમયે જેમ મંત્રાદિનો આશ્રય લેવાય છે, તેમ પોતાના આત્માની પ્રતિકૂળ પ્રવૃત્તિ વખતે ગુરુ, દેવ તથા સાધર્મિકાદિનો આશ્રય અવશ્ય લેવો જોઈએ. એથી ઉન્માર્ગગમનના હેતુભૂત અશુભ કર્મોનો નાશ થાય છે. અને આરાધનાના માર્ગમાં બરાબર સુસ્થિર રહી શકાય છે.

देवादिवन्दनं सम्यक् प्रतिक्रमणमेव च ।
मैत्र्यादि चिन्तनं चैतत्सत्वादिष्वपरे विदुः ॥ १ ॥

દેવગુરુવંદન, પ્રતિક્રમણ અને મૈત્ર્યાદિનું ચિંતન પણ અધ્યાત્મ છે.

સ્થાન, કાળ અને ક્રમથી યુક્ત, શબ્દ અને અર્થને વિષે ઉપયોગ સહિત, પોતા સિવાય તે અનુષ્ઠાનમાં પ્રવૃત્ત બીજાઓને અંતરાય ન પહોંચે તેવી રીતે, અકૃત્રિમ પુલકના ઉદ્ભવપૂર્વક, વધતા શુભ આશય સહિત, નિરવદ્ય મુદ્રાઓ વડે વિશુદ્ધ એવું દેવગુરુ આદિનું વંદન અભિપ્રેત છે. મતલબ કે દેવગુરુને વંદના આ રીતે થાય, થવું જોઈએ.

### પ્રતિક્રમણ :

એ રીતે પ્રતિક્રમણ પણ પ્રમાદના યોગે દોષ સેવાય કે ન સેવાય તો પણ ઉભય સંધ્યાએ ( દેવસિ તેમજ રાઈ ) અવશ્ય કરવા યોગ્ય છે. આ પ્રતિક્રમણમાં છ આવશ્યકોનો સમાવેશ થઈ જાય છે. જેનું વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવેલું છે.

પ્રમાદ એટલે ગુરુવિનય, સમિતિ, ગુપ્તિ આદિના પાલનમાં અનાભોગાદિથી થએલો ભંગ વગેરે પ્રતિક્રમણના વિષય છે, તેથી તે ( પ્રતિક્રમણ ) અંતઃકરણની નિર્મળતાનું પરમ કારણ છે.

અધ્યાત્મચિંતકોએ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યને પણ અધ્યાત્મના અંગભૂત કહેલા છે.

મૈત્રીના વિષય તરીકે સર્વ જીવો ગણાય છે.

પ્રમોદના વિષય તરીકે ગુણની અધિકતાવાળા આત્માઓ લેખાય છે.

રોગી, અપંગ, અશક્ત વગેરે કરૂણાભાવનાના વિષય તરીકે ગણાય છે.

અને શઠ, લંપટ, ખૂની વગેરે માધ્યસ્થ ભાવના વિષય તરીકે ગણાય છે.

આ ચાર પ્રકારના પરિણામથી રહિત એવી ચિત્તવૃત્તિ માર્ગાનુસારિ, ગંભીર અને વિવેકી આત્માઓને કદી હોતી નથી.

**गत मोहाधिकारणामात्मनमधिकृत्य वा ।**
**प्रवर्तते क्रिया शुद्धा, तदध्यात्मं जगुर्जिनाः ॥**

એવંભૂત નયથી અધ્યાત્મ તેને કહેવાય છે કે, જેમાં આત્માને ઉદ્દેશીને પંચાચારનું પાલન રહેલું છે.

અને વ્યવહાર નયથી અધ્યાત્મની વ્યાખ્યા તે છે કે, જેમાં બાહ્ય વ્યવહારથી ઉપબૃંહિત અને મૈત્રી આદિથી વાસિત એવું નિર્મળ અંતઃકરણ હોય છે. એ રીતે બંને નયથી શ્રી જૈનશાસનમાં અધ્યાત્મ તેને જ માનેલું છે કે જેમાં ગૌણ–મુખ્યભાવે જ્ઞાન અને ક્રિયા ઉભય રહેલાં છે.

## ક્રિયાની ઉપયોગિતા :

**कर्मज्ञान विभेदेन सद्विद्या तत्र चादिमः ।**
**आवश्यकादि विहित – क्रियारुप प्रकीर्तितः ॥**

યોગ બે પ્રકારના છે.

એક જ્ઞાનયોગ અને બીજો કર્મયોગ.

તેમાં કર્મયોગ આવશ્યકાદિ વિહિત ક્રિયારૂપ છે. તેને કર્મયોગ એટલા માટે કહે છે કે તેમાં શારીરિક સ્પંદનરૂપ કર્મ હોય છે અને

શ્રી જિનેશ્વરદેવની વાણી ઉપર સદ્દરાગ હોય છે. તેથી જીવ, પુણ્યલક્ષણ કર્મને ઉપાર્જન કરે છે. પરિણામે સ્વર્ગાપવર્ગના સુખોનો ભોક્તા થાય છે.

શુદ્ધ કર્મ પણ શ્રદ્ધા–મેધાદિના યોગવાળું હોય છે તો જ્ઞાન-યોગનું ઉલ્લંઘન કરતું નથી. અને મુક્તિના હેતુ તરીકે અક્ષત રહે છે.

નિશ્ચયમાં એકલીન ચિત્તવાળાને ક્રિયા અતિ ઉપયોગી નથી, પરંતુ વ્યવહાર દશાવાળાને તે અતિ ગુણકારી છે.

જ્યાં સુધી અંતઃકરણ સુદૃઢ થયું નથી અને ચંચળપણે વર્તે છે, ત્યાં સુધી આરાધકે શાસ્ત્રોક્ત ક્રિયામાં નિરંતર સક્રિય રહેવું જોઈએ, તેમાં જરા પણ ઢીલાશ ન લાવવી જોઈએ.

વિષયના વૈરાગ્ય અને સત્ક્રિયાના સતત અભ્યાસ વડે જ ચંચળ મનને જીતી શકાય છે. ક્રિયા વખતે મનની વૃત્તિ, સૂત્રોના અક્ષરોમાં, અર્થોમાં અને પ્રતિમા આદિ આલંબનોમાં રહેવી જોઈએ.

## પ્રતિક્રમણ સૂત્રની ગણધરરચિતતા :

તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે, "શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે.

અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ.

અંગબાહ્ય અનેક પ્રકારનું છે. જેમકે સામાયિક, ચતુર્વિંશતિ-સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, દશા, કલ્પ, વ્યવહાર, નિશીથ, ઋષિભાષિત ઇત્યાદિ.

આચારાંગ, સૂત્રકૃતાંગ ઇત્યાદિ જે સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી તીર્થંકર પરમાત્માઓએ પ્રવચન-પ્રતિષ્ઠાપનના ફળરૂપ પરમશુભ એવા તીર્થંકર-નામકર્મના ઉદય વડે સ્વભાવથી જ પ્રકાશેલ છે અને અતિશયવાળા, ઉત્તમ વાણી અને બુદ્ધિના ધણી એવા શ્રી તીર્થંકર ભગવંતોના પ્રથમ શિષ્યો–ગણધરો–વડે સૂત્રોરૂપે રચાએલ છે તે અંગપ્રવિષ્ટ શ્રુત છે.

અને શ્રી ગણધર ભગવંતોની પછી અત્યંત વિશુદ્ધ આશયવાળા,

પરમ પ્રકૃષ્ટ વાણી, મતિ, બુદ્ધિ અને શક્તિને ધારણ કરનારા આચાર્યો વડે અલ્પમતિ શિષ્યોના અનુગ્રહ માટે કહેવાયું તે અંગબાહ્ય શ્રુત છે."

તત્ત્વાર્થ ભાષ્યના આ ઉલ્લેખથી કેટલાક એમ કહે છે કે, 'સામાયિક આદિ સર્વ આવશ્યકો અંગબાહ્ય હોવાથી ગણધરરચિત નથી, કિન્તુ સ્થવિરકૃત છે.'

તેમનું આ કથન, શાસ્ત્રના અપૂર્ણ અભ્યાસનું ફળ છે. શ્રી જૈન-શાસનમાં એક શાસ્ત્ર અન્ય શાસ્ત્રના સંબંધવાળું હોય છે. એટલે જ્યાં બીજાં શાસ્ત્રોનું પરિપૂર્ણ પરિશીલન કર્યું હોતું નથી, ત્યાં સુધી એક પણ શાસ્ત્રનો સાચો અર્થ કરી શકાતો નથી, તેનું આ ઉદાહરણ છે.

શ્રી ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે, 'અંગબાહ્ય બે પ્રકારે છે. એક આવશ્યક અને બીજું આવશ્યક વ્યતિરિક્ત.

આવશ્યક ગણધરરચિત અને આવશ્યક સિવાયનાં સ્થવિરકૃત એ રીતે વિશેષ આવશ્યક ભાષ્યમાં અંગ અને અનંગ–સૂત્રના ભેદ બતાવતાં ત્રણ વિભાગ પાડી બતાવ્યા છે.

તેમાં પહેલો ગણધરરચિત તે અંગસૂત્ર અને સ્થવિરકૃત એ અનંગશ્રુત.

બીજો ત્રિપદી–પ્રશ્નોના ઉત્તરમાં રચાએલું તે અંગશ્રુત અને તે સિવાય ગણધર ભગવંતો વડે રચાએલું તે અનંતશ્રુત.

ત્રીજો સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવોના શાસનમાં સમાનપણે રહેલું ધ્રુવશ્રુત તે અંગશ્રુત અને તંદુલ વેયાલિય પ્રમુખ અધ્રુવશ્રુત તે અનંતશ્રુત.

અહીં અનંગ અને અંગબાહ્ય એક જ અર્થમાં વપરાએલા શબ્દો છે. તેથી જેટલું અંગબાહ્ય છે તેટલું સ્થવિરકૃત છે, પણ ગણધરકૃત નથી, એમ કહેવું તે મિથ્યા ઠરે છે.

આવશ્યકનિર્યુક્તિ વગેરે અંગબાહ્ય જેમ સ્થવિરકૃત છે, તેમ આવશ્યકમૂલ વગેરે અંગબાહ્ય ગણધરરચિત પણ છે. આ વાત વિસ્તારથી શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, શ્રી લોકપ્રકાશ આદિ આકર ગ્રન્થોમાં સિદ્ધ કરવામાં આવી છે.

પ્રતિક્રમણ એ દોષરૂપી વ્રણને છેદવા માટેની શસ્ત્રક્રિયા છે.

કાયોત્સર્ગ એ છેદેલા વ્રણને રૂઝવવાની ક્રિયા છે. અને પચ્ચખ્ખાણ એ પછી થતા પથ્યભોજનની જેમ આવેલી અશક્તિને દૂર કરનાર આત્માની કાન્તિને વધારનાર ક્રિયા છે.

શસ્ત્રક્રિયા માટે જેમ નિષ્ણાતોના આશ્રયની જરૂર પડે છે, તેમ અહીં પણ ગુરુવંદન, ચતુર્વિંશતિસ્તવ આદિ આવશ્યકો વડે તે વિષયના નિષ્ણાતોનો આશ્રય લેવાય છે. અને એમના આશ્રયે વિધિપૂર્વક દૂર કરેલા દોષો વડે, આત્માને પ્રાપ્ત થતું સ્વાસ્થ્ય એ જ સામાયિકનું વાસ્તવિક સ્વરૂપ છે.

એ રીતે છએ આવશ્યકો પરસ્પર સંબંધવાળા છે. એકના પણ અભાવે અન્ય આવશ્યકોનું સ્વરૂપ ટકી શકતું નથી. તેથી દૃઢધર્મી અને પ્રિયધર્મી આત્માઓએ નિરંતર છએ પ્રકારના આવશ્યકોમાં ઉદ્યુક્ત રહેવું એ પરમ શ્રેયસ્કર છે. માછલી ને જળ જેવી પ્રીત, આરાધકે આ આવશ્યકોમાં ખીલવવી જોઈએ.

## આપણું કેટલું ?

ખાઈએ તેટલું આપણું નહિ, પણ પચે તેટલું આપણું ગણાય. તેમ ભણ્યા તેટલું આપણું નહિ, પણ પરિણામ પામે તેટલું આપણું સમજવું !

## પ્રકરણ સત્તરમું

# ઇન્દ્રિય–જય

**આરાધક જોગ :**

આત્માના આરાધકે, આત્માની સંપૂર્ણ શુદ્ધિ સામેનાં સર્વ તપ-સ્થાનો, બળતા ઘરને છોડી જતા શાણા માણસોની જેમ તત્કાલ છોડી દેવાં જોઇએ.

અનાદિ અવિદ્યાને વશ પડેલો જીવ, દેહ તેમજ ઇન્દ્રિયોમાં મારાપણાની બુદ્ધિથી જે રમણતા વધારે છે તેતેની જ સંસારભ્રમણતાનું કારણ બની રહે છે.

શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે,

**सुच्चि य सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं।**
**इंदियचोरेहिं सया, न लुंटियं जस्स चरणधणं ॥ १ ॥**

અર્થ :– તે જ નિશ્ચે શૂરવીર છે, તે જ ખરેખર પંડિત છે અને તેની જ અમે નિત્યે પ્રશંસા કરીએ છીએ, કે જેનું ચારિત્રરૂપી ધન સદાને માટે ઇન્દ્રિયોરૂપી ચોરો વડે લૂંટાયું નથી.

સાચી શૂરવીરના અને પાકી પંડિતાઈ ઇન્દ્રિયોના વિકારોને વશ

નહિ થવામાં છે. જેઓ ઇન્દ્રિયોના દાસ છે, તેઓ પંડિત પણ નથી અને શૂરવીર પણ નથી.

જગતમાં સાચા પ્રશંસનીય તે જ છે. કે જેઓ ઇન્દ્રિયોના વિજેતા છે. ઇન્દ્રિયોના ગુલામોની પ્રશંસા એ સાચી પ્રશંસા નથી, કારણ કે જગતમાં તે ઉન્માર્ગને વધારનારી થાય છે. ઇન્દ્રિયોના વિજેતાઓની પ્રશંસા એ જ સાચી પ્રશંસા છે, કારણ કે તે જગતમાં સન્માર્ગને વિકસાવે છે.

## સાચું સુખ:

આ સંસારમાં બે પ્રકારનું સુખ છે.

એક વિષયનું અને બીજું વિષયના ત્યાગનું.

વિષયજન્ય સુખ પરાધીન, વિનશ્વર અને સદાય અતૃપ્ત છે.

જ્યારે વિષયોના ત્યાગમાંથી જન્મતું સુખ એ સ્વાધીન, સ્થાયી અને પરમ તૃપ્તિને બક્ષનારું છે.

તાત્ત્વિક દૃષ્ટિએ વિષયોનું સુખ એ આત્માના દુઃખ, પરાધીનતા અને જન્મ-મરણને વધારનારું મહાદુઃખ છે.

ખસવાળો માણસ ખસને ખણતી વખતે જેમ દુઃખને જ સુખ માને છે. તેમ મોહાતુર મનુષ્યો મોહની પીડાને ક્ષણવાર શમાવનારાં ભોગ સંબંધી દુઃખોને જ સુખ માને છે.

ઘોર સંસારસાગરમાં જીવોને ભટકવાનું કારણ વિષયોની આકાંક્ષા છે. એ આકાંક્ષાને છોડી દેવામાં આવે, તો આ સંસારસાગરને પાર કરવાનું કામ લેશમાત્ર દુષ્કર નથી. વિષયની વાંચ્છનાવાળા જીવો આ સંસારમાં ભટકે છે, અને વિષયથી નિરપેક્ષ બનેલા જીવો આ સંસારને તરી જાય છે. એ કારણે સમસ્ત સિદ્ધાન્તોનો કોઈ સાર હોય તો તે એક જ છે કે, વિષયોની વાંચ્છાથી રહિત બનવું.

ત્રણે લોકમાં આજ સુધી જીવોએ જે કાંઈ અતિ તીવ્ર દુઃખો અનુભવ્યાં હોય, તે સર્વ વિષયોની વૃદ્ધિનો પ્રતાપ છે. અને જે કાંઈ ઉત્તમ સુખોનો અનુભવ કર્યો હોય તે વિષયોથી વિરક્ત થવા પ્રભાવનો છે.

મોટા હાડકાને ચાટતો કૂતરો જેમ પોતાના તાળવાના રસને શોષે છે, કિન્તુ હાડકામાંથી રસનું એક ટીપું પણ નથી પ્રાપ્ત કરતો છતાં હાડકાને જ સુખ આપનાર માને છે, તેમ સ્ત્રીઓની કાયાનું સેવન કરનાર પુરુષ પણ, સ્ત્રીઓની કાયામાંથી સુખના એક બિન્દુને પણ નહિ પ્રાપ્ત કરવા છતાં, પોતાની જ કાયાના પરિશ્રમથી થનારા સુખને, સ્ત્રીઓની કાયાના સેવનથી થતું સુખ માને છે, એ એનું ઘોર અજ્ઞાન છે.

શ્લેષ્મમાં પડેલી માખી, પોતાની જાતને જેમ તેમાંથી છોડાવી શકતી નથી, તેમ વિષયરૂપી શ્લેષ્મમાં ફસેલા કામાંધ આત્માઓ પણ પોતાની જાતને તેમાંથી ઉગારી શકતા નથી.

પાંચે ઇન્દ્રિયોના વિષયોના ત્યાગથી થનારા વીતરાગતાના સુખનો જે અનુભવ વીતરાગ પુરુષો કરી શકે છે, તેને તે મહાપુરુષો જ જાણી શકે છે. ગંદકીના ખાડામાં આળોટતું ભૂંડ જેમ દેવલોકના સુખને જાણી શકે નહિ. તેમ વિષયરૂપી ગર્તામાં મગ્ન થએલા આત્માઓ પણ વિષય વિરક્ત મહાપુરુષોના વિરાગજન્ય સુખને જાણી શકે નહિ.

### વિષયો વિષથી પણ ભયંકર છે :

વિષમ એવા વિષયોની તૃષા જીવોને અતિ તીવ્ર અને અનાદિ-કાળની છે.

પાંચ ઇન્દ્રિયો અતિ દુર્જય છે. કારણ કે તેને પ્રેરનાર ચિત્ત અતિ-શય ચંચળ છે.

ઉપકારક જ્ઞાની પુરુષો આ જીવને ઉદ્દેશીને કહે છે કે, 'હે જીવ! શું તું આંધળો છે! અથવા શું તેં ધંતૂરો પીધો છે? અથવા શું તું સન્નિપાત વડે ઘેરાએલો છે? કે જેથી અમૃતતુલ્ય ધર્મનો ત્યાગ કરી દઈ, વિષતુલ્ય વિષયોના સેવનમાં રચ્યોપચ્યો રહે છે? અથવા વિષમ એવા વિષનું જ અમૃત જેટલું બહુમાન કરે છે?'

દ્રવ્ય-પ્રાણોને હરનાર વિષ કરતાં પણ વિષયરૂપી વિષ અધિક ભયાનક છે. કારણ કે વિષપાન તો એક ભવનો અંત આણનારું નીવડે છે, જ્યારે વિષયનું ધ્યાન અને સેવન તો જીવને ભવોભવને વિષે રખડાવી-રઝળાવીને અપાર યાતનાઓનો શિકાર બનાવે છે.

એમ કહી શકાય કે ઉજ્જવળ આરાધનામય જીવનનું ગળું ઘોંટી નાંખવામાં જે ભાગ, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંની રુચિ ભજવે છે, તેને નિર્મળ પૂર્ણચન્દ્રને ઢાંકી દેતા કાળા વાદળની ઉપમા પણ ઓછી પડે.

જે પ્રાણી અલ્પ એવા વિષયસુખની ખાતર મહાન એવા મનુષ્ય ભવને હારી જાય છે, તે પ્રાણી તુચ્છ એવી રાખની ખાતર અમૂલ્ય એવા ગોશીર્ષ ચંદનને બાળી નાખે છે. બોકડાની ખાતર ઐરાવણ હસ્તીને વેચી નાંખે છે અથવા એરંડાના વૃક્ષની ખાતર કલ્પવૃક્ષને ઊખેડી નાંખે છે.

વિષયોત્પત્તિના બીજભૂત રાગાદિ દોષના વિકારો આત્માને જે દુઃખ આપે છે. તે દુઃખ આપવાની તાકાત કોપાયમાન શત્રુમાં, વિષમાં, પિશાચમાં કે વેતાલમાં પણ નથી અને પ્રજ્વલિત થએલા હુતાશનમાં પણ નથી. જેઓ રાગાદિ દોષોને વશ છે તેઓ લાખો દુઃખોને વશ છે અને જેઓના વશમાં રાગાદિ દોષો છે તેઓના વશમાં સર્વ પ્રકારનાં સુખો છે.

'વિષય-કષાયના પાશમાં,
ભમીઓ કાળ અનંતજી.
રાગ-દ્વેષ મહા ચોરટા,
લૂંટે ધર્મનો પંથજી....

આ શાસ્ત્રોક્તિઓ પણ ઉપરના વિધાનનું સચોટ સમર્થન કરે છે.

### શ્રી જિનવચન અને ઇન્દ્રિય જય :

આ રીતે વિષયની પિપાસાથી થનારાં અકલ્પિત અને સાચાં દુઃખોનું વર્ણન, શ્રી જિનાગમોમાં પદે-પદે ભરેલું છે. તે આગમોને

ભણનાર, ભણાવનાર, સાંભળનાર કે સંભળાવનાર મહાપુરુષો દુર્જય ઇન્દ્રિયો ઉપર પણ વિજય પ્રાપ્ત કરવા ભાગ્યવાન બની શકે છે.

ઇન્દ્રિયજયરૂપી મહાન સદ્દ્ગુણને જીવનમાં ઓતપ્રોત બનાવવા માટે તથાં તેન સુંદર ફળોનો શાશ્વત કાળ માટે તથા તેનાં સુંદર ફળોનો શાશ્વત કાળ માટે યથેચ્છ ઉપભોગ કરવા માટે, સૌથી પ્રથમ જરૂર શ્રી જિનાગમના શ્રવણની છે.

એ શ્રવણથી ઉદ્દ્બુદ્ધ થનારો ઇન્દ્રિયજયરૂપી સદ્દ્ગુણ ઉપરનો પ્યાર વાસ્તવિક બને છે અને કદી પણ ખસી જતો નથી. પરંતુ દિન-પ્રતિદિન દૃઢ થતો જાય છે. અને એ સ્થિતિ આવીને ઊભી રહે છે કે કામાંધ સ્ત્રીઓની કામુકતાપૂર્ણ વિવિધ ચેષ્ટાઓ પણ તે આત્માઓ ઉપર પોતાની વિકારી અસર નીપજાવી શકતી નથી.

આ બાબતમાં સાધુ–અવસ્થામાં અતિ દુષ્કર-દુષ્કર કાર્ય કરનાર અને ચોર્યાસી ચોવીસી સુધી નામ અમર કરી જનાર મહામુનિ શ્રી સ્થૂલભદ્રજીનું દૃષ્ટાન્ત અને શ્રાવક–અવસ્થામાં શ્રી જિનેશ્વરદેવના શાસનના પરમ ભક્ત નિષ્કલંક શીલને ધારણ કરનારા મહાશ્રાવક શ્રી સુદર્શન શેઠ અને એમની શીલવતી ભાર્યાનું દૃષ્ટાન્ત છે.

પરંતુ એ અવસ્થાની પાછળ જે વસ્તુ કાર્ય કરી રહી છે, તે વસ્તુ શ્રી જિનાગમથી ભાવિત મતિ છે. શ્રી જિનવચનના અસ્ખલિત સ્વાધ્યાય સિવાય એ સ્થિતિ પ્રાપ્ત થઈ શકતી નથી.

ઇન્દ્રિયજયથી થનારા ફાયદાને વર્ણવતાં અનંતા જ્ઞાનીઓનાં વચનોને અનુસરનારા મહાપુરુષોએ જ ફરમાવ્યું છે કે,

'गुणकारियाइं घणियं, धिइरज्जुनिअंतिआइं तुह जीव।
निययाइं इंदियाइं, वल्लिनिअत्ता तुरंगुव्वा ॥

અર્થ :– ધૃતિરૂપી રજ્જુ (દોરડા)થી નિયંત્રિત કરાએલી પોતાની ઇન્દ્રિયો જીવને લગામમાં રાખેલા ઘોડાની જેમ અત્યંત ગુણ કરનારી થાય છે.

એ જ રીતે, સારી રીતે વશ કરેલા મન–વચન–કાયાના યોગો ગુણ કરનારા થાય છે અને નહિ વશ કરાએલા તે મદોન્મત્ત હાથીની નાફક, શીલરૂપી વનને ઉજાડનારા નીવડે છે.

મન–વચન–કાયાના દોષો જેમ–જેમ વિરામ પામે છે અને જેમ–જેમ વિષયો પ્રત્યે વૈરાગ્ય વધતો જાય છે, તેમ તેમ જીવ, મુક્તિની વધુ નજીક સરકતો જાય છે.

અનંત આનંદ અને અસીમ સુખના સ્વામી એવા આત્માને ઇન્દ્રિયોના વિષયોના ભોગવટા વડે સુખ પહોંચાડવાનો પ્રયત્ન કરવો એ ચક્રવર્તીને કાણા પૈસા વડે સંતુષ્ટ કરવા જેવી બાલિશ ચેષ્ટા છે.

વિષયો સ્વયં જડ હોવા છતાં ચેતનને આકર્ષે છે, તેનું કારણ અનાદિની ભવવાસના છે. પ્રત્યેક ભવમાં, એ ભવ વાસનાથી, વિષયો સુખરૂપ છે, એમ માનીને એની સાથે વર્તાવ કરવામાં આવ્યો છે, કિન્તુ એ એક ભ્રમ છે; એમ શ્રી જિનવચન અને સ્વાનુભવથી સાબિત થાય છે. એ ઉભયનું આલંબન લઈને હવે તો આત્માએ એવા પ્રકારના પ્રયાસ કરવા જોઈએ કે જેથી તે વિષયોનું આકર્ષણ તેને સદ્ધર્મથી–આરાધનાના માર્ગથી–લવલેશ પણ ચલિત કરી શકે નહિ.

ઇષ્ટાનિષ્ટ જડ વિષયોમાં થતી રાગદ્વેષની પ્રવૃત્તિ, એ જ આત્માની સાથે જડ કર્મના બંધનું મૂળ છે. એ મૂળ ઉપર કુઠારાઘાત થાય અને બંધના કારણને દિન–પ્રતિદિન શિથિલ બનાવાય, એ પ્રકારનો ઉદ્યમ કરવો, એ વિવેકરૂપી રત્નને પામેલા સત્પુરુષોનું કર્તવ્ય છે. અને એ કર્તવ્યનું પાલન કરવા માટે જડ વિષયો કે તેના ઉપભોગમાં સહાયક થનાર જડ ઇન્દ્રિયો, એમાંથી એકેનો નાશ કરવાની આવશ્યકતા નથી, કિન્તુ એ વિષયો અને ઇન્દ્રિયોનું વાસ્તવિક સ્વરૂપ સમજી લઈ, તેમાં રાગદ્વેષની પરિણતિ જ માત્ર ત્યજવા યોગ્ય છે.

જે આત્માઓ ઇન્દ્રિયનિગ્રહના અર્થી છે અને તે દ્વારા થનારા અનુપમ લાભને પ્રાપ્ત કરવાના અભિલાષી છે, તે આત્માઓને એક જ

ભલામણ છે કે, આજ સુધી તેઓએ તે માટે આચરેલા કે ભવિષ્યમાં આચરવા ધારેલા અન્ય-અન્ય ઉપાયોનો પરિત્યાગ કરી દઈ, વિધિપૂર્વક સમ્યગ્ જ્ઞાનરૂપી અમૃતનું નિરંતર પાન કરી, સંવેગ અર્થાત્ મોક્ષાભિલાષરૂપી રસની આત્મામાં વૃદ્ધિ કરવી, અને એ રસની આડે આવનાર વિષયરસના અસ્તિત્વને આત્મામાંથી નાબૂદ કરવા પ્રબળ પુરુષાર્થ કરવો. પરિણામે સર્વ ઇચ્છિત વસ્તુ હાથમાં આવીને ઊભી રહેશે.

### આરાધનાનો પ્રાણ :

'હું સર્વજ્ઞ, સર્વદર્શી શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રકાશેલા ત્રિભુવનહિતકર ધર્મનો આરાધક છું, એ માર્ગ પર જ ચાલવાની મારી દૃઢ ભાવના છે, એ સિવાયના માર્ગે રખડી-રખડીને આજ સુધી મેં અનંત જીવોની વિરાધના કરવામાં કોઈ જ કચાશ રાખી નથી. પણ હવે મને ભવસ્વરૂપની ભયંકરતા તેમ જ શિવસ્વરૂપની અખંડ ભદ્રંકરતા બરાબર સમજાઈ ગયાં છે. એટલે આજની આ પળથી હું મારી વૃત્તિઓને તેમ જ પ્રવૃત્તિઓને આરાધનાના મંગલમય માર્ગને સર્વથા અનુરૂપ બનાવવામાં જરા પણ પ્રમાદ નહિ સેવું. વિરાધનાની વિકરાળ વાટે મને ઘસડી જનારા રાગ અને ેષને હું જિનની આજ્ઞા તરફ વાળીને જીવના દ્વેષથી બચીશ, જડના રાગથી બચીશ.'

જિનની આજ્ઞાનું ત્રિવિધે પાલન એ જ આરાધનાનો પ્રાણ છે. એ જ આરાધકનું ત્રાણ છે, એ જ અક્ષય સુખની ખાણ છે. એમાં જ રમતા રહીને હું સંસાર-રમણતાનો સમૂળ ઉચ્છેદ કરીશ."

'આરાધનાનો માર્ગ' એ જ સાચો અને શ્રેષ્ઠ જીવનમાર્ગ છે. જેના પર ચાલવાથી મુક્તિની મંગળ દિશામાં આગળ વધી શકાય છે તેમજ સર્વકર્મોનો ક્ષય કરીને મોક્ષના અક્ષમ-અવ્યાબાધ સુખના ભાગી બની શકાય છે.

આ માર્ગને પામીને જગતના જીવો, પરમપદના આરાધક બનો!

## કર્મબંધનું કારણ

સાથે રહેનારે પરસ્પરનાં હિતની ચિંતા કરવી જોઈએ. જો તે ન કરાય તો સાથીઓ માટે કર્મબંધનાં કારણ બનાય છે. પરસ્પરનાં હિતની ચિંતાનો અધ્યવસાય હોય તો જ સાથે રહેનારના કર્મબંધનું કારણ ન બનાય, જો તે ન હોય તો દૂર રહેનારા કરતા સાથે રહેનારાઓ માટે અધિક કર્મબંધનું કારણ બનાય છે.

*

## અનુગ્રહ અને અનુરાગ

અનુગ્રહથી અનુરાગ અને અનુરાગથી અનુગ્રહ વધે છે. અનુરાગ એ ભક્તની Receptivity છે અને અનુગ્રહ એ ભગવાનનો Response છે. અનુગ્રહ અનુરાગની અપેક્ષા રાખે છે અને અનુરાગ અનુગ્રહની અપેક્ષા રાખે છે. બંને શબ્દોમાં "अनु–पश्चात्" શબ્દ રહેલા છે, તે સૂચક છે. અનુગ્રહ અને અનુરાગ પરસ્પર સાપેક્ષ છે, એમ તે સૂચવે છે. અનુગ્રહ અને અનુરાગ મળીને નમસ્કાર પદાર્થ બને છે. અનુગ્રહ દ્વારા સહજમળનો હ્રાસ થાય છે અને અનુરાગ દ્વારા તથા ભવ્યત્વનો વિકાસ થાય છે.

*

## રાગ–આત્માની અવજ્ઞા ! દ્વેષ–વિશ્વની અવજ્ઞા !

રાગ આત્માની અવજ્ઞા રૂપે છે. અને દ્વેષ વિશ્વની અવજ્ઞારૂપ છે. બંનેમાં જીવ તત્ત્વની અવજ્ઞા હોવાથી રાગ–દ્વેષ બંને ય કર્મબંધનમાં અને ભવભ્રમણમાં હેતુ છે. રાગમાં ઇષ્ટ પ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા છે. દ્વેષમાં અનિષ્ટ ત્યાગની ઉત્કટ ઇચ્છા છે. એક ઇચ્છા જ વિષયભેદે રાગ–દ્વેષ બનીને રહે છે. રાગનો વિષય સુખ છે, દ્વેષનો વિષય દુઃખ છે. સુખ અને દુઃખ સત્યપદાર્થો નથી, પણ કાલ્પનિક છે. ઇચ્છાને કલ્પનાનુકુળ નહિં પણ સત્યાનુકુળ વળાંક આપવો એ જ રાગ–દ્વેષને રોકવાનો ઉપાય છે.

## શ્રદ્ધા અને બુદ્ધિનાં બે માર્ગ

પોતાની ભૂલ જોવાનો માર્ગ એ શ્રદ્ધાનો માર્ગ છે. બીજાની ભૂલ શોધવાનો માર્ગ એ બુદ્ધિનો માર્ગ છે. શ્રદ્ધા બીજાનાં ગુણ જુએ છે. બુદ્ધિ બીજાના દોષ જુએ છે. બીજાની ભૂલ ખમી ખાવી, પોતાની નહિ–એ શ્રદ્ધાનું લક્ષણ છે. બીજાનાં ગુણ વખાણવા, પણ પોતાનાં નહિ એ પણ શ્રદ્ધાનું લક્ષણ છે.

*

## પુણ્ય અને પાપ

**પુણ્ય તત્ત્વ**—જે દુઃખ પૂર્વક બંધાય અને સુખપૂર્વક ભોગવાય તે પુણ્ય તત્ત્વ !

એ પુણ્ય તત્ત્વ બંધાય નવ પ્રકારે અને ભોગવાય બેંતાલીસ પ્રકારે !

**પાપ તત્ત્વ**—જે દુઃખપૂર્વક ભોગવાય અને સુખપૂર્વક બંધાય તે પાપ તત્ત્વ ! એ પાપ બંધાય ૧૮ પ્રકારે અને ભોગવાય ૮૨ પ્રકારે.

*

## શુભાશુભની અસર

એક દ્રવ્યની બીજા દ્રવ્ય ઉપર અસર થવાની યોગ્યતાનાં કારણે જ જીવનું ભવભ્રમણ છે. અયોગ્ય–દ્રવ્યની અયોગ્ય અસર માનનારે યોગ્ય–દ્રવ્યની યોગ્ય અસર માનવી જ રહી. પરદ્રવ્યનાં સંબંધમાં આવવાની યોગ્યતા તે સહજમલ છે. તે જીવનો પારિણામિક ભાવ છે. પરદ્રવ્યનાં સંબંધમાંથી છૂટવાની યોગ્યતા પણ જીવની અંદર રહેલી છે. તે તથાભવ્યત્વ ગુણ છે. તે પણ પારિણામિક ભાવ છે.

*